# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 276 ■ વિક્રમ સંવત ૨૦૮૨

માર્ગશીર્ષ સુદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 November 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૨ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



ઓલ્વેઝ ધ રાઈટ ચોઈસ!
વીણા વર્લ્ડ યુરોપ
હજારો લોકો દ્વારા સિદ્ધ અને વિશ્વસનીય!

veenaworld.com



## નમસ્તે ઈન્ડિયા!
## હું, આઈફિલ ટાવર!

હા તે જ, જે તમે હજારો વાર સપનામાં જોયું છે. કોઈ મને પહેલી વાર મળે છે ત્યારે તેમની આંખોમાંથી ખુશીનાં આંસૂ નીકળી આવે છે. કોઈ અમુક વર્ષ પછી પાછા આવે છે, અગાઉની મજેદાર યાદોને ફરીથી જગાવવા. દુનિયામાંથી ક્યાંયથી પણ હોય, દરેક પર્યટક તેની એક વાત લઈને આવે છે અને હું તે બધી વાતનું જતન કરી રાખું છું, કારણ કે યુરોપ ફક્ત એક ટુર નથી, પરંતુ તે હોય છે એક ભાવના, એક અમૂલ્ય યાદગીરી અને અસંખ્ય પર્યટકોની સ્વપ્નપૂર્તિની એક વાર્તા. સો! માય ઈન્ડિયન ફ્રેન્ડ્સ, તમારી પણ યુરોપ ટુર હવે શરૂ થવાની છે. ટૂંક સમયમાં જ.

## ચાલો, બેગ ભરો, નીકળી પડો!
## વીણા વર્લ્ડ સંગાથે, યુરોપમાં!

વીણા વર્લ્ડ
# યુરોપ
## દરેક કુટુંબ માટે અને કુટુંબના દરેક માટે!

તમારી યુરોપની પહેલી ટુર હોય કે પાંચમી, તમારા માટે વીણા વર્લ્ડ પાસે અચૂક છે 'એક ખાસ ટુર.' 5 દિવસથી 30 દિવસ સુધી, દોઢ લાખથી સાત લાખ સુધી, ફેમિલી ટુર્સથી સોલો એક્સપ્લોરર્સ સુધી, વુમન્સ સ્પેશિયલથી સિનિયર્સ સ્પેશિયલ સુધી, કસ્ટમાઈઝ્ડ હોલીડિઝથી MICE કોર્પોરેટ ટુર્સ સુધી...

**પસંદ કરો તમારી મનગમતી, સગવડમાં બંધબેસી અને બજેટમાં સમાતી યુરોપ ટુર.**

વેસ્ટર્ન યુરોપ, ઈસ્ટર્ન યુરોપ, નોર્ધર્ન યુરોપ, સધર્ન યુરોપ, સેન્ટ્રલ યુરોપ, મેડિટરેનિયન યુરોપ, બાલ્ટિક યુરોપ, બાલ્કન યુરોપ... મૂંઝવણમાં મુકાઈ ગયા ને? ઓપ્શન્સ ઘણા બધા હોય તો આવું જ થાય છે. જોકે વીણા વર્લ્ડ છે ને! ફક્ત કહો તમને ક્યું યુરોપ જોઈએ? અમે એવી અમુક મસ્ત ટુર્સ તમારા માટે ડિઝાઈન કરી છે કે આ વર્ષની જ નહીં આગામી દસ વર્ષની અફલાતીન યુરોપ ટુર્સનું પ્લાનિંગ તમે હમણાંથી કરી શકશો.

તમારા ફેમિલી ગ્રુપ અથવા ફ્રેન્ડ્સ ગ્રુપને ભેગા કરો અને વીણા વર્લ્ડ સંગાથે કરો તમારી એક્સક્લુઝિવ ટુર ટુર મેનેજર સાથે બિન્ધાસ્ત!

છેલ્લાં 12 વર્ષમાં 1,03,000 પર્યટકોએ વીણા વર્લ્ડ સંગાથે તેમનું યુરોપ જોવાનું સપનું પૂરું કર્યું છે. તેમાંથી 14,000 પર્યટકોઆ વર્ષે એપ્રિલ થી નવેમ્બરમાં જઈ આવ્યા

અફોર્ડેબલ
વેસ્ટર્ન યુરોપ/ઈસ્ટર્ન યુરોપ starts from ₹ 1,50,000
સધર્ન યુરોપ|નોર્ધર્ન યુરોપ starts from ₹ 2,00,000|2,50,000
સો, ચાલો યુરોપ!

વીણા વર્લ્ડ એટલે
100% ઓલ ઈન્ક્લુઝિવ
નો ડિસ્કાઉન્ટ્સ!
નો 'ફ્રી' ગિમિક્સ
નો હિડન કોસ્ટ્સ!
નો ઓપ્શનલ્સ!
ટુર પર કોઈ પણ વધુ ખર્ચ નહીં. બ્રેકફાસ્ટ-લંચ-ડિનર, ડ્રાઈવર ટિપ્સ, ગાઈડ ટિપ્સ... સમાવિષ્ટ.

ઓલ ઈન્ડિયા વન પ્રાઈસ બેનિફિટ
મુંબઈ, દિલ્હી, અમદાવાદ, બેન્ગલુરુ, હૈદરાબાદ, ચેન્નાઈ, કોચિન, કોલકાતા, ઈન્દોર આ શહેર માંથી નીકળનારી ટુર્સ માટે 31 ડિસેમ્બર પૂર્વે બુકિંગ કરવા પર.

આનંદિત યાદાનુ સરાઈઝ
વીણા વર્લ્ડ ગિફ્ટ કાર્ડ્સ!
આજ જ ખરીદી કરો.
veenaworld.com/gift-card

**ફુલ પેમેન્ટ બેનિફિટ**
ટુરના કમસેકમ ત્રણ મહિના પૂર્વે ફુલ પેમેન્ટ ભરીને બુકિંગ કરો અને પ્રત્યેક વ્યક્તિ ₹3000 થી ₹15000 લાભ મેળવો. **જલદી કરો!**
ફોરેન કરન્સી ફલક્ચ્યુએશન્સ ના લીધે ટુરની કિંમતો ગમે ત્યારે બદલાઈ શકે છે.

તુરંત નિર્ણય લો. તાત્કાલિક બુકિંગ કરો અને વિઝા પ્રોસેસિંગ શરૂ કરો.
વિઝા કોન્સ્યુલેટમાં ગિરદી વધવા પૂર્વે વિઝા કરાવી લો.
વીણા વર્લ્ડની 118 જણની વિઝા ટીમ તમારા માટે સદા તૈયાર છે.

કોઈ પણ ટુર પછી પોસ્ટ ટુર હોલીડિ અથવા જોઈનિંગ લીવિંગ (J&L) ગેસ્ટ માટે 'પ્રી & પોસ્ટ ટુર હોલીડિ'

ફર્સ્ટ ટાઈમ યુરોપ? તો યુરોપ આવો જુઓ... 11 દિવસમાં 11 દેશ 10 દિવસમાં 10 દેશ 8 દિવસમાં 8 દેશ

Book Online 365 days 24x7 visit veenaworld.com



## યુરોપ માટેની 120 ઓલ ઈન્ક્લુઝિવ ગ્રુપ ટુર્સના વિકલ્પ વિશે સંપૂર્ણ માહિતી veenaworld.com પર ઉપલબ્ધ છે.

મુંબઈથી શરૂ થનારી (ex-Mumbai) ટુર્સ પર ચાલો અથવા ભારતમાંથી અને દુનિયાભરમાંથી ક્યાંયથી પણ ટુરમાં જોઈન કરો - જોઈનિંગ લીવિંગ ટુર (J&L). નીચે આપેલા ચાર્ટમાં ટુરનું નામ, મુંબઈથી મુંબઈ ટુર પ્રાઈસીસ (ex-Mumbai) (એરફેર, વિઝા, ઈન્શ્યુરન્સ સહિત) અને જોઈનિંગ લીવિંગ ટુર (J&L) પ્રાઈસીસ (એરફેર, વિઝા, ઈન્શ્યુરન્સ સિવાય) આપી છે. સર્વ ટુર પ્રાઈસીસ હજારોમાં છે. J&L પર્યટકોને એર ટિકિટ્સ, વિઝા અને અન્ય આવશ્યક સર્વિસીસની બાબતમાં માર્ગદર્શન કરવા માટે વીણા વર્લ્ડ સેલ્સ ટીમ ઉપલબ્ધ છે.

### વેસ્ટર્ન યુરોપ

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| સ્વિસ પેરિસ ઓસ્ટ્રિયા જર્મની (6D) | 150K-200K | 85K-115K |
| યુરોપિયન પેનોરમા (8D) | 250K-260K | 180K-190K |
| યુરોપિયન સ્પ્લેન્ડર્સ (10D) | 275K-285K | 205K-215K |
| લંડન પેરિસ સ્વિસ ઈટાલી (9D) | 285K-295K | 205K-215K |
| મલ્ટી કંટ્રી યુરોપ (11D/27D) | 300K-695K | 220K-615K |
| એમ્સ્ટરડેમ બ્રસેલ્સ/સ્વિસ પેરિસ(7/11D) | 225K-345K | 155K-275K |
| ઈંગ્લેન્ડ સ્કોટલેન્ડ/આયર્લેન્ડ (10/15D) | 315K-440K | 245K-370K |
| સ્વિસ પેરિસ/લંડન (8D/11D) | 275K-385K | 210K-315K |
| સ્વિસ પેરિસ/ ઈટાલી/ઓસ્ટ્રિયા (11D) | 310K-314K | 240K-270K |
| સ્વિસ ઓસ્ટ્રિયા/ઈટાલી (8D/11D) | 275K-335K | 205K-265K |
| ઈટાલી (10D/15D) | 260K-490K | 190K-420K |
| સ્વિટ્ઝર્લેન્ડ (7D/10D) | 275K-360K | 205K-290K |
| બેસ્ટ ઓફ ઓસ્ટ્રિયા (8D) | 275K-285K | 205K-215K |
| બેસ્ટ ઓફ ફ્રાન્સ (11D) | 300K-310K | 230K-240K |

### નોર્ધર્ન યુરોપ

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| સ્કેન્ડિનેવિયા (7D/10D/15D) | 250K-500K | 175K-400K |
| સ્કેન્ડિનેવિયા આઈસલેન્ડ (15D) | 565K-590K | 480K-505K |
| સ્કેન્ડિનેવિયા+ઈસ્ટર્ન યુરોપ (17D) | 525K-550K | 440K-465K |
| સ્કેન્ડિનેવિયા રશિયા (17D) | 435K-460K | 350K-375K |
| સ્કેન્ડિનેવિયા મિડનાઈટ સન (9/16D) | 375K-540K | 295K-450K |
| સ્કેન્ડિનેવિયા આઈસલેન્ડ મિડનાઈટ સન (14D) | 625K-650K | 545K-570K |
| સ્કેન્ડિનેવિયા નોર્ધન લાઈટ્સ (9/10D) | 390K-445K | 300K-355K |
| સ્કેન્ડિનેવિયા આઈસલેન્ડ નોર્ધન લાઈટ્સ (14D) | 520K-545K | 430K-455K |
| સ્કેન્ડિનેવિયા આઈસલેન્ડ નોર્ધર્ન લાઈટ્સ આઈસબ્રેકર ક્રુઝ (15D) | 575K-600K | 480K-505K |
| બેસ્ટ ઓફ રશિયા/ નોર્ધન લાઈટ્સ (9D/10D) | 390K-445K | 300K-355K |

### સદર્ન યુરોપ, મેડિટેરેનીયન યુરોપ, સેંટ્રલ યુરોપ, ઈસ્ટર્ન યુરોપ

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| સ્પેન (7D/10D/15D) | 200K-400K | 130K-330K |
| સ્પેન પોર્ટુગલ/મોરોક્કો (13/16D) | 335K-400K | 260K-320K |
| ગ્રીસ (5D/7D/9D/10D/14D) | 200K-450K | 135K-385K |
| ઇજિપ્ત ગ્રીસ ટર્કી (15D) | 425K-450K | -- |
| ગ્રીસ ટર્કી (12D) | 350K-375K | 270K-295K |
| બેસ્ટ ઓફ ટર્કી (10D) | 225K-250K | 155K-180K |
| ઓલ ઓફ ટર્કી (15D) | 325K-350K | 255K-280K |
| બેસ્ટ ઓફ ઇજિપ્ત (9D) | 175K-200K | 115K-140K |
| ઈજિપ્ત ગ્રીસ સાયપ્રસ (12D) | 390K-415K | 310K-330K |
| ગ્રીસ સાયપ્રસ (9D) | 325K-350K | 245K-270K |
| ઇજિપ્ત મોરોક્કો (8D) | 240K-265K | 170K-195K |
| ઇજિપ્ત જોર્ડન (10D) | 295K-320K | 230K-255K |
| બેસ્ટ ઓફ જોર્ડન (7D) | 200K-225K | 135K-160K |

| Tour Name | Ex-Mumbai | J&L |
|---|---|---|
| વિયેના પ્રાગ બુડાપેસ્ટ (6D) | 150K-175K | 90K-110K |
| વિયેના પ્રાગ બુડાપેસ્ટ બ્રાતિસ્લાવા (8D) | 250K-275K | 175K-200K |
| બર્લિન વોર્સો ક્રાકો (8D) | 240K-265K | 170K-195K |
| ક્રોએશિયા સ્લોવેનિયા સ્લોવાકિયા હંગેરી (12D) | 325K-350K | 250K-275K |
| ઉઝબેકિસ્તાન કઝાકસ્તાન કિરગિઝસ્તાન(9) | 225K-250K | 170K-195K |
| બેસ્ટ ઓફ બાકૂ (7D) | 150K-175K | 110K-135K |
| જ્યોર્જિયા અર્મેનિયા/બાકૂ (8D/10D) | 175K-250K | 125K-200K |
| બાલ્ટિક એસ્ટોનિયા લેટવિયા લિથુઆનિયા(8D) | 250K-275K | 180K-205K |
| બાલ્ટિક બર્લિન વોર્સો ક્રાકો (15D) | 390K-415K | 330K-355K |
| બાલ્કન રોમાનિયા બલ્ગેરિયા સર્બિયા નોર્થ મેસેડોનિયા (15D) | 405K-430K | 335K-360K |
| બેસ્ટ ઓફ મોરોક્કો (8D) | 225K-250K | 155K-180K |
| ટ્યુનિશિયા માલ્ટા સિસિલી (10D) | 375K-400K | 295K-320K |

### દ અમેરિકાસ

**ટુર પ્રાઈસ 2,00,000 થી 13,25,000 સુધી**

- સાઉથ અમેરિકા+રિઓ કાર્નિવલ (21D) 20 Feb-12,90,000 (J&L) 9,85,000
- એન્ટાર્કટિકા-દ 7th કોન્ટિનેંટ (13D) 3 Feb 13,25,000 (J&L) 11,25,000
- યુએસએ ઈસ્ટ કોસ્ટ (6D/7D/9D)
- યુએસએ (13D/15D/19D)
- યુએસએ કેલિફોર્નિયા કાર્નિવલ+ડેથ વેલી & યોસેમિટી - 10 Days
- યુએસએ ઈસ્ટ & વેસ્ટ કોસ્ટ+શિકાગો & નેશનલ પાર્ક્સ - 22 Days
- અલાસ્કા કેનેડા - 18 Days
- બેસ્ટ ઓફ કેનેડા - 11 Days
- હવાઈ મેક્સિકો - 11 Days

મૈં હૂં ના!

વિવિધતાથી સજેલું બળવાન યુરોપ પર્યટન માટે આમ જોવા જઈએ તો મુશ્કેલ ખંડ છે. જોકે વીણા વર્લ્ડના લોકપ્રિય ટુર મેનેજર, તેમનું પેશન અને ડેડિકેશન સાથે મુંબઈથી મુંબઈ પર્યટકો સાથે હોય ત્યારે ફિકર કરવાનું કોઈ કારણ નથી.

**Travel Now Pay Later!**
EMI options available (3 to 24 months) subject to EMI partner approval. T&C apply

ગ્રુપ ટુર્સના સહેલગાહ ખર્ચમાં રિટર્ન વિમાનપ્રવાસ (ex-Mumbai), ટ્રાન્સપોર્ટ, હોટેલ મુકામ, બ્રેકફાસ્ટ- લંચ-ડિનર, એન્ટ્રી ફી સાથે સ્થળદર્શન, ડ્રાઈવર ગાઈડ ટિપ્સ, ટુર મેનેજર સર્વિસીસ, વિઝા ફી ('ફ્રી વિઝા દેશ' ઉપરાંત), ટ્રાવેલ ઈન્શ્યુરન્સ* વગેરે બાબતોનો સમાવેશ થાય છે. J&L ટુર્સમાં એરફેર, વિઝા ફી, ઈન્શ્યુરન્સ સમાવિષ્ટ નથી. યુએસ ટુર્સ ફક્ત યુએસએ વિઝા* હોય તેમને માટે જ છે. ફુલ પેમેન્ટ બેનિફિટ મર્યાદિત સમય માટે જ છે* અને પ્રમોશનલ ટુર્સ EUGP, EUGV, EUHJ, EUGD, AMGP, ASPJ, ASZL... અને તેમાંની સ્પેશિયાલિટી ટુર્સ માટે આ બેનિફિટ લાગુ નથી.

veenaworld.com
Call: 1800 22 7979
1800 313 5555

Scan for your nearest Veena World Sales Office

Monday-Saturday 10 to 7
travel@veenaworld.com

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

All group tours are ex-Mumbai. Tour price is per person and on twin sharing basis. These tour prices are nett and no discount is applicable. At the time of booking, tour price to be paid in full INR by UPI/NEFT/RTGS/Cheque, in the name of 'Veena Patil Hospitality Pvt. Ltd.' No cash transactions at Veena World. Government taxes apply. Any increase in YQ taxes, airport taxes, VISA fees, surcharges (if any) will have to be borne by the travellers. T&C apply.

## ગીર સોમનાથ જિલ્લામાં એસઆઈઆરના કારણે બીએલઓ શિક્ષકે આપઘાત કર્યો

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના છારા ગામે ફરજ બજાવતા શિક્ષક અને બીએલઓ અરવિંદભાઈ મૂળજી વાઢેરએ આત્મહત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. શિક્ષકે વતન દેવળી ખાતે માનસિક તણાવ અને ઉપલી કચેરીના કામના દબાણના લીધે ફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું હતું. મૃતકે આત્મહત્યા કરતા પહેલાં પોતાની પત્નીને સંબોધીને એક સ્યૂસાઇડ નોટ લખી હતી. આ નોટમાં તેમણે ઉપલી કચેરીની એસઆઈઆર કામગીરી અને તેના ભારે દબાણને કારણે થાકી ગયા હોવાનો ઉલ્લેખ કર્યો હતો. અરવિંદભાઈ વાઢેર ૨૦૧૦થી શિક્ષક તરીકે કાર્યરત હતા. હાલમાં શિક્ષકોને બીએલઓની કામગીરી સોંપવામાં આવી હતી. અરવિંદભાઈએ આપઘાત કરતા પહેલા લખેલી સ્યૂસાઈડ નોટમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, તેઓ એસઆઈઆરની કામગીરીથી કંટાળી ગયા હતા અને તેના કારણે ઉદભવેલા માનસિક તણાવને લીધે તેમણે આ પગલું ભર્યું હતું. શિક્ષકે સ્યૂસાઈડ નોટમાં લખ્યું કે, પ્રિય પત્ની સંગીતા, મારાથી કોઇપણ કાળે હવે આ એસઆઈઆર કામ થઇ શકે તેમ નથી અને હું છેલ્લાં ઘણા દિવસોથી સતત થાક અને માનસિક તણાવ અનુભવું છું. તું તારું અને આપણા દીકરાનું ધ્યાન રાખજે. હું તમને બંનેને ખૂબ જ ચાહું છું. પણ, હવે ખૂબ જ મજબૂર બની ગયો છું અને મારી પાસે આ અંતિમ પગલું ભરવા સિવાય કોઇ રસ્તો નથી. મારો આ થેલો અહીં પડ્યો છે. તેમાં બધું જ કામગીરીનું સાહિત્ય છે, તે સ્કૂલને આપી દેજે

# એકેએક ઘૂસણખોરોને તગેડી મૂકીશુંઃ અમિત શાહ

### સરહદી સલામતી દળના ૬૧મા હીરક મહોત્સવની ભુજમાં ઉજવણી

ભુજઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ બે દિવસ ગુજરાત પ્રવાસે આવ્યા છે. શુક્રવારે અમિત શાહ ભુજ ખાતે સીમા સુરક્ષા દળ (બી.એસ.એફ)ના ૬૧માં સ્થાપના દિવસ અન્વયે હીરક જયંતી સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં. ભુજ નજીકના હરીપર પાસે આવેલી ટપકેશ્વરીની પર્વતમાળા નજીક આવેલી સરહદી સલામતી દળની વડી કચેરી ખાતે, સરહદી સલામતી દળના ૬૧માં હીરક મહોત્સવ પ્રસંગે યોજાયેલા એક કાર્યક્રમમાં સંબોધતાં જણાવ્યું હતુ કે, દેશભરની સીમાઓની સુરક્ષામાં સજ્જ તમામ સીમાપ્રહરીઓને બીએસએફની હીરક જયંતિની શુભેચ્છા પાઠવતા તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા ૬ દાયકામાં બી.એસ.એફ. ના જવાનોએ ફર્સ્ટ રિસ્પોન્ડરની જવાબદારીનું વીરતા, દક્ષતા અને પોતાના પ્રાણોની પરવાહ કર્યા વિના નિર્વહન કરી સમગ્ર વિશ્વમાં સંદેશ આપ્યો છે કે, જ્યાં સુધી બી.એસ.એફ ના જવાન સરહદ ઉપર તૈનાત છે ત્યાં સુધી દેશનો દુશ્મન ભારતની સીમામાં પ્રવેશવાની હિંમત નહીં કરે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે કહ્યું હતું કે સરકાર દેશમાંથી દરેક ''ઘૂસણખોર'' ને બહાર ફેંકશે અને આરોપ લગાવ્યો કે કેટલાક રાજકીય પક્ષો મતદાર યાદી સુધારણા (એસઆઈઆર) પ્રક્રિયાનો વિરોધ કરી રહ્યા છે કારણ કે તેઓ ઇચ્છે છે કે ઘૂસણખોરોના નામ મતદાર યાદીમાં રહે. આ કાર્યક્રમમાં તેમણે વિરોધ પક્ષો પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, દેશમાં ચાલી રહેલી 'મતદાર યાદી શુદ્ધિકરણ'ની કામગીરીને સહકાર આપવાને બદલે કેટલાક વિરોધ પક્ષો આ મહત્વની કામગીરીમાં અંતરાયો ઉભા કરી રહ્યા છે અને ઘૂસણખોરી કરીને ભારતના વિવિધ સ્થળોએ રહેતા બિન ભારતીય પરિવારોના મતો મેળવવાની શરમજનક ખેવના રાખી રહ્યા છે તે બાબત અત્યંત આઘાતજનક છે. તેમણે ઉમેર્યું હતું કે, બાહ્ય સુરક્ષાની સાથે-સાથે, આંતરિક સુરક્ષા પણ મહત્ત્વની છે અને તેથી જ આંતરિક સુરક્ષા વધુ મજબૂત બનાવવાની બાબત પર પણ સરકાર પૂરતું ધ્યાન આપી રહી છે.

અમિતભાઇ શાહે એવું જણાવ્યું હતું કે, દેશમાંથી નક્સલવાદનો ખાત્મો આગામી માર્ચ મહિનાના અંત પહેલાં કરી નાખવાનો દ્રઢ નીર્ધાર કરાયો છે અને તેની સાથે સાથે આદિવાસી લોકોના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓનું પણ ઝડપી અમલીકરણ કરવામાં આવશે.

તેમણે સરહદી સલામતી દળના જવાનોની કાર્યક્ષમતા અને તેમની દેશદાઝની પ્રશંસા કરીને ઉમેર્યું હતું કે, જ્યાં સુધી ભારતની સરહદો પર સરહદી સલામતી દળના જવાનો ખડે પગે તહેનાત છે, ત્યાં સુધી એક પણ ઘૂસણખોર દેશમાં ઘૂસી શકે તેમ નથી અને જો આવું કોઈ દુઃસાહસ કરવામાં આવશે તો કઠોર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમણે તાજેતરમાં પાકિસ્તાની ત્રાસવાદીઓનો સફાયો કરવા હાથ ધરાયેલાં 'ઓપરેશન સિંદૂર'નો ઉલ્લેખ કરીને તેમાં પણ સરહદી સલામતી દળની ભૂમિકાની પણ પ્રશંસા કરી હતી. આ પૂર્વે તેઓ જયારે સરહદી સલામતી દળના હરીપર કેમ્પ ખાતે પહોંચ્યા ત્યારે દળના વડા દલજિતસિંહ ચૌધરી અને ગુજરાત ફ્રન્ટિયરના વડા અભિષેક પાઠક દ્વારા તેમનું સન્માન કરાયું હતું અને ૨૦૦૦ જેટલા સરહદી સલામતી દળના જવાનોએ પરેડ યોજી, ગૃહપ્રધાનનું અભિવાદન પણ કર્યું હતું. આ ઉપરાંત દળના સાત જેટલા જવાનોએ છ હજાર ફૂટની ઊંચાઇએથી પેરાગ્લાઇડિંગ કર્યું હતું, ડ્રોન ટેક્નોલોજીનું પ્રદર્શન જયારે દળની મહિલા બુલેટ ટીમ દ્વારા મોટરસાઇકલ પર જુદાં-જુદાં કરતબો રજૂ કરાયાં હતાં. આ ઉપરાંત એક સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરાયું હતું.

## ગોધરામાં એક જ પરિવારના ચાર સભ્યનાં કરુણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ જિલ્લાના વહેલી સવારે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના બની હતી. કારણે સમગ્ર શહેરમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

બામરોલી રોડ પર આવેલા ગંગોત્રીનગર-૨ વિસ્તારમાં જ્વેલર્સનો વ્યવસાય કરતા દોશી પરિવારના ઘરમાં ભીષણ આગ લાગતા એક જ પરિવારના ચાર સભ્યોએ જીવ ગુમાવ્યો હતો. મૃતકોમાં પરિવારના વડા ૫૦ વર્ષીય કમલભાઈ દોશી, ૪૫ વર્ષીય દેવલબેન દોશી, અને તેમના બે પુત્રો, ૨૪ વર્ષીય દેવ અને ૨૨ વર્ષીય રાજનો સમાવેશ થાય છે.

આ દુર્ઘટનાની કરુણતા એ છે કે પરિવારના પુત્ર દેવ કમલ દોશીની સગાઈ માટે તેમને વાપી જવાનું હતું. આ શુભ પ્રસંગની તૈયારીઓ વચ્ચે વહેલી સવારે આ દુર્ઘટના બની હતી. મળતી માહિતી મુજબ, મકાનમાં અચાનક લાગેલી આગે ગણતરીની મિનિટોમાં જ આખા મકાનને લપેટમાં લઈ લીધું હતું. પ્રાથમિક અનુમાન મુજબ, આગને કારણે ઘરમાં વ્યાપેલા ધુમાડા અને ગૂંગળામણને લીધે ચારેય સભ્યોનાં મોત થયાં હોવાની શક્યતા છે.

આગની જાણ થતાં જ ગોધરા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં પરિવારના ચાર સભ્યોના કરુણ મોત નીપજ્યા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ચારેય મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા.

આગ કયાં કારણોસર લાગી તે અંગે હાલ ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. ટૂંક સમયમાં એફએસએલ (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી)ની ટીમ દ્વારા પણ ઘટનાસ્થળની મુલાકાત લેવામાં આવશે. પ્રાથમિક અનુમાન આગ શોર્ટ સર્કિટથી લાગી હોવાનું જાણવા મળ્યું હતું.

દોશી પરિવારના ચાર સભ્યોના આકસ્મિક અને કરુણ મૃત્યુને કારણે સમગ્ર જૈન સમાજ અને પૂરા ગોધરા શહેરમાં શોક અને ગમગીનીની લાગણી ફેલાઈ ગઈ છે.

## હાઇ કોર્ટે શાકભાજી અને ફ્રૂટ બજારોમાં પ્લાસ્ટિકની થેલીઓ ઉપર પ્રતિબંધ મૂકવાનું સૂચન કર્યું

અમદાવાદઃ ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગરવાલ અને જસ્ટિસ ડી.એન. રેની બેન્ચ સમક્ષ એડવોકેટ અમિત પંચાલ દ્વારા દાખલ કરાયેલી મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ મામલે અરજી પર સુનાવણી હાથ ધરાઈ હતી. આ દરમિયાન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કોર્ટને જણાવ્યું હતું કે, તેઓ ડોર-ટુ-ડોર કલેક્શન અંતર્ગત દરરોજ ૩૫૦ મેટ્રિક ટન પ્લાસ્ટિક એકત્ર કરે છે, પ્રતિબંધિત પ્લાસ્ટિકના વિક્રેતાઓ પાસેથી અત્યાર સુધીમાં ૧૫ કરોડનો દંડ વસૂલ્યો છે, અને ૧૬.૫૦ લાખ કપડાની થેલીઓનું વિતરણ કર્યું છે. જ્યારે હાઇ કોર્ટે શાકભાજી અને ફ્રૂટ બજારોમાં પ્લાસ્ટિકની થેલીઓ ઉપર પ્રતિબંધ મૂકી કાપડની થેલી આપવાનું સૂચન કર્યું હતું. આ સાથે જ, જીપીસીબીએ પણ રાજ્યમાં પ્લાસ્ટિક કચરા અંગે જાગૃતિ માટે ૨૪૦૦ ઇવેન્ટ્સ યોજી હોવાનું અને ૧.૫૦ કરોડ કપડાની બેગનું વિતરણ કર્યું હોવાનું જણાવ્યું હતું, અને કોર્ટે તમામ નગરપાલિકાઓના પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અંગે સ્ટેટસ રિપોર્ટ માગ્યો છે, જેની વધુ સુનવણી ૧૬ જાન્યુઆરીએ થશે. રાજયની મહાનગરપાલિકાઓ અને નગર-પાલિકાઓમાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ મામલે હાઇકોર્ટ સમક્ષ હાથ ધરાયેલી સુનાવણીમાં મનપાના વકીલે જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન અંતર્ગત દિવસમાં ૩૫૦ મેટ્રિક ટન પ્લાસ્ટિક એકત્ર કરાય છે. ૭૫ માઇક્રોનથી પાતળી પ્લાસ્ટિકની થેલીઓ, પ્લાસ્ટિક કપ, પાન મસાલાના પ્લાસ્ટિક પાઉચ, પાણીના પ્લાસ્ટિક પાઉચ વગેરે ઉપર પ્રતિબંધ છે. સપ્ટેમ્બર મહિનાથી ૧૨૦ માઇક્રોનથી પાતળી પ્લાસ્ટિકની થેલીઓ ઉપર પ્રતિબંધ મુકાયો છે. ઉપરાંત પ્લાસ્ટિકના બેનર, પેકેજીંગ વગેરે અંગે પણ નિયમો બનાવેલા છે. શહેરના ૭ ઝોનમાં અમલવારી સ્ક્વોડ ફરે છે. જે પ્રતિબંધિત પ્લાસ્ટિકનો માલ જપ્ત કરે છે. આવા વિક્રેતાઓને દંડ કરાય છે અને દુકાન સીલ કરાય છે. શહેરમાં ૧૦ બોટલ ક્રેશિંગ મશીન મુકાયાં છે. મનપા પાસે ૧૧ મટીરીયલ રિકવરી ફેસિલિટી છે.

હાઇ કોર્ટે સૂચન આપ્યું હતું કે, મનપા શાકભાજી અને ફળ વેચનારા લોકોની તપાસ કરે. જો પ્લાસ્ટિકની થેલી ઉપર જ પ્રતિબંધ મૂકવામાં આવશે તો જ તેનો વિકલ્પ મળશે. શાકભાજી અને ફ્રૂટ બજારોમાં પ્લાટિકની થેલીના વપરાશ ઉપર પ્રતિબંધ મૂકી શકાય. ઉતરાખંડ અને હિમાચલમાં પ્લાસ્ટિકની થેલી ઉપર પ્રતિબંધ છે. મનપાએ કહ્યું હતું કે, તેમણે શહેરમાં ૧૬.૫૦ લાખ કપડાંની થેલીઓ લોકોને વહેંચી છે.

જીપીસીબીએ જણાવ્યું હતું કે, ગત બાવીસ મેથી પાંચ જૂન દરમિયાન તેઓએ પ્લાસ્ટિક કચરા અંગે જાગૃતતા લાવવા માટે ૩૪૦૦ ઇવેન્ટ કરી હતી. જેમાં ૩ લાખ વોલેન્ટિયરે ભાગ લીધો હતો. જેમાં ૧૦ હજાર ટન જેટલું પ્લાસ્ટિક ભેગું કરાયું હતું. રાજ્યમાં ૨૫૦ વેડિંગ મશીન મૂકવામાં આવ્યા છે. ૨૫૦ કપડાંની થેલીના મશીન મૂકવામાં આવ્યા છે. ૧.૫૦ કરોડ કપડાની બેગનું વિતરણ કરવામાં આવ્યું છે. ૩૦થી વધુ રિવર્સ વેન્ડિંગ મશીન મુકાયા છે.

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ૨૭ ટકા ઓબીસી અનામતને હાઈ કોર્ટમાં પડકાર

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટમાં મહેસાણાથી અરજદાર પથુજી ઠાકોરે એડવોકેટ હર્ષ રાવલ મારફતે એક જાહેર હિતની અરજી દાખલ કરી હતી. અરજદાર પોતે નિવૃત પ્રિન્સિપાલ છે અને ઓબીસી વર્ગમાંથી આવે છે. જેમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરિટી અમેન્ડમેન્ટ એક્ટ ૨૦૨૩ લાવીને રાજ્યમાં જિલ્લા, તાલુકા, ગ્રામ પંચાયત અને લોકલ બોડીઝની અન્ય ચૂંટણીઓમાં ઓબીસી અનામત ૧૦ ટકાથી વધારીને ૨૭ ટકા કર્યું છે. ખરેખરમાં અધર બેકવર્ડ ક્લાસની વ્યાખ્યા સરકારી નોકરીઓમાં અનામતની જેમ પોલિટિકલ રિપ્રેઝન્ટેશનમાં કરી શકાય નહીં.

અરજદારના જણાવ્યા મુજબ આ અરજી સંદર્ભે હાઇ કોર્ટમાં રાજ્ય સરકારે એફિડેવિટ ફાઇલ કરી હતી. જે મુજબ તેઓએ જસ્ટિસ ઝવેરી કમિશનના રિપોર્ટને અનુસર્યા નથી. જેથી આ અરજીને ગ્રાહ્ય રાખવામાં આવે. જોકે, રાજ્ય વતી સરકારી વકીલે જણાવ્યું હતું કે, આ કેસમાં સરકાર વતી એડવોકેટ જનરલ દલીલો કરશે. જેથી સમય આપવામાં આવે, આખરે કોર્ટે આ મુદ્દે વધુ સુનાવણી ૨૮ નવેમ્બરે રાખી છે.

અરજદારના જણાવ્યા મુજબ સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ જે તે વિસ્તારમાં વસ્તીના આધારે ઓબીસીને બેઠકો ફાળવવી જોઈએ. જો તે વિસ્તારમાં ઓબીસીની સંખ્યા વધુ હોય તો ૫૦ ટકાથી અનામત વધે નહીં તે રીતે પણ બેઠકો ફાળવી શકાય અને ઓછી સંખ્યા હોય તો ઓછી બેઠકો ફાળવવી જોઈએ. બેકવર્ડ ક્લાસમાં પોલિટિકલ રિપ્રેઝન્ટેશનમાં જાતિઓની ઓળખ અને સંખ્યા માટે ઝવેરી કમિશનની રચના કરવામાં આવી હતી. જેને ડીસોલ્વ કરી નાખવામાં આવ્યું છે. અરજદારના જણાવ્યા મુજબ કેબિનેટની સબ કમિટીએ કમિશનનાં સૂચનોને અનુસર્યા વગર અને સુપ્રીમ કોર્ટના નિર્દેશોને અનુસર્યા વગર યુનિફોર્મ રિઝર્વેશનનું સમર્થન કર્યું હતું. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં બેઠકો ફાળવવામાં ફિક્સ અનામતથી સામાન્ય વર્ગ અને એસસી, એસટી અને ઓબીસીને નુકસાન જઈ રહ્યું છે.

## અમદાવાદના ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પર કસ્ટમ્સ અધિકારીઓના યુનિફોર્મ પર કૅમેરા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર સૌપ્રથમ વાર કસ્ટમના તમામ અધિકારીઓના ઓફિશિયલ યુનિફોર્મ ઉપર કેમેરા લગાવી દેવામાં આવ્યા છે અને આ પાયલોટ પ્રોજેક્ટનો અમલ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે એટલું જ નહીં ઇન્ટરનેશનલ ટર્મિનલ બિલ્ડીંગની બહાર એરેવલ ગેટ પાસે પેસેન્જર ફેસિલિટી સેન્ટર પણ શરૂ કરવામાં આવ્યું છે જ્યાં પેસેન્જર અને પેસેન્જરને મુકવા આવનાર તમામ લોકો કસ્ટમ અંગેની તમામ માહિતી મેળવી શકશે. અમદાવાદ કસ્ટમ કમિશનર શિવકુમાર શર્માએ જણાવ્યું હતું કે, દેશના અનેક એરપોર્ટ ઉપર કસ્ટમના અધિકારીઓને યુનિફોર્મની સાથે કેમેરા આપવામાં આવ્યા છે અને હવે અમદાવાદમાં પણ કસ્ટમ ના અધિકારીઓ કેમેરા લગાવીને પેસેન્જર સાથે કમ્યુનિકેશન કરશે. આમ થવાથી ઘણા બધા વિવાદોનો અંત આવશે કારણ કે પેસેન્જર ખોટા આક્ષેપો કરે અને શું વાતચીત થઈ છે તે અંગે પણ જાણી શકાતું ન હતું.

અમદાવાદના એરપોર્ટ ઉપર સીસીટીવી કેમેરા લગાવેલા છે પણ હવે કસ્ટમરના અધિકારીઓના યુનિફોર્મ પર જ કેમેરા રહેશે જેથી આવા વિવાદોનો અંત આવશે એટલું જ નહીં એરાવલ બિલ્ડીંગની બહાર પેસેન્જર ફેસિલિટી સેન્ટર શરૂ કરી દેવામાં આવ્યું છે જ્યાં ૨૪ કલાક કસ્ટમના ઓફિસરો ફરજ બજાવશે અને પેસેન્જરના મિસ બેગેજ અથવા તો કયા કસ્ટમર અધિકારીને મળવા જવું છે તેની માહિતી મેળવી શકશે આ સાથે સાથે એનઆરઆઇ પેસેન્જર કેટલું ગોલ્ડ લાવી શકે અને કેટલી વિદેશી ચલણ લાવી શકે તેની પણ પૂછપરછ કરી શકશે સામાન્ય રીતે વિદેશથી આવતા પેસેન્જર પોતાની પાસે ગમે એટલી કરન્સી લાવી શકે છે પરંતુ તેનો સંતોષકારક જવાબ આપવો પડશે સંતોષકારક જવાબ આપવામાં આવે તો કોઈ કાર્યવાહી કરાશે નહીં પરંતુ જો હવાલાનાં નાણાંની વાતની હશે તો કરન્સી જપ્ત કરવામાં આવશે.

## નલિયા ૧૧.૨ ડિગ્રી સાથે રાજયમાં સૌથી ઠંડું શહેર બન્યુંઃ બે દિવસમાં ત્રણ ડિગ્રી વધશે

અમદાવાદઃ ગુજરાતમાં હવે ઠંડીનો માહોલ જામ્યો છે, ત્યાં હવે તાપમાનનો પારો ફરી ઊંચકાતા ઠંડીનું જોર ઘટ્યું હતું. છેલ્લા ૨૪ કલાકમાં લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. આગામી બે દિવસમાં હજુ બેથી ત્રણ ડિગ્રી તાપમાન વધશે તેવી આગાહી કરવામાં આવી છે. ૨૧ નવેમ્બરે નલિયામાં સૌથી ઓછું ૧૧.૨ ડિગ્રી નોંધાયું હતું. ત્યારબાદ વડોદરા જ્યાં ન્યૂનતમ તાપમાન ૧૪.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આંકડા પ્રમાણે અમદાવાદમાં ૧૬.૭ ડિગ્રી સેલ્સિયસ, ગાંધીનગરમાં ૧૬.૪ ડિગ્રી સેલ્સિયસ ન્યૂનતમ તાપમાન, પોરબંદરમાં ૧૪.૪ ડિગ્રી સેલ્સિયસ અને રાજકોટ ૧૪.૨ ડિગ્રી સેલ્સિયસ ન્યૂનતમ તાપમાન નોંધાયું હતું. રાજ્યમાં હાલમાં બેવડી સીઝનનો અનુભવ થશે તેવી આગાહી કરવામાં આવી છે. રાજ્યમા મોટાભાગના જિલ્લાઓનું તાપમાન સામાન્ય કરતાં નીચું નોંધાયું હતું.

સમગ્ર ગુજરાતમાં સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું અને ન્યૂનતમ તાપમાન પણ સામાન્ય કરતાં નીચું રહેતા ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. જ્યારે સૌથી ઓછું ઠંડુ ઓખા જ્યાં ૨૨.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન અને દ્વારકામાં ન્યૂનતમ તાપમાન ૧૮.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સૌથી ઓછું ૧૧.૨ ડિગ્રી તાપમાન નલિયામાં નોંધાયું હતું. આગામી દિવસોમાં હવે ગુજરાતમાં ઠંડી સાથે ગરમીનો અનુભવ થઈ શકે છે, તેવી હવામાન વિભાગ આગાહી કરવામાં આવી હતી.

## મુખ્ય પ્રધાનના હસ્તે વડનગરમાં બે દિવસીય તાના-રીરી મહોત્સવનો આજથી શુભારંભ

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના વડનગર ખાતે દર વર્ષે તાના-રીરી મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે આ મહોત્સવનો શુભારંભ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૨૨ નવેમ્બરે કરવામાં આવશે. આ વર્ષે સુપ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયિકા સુશ્રી કલાપિની કોમકલીને તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ પ્રદાન કરવામાં આવશે. ૨૨ અને ૨૩ નવેમ્બર સુધીના બે દિવસીય કાર્યક્રમમાં સાંજના સમયે શાસ્ત્રીય ગાયન, વાદન અને લોકસંગીતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના બીજા દિવસે ગુજરાત સરકારના વન, પર્યાવરણ અને માર્ગ પરિવહન વિભાગના રાજ્યકક્ષાના પ્રધાન પ્રવીણ માળી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. વડનગરની ઐતિહાસિક સંગીત પરંપરાને જીવંત રાખવા માટે વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્ય પ્રધાન અને દેશના વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તાના-રીરી મહોત્સવ અને તાના-રીરી સંગીત સન્માન એવોર્ડની વર્ષ ૨૦૧૦માં શરૂઆત કરવામાં આવી હતી. રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તક સંગીત નાટક અકાદમી દ્વારા સંગીત સમ્રાજ્ઞી તાના-રીરીની યાદમાં દર વર્ષે આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ બે દિવસીય કાર્યક્રમાં પ્રથમ દિવસે સાંજે ૬.૩૦ વાગ્યે કલાપિની કોમકલી દ્વારા શાસ્ત્રીય ગાયન, નિલાદ્રી કુમાર દ્વારા શાસ્ત્રીય વાદન અને ઇશાની દવે દ્વારા લોકસંગીતની પ્રસ્તુતિ કરવામાં આવશે. બીજા દિવસે ડો. સુભદ્રા દેસાઇ દ્વારા શાસ્ત્રીય ગાયન, નિનદ અધિકારી અને તેમની ટીમ દ્વારા શાસ્ત્રીય વાદન અને પાર્થ ઓઝા અને તેમની ટીમ દ્વારા લોકસંગીતની પ્રસ્તુતિ કરવામાં આવશે. ભક્ત કવિ નરસિંહ મહેતાની દોહિત્રી શર્મિષ્ઠાની સુપુત્રીઓ તાના અને રીરીએ તેમના સંગીત પ્રત્યેના સમર્પણથી ગુજરાતના સંગીત ઇતિહાસમાં તેમનું નામ અમર કરી દીધું છે. મલ્હાર રાગ ગાઇને તાના-રીરીએ શાંત કરી હતી. તેમની કલાના સન્માન ખાતર તેમણે આત્મબલિદાન આપ્યું હતું.

## ગુજરાતની હવા ઝેરી બનીઃ એક્યુઆઈ અમદાવાદમાં ૨૪૦ અને વડોદરામાં ૨૨૦ને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ ૨૦૦ને પાર પહોંચી જતા હવા ઝેરી બની છે. આ એક્યુઆઈને ગુણવત્તામાં ખરાબ શ્રેણીમાં મૂકવામાં આવે છે. ગુજરાત મુખ્ય શહેરોમાં અમદાવાદમાં એક્યુઆઈ ૨૪૦ અને વડોદરામાં ૨૨૦ નોંધાયો હતો. પ્રદૂષણના ઊંચા સ્તરને જોતાં નાગરિકોને માસ્ક પહેરવાની અને ખાસ કરીને હવામાં પ્રદૂષણ વધુ હોય એવા સમયગાળા, જેમ કે વહેલી સવારે અને રાત્રે બહાર જવાનું ટાળવા માટે અપીલ કરવામાં આવી છે. અમદાવાદમાં શિયાળાની શરૂઆત સાથે જ હવામાનમાં પ્રદૂષણનો સ્તર ચિંતાજનક રીતે વધી રહ્યો છે.

નવેમ્બર મહિનામાં પ્રદૂષણ સતત વધી રહ્યું છે. દિવાળી બાદ છેલ્લા ઘણા દિવસોથી શહેરમાં એક્યુઆઈ ૨૦૦થી વધુ નોંધાતાં શહેરોમાં હવાની ગુણવત્તા ઘટી રહી છે. ઓક્ટોબર મહિનામાં પણ આ જ પરિસ્થિતિ જોવા મળી હતી. અમદાવાદ શહેરમાં ખરાબ હવા, ઈલેક્ટ્રિક વિહિકલનો નહીંવત ઉપયોગ, વ્હાઇટ ટોપિંગ રોડ અને ભ્રષ્ટાચાર મુદ્દે ભાજપના શાસકોને આડે હાથ લેવામાં આવ્યા હતા. એએમસીની સામાન્ય સભામાં વિપક્ષના નેતા શહેજાદ ખાન પઠાણે મેયર સમક્ષ રજૂઆત કરી હતી કે, અમદાવાદની હવા ખૂબ જ ખરાબ થઈ છે. એએમસી દ્વારા હવાની ગુણવત્તા સુધારવા પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે, તેમ છતાં પણ ગુણવત્તા ખૂબ જ ખરાબ છે. એર ક્વોલિટી ઇન્ડેક્ષ ૨૦૦ની પાર ગયો છે, છતાં તંત્ર ગંભીર ના હોવાનો વિપક્ષે આક્ષેપ કર્યો હતો. અમદાવાદ શહેરમાં એર ક્વોલિટી સુધારવા માટે છેલ્લા પાંચ વર્ષમાં ૫૪૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. દર વર્ષે ૨૦૦૦ કરોડનું બજેટ રોડ માટે ફાળવેલા હોવા છતાં એર કવોલીટી ઈન્ડેક્ષ માટેની ગ્રાન્ટની ૫૦ ટકા રકમ જ રોડ માટે વાપરવામાં આવે છે.

અમદાવાદ અને રાજકોટમાં તો છેલ્લાં પાંચ વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે. વડોદરા શહેરમાં પણ એર ક્વોલિટી ઈન્ડેક્સમાં વધારો થઈ રહ્યો છે. સુરતમાં અમદાવાદ અને વડોદરાની સરખામણીએ એક્યુઆઈનું સ્તર ઓછું છે. જોકે ૨૧ નવેમ્બરે સુરતમાં સવારે એક્યુઆઈ ૨૦૬એ પહોંચ્યો હતો. રાજકોટમાં પણ છેલ્લાં અઠવાડિયા દરમિયાન એક્યુઆઈ ૧૫૦ને પાર પહોંચ્યો હતો. ૨૧ નવેમ્બરે રાજકોટમાં સૌથી વધુ ૨૦૪ એક્યુઆઈ નોંધાયો હતો.

## ગુજરાતમાં ખાદ્યતેલના ભાવ આસમાને, સિંગતેલના નવા ડબ્બાનો ભાવ ₹ ૨૬૫૦ પર પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખાદ્યતેલના ભાવ આસમાને પહોંચ્યા છે. સિંગતેલ ઉપરાંત કપાસીયા તેલ, પામોલીન, વનસ્પતિ ઘીના ભાવ પણ બેફામ વધારો થયો છે. ખાદ્યતેલના વધતા ભાવ લોકોથી લોકો ત્રાહીમામ પોકારી ગયા છે.

અમદાવાદ ખાતે સીંગતેલ (નવો ડબ્બો)નો ભાવ અમદાવાદ ખાતે ૧૫ કિલો સીંગતેલ નવા ડબ્બાનો ભાવ નીચામાં રૂપિયા ૨૬૦૦, ઉપરમાં રૂપિયા ૨૬૫૦ રહ્યા હતા. જ્યારે સીંગતેલ નવો ડબ્બો ૧૫ લિટરમાં રૂપિયા ૨૪૦૦ રહ્યા હતા. અમદાવાદ તેલ બજારમાં કપાસીયા તેલ ૧૫ કિલો નવા ડબ્બાનો ભાવ નીચામાં રૂપિયા ૨૨૫૦ અને ઊંચામાં રૂપિયા ૨૩૫૦ રહ્યાં હતા. જ્યારે સોયાબીન ૧૫ કિલોમાં નવો ડબ્બો રૂપિયા ૨૨૮૦ હતો.

દિવેલનો ભાવ રૂપિયા ૨૨૫૦ રહ્યો હતો. અન્ય ખાદ્ય તેલોની જાતોમાં પામોલીન નવા ડબ્બાનો ભાવ રૂપિયા ૨૧૫૦, કોપરેલ રૂપિયા ૫૮૦૦, સરસીયુ મોળું રૂપિયા ૨૪૭૦, સરસીયુ તીખું રૂપિયા ૨૬૦૦ રહ્યા હતા. ૧૫ લિટરમાં સનફ્લાવર તેલ રૂપિયા ૨૨૮૦, મકાઈ તેલ ૧૫ લિટરમાં રૂપિયા ૨૧૦૦, કપાસીયા તેલ પાંચ લિટર રૂપિયા ૭૦૦થી રૂપિયા ૭૩૦ રેન્જમાં કામકાજ ધરાવતા હતા. જ્યારે સીંગતેલ ૫ લિટરનો ભાવ રૂપિયા ૭૫૦થી રૂપિયા ૭૯૦ વચ્ચે રહ્યો હતો.

## ભારતીય પાસપોર્ટ મેળવવા નકલી દસ્તાવેજો બનાવનાર અફઘાનિસ્તાનનો નાગરિક ઝડપાયો, એક ફરાર

અમદાવાદઃ સુરત શહેરમાં રહેતા એક મૂળ અફઘાનિસ્તાનના નાગરિકની ધરપકડ કરવામાં આવી હતી. મૂળ અફઘાનિસ્તાનના નાગરિક વિરુદ્ધ સુરતના ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ગંભીર ગુનો નોંધવામાં આવ્યો હતો. આ આરોપીએ ભારતીય નાગરિકતા સ્થાપિત કરવા માટે નકલી જન્મ પ્રમાણપત્રના આધારે ખોટી રીતે ભારતીય પાસપોર્ટ, આધાર કાર્ડ, પાન કાર્ડ અને ચૂંટણી કાર્ડ જેવા મહત્ત્વના દસ્તાવેજો બનાવ્યાં હોવાનો આરોપ છે. શ્રમ અધિકારીની કાર્યવાહી બાદ આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. સુરત પોલીસે આ મામલે કાર્યવાહી હાથ ધરી દીધી હતી. આરોપી મોહમદ આમીર જાવિદ ખાન મૂળ અફઘાનિસ્તાનના કાબુલ સિટીનો રહેવાસી છે. આરોપી મોહમદ આમીર યુએન રેફ્યુઝી એજન્સી ઇન્ડિયામાંથી ભારતમાં રહેવા માટેનું કાર્ડ મેળવીને ભારતમાં વસવાટ કરતો હતો. પરંતુ ભારતમાં કાયમી વસવાટ અને નાગરિકતા મેળવવાની લાલચે તેણે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું હતું.

## કાયદાકીય અડચણોને કારણે દૂધસાગર ડેરીની ચૂંટણીમાંથી વિપુલ ચૌધરી બહાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દૂધસાગર ડેરીની ચૂંટણી સાતમી ડિસેમ્બરે યોજાવાની છે, પરંતુ ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી હવે આ ચૂંટણી લડી શકશે નહીં. સહકારી કાયદામાં સ્પષ્ટ એવી જોગવાઈ કરવામાં આવી છે કે, જો કોઈ વ્યક્તિને બે વર્ષથી વધુની સજા થઇ હોય તો તે સહકારી સંસ્થાની કોઇપણ ચૂંટણીમાં ઉમેદવારી આપી શકે નહીં. વિપુલ ચૌધરીને સાગર-દાણ કૌભાંડ કેસમાં સજા પડી હતી, જેના કરાણે હવે તેઓ ચૂંટણી લડી શકશે નહીં. મહેસાણા સેશન્સ કોર્ટમાં પહેલાં તેમણે પોતાની સજા ઉપર સ્ટે મેળવવા અરજી કરી હતી, પરંતુ તે અરજી ફગાવી દેતાં કાનૂની લડત આગળ વધારવા તેમણે હાઇ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો હતો. હાઇ કોર્ટે પણ તાત્કાલિક રાહત આપવાને બદલે આગામી ૩ ડિસેમ્બરે સુનાવણી રાખી છે. આ તારીખ જ આખી ચૂંટણી પ્રક્રિયામાં નિર્ણાયક બની ગઈ છે. ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૪ નવેમ્બર છે.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 276 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ સુદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 November 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૨૨ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### નારી-શક્તિ, યુવા-શક્તિને પ્રોત્સાહન આપતા ચાર લૅબર કૉડનો અમલ

# હવે એક વર્ષની નોકરીમાં મળશે ગ્રેચ્યુઇટી




- ફિક્સ્ડ-ટર્મના કર્મચારીઓને કાયમી કર્મચારીઓના બધા લાભ મળશે
- ઓવરટાઇમનું બમણું મહેનતાણું
- હેલ્થ ચેક-અપની નવા કાયદામાં જોગવાઇ
- ગિગ વર્કર્સને મળશે યુનિવર્સલ સોશ્યલ સિક્યોરિટી
- કામના કલાકો વધારાયા, માલિકને અનુકૂળ છટણીના નિયમો
- હવે નિમણૂક પત્ર અને લઘુતમ વેતન સમયસર આપવા પડશે

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે ચાર લૅબર કૉડ (શ્રમ કાયદા)ને શુક્રવારે નોટિફાઇ કર્યા હતા. તેને લીધે ફિક્સ્ડ-ટર્મના કર્મચારીઓને કાયમી કર્મચારીઓની જેમ રજા, મેડિકલ અને સોશ્યલ સિક્યોરિટી - ગ્રેચ્યુઇટી સહિતના બધા લાભ મળશે. જોકે સાથે સાથે કામના લાંબા કલાકો, વ્યાપક ફિક્સ્ડ-ટર્મ રોજગાર અને છટણીના માલિકને અનુકૂળ નવા નિયમોનો પણ અમલ શરૂ કરાયો છે.

નવા કાયદા મુજબ ૪૦ વર્ષથી મોટી વયના કર્મચારીઓને દર વર્ષે મફત હેલ્થ ચેક-અપની સુવિધા આપવી પડશે. ઑવરટાઇમ માટે બમણું મહેનતાણું ચૂકવવું પડશે. બધા કર્મચારીને નિમણૂકનો પત્ર (અપૉઇન્ટમેન્ટ લૅટર) આપવો પડશે. ઇએસઆઇસીની સુવિધા દેશભરમાં અપાશે. લઘુતમ

(જુઓ પાનું ૨) ▸▸

## કર્મચારીઓને મૂળભૂત હક મળશે, વેપાર સરળ બનશે, અર્થતંત્ર સુધરશેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે શ્રમિકોને લગતા નવા ચાર કાયદા (લૅબર કૉડ્સ)થી કર્મચારીઓને તેઓના મૂળભૂત અધિકાર મળશે, વેપાર કરવાનું સરળ બનશે અને તેને પરિણામે દેશનું અર્થતંત્ર સુધરશે.

મોદીએ 'એક્સ' પર લખ્યું હતું કે સરકારે નોટિફાઇ કરેલા ચાર નવા લૅબર કૉડ કર્મચારીઓના હિતને ધ્યાનમાં રાખીને તાત્કાલિક અમલમાં મુકાયા છે. દેશની સ્વતંત્રતા બાદ શ્રમિકોને લગતા

(જુઓ પાનું ૨) ▸▸




# દુબઈ ઍર શોમાં તેજસ તૂટી પડ્યું

### લોકોના જીવ બચાવવા પાઈલટે વિમાનને દૂર લઈ જઈને ક્રેશ કર્યું અને એમાં એ શહીદ થયો

**ભયંકર દુર્ઘટનાઃ** દુબઈમાં શુક્રવારે ઍર શૉ દરમિયાન ઈન્ડિયન ઍર ફૉર્સનું ફાઇટર જૅટ તેજસ જમીન પર પટકાઈ આગના ગોળામાં ફેરવાઈ ગયું હતું. (એજન્સી)



નવી દિલ્હીઃ દુબઈમાં શુક્રવારે ઍર શૉ દરમિયાન ઈન્ડિયન ઍર ફૉર્સ (આઈએએફ)નું ફાઈટર જૅટ તેજસ તૂટી પડ્યું હતું. આ દુર્ઘટનામાં પાઈલટનું મોત થયું હોવાનું આઈએએફ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. દુર્ઘટનાનું કારણ શોધી કાઢવા કોર્ટ ઑફ ઈન્ક્વાયરીની રચના કરવામાં આવી હતી.

દુર્ઘટનાનો ભોગ બનેલા પાઈલટના પરિવારજનો પરત્વે આઈએફએ સહાનુભૂતિ વ્યક્ત કરી હતી અને મુશ્કેલીની આ પળોમાં તેમની પડખે હોવાની બાંયધરી આપી હતી.

ઇન્ડિયન એરફોર્સે જણાવ્યું હતું કે, પાઇલટે વિંગ્સ બેલેન્સ કરીને અને ભીડથી દૂર ખેંચીને બહાર નીકળવાનો પ્રયાસ કર્યો હતો. વિમાને બેલેન્સ ગુમાવતા જમીન પર અથડાયું હતું તે બધી અટકળો છે. પાઇલટે નીચે રહેલા લોકોને બચાવવા માટે જીવનું બલિદાન આપ્યું છે. ટીવી ચેનલો પર દર્શાવવામાં આવેલા

(જુઓ પાનું ૨) ▸▸

## રૂપિયો ૯૮ પૈસા તૂટ્યોઃ ઑલ ટાઈમ લો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે વેપાર અંગે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાને કારણે આજે ભારત સહિતના વૈશ્વિક બજારોમાં નરમાઈનું વલણ જોવા મળતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયો સૌથી મોટા

(જુઓ પાનું ૨) ▸▸

## ચીનાઓને વિઝા આપવાનું ભારતે આખરે શરૂ કર્યું

નવી દિલ્હીઃ ભારતે વિશ્વભરમાંના પોતાના મિશન્સ અને કૉન્સ્યુલેટ્સ ખાતેથી ચીનના નાગરિકોને ટૂરિસ્ટ વિઝા આપવાનું ચાલુ અઠવાડિયાની શરૂઆતમાં ફરી શરૂ કર્યું હતું.

અગાઉ, ભારતે ચીનના નાગરિકોને બેઇજિંગમાંની ભારતીય એમ્બસી અને શાંઘાઇ, ગુઆંગઝોહુ તેમ જ હોંગ કોંગના કૉન્સ્યુલેટ્સમાંથી ભારતીય વિઝા

(જુઓ પાનું ૨) ▸▸

## ૨૦ વર્ષે નીતીશે ગૃહ ખાતું છોડ્યુંઃ ભાજપી સમ્રાટ ચૌધરી બન્યા નવા હૉમ મિનિસ્ટર

પટણાઃ બિહારમાં ગુરુવારે હોદ્દા અને ગુપ્તતાના શપથ લેનારા પ્રધાનોમાંના ૧૮ને શુક્રવારે તેઓના વિભાગો (મંત્રાલયો)ની ફાળવણી કરાઇ હતી. રાજ્યમાં ૨૦ વર્ષથી શાસન કરી રહેલા નીતીશકુમારે પહેલી વખત ગૃહ મંત્રાલય પોતાની પાસે નથી રાખ્યું. ભાજપના સમ્રાટ ચૌધરી નવી સરકારમાં કાનૂન-વ્યવસ્થા અને આંતરિક સુરક્ષા (ગૃહ મંત્રાલય)

(જુઓ પાનું ૨) ▸▸






એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારત પાકિસ્તાન સામે હારેલું? અમેરિકા સત્યનો અવતાર નથી

**અમેરિકાની** સંસદ એટલે કે કૉંગ્રેસના એક રિપોર્ટના કારણે ઓપરેશન સિંદૂરનો મુદ્દો ફરી ચર્ચામાં છે. યુએસ-ચાઇના ઇકોનોમિક એન્ડ સિક્યોરિટી રિવ્યૂ કમિશન યુએસસીસીના રિપોર્ટમાં દાવો કરાયો છે કે, મે ૨૦૨૫માં પહલગામ હુમલા પછી ભારતે હાથ ધરેલા ઓપરેશન સિંદૂર વખતે પાકિસ્તાનનો હાથ ઉપર રહ્યો હતો અને ભારત સામેના ચાર દિવસના યુદ્ધમાં પાકિસ્તાનને મોટી લશ્કરી સફળતા મળી હતી. ભારત સરકાર ઓપરેશન સિંદૂરમાં ભારતને મોટી જીત મળી હતી એવા દાવા કરે છે તેનાથી બિલકુલ વિપરિત દાવો આ રિપોર્ટમાં કરાયો છે. બલકે ભારત જીત્યું હતું એવા દાવાનો છેદ જ ઉડાવી દેવાયો છે તેથી ભારતીયો માટે આ રિપોર્ટ આઘાતજનક છે.

બીજી આઘાતજનક વાત એ છે કે, આ રીપોર્ટમાં પહલગામ હુમલાનો ઉલ્લેખ આતંકવાદી હુમલા તરીકે નથી કરાયો પણ બળવાખોર હુમલા (ઈનસર્જન્ટ એટેક) તરીકે કરાયો છે. ભારતે પહલગામમાં પાકિસ્તાની પીઠ્ઠુ આતંકવાદી સંગઠનો દ્વારા હુમલો કરાયેલો એવું છડેચોક કહીને પાકિસ્તાન સામે લશ્કરી કાર્યવાહી કરેલી પણ અમેરિકન રીપોર્ટ તો પહલગામ હુમલાને આતંકવાદી હુમલો માનવા જ તૈયાર નથી તેનાથી વધારે આઘાતજનક બીજું શું કહેવાય ? ભારત સરકારે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતનાં કોઈ ફાઈટર જેટ તૂટ્યાં નહીં હોવાનો દાવો કરેલો પણ આ રિપોર્ટ પ્રમાણે, ભારતનાં ઓછામાં ઓછાં ૩ ફાઈટર જેટ આ હુમલામાં સાફ થઈ ગયાં હતાં. આ રિપોર્ટ પ્રમાણે.

આ રિપોર્ટમાં એવો દાવો પણ કરાયો છે કે, પાકિસ્તાને ભારતનાં રાફેલ ફાઈટર જેટ તોડી પાડ્યાં હોવાનું જૂઠાણું ચીને ફેલાવ્યું હતું કેમ કે પાકિસ્તાને ચીનનાં મિસાઈલ અને શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો. પાકિસ્તાન પાસે ચીનનાં જે-૧૦ અને જે-૩૫ ફાઇટર જેટ ઉપરાંત ચીનની એચક્યુ-૯ એર ડીફેન્સ સિસ્ટમ, ડ્ક-૧૫ મિસાઇલો સહિતનાં શસ્ત્રો છે. આ શસ્ત્રો દુનિયામાં શ્રેષ્ઠ છે અને ફ્રાન્સ સહિતના અમેરિકાના સાથી દેશોનાં ફાઇટર જેટનો તેની સામે કોઈ ક્લાસ નથી એવું સાબિત કરવા માટે ચીન એવાં પડીકાં ફરતાં કરી રહ્યું છે કે, પાકિસ્તાને ભારતનાં રાફેલ ફાઈટર જેટને ઉડાવી દીધાં.

આ રિપોર્ટ ૮૦૦ પાનાંનો છે ને મૂળ તો ચીન અને અમેરિકાના સંબંધો પરના કમિશને બનાવેલો છે તેથી તેમાં બીજું બધું બહુ પિષ્ટપિંજણ કરાયું છે. તેમાંથી મોટા ભાગનું ચીનની લુચ્ચાઈઓ વિશે છે તેથી આપણને તેની સાથે ઝાઝી લેવાદેવા નથી. આપણા માટે મહત્વનો મુદ્દો ઓપરેશન સિંદૂરને લગતો છે. અમેરિકા એવું માનતું હોય કે, ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાન જીત્યું હતું તો આપણા માટે આ વાત બહુ આઘાતજનક કહેવાય કેમ કે આપણે તો છેલ્લા છ મહિનાથી એવું જ માની રહ્યા છીએ કે, ઓપરેશન સિંદૂર દ્વારા ભારતે પાકિસ્તાનને તેની ઔકાત બતાવી દીધી હતી અને ઘરમાં ઘૂસીને માર્યા હતા. આપણી સરકારે આ વાત કરી હતી અને આપણા આર્મીએ પણ આ જ વાત કરી હતી પણ આ રિપોર્ટ તો એવું કહે છે કે, આપણે ભ્રમમાં છીએ ને ખરેખર ભારત નહીં પણ પાકિસ્તાન જીત્યું હતું. આપણી સરકાર કે આર્મીએ કરેલી ઘણી ખરી વાતોને પણ આ રિપોર્ટ ખોટો ગણાવે છે.

આ રિપોર્ટ સાચો જ હોય એ જરૂરી નથી કેમ કે અમેરિકનો કંઈ દેવના દીકરા નથી કે રાજા હરિશ્ચંદ્રનો અવતાર પણ નથી કે સાચું જ બોલે. અમેરિકા દુનિયામાં સૌથી લુચ્ચું પ્રાણી છે અને પોતાનાં હિતોને સાચવવા નરાતર જૂઠ બોલવામાં કે ખોટી વાતો ફેલાવવામાં અમેરિકાને કોઈ છોછ નથી. બલકે જૂઠાણાં ફેલાવવા માટે અમેરિકાનું આખું તંત્ર કામ કરે છે. અમેરિકાએ જાત જાતનાં કમિશન બનાવ્યાં છે જે આવા રિપોર્ટ બનાવીને પોતાને ના ફાવે એવા દેશોની મેથી મારે છે. માનવાધિકારથી માંડીને આતંકવાદ સુધીના મુદ્દે અમેરિકાની સંસદનાં કમિશન આ જ કામ કરે છે.

અમેરિકા પોતાના રિપોર્ટ વિશ્વસનીય લાગે એ માટે તેમને નિષ્પક્ષતાનાં વાઘાં પહેરાવે છે. યુએસસીસીને પણ એવાં વાઘાં પહેરાવવા માટે રિપબ્લિકન અને ડેમોક્રેટિક બંને પક્ષના સાંસદોને તેમાં રખાયા છે. આ કમિશન ચીન અને અમેરિકાના આર્થિક અને સુરક્ષા સંબંધો પર નજર રાખે છે, સંતુલિત રીતે દેખરેખ રાખવા માટે બનાવવામાં આવ્યું હતું.જે દર વર્ષે ચીન શું કરી રહ્યું છે અને વિશ્વ પર એની શું અસર પડી રહી છે તેનો અહેવાલ તૈયાર કરે છે. સાથે સાથે ચીન દ્વારા ઊભા કરાતા પડકારોનો સામનો કેવી રીતે કરવો એ અંગે ભલામણો પણ કરે છે.

ટૂંકમાં આ કમિશનનું મુખ્ય કામ અમેરિકાનાં હિતો સાચવવાનું છે ને અત્યારે અમેરિકાને ભારત નહીં પણ પાકિસ્તાન સાથે સારાસારી રાખવાથી ફાયદો થશે એવું લાગે છે તેથી પાકિસ્તાનનાં વખાણ કરી દેવાયાં છે. પાકિસ્તાનીઓ ભારતને યુદ્ધમાં હરાવવાની અતૃપ્ત ઈચ્છાથી વરસોથી પિડાય છે. અમેરિકાએ પાકિસ્તાનની આ નબળાઈનો લાભ લેવા તેને ફુલણજી કાગડો બનાવવા માટે ભારત સામે જીત્યું હોવાનો રિપોર્ટ બનાવડાવી દીધો હોય એ પૂરી શક્યતા છે તેથી આ રીપોર્ટને સાચો માનીને આપણે દુઃખી થવાની જરૂર નથી પણ ભારત સરકાર આ રિપોર્ટ સામે ચૂપ છે એ જોઈ ચોક્કસ દુઃખ થાય છે.

અમેરિકાના કમિશનનો રિપોર્ટ ભારત સરકારને જૂઠ્ઠી સાબિત કરે છે. ભારત સરકારે ઓપરેશન સિંદૂરમાં જીતનો ખોટો દાવો કરેલો એવું સાફ શબ્દોમાં કહે છે એ જોતાં આ રિપોર્ટ અંગે માત્ર ચોખવટ જ નહીં પણ આકરી પ્રતિક્રિયા પણ જરૂરી છે. અમેરિકાનો રિપોર્ટ કહે છે એ પ્રમાણે ભારતનાં ૩ ફાઈટર જેટ તૂટ્યાં હતાં કે નહીં એ ચોખવટ પણ થવી જોઈએ કેમ કે ભારતની પ્રજાને એ જાણવાનો અધિકાર છે. આ રિપોર્ટ સામે ચીને તરત રીએક્શન આપીને રિપોર્ટને જ મોટું જૂઠાણું ગણાવ્યું છે ત્યારે ભારત સરકારની ચૂપકીદી ખટકે છે. આ ચૂપકીદીના કારણે એવી છાપ ઊભી થઈ રહી છે કે, અમેરિકાનો રિપોર્ટ સાચો છે અને ઓપરેશન સિંદૂર વખતે પાકિસ્તાન જ જીત્યું હતું. ભારત સરકારે આ જૂઠાણાને ખોટું સાબિત કરવું જ જોઈએ.

આ રિપોર્ટ એ વાતનો પુરાવો છે કે, ભારત ગમે તે કરે પણ અમેરિકાને ભારતનાં નહીં પણ પોતાનાં હિતો સાચવવામાં જ રસ છે. આ કારણે અમેરિકા ભારતને નીચાજોણું કરાવીને પાકિસ્તાનને થાબડવાની ગંદી રમત રમી રહ્યું છે. અમેરિકાને પાકિસ્તાન પાસેથી રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનિજો જોઈએ છે તેથી તેના માટે પાકિસ્તાનને ભારત સામે વિજેતા જાહેર કરવામાં પણ તેને છોછ નથી. અમેરિકાની આ ગંદી રમત જોયા પછી હવે તો આપણી આંખ ઉઘડવી જ જોઈએ.

ક્યાં સુધી દોસ્તીની દુહાઈઓથી ખુશ થઈશું? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર હેમંત+તુ, શનિવાર, તા. ૨૨-૧૧-૨૦૨૫, ભારતીય અગ્રહાયણ માસારંભ

- ભારતીય દિનાંક ૧, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ સુદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૧૦મો આવા, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૦મો આવા, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૩૦મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨જો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર જયેષ્ઠા સાંજે ક. ૧૬-૪૬ સુધી, પછી મૂળ
- ચંદ્ર વૃશ્ચિકમાં સાંજે ક. ૧૬-૪૬ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૯, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- બપોરે ક. ૧૨-૩૦, ભરતીઃ મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૧ (તા. ૨૩)
- ઓટઃ સવારે ક. ૦૬-૨૫, સાંજે ક. ૧૮-૦૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ – દ્વિતિયા. ભારતીય અગ્રહાયણ માસારંભ, વિંછુડો સમાપ્તિ સાંજે ક. ૧૬-૪૭. સૂર્ય સાયન ધનુમાં સવારે ક. ૦૭-૦૭.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ઈન્દ્રદેવતાનું પૂજન, બુધ-શનિ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પરદેશગમનનું પસ્તાનું, હજામત, વાહન, યંત્રારંભ, ખેતીવાડી, પ્રાણી પાળવા, પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ નિષ્ફળતાનો ભય, બુધ-શનિ ત્રિકોણ વિચારશીલ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ અવ્યવહારુ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ, બુધ-શનિ ત્રિકોણ (તા. ૨૩), ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ (તા. ૨૩) ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ દક્ષિણે ૫ અંશના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## શ્રીનગર પોલીસ હૉસ્પિટલો ઉપરાંત ખાતરની દુકાનો, કાર ડીલરોની પણ તપાસ કરી રહી છે

શ્રીનગરઃ નિયમોના અમલની ખાતરી કરવા અને સુરક્ષાવ્યવસ્થા વધુ સઘન કરવાના આશયથી હાથ ધરવામાં આવેલી સંયુક્ત કાર્યવાહીના ભાગરૂપ શ્રીનગર પોલીસે તપાસનો વ્યાપ વધાર્યો છે અને છેલ્લા બે દિવસથી તબીબી સંસ્થાઓ, રસાયણ અને ખાતરની દુકાનો, કાર ડીલરોની સઘન ચકાસણી કરી રહી હોવાનું સત્તાવાર પ્રવક્તાએ શુક્રવારે કહ્યું હતું.

એસએસપી (શ્રીનગર) જી. વી. સંદીપ ચક્રવર્તી દ્વારા રચવામાં આવેલી વિશેષ તપાસ ટુકડી સાવચેતીના પગલારૂપ આ કાર્યવાહી કરી રહી છે.

જમ્મુ-કાશ્મીર, ઉત્તર પ્રદેશ અને હરિયાણાની પોલીસે આ મહિને સંયુક્ત રીતે કાર્યવાહી હાથ ધરી 'વાઈટ કૉલર ટૅરર' મોડ્યુલનો પર્દાફાશ કરી ત્રણ ડૉક્ટર સહિત અનેક લોકોની ધરપકડ કરી હતી.

એમોનિયમ નાઈટ્રેટના ગેરકાયદે વેચાણ, સેકન્ડ હૅન્ડ કારની ખરીદી, ડૉક્ટરો દ્વારા લોકરમાં શસ્ત્રોને છુપાવવા જેવી બાબતો તપાસ દરમિયાન પ્રકાશમાં આવી હતી.

આ બાબતે પોલીસને સાવચેતીનાં પગલાંરૂપ તપાસનો વ્યાપ વધારવાની ફરજ પડી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. (એજન્સી) ■

## દિલ્હી હાઈ કોર્ટે ગૌતમ ગંભીર સામેનો કોવિડ ડ્રગ્સ કેસ રદ કર્યો

નવી દિલ્હીઃ દિલ્હી હાઇ કોર્ટે શુક્રવારે ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર, તેમના ફાઉન્ડેશન અને અન્ય લોકો સામે કોરોના મહામારી દરમિયાન ગેરકાયદે કોવિડ-૧૯ દવાઓનો સંગ્રહ અને વિતરણ કરવાના આરોપસર દાખલ ફોજદારી કેસ રદ કર્યો છે. ન્યાયાધીશ નીના બંસલ કૃષ્ણાએ આદેશ સંભળાવતા જણાવ્યું કે ફોજદારી ફરિયાદ રદ કરવામાં આવી છે. હાઇકોર્ટે ગંભીર, તેની પત્ની, માતા અને ફાઉન્ડેશન વિરુદ્ધ ટ્રાયલ કોર્ટ દ્વારા જારી કરવામાં આવેલા સમન્સને પડકારતી અને ફોજદારી ફરિયાદ રદ કરવાની માંગ કરતી અરજી પર આ આદેશ આપ્યો હતો. દિલ્હી સરકારના ડ્રગ કંટ્રોલ વિભાગે પૂર્વ દિલ્હીના તત્કાલીન સાંસદ ગંભીર, તેમના ફાઉન્ડેશન, તેના સીઇઓ અપરાજિતા સિંહ, તેમની માતા અને પત્ની, સીમા ગંભીર અને નતાશા ગંભીર- બંને ફાઉન્ડેશનમાં ટ્રસ્ટીઓ હતી. બન્નેની વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવાઇ છે.

૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ હાઇ કોર્ટે આ કેસમાં ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર રોક લગાવી દીધી હતી અને ગૌતમ ગંભીર ફાઉન્ડેશન, ગંભીર અને તેમના પરિવારના સભ્યો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર દિલ્હી ડ્રગ કંટ્રોલ ઓથોરિટી પાસેથી જવાબ માંગ્યો હતો. તેમણે કેસમાં ફોજદારી ફરિયાદ અને ટ્રાયલ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા સમન્સના આદેશને પડકાર્યો હતો. ■

## ઉદયપુરમાં ભારતીય મૂળના ઉદ્યોગપતિની દીકરીના લગ્નમાં ટ્રમ્પ જૂનિયર, જેનિફર લોપેઝ

ઉદયપુરઃ રાજસ્થાનનું ઉદયપુર ફરી એકવાર વિશ્વભરની અનેક અગ્રણી હસ્તીઓની હાજરીનું સાક્ષી બનવા જઇ રહ્યું છે. ભારતીય મૂળના જાણીતા અમેરિકન ઉદ્યોગપતિ રાજુ રામલિંગા મંટેનાની પુત્રી નેત્રા મંટેના અહીં લગ્ન કરી રહી છે. આ શાહી લગ્નમાં અમેરિકાના પ્રમુક ડોનલ્ડ ટ્રમ્પના પુત્ર ટ્રમ્પ જુનિયર અને જેનિફર લોપેઝ સહિત અનેક આંતરરાષ્ટ્રીય સેલિબ્રિટી લગ્ન સમારોહમાં હાજરી આપે તેવી શક્યતા છે.

આ શાહી લગ્નની તૈયારીઓમાં સામેલ લોકોના જણાવ્યા અનુસાર આમંત્રિત ૬૦૦ મહેમાનોમાં ઋત્વિક રોશન અને રણબીર કપૂર સહિત ઘણા બોલીવુડ કલાકારોનો સમાવેશ થાય છે. શાહિદ કપૂર, માધુરી દીક્ષિત, કૃતિ સેનન અને જેક્લીન ફર્નાન્ડિઝ ઉદયપુર પહોંચી ચૂક્યા છે.

નેત્રા મંટેના એનઆરઆઇ વામસી ગદીરાજે સાથે લગ્ન કરવા જઇ રહી છે. આ લગ્નની ભવ્ય ઉજવણી ૨૧ થી ૨૪ નવેમ્બર સુધી એટલે કે ચાર દિવસ સુધી ચાલશે. ટ્રમ્પ જુનિયર શુક્રવારે તેમના પરિવાર સાથે ઉદયપુર પહોંચવાના હતા. તેમની મુલાકાત પહેલાથી જ યુએસ સુરક્ષા એજન્સીઓ ઉદયપુરમાં છે. એરપોર્ટ પહોંચ્યા પછીથી તેઓ વિશેષ સુરક્ષા હેઠળ રહેશે. તેઓ ધ લીલા પેલેસમાં રોકાણ કરે તેવી સંભાવના છે.

ટ્રમ્પ જુનિયરે ગુરુવારે ઉત્તર પ્રદેશના આગ્રામાં તાજમહેલ અને ગુજરાતના જામનગરમાં આવેલા વાઇલ્ડલાઇફ રેસ્ક્યુ અને રિહેબિલિટેશન સેન્ટર વનતારાની મુલાકાત લીધી હતી. ■

## પંજાબમાંથી પકડાયેલા આતંકવાદીઓ ગ્રેનેડ હુમલા કરવાની ફિરાકમાં હતાઃ પોલીસ

લુધિયાણાઃ લુધિયાણામાં આઈએસઆઈ સમર્થિત એક મુખ્ય મલ્ટિ-સ્ટેટ ગેંગસ્ટર-ટેરર મોડ્યુલનો પર્દાફાશ થયાના એક દિવસ પછી, પંજાબ પોલીસે શુક્રવારે જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા બે આતંકવાદીને સરકારી ઇમારતો અને રાજ્યમાં અન્ય સંવેદનશીલ સ્થળોએ ગ્રેનેડ હુમલા કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

ગુરુવારે લુધિયાણામાં ગોળીબારમાં બે આતંકી - દીપક ઉર્ફે દીપુ અને રામ લાલ - ઘાયલ થયા હતા, એમ તેમણે જણાવ્યું હતું.

આ બંને જણ વિસ્તારમાં ફરતા હોવાની માહિતી મળતાં લુધિયાણામાં તેમને અટકાવવામાં આવ્યા ત્યારે તેઓએ ગોળીબાર કર્યો હતો.

ગુરુવારે એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે તેમની પાસેથી જપ્ત કરાયેલી વસ્તુઓમાં બે ગ્રેનેડ અને પાંચ આધુનિક પિસ્તોલનો સમાવેશ થાય છે.

પોલીસ કમિશનર સ્વપન શર્માએ શુક્રવારે જણાવ્યું હતું કે દીપક અને રામ લાલ રાજસ્થાનથી લુધિયાણા ગયા હતા. તેઓ આયોજિત હુમલાનું સંકલન કરવા અને તેને અંજામ આપવા માટે બે દિવસથી અહીં હતા.

''આ એક નવા અને ખતરનાક વલણને ઉજાગર કરે છે જેમાં પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સ ઇરાદાપૂર્વક પંજાબમાં આતંકવાદી કૃત્યો કરવા માટે અન્ય રાજ્યોના ગુનેગારોની ભરતી અને ઉપયોગ કરી રહ્યા છે જેથી તેઓ ગુપ્ત માહિતી હેઠળ કામ કરી શકે અને તેમની ઓળખ કરવી મુશ્કેલ હોય,''એમ તેમણે કહ્યું.

પોલીસના જણાવ્યા અનુસાર, બંનેને તેમના પાકિસ્તાન સ્થિત હેન્ડલર જસવીર ઉર્ફે ચૌધરીએ સરહદી રાજ્યમાં ગ્રેનેડ હુમલા કરવાનું કામ સોંપ્યું હતું. ■

## ડેપ્યુટી સીએમપદ માગવા જેટલો હું લાલચી નથીઃ ચિરાગ પાસવાન

પટણા : કેન્દ્રીય પ્રધાન ચિરાગ પાસવાન નાયબ મુખ્ય પ્રધાનનું પદ માગીને 'લાલચુ' દેખાવા માગતા નથી, એમ તેમણે શુક્રવારે જણાવ્યું હતું. તેમજ તેમણે બિહારના નવા પ્રધાન મંડળમાં તેમની લોક જનશક્તિ પાર્ટી(રામ વિલાસ)ને બે પદ આપવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો.

પાસવાને પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું કે તેઓ પશ્ચિમ બંગાળ, પંજાબ અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં એનડીએ ભાગીદાર તરીકે પાર્ટીને બિહારથી આગળ વધારવા માગે છે. કેન્દ્રીય પ્રધાને કહ્યું કે અમારી પાર્ટીએ એનડીએની અંદર સીટ-શેરિંગ વ્યવસ્થા હેઠળ અમને ફાળવવામાં આવેલી ૨૯માંથી ૧૯ બેઠકો જીતી હતી. અમે ગઠબંધન માટે નબળી ગણાતી બેઠકો પર ચૂંટણી લડી હતી... આ લોકોના આશીર્વાદ અને અમારી પાર્ટીને વડા પ્રધાનના સમર્થનને કારણે શક્ય બન્યું હતું. હવે બિહારમાં નવા પ્રધાન મંડળમાં એલજેપી(આરવી)ને બે જગ્યા મળી છે... બસ ઘણું થયું. ચિરાગ પાસવાન કેટલો લોભી હોઇ શકે?

પાસવાને શું તેઓ ડેપ્યુટી સીએમ પદ માગશે એવા સવાલના જવાબમાં કહ્યું કે ૨૦૨૧માં મારી આસપાસ એક પણ વ્યક્તિ ન હતો. મારી પાર્ટી તૂટી ગઇ હતી...અને ૨૦૨૪માં પીએમએ પાર્ટી પર વિશ્વાસ મૂક્યો હતો અને અમને લોકસભા ચૂંટણીમાં લડવા માટે પાંચ બેઠકો આપી હતી. અમે પાંચેય બેઠકો જીતી. જો હું હવે ગઠબંધન પાસેથી કંઇક માગું છું તો મારાથી વધુ લોભી કોઇ નહીં હોય. ■

## પહેલા પાનાનું ચાલુ

### હવે એક વર્ષની

વેતન સમયસર આપવું ફરજિયાત બનાવાયું છે.

'ગિગ વર્કર્સ' (કામચલાઉ કે પાર્ટ-ટાઇમ અથવા કૉન્ટ્રેક્ટ પરના કર્મચારીઓ)ને પણ હવે યુનિવર્સલ સોશ્યલ સિક્યોરિટી કવરેજ આપવું પડશે.

સરકારે જૂના ૨૯ શ્રમ કાયદાને સ્થાને શુક્રવારથી ચાર લૅબર કૉડ અમલમાં મૂક્યા છે, જેમાં કૉડ ઑફ વૅજીસ (૨૦૧૯), ઇન્ડસ્ટ્રિયલ રિલેશન્સ કૉડ (૨૦૨૦), કૉડ ઓન સોશ્યલ સિક્યોરિટી (૨૦૨૦) અને ઑક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ ઍન્ડ વર્કિંગ કન્ડિશન્સ કૉડ (૨૦૨૦)નો સમાવેશ થાય છે.

રાત-પાળી (નાઇટ શિફ્ટ)માં કામ કરતા કર્મચારીઓ અને મહિલા કર્મચારીઓની સલામતીનું ખાસ ધ્યાન રાખવાની જોગવાઇ નવા કાયદામાં છે.

જોખમી ગણાતા યુનિટ્સમાં કામ કરનારા લોકો સહિતના સ્થળના કર્મચારીઓને ઇએસઆઇસી કવરેજનો લાભ મળશે.

શ્રમ પ્રધાન મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે આ નવા લૅબર કૉડ્સથી રોજગારીની સત્તાવાર બાંયધરી અને કર્મચારીઓને સલામતી મળશે.

શ્રમ કાયદામાંના સુધારામાં 'નેશનલ ફ્લૉર વૅજ', મહિલા-પુરુષ કર્મચારીઓ વચ્ચેની સમાનતા, 'ઇન્સ્પેક્ટર-કમ-ફેસિલિટેટર મૉડેલ', બે સભ્યની બનેલી ટ્રિબ્યૂનલ્સ દ્વારા વિવાદનું ઝડપી સમાધાન, નેશનલ ઑક્યુપેશનલ સેફ્ટી, હૅલ્થ (ઓએસએચ) બૉર્ડ વગેરેનો સમાવેશ થાય છે.

કર્મચારીઓનું સોશ્યલ સિક્યોરિટી કવરેજ ૨૦૧૫માં ૧૯ ટકા હતું, તે ૨૦૨૫માં વધારીને ૬૪ ટકાથી વધુ કરાયું છે.

શ્રમ મંત્રાલયે આ નવા ચાર લૅબર કૉડને 'સ્વાવલંબી ભારત'ના પાયારૂપ ગણાવ્યા હતા.

માંડવિયાએ 'એક્સ' પર લખ્યું હતું કે મોદી સરકાર દરેક કર્મચારીને સન્માનની બાંયધરી આપે છે. નવા શ્રમ કાયદા દેશભરમાં શુક્રવારથી જ અમલમાં મુકાયા છે. તેનાથી અંદાજે ૪૦ કરોડ કર્મચારીને સોશ્યલ સિક્યોરિટી, મહિલાઓને સન્માનની સાથે સમાન વેતન, યુવાનોને અપૉઇન્ટમેન્ટ લૅટર્સ, લઘુતમ વેતન, એક વર્ષ કામ બાદ ફિક્સ્ડ-ટર્મના કર્મચારીઓને ગ્રેચ્યુઇટી, જોખમી યુનિટ્સમાં કામ કરતા દરેક કર્મચારીની તબિયતની તપાસ સહિતની સુવિધા પૂરી પાડવામાં આવશે.

કૉડ ઑન સોશ્યલ સિક્યોરિટી, ૨૦૨૦ હેઠળ 'ગિગ' (કામચલાઉ કે પાર્ટટાઇમ અથવા કૉન્ટ્રેક્ટ પરના) કર્મચારીઓ અને 'પ્લેટફૉર્મ' (ઓનલાઇન કે ડિજિટલ પ્લેટફૉર્મ પર કામ કરતા કામચલાઉ કે પાર્ટટાઇમ) કર્મચારીઓ સહિતના બધા વર્કર્સને સોશ્યલ સિક્યોરિટી હેઠળ આવરી લેવાશે. ઇએસઆઇસીની સુવિધા દસ કરતાં ઓછા કર્મચારીઓ ધરાવતી કંપની માટે મરજિયાત રહેશે, જ્યારે જોખમી કામ ધરાવતી કંપનીમાં એક કર્મચારી હશે, તો પણ તેના માટે ફરજિયાત રહેશે. (એજન્સી) ■

### કર્મચારીઓને

કાયદામાંનો આ સૌથી વધુ વ્યાપક સુધારો છે. તેમણે દાવો કર્યો હતો કે શ્રમિકોને લગતા નવા કાયદામાં યુનિવર્સલ સોશ્યલ સિક્યોરિટી, લઘુતમ અને સમયસર વેતન, કામના સ્થળે કર્મચારીઓ, ખાસ કરીને નારીશક્તિ અને યુવાશક્તિની સલામતી જેવી બાબતોને ધ્યાનમાં રખાઇ છે.

મોદીએ જણાવ્યું હતું કે નવા કાયદા રોજગારીની નવી તક ઊભી કરવામાં તેમ જ ઉત્પાદન વધારવામાં સહાયરૂપ સાબિત થશે અને તેનાથી 'વિકસિત ભારત'ના નિર્માણ માટેનો આપણો પ્રવાસ વધુ ઝડપી બનશે. (એજન્સી) ■

### દુબઈમાં ઍર શૉમાં

વીડિયોમાં જૅટ ફાઈટર ઊંચાઈ ગુમાવ્યા બાદ જમીન પર પટકાઈ આગના ગોળામાં ફેરવાઈ ગયેલું જોવા મળ્યું હતું. દુર્ઘટનાસ્થળેથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા. દુર્ઘટનાને કારણે પ્રેક્ષકો હેબતાઈ ગયા હતા.

પ્રતિષ્ઠિત ઍર શૉમાં કરતબ દાખવતી વખતે જૅટ ફાઈટર તૂટી પડ્યું હતું. (એજન્સી) ■

### ૨૦ વર્ષે નીતીશે

સંભાળશે. નવા પ્રધાનમંડળમાં મહત્ત્વના ગણાતા ગૃહ મંત્રાલય, કાનૂન-વ્યવસ્થા વિભાગ હવે નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીને સોંપાયા છે. બિહારમાં છેલ્લાં ૨૦ વર્ષમાં પહેલી વખત નીતીશકુમારે ગૃહ મંત્રાલય પોતાની પાસે નથી રાખ્યું.

ભાજપના નેતા રામકૃપાલ યાદવને કૃષિ મંત્રાલય સોંપાયું છે.

બિહારના બીજા નાયબ મુખ્ય પ્રધાન વિજયકુમાર સિંહા ભૂમિ અને રાજસ્વ વિભાગ તેમ જ ખાણ વિભાગ, મંગલ પાણ્ડેય સ્વાસ્થ્ય વિભાગ, દિલીપ જયસ્વાલ ઉદ્યોગ, નીતિન નવીન નગર વિકાસ અને આવાસ વિભાગ, સંજય ટાઇગરને શ્રમ સંસાધન, અરુણ શંકર પ્રસાદ પર્યટન, કલા, સંસ્કૃતિ અને યુવા વિભાગ, સુરેન્દ્ર મહેતાને પશુ અને મત્સ્ય સંસાધન વિભાગ, રમા નિષાદને પછાત વર્ગ કલ્યાણ વિભાગ, લખેન્દ્ર પાસવાનને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કલ્યાણ મંત્રાલય, શ્રેયસી સિંહને રમત વિભાગ, પ્રમોદ ચંદ્રવંશીને સહકારિતા, પર્યાવરણ, વન, જળવાયુ પરિવર્તન વિભાગ, એલજેપીઆરના પ્રધાનને શેરડી ઉદ્યોગ વિભાગ, એચએએમના નેતાને લઘુ જળ સંસાધન વિભાગ અને દીપક પ્રકાશને પંચાયતી રાજ વિભાગ સોંપાયા છે. ■

### ચીનાઓને વિઝા

આપવાનું ગયા જુલાઇમાં શરૂ કર્યું હતું.

સરહદ પરની લાઇન ઑફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ (એલએસી) પર ૨૦૨૦માં ભારત અને ચીનની વચ્ચે લાંબા સમય સુધી મડાગાંઠ ચાલી હતી, તે પછી બન્ને દેશ વચ્ચેના સંબંધ ફરી ધીરે ધીરે સામાન્ય બનતા ભારતે આ પગલું ભર્યું છે. ચીનની સાથે એલએસી ખાતે ૨૦૨૦ના એપ્રિલથી મે સુધી મડાગાંઠ ચાલી હતી, તેની શરૂઆતમાં જ ભારતે ચીનના નાગરિકોને ભારતના ટૂરિસ્ટ વિઝા આપવાનું કામચલાઉ બંધ કર્યું હતું. ■

### રૂપિયો ૯૮ પૈસા

એકદિવસીય ૯૮ પૈસાના કડાકા સાથે ૮૯ની સપાટી કુદાવીને ૮૯.૬૬ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ વિશ્લેષકોના મતાનુસાર આજે વૈશ્વિક સ્તરે આઈટી શૅરોમાં વ્યાપક વેચવાલીનું દબાણ રહ્યું હોવાથી તેમ જ અમેરિકા-ભારત વચ્ચે ટ્રેડ ડીલની અસ્પષ્ટતાને કારણે રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૬૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૮.૬૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૮૮.૫૯ સુધી મજબૂત થયો હતો, પરંતુ ત્યાર બાદ નીચામાં ૮૯.૬૬ સુધી ગબડીને અંતે ગઈકાલના બંધ સામે ૯૮ પૈસાના કડાકા સાથે ૮૯.૬૬ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત ૩૦મી સપ્ટેમ્બરના રોજ ડૉલર સામે રૂપિયાએ સત્ર દરમિયાન ૮૮.૮૫ની નીચી સપાટી દાખવી હતી, જ્યારે ગત ૧૪મી ઑક્ટોબરનાં રોજ ૮૮.૮૧ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આ પૂર્વે ૩૦મી જુલાઈએ પણ ડૉલર સામે રૂપિયામાં સૌથી મોટો એકદિવસીય ૮૯ પૈસાનો કડાકો નોંધાયો હતો.

એકંદરે ગઈકાલે ક્રિપ્ટોકરન્સી અને અએઆઈ સંલગ્નિત ટેકનોલૉજી શૅરોમાં પ્રબળ વેચવાલીના દબાણે ઈક્વિટી માર્કેટમાં બોલાયેલા કડાકાની કરન્સી બજાર પર અસર જોવા મળી હોવાનું કોટક સિક્યોરિટીઝનાં કરન્સી, કૉમૉડિટીઝ અને ઈન્ટરેસ્ટ રેટ ડેરિવેટીવ્સ વિભાગના રિસર્ચ હેડ અનિન્દ્ય બેનરજીએ જણાવ્યું હતું. રોકાણકારો અચાનક જોખમી અસ્ક્યામતોમાંથી દૂર થવાની સાથે ડૉલર તરફ વળ્યા હોવાથી રૂપિયા પર પણ અસર જોવા મળી છે. તેમ જ ભારત અને અમેરિકા વચ્ચેની પ્રસ્તાવિત ટ્રેડ ડીલ અંગેની સ્પષ્ટતાના અભાવને કારણે આર્થિક ભવિષ્ય પણ અનિશ્ચિત જણાતા ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# બળાત્કાર બાદ બાળકીની હત્યા: માલેગાંવમાં બંધ પાળવામાં આવ્યો

નાશિક: ચાર વર્ષની બાળકી પર બળાત્કાર બાદ હત્યાની ઘટનાને લઇ નાશિક જિલ્લાની માલેગાંવ કોર્ટ બહાર શુક્રવારે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનકારીઓએ આ કેસમાં પકડાયેલા આરોપીને મૃત્યુદંડની સજાની માગણી કરી હતી.

માલેગાંવમાં બંધ પાળવામાં આવ્યો હતો અને હજારો લોકોએ પગપાળા મોરચો કાઢ્યો હતો અને કેટલાક પ્રદર્શનકારીઓએ કોર્ટ પરિસરમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો, પણ પોલીસ કર્મચારીઓએ તેને રોક્યા હતા.

દરમિયાન રાજ્યના પ્રધાન નરહરિ ઝિરવાલે જણાવ્યું હતું કે આરોપીને આ ગુના માટે કડક સજા આપવામાં આવશે.

એફડીએ પ્રધાને શુક્રવારે માલેગાંવ તાલુકાના ગામમાં મૃત બાળકીના પરિવારજનોની મુલાકાત લીધી હતી. તેમની સાથે મરાઠા અનામત નેતા મનોજ જરાંગે પણ હતા.

આ એક ભયાનક ગુનો છે. હું કેબિનેટમાં આ મામલો ઉઠાવીશ. આરોપી સામે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવામાં આવશે અને બે મહિનામાં મૃત્યુદંડની સજા સુનિશ્ચિ કરવાના પ્રયાસો કરાશે, એમ પણ ઝિરવાલે કહ્યું હતું.

પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે તેઓ સરકારને આ સંવેદનશીલ કેસમાં વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકમને સરકારી વકીલ તરીકે નિયુક્ત કરવા વિનંતી કરશે.

નોંધનીય છે કે ડાંગરાળે ગામમાં ૧૬ નવેમ્બરે બાળકી પર બળાત્કાર ગુજારાયા બાદ પથ્થર ઝીંકી તેની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં પોલીસે એક આરોપીની ધરપકડ કરી હતી અને તેને કોર્ટે ૨૭ નવેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. (એજન્સી)■

# દેશમાં છેલ્લા એક દાયકામાં તાપમાનમાં સરેરાશ ૦.૯ ડિગ્રીનો વધારો

મુંબઈ: હાલ સમગ્ર ઉત્તર ભારતમાં હાડકા થીજાવી દેનારી ઠંડી પડી રહી છે ત્યારે તાજેતરમાં કરવામાં આવેલા એક અભ્યાસમાં જણાઈ આવ્યું હતું કે દેશમાં છેલ્લા એક દાયકામાં (૨૦૧૫-૨૦૨૪) દરમ્યાન તાપમાનમાં સરેરાશ ૦.૯ ડિગ્રીનો વધારો થયો છે. અભ્યાસમાં એવું પણ જણાઈ આવ્યું છે કે પશ્ચિમ અને ઉત્તર ભારતમાં ૧૯૫૦ની સાલથી અત્યાર સુધીમાં સૌથી ગરમ દિવસ તરીકે નોંધાયેલા દિવસોએ તાપમાન ૧.૫થી બે ડિગ્રી સુદીનો વધારો થયો હતો. દાયકામાં હીટ વેવનું પ્રમાણ વધી ગયું છે. પ્રદેશ મુજબ હિંદુકુશ હિમાલયામાં ગ્લોબલ વોર્મિંગને કારણે ગ્લેશિયર પીગળવાનું પ્રમાણ વધી ગયું છે. ગરમીનું પ્રમાણ વધવાની સાથે જ જૂન-જુલાઈ- ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં વરસાદનું પ્રમાણ ઘટી ગયું છે. ■

## પુણેના મુંઢવામાં જમીનનો સોદો

# પોલીસે શીતલ તેજવાનીની પાંચ કલાકથી વધુ સમય સુધી પૂછપરછ કરી

પુણે: રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવારની કંપનીને પુણેના મુંઢવાની સરકારી જમીન ગેરકાયદે વેચવાના મામલામાં આરોપી શીતલ તેજવાનીની ગુરુવારે પોલીસે પાંચ કલાકથી વધુ સમય સુધી પૂછફરછ કરી હતી. અગાઉ મંગળવારે પણ તેની પૂછપરછ કરાઇ હતી અને તેનું નિવેદન નોંધવામાં આવ્યું હતું.

ખડક પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસમાં આર્થિક ગુના શાખાના અધિકારીઓએ ગુરુવારે શીતલ તેજવાનીની પૂછપરછ કરી હતી.

તેજવાની ઉપરાંત પાર્થ પવારના બિઝનેસ પાર્ટનર દિગ્વિજય પાટીલ અને સસ્પેન્ડેડ તહેસીલદાર સૂર્યકાંત યેવલે (જેણે બોટનિકલ સર્વે ઓફ ઇન્ડિયા (બીએસઆઇ)ને ખાલી કરાવવાની નોટિસ જારી કરીને પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો હતો) આ કેસમાં આરોપી છે. પાર્થ પવારનું નામ સેલ ડીડમાં ન હોવાથી તેને આ કેસમાં આરોપી બનાવવામાં આવ્યો નથી.

તેજવાની ગુરુવારે આર્થિક ગુના શાખાની ઓફિસમાં પાંચ કલાકથી વધુ સમય સુધી હાજર હતી અને તેણે વધારાના દસ્તાવેજો સુપરત કર્યા હતા, જેમાં અમુક કરાર તેમ જ પાવર ઓફ એટર્ની સંબંધી દસ્તાવેજોનો સમાવેશ હતો. આને આધારે તેનું વધારાનું નિવેદન નોંધવામાં આવ્યું હતું અને બાદમાં તેને ઘરે જવા દેવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. શીતલ તેજવાની પર આરોપ છે કે પુણેના મુંઢવા વિસ્તારમાં ૪૦ એકર સરકારી જમીનની પાવર ઓફ એટર્ની તેની પાસે હતી, જે બાદમાં પાર્થ પવાર અને દિગ્વિજય પાટીલની કંપની અમેડિયાને વેચવામાં આવી હતી. (એજન્સી)■

# ઈએસઆઈસી હૉસ્પિટલ માટે નિશુલ્ક જમીન મળશે

મુંબઈ: મહારાષ્ટ્રમાં એમ્પ્લોઈ સ્ટેટ ઈન્શ્યોરન્સ કૉર્પોરેશન (ઈએસઆઈસી) હૉસ્પિટલ બાંધવા માટે નિશુલ્ક જમીન ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું રાજ્યના મહેસુલ પ્રધાન જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નિર્દેશ બાદ રાજ્યના રેવેન્યુ ડિપાર્ટમેન્ટ દ્વારા તેને લગતું જીઆર બહાર પાડવામાં આવ્યું હતું. રાજ્યના મહેસુલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું કે રાજ્યમાં કામગારોને મજબુત આરોગ્ય સુવિધા મળે તે માટે આ પગલુ લેવામાં આવ્યું છે. જમીનના ઊંચા ભાવને કારણે અમુક વખતે હૉસ્પિટલ માટે જમીન મળવામાં વિલંબ થઈ જતો હોય છે. તેથી હવે કામગારોને સમયસર ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સેવા મળી રહે તે માટે ઈએસઆઈસી હૉસ્પિટલને મફતમાં જમીન આપવામાં આવવાની છે. ■

# મુંબઈ એરપોર્ટ પર ૫૩ કરોડ રૂપિયાનું ડ્રગ્સ, હીરા-દાગીના પકડાયાં

મુંબઈ: મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે ૧ ૩થી ૨૦ નવેમ્બર દરમિયાન ડ્રગ્સ અને હીરા-સોનાની દાણચોરીના ૧૬ કેસ પકડી પાડ્યા હતા, જેમાં ૧૬થી વધુ પ્રવાસીઓની ધરપકડ કરવામાં આવી હતી. કસ્ટમ્સ વિભાગે ૫૩ કરોડ રૂપિયાનું ડ્રગ્સ, સોનુ અને હીરા જપ્ત કર્યાં હતાં.

કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ વિશ્વસનીય માહિતીને આધારે સાત કેસમાં ૨૫.૩૧ કરોડનો ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો જપ્ત કર્યો હતો અને નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટન્સીસ (એનડીપીએસ) એક્ટ, ૧૯૮૫ની જોગવાઇઓ હેઠળ સાત પ્રવાસી વિરુદ્ધ ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરવામાં આવી હતી. બીજા સાત કેસમાં આઠ પ્રવાસીઓની ધરપકડ કરવામાં આવી હતી અને તેમની પાસેથી ૨૬.૯૮ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. પ્રવાસીઓએ ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું, તે કોને પહોંચાડવાના હતા, તેમની સાથે અન્ય કોણ સંડોવાયેલું છે તે વિશે તપાસ કરવામાં આવી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન ઉપરોક્ત સમયગાળામાં સોનાની દાણચોરીના ચાર કેસમાં ૬૫.૫૭ લાખ રૂપિયાનું ૨૪ કેરેટ સોનું પ્રવાસીઓ પાસેથી જપ્ત કરાયું હતું. અન્ય એક કેસમાં શરીરમાં હીરા છુપાવીને લાવનારા પ્રવાસીની ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી ૫૪.૧૩ લાખના નેચરલ ડાયમંડ્સ અને લેબગ્રોન ડાયમંડ્સ જપ્ત કરાયા હતા. ■

# નાશિકમાં કુંભ મેળાની તૈયારીઓ માટે વૃક્ષો કાપવાના પ્રસ્તાવનો વિરોધ

મુંબઈ : નાશિકના તપોવન વિસ્તારમાં ૨૦૨૭ના કુંભમેળા પહેલા સાધુ ગ્રામ કોલોની વિકસાવવા માટે વૃક્ષો કાપવાના પ્રસ્તાવિત નિર્ણય સામે સ્થાનિકો અને પર્યાવરણ જૂથો મહાનગરપાલિકાની યોજના વિરુદ્ધ એક થયા છે. આ યોજના અંતર્ગત નાશિક મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારક્ષેત્ર હેઠળની ૫૪ એકર જમીનમાંથી ૧,૭૦૦ થી વધુ વૃક્ષો દૂર કરવાનો પ્રસ્તાવ છે. લગભગ ૧,૬૭૦ વૃક્ષો પર પીળો રંગ લગાવવામાં આવ્યા બાદ પર્યાવરણ કાર્યકરોએ ૪૦૦ વાંધા નોંધાવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેમાંથી લગભગ ૪૦ ટકા વૃક્ષો કાપવાનો પ્રસ્તાવ છે.

મહારાષ્ટ્રના પ્રધાન ગિરીશ મહાજને વિરોધ કરી રહેલા લોકોને ખાતરી આપી કે જ્યાં પણ શક્ય હશે, ત્યાં વૃક્ષોને અન્ય જગ્યાએ ખસેડવાના પ્રયાસો કરવામાં આવશે અને તેની જગ્યાએ વળતરરૂપ વૃક્ષારોપણ પણ કરવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું કે, કાપવામાં આવતા દરેક વૃક્ષ માટે દસ નવા વૃક્ષો વાવવામાં આવશે, સાથે જ તેમણે સાધુ ગ્રામ વસાહત સ્થાપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

નાસિકમાં સિંહસ્થ કુંભમેળા માટે, ફક્ત ભારતમાંથી જ નહીં પરંતુ વિશ્વભરમાંથી સંતો અને મહંતો આવશે. આ પૃષ્ઠભૂમિમાં, નાશિક મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તપોવનમાં એક સાધુ ગ્રામ વિકસાવવામાં આવી રહ્યું છે.

'તેના માટે ૧,૮૦૦ થી વધુ વૃક્ષો કાપવાની જરૂર છે, અને પ્રકૃતિ પ્રેમીઓએ તેનો વિરોધ કર્યો', એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે, જે વૃક્ષોનું પ્રત્યારોપણ કરી શકાય છે તેમને અન્યત્ર ખસેડવામાં આવશે, અને જે વૃક્ષોને દૂર કરવાની જરૂર છે, તેમને કાપીને દરેક વૃક્ષ માટે દસ નવા વૃક્ષો વાવવામાં આવશે.

"અગાઉના મેળાઓ કરતાં સંતો અને ભક્તોની સંખ્યા અનેક ગણી વધારે હોવાની અપેક્ષા છે. તેથી, આયોજન જરૂરી છે. કેટલાક વૃક્ષો કાપવામાં આવશે અને કેટલાકનું પ્રત્યારોપણ કરવામાં આવશે," મહાજને ઉમેર્યું.

વિરોધ કરતા કાર્યકરોએ જણાવ્યું હતું કે તેઓ કુંભમેળાનો નહીં, પરંતુ જૂના અને મોટા વૃક્ષો કાપવાનો વિરોધ કરી રહ્યા છે. ■

જય જિનેન્દ્ર



મધુર સ્મૃતિમાં

**લતાબેન જ્યોતિન્દ્રભાઈ જસાની**

(૧૮.૦૮.૧૯૩૯ - ૨૧.૧૧.૨૦૨૫)

તેમની સાથે ઉષ્માસભર વ્યતિત કરેલ જીવનની મધુર યાદો સાથે કૃતજ્ઞાપૂર્વક જણાવવાનું કે તેણી મુંબઈમાં તા. ૨૧.૧૧.૨૦૨૫ ના રોજ અરિહંત શરણ પામ્યા છે.

સ્વ. જ્યોતિન્દ્રભાઈ રસિકચંદ્રભાઈ જસાની **ના પત્ની**
યતીશ અને રાજેશ જસાની **ના માતા**
રીપા અને મેઘના જસાની **ના સાસુ**
નિશાંત અને મિહિકા જસાની **ની દાદી**
સ્વ. કુંદનબેન ઈન્દુકુમાર પટેલ, સ્વ. અનિલભાઈ સંઘવી, તરૂબેન દિપકભાઈ શાહ, સગુણાબેન મનોજભાઈ બાટવીયા, સ્વ. પ્રવિણભાઈ સંઘવી અને પ્રમીલાબેન પ્રવિણભાઈ સંઘવી **ના બહેન**
સ્વ. શિરીષભાઈ જસાની, જયશ્રીબેન જસાની, નિરૂબેન અનિલભાઈ સંઘવી અને પ્રમિલાબેન પ્રવિણભાઈ સંઘવી **ના ભાભી**

**-: પ્રાર્થના સભા :-**
૨૩ નવેમ્બર, ૨૦૨૫, સવારે ૧૦ થી બપોરે ૧૨ ક.
**ભારતીય વિદ્યા ભવન**, ચોપાટી

# માતા પર છરીથી હુમલો કરનારા માનસિક રીતે બીમાર પુત્રને કોર્ટે નિર્દોષ જાહેર કર્યો

થાણે: થાણે જિલ્લાની કોર્ટે વૃદ્ધ માતા પર છરીથી હુમલો કરનારા પુત્રને નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે તે મનોરોગી છે અને તેની સારવારના નિર્દેશ આપવામાં આવ્યા હતા.

પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ એસ.બી. અગ્રવાલે માનસિ રીતે પડકારરૂપ સમસ્યાનો સામનો કરી રહેલા શખસની ધરપકડ બદલ પોલીસની ઝાટકણી કાઢી હતી.

કોર્ટના દસ્તાવેજો અનુસાર થાણે જિલ્લામાં આવેલા ઘરમાં મોહંમદ રફિક શહાબુદ્દીન શેખે (૫૫) ઑક્ટોબર, ૨૦૧૯માં તેની માતા જહીનાબી શહાબુદ્દીન શેખ (૮૦) પર છરીથી હુમલો કર્યો હતો. તેણે વાલીઓને ઘરમાં બંધ કરી દીધા હતા અને છરી તથા લોહીથી ખરડાયેલાં કપડાંનો નિકાલ કર્યો હતો. દરમિયાન પોલીસે હત્યાનો પ્રયાસ અને પુરાવા નષ્ટ કરવાના આરોપ હેઠળ શેખની ધરપકડ કરી હતી. તેના વકીલ તરીકે સાગર કોલ્હે હાજર રહ્યા હતા.

કોર્ટે આ કેસમાં શેખને નિર્દોષ જાહેર કર્યા બાદ થાણેની મેન્ટલ હોસ્પિટલમાં તપાસ તથા તેની સારવારનો આદેશ આપ્યો હતો. (એજન્સી)■

# મહારાષ્ટ્રમાં ઇંડાના ભાવમાં વધારો

છત્રપતિ સંભાજીનગર: ઇંડાના બજારમાં અસંતુલનને કારણે, છત્રપતિ સંભાજીનગરમાં ઇંડાના જથ્થાબંધ ભાવો રૂ. ૭ પ્રતિ નંગથી વધુ થયા છે, એમ જથ્થાબંધ વેપારીઓએ જણાવ્યું હતું.

શિયાળાની ઋતુમાં મહારાષ્ટ્રમાં દરરોજ આશરે ત્રણ કરોડ ઈંડાની માંગ હોય છે, પણ માત્ર ૧.૫ કરોડ જ ઉપલબ્ધ હોવાનો અંદાજ છે.

છત્રપતિ સંભાજીનગરના ગ્રાહકોને વધેલા દરને કારણે આશરે ૮ રૂપિયા પ્રતિ નંગના ભાવે ઈંડા ખરીદવા પડ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે હાલનો જથ્થાબંધ ભાવ પ્રતિ ઈંડા રૂ. ૭.૧૦ છે, જે ગયા વર્ષે રૂ. ૬.૧૦ થી ૬.૩૦ પ્રતિ ઈંડા હતો. ■

# મુંબઈના ગોકુળિયા ગામ ઘાટકોપર ખાતે ૨૨ થી 30 નવેમ્બર સુધી પૂજ્ય મોરારિબાપુની રામકથા

## ધારાસભ્ય પરાગ કિશોરભાઈ શાહ પરિવાર મનોરથી તરીકે નિમિત્ત





**સદ્‌ભાવના વૃદ્ધાશ્રમના ૧૫૧ કરોડ વૃક્ષારોપણ સંકલ્પને સમર્પિત 'માનસ વંદેમાતરમ્' કથા**

ગયા વર્ષે રાજકોટના રેસકોર્સ મેદાનમાં માવતર સેવા અને પર્યાવરણ સંરક્ષણને પોષણ આપતી ભાવવાહી રામકથા કર્યા બાદ, પૂજ્ય મોરારિબાપુએ આ વર્ષે વધુ વિશાળ અને પવિત્ર હેતુ સાથે મુંબઈમાં રામકથા આપી છે. સદભાવના વૃદ્ધાશ્રમના દેશમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવી "ગ્રીન ઇન્ડિયા" સર્જવાના મંગલ સંકલ્પ સાથે આ વર્ષે ઘાટકોપરમાં રામકથા યોજાઈ રહી છે.

આ રામકથા 'માનસ વંદેમાતરમ્' નામે શનિવાર, તા. ૨૨ નવેમ્બરથી રવિવાર, તા. ૩૦ નવેમ્બર દરમ્યાન આચાર્ય અત્રે મેદાન, ઘાટકોપર (પૂર્વ) ખાતે આયોજિત કરવામાં આવી છે. શનિવાર, તા. ૨૨ નવેમ્બરે સાંજે ૪.૦૦ વાગ્યે કથાનો પ્રારંભ થશે, જ્યારે ૨૩ થી ૩૦ નવેમ્બર સુધી રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે કથા પ્રસંગ ગવાશે. આ દિવ્ય કથા માટે ધારાસભ્ય પરાગ કિશોરભાઈ શાહ પરિવાર મનોરથી તરીકે નિમિત્ત બન્યા છે.

### સેવા, સંસ્કાર, સુખ, સ્નેહ અને સંવેદનાનો અનેરો સંગમ

રાજકોટ ખાતે સંચાલિત વિનુભાઈ બચુભાઈ નાગ્રેચા ભવન, સદ્‌ભાવના વૃદ્ધાશ્રમના હિતાર્થે આયોજિત આ રામકથામાં સુખ, સ્નેહ અને સંવેદનાના પવિત્ર સંગમની સાથે સાથે પર્યાવરણ પ્રત્યેની ભાવનાને પણ ઉજાગર કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ વિશ્વનો સૌથી મોટો નિઃશુલ્ક વૃદ્ધાશ્રમ છે, જ્યાં નિરાધાર, નિઃસંતાન અને બીમાર વડીલોને જીવનભર વિનામૂલ્ય આશ્રય, સેવા અને સન્માન આપવામાં આવે છે. છેલ્લા એક દાયકાથી રાજકોટમાં આવેલા આ વૃદ્ધાશ્રમમાં ૭૦૦ વડીલો જીવનસંધ્યાને સ્નેહની છાંયામાં વિતાવી રહ્યા છે, જેમાંથી ૩૦૦ વડીલો પથારીવશ છે. સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ ખાતે વધતી જતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રાજકોટના રામપર ખાતે ૧૫ એકરના વિસ્તૃત પરિસરમાં ૧૧ માળના ૭ નવા બિલ્ડિંગ સાથે અલ્ટ્રામોડર્ન સુવિધાવાળો એક વિશાળ વૃદ્ધાશ્રમ તૈયાર થઈ રહ્યો છે. ૪૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામતા આ વૃદ્ધાશ્રમમાં કુલ ૧૪૦૦ રૂમ હશે, જેમાં દેશભરના આશરે ૫૦૦૦ નિરાધાર વડીલોને આજીવન આશરો આપી શકાશે.

### વડીલ અને વૃક્ષની માવજતનો અજોડ સંદેશ

છેલ્લા ૧૦ વર્ષમાં સદ્‌ભાવના વૃદ્ધાશ્રમે ૧ કરોડ ૧૦ લાખથી વધુ વૃક્ષો વાવીને મોટાં કર્યાં છે, જેમાં ૪૦ લાખ વૃક્ષો પીંજરા સાથે અને ૭૦ લાખ વૃક્ષો મિયાવાકી જંગલોના સ્વરૂપે ફૂલ્યાં-ફાલ્યાં છે. આગામી સમયમાં સમગ્ર દેશમાં ૧૫૧ કરોડથી વધુ વૃક્ષો વાવવાનો અને ઉછેરવાનો મહાસંકલ્પ ધારણ કર્યો છે, આવનારી પેઢીઓને એક હરિત વારસો આપવાનો મક્કમ પ્રયાસ છે, જેનો સંકલ્પ 'માનસ વંદેમાતરમ્' રામકથામાં લેવામાં આવશે.

### બાપુની રામકથા એ જીવનમૂલ્યોની પ્રેરણા છે

પૂજ્ય મોરારિબાપુની રામકથાઓ માત્ર એક કાવ્યપઠન સુધી સીમિત ના રહેતા જીવનમૂલ્યોને સ્પર્શનારી હોય છે અને સમાજને અનેક સેવાકીય કાર્યોને કરવાના પ્રેરણામય માર્ગે દોરી જાય છે. આ 'માનસ વંદેમાતરમ્' રામકથા પણ માનવસેવાના સંદેશને સમજાવશે તથા ભારત સરકારના "રાષ્ટ્રીય હરિત ભારત મિશન"ના અમલીકરણ માટે પ્રજાની ભાગીદારીને વધુ સુનિશ્ચિત કરશે.

### દરેક ભાવિકોને ભાવભર્યું આમંત્રણ


આ દિવ્ય કથામૃતનું શ્રવણ કરવા, 'શ્રી રામચરિતમાનસ'નું અમૃતપાન કરવા અને પ્રભુપ્રસાદરૂપે ભોજનનો લાભ લેવા સર્વ ભાવિકોને ભાવભર્યું આમંત્રણ છે.

**રવિવાર, ૨૪ નવેમ્બરે સાંજે ૬ વાગ્યે ભવ્ય લોકડાયરો**

**કિર્તીદાન ગઢવી અને માયાભાઈ આહિરની જુગલ જોડી કરાવશે લોકગીત-સંગીતની મોજ**

પૂજ્ય મોરારિબાપુની રામકથા માનસ વંદેમાતરમ્‌ના પવિત્ર પ્રસંગ દરમિયાન રવિવાર, તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૦૬.૦૦ વાગ્યાથી ઘાટકોપરમાં ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. ઘાટકોપરના ધારાસભ્ય શ્રી પરાગભાઈ શાહ દ્વારા તમામ શ્રદ્ધાળુઓ, સંગીતપ્રેમીઓ અને પરિવારોને આ લોકડાયરાનો આનંદ માણવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**સદ્‌ભાવના વૃદ્ધાશ્રમની પ્રવૃત્તિઓ અને સેવા કાર્યો અંગે વધુ માહિતી માટે મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯ પર સંપર્ક કરી શકાશે.**




**ડિજિટલ એરેસ્ટ**
પૈસા પડાવવાનું એક સ્કેમ છે!

**આવા કૉલ્સથી સાવધાન રહો!**
- **ડરશો નહીં** – ડિજિટલ એરેસ્ટ જેવું કંઈ નથી હોતું
- તમારી વ્યક્તિગત/નાણાંકીય માહિતી **કોઈને ન આપશો**
- **ચૂકવશો નહીં**
- **તરત જ** cybercrime.gov.in **પર રિપોર્ટ** કરો અથવા મદદ માટે **1930** પર કૉલ કરો




વધુ જાણકારી માટે, https://rbikehtahai.rbi.org.in/da પર જાઓ
પ્રતિક્રિયા આપવા માટે, rbikehtahai@rbi.org.in પર લખો

જનહિતમાં પ્રકાશિત
ભારતીય રિઝર્વ બૅંક
RESERVE BANK OF INDIA
www.rbi.org.in

# પુણેના રહેવાસીઓ માટે મ્હાડા તરફથી ૪૧૮૬ ઘર ઉપલબ્ધ

## અરજી કરવાની અંતિમ તારીખ લંબાવાઈ

પુણેઃ દરેક વ્યક્તિના પોતાનું ઘર ખરીદવાના સપના પૂર્ણ કરવામાં સરકારની મ્હાડા યોજના મદદરૂપ બને છે. મુંબઈ-પુણે, નાસિક, નાગપુર જેવાં શહેરોમાં મ્હાડાની યોજના ખૂબ જ સફળ રહી છે. તાજેતરમાં મ્હાડાના નવા ફ્લેટ અંગે એક નવું અપડેટ સામે આવ્યું છે. મ્હાડાએ હવે અરજી કરવા માટેની સમયમર્યાદા વધારી ૩૦ નવેમ્બર કરી છે.

પુણેમાં મ્હાડા પાસે ૪૧૮૬ ફ્લેટ તૈયાર છે, જેના માટે અત્યાર સુધીમાં કુલ ૧ લાખ ૮૨ હજાર ૭૮૧ અરજીઓ મ્હાડાને મળી છે. જેમાંથી ૧,૩૩,૮૮૫ અરજીઓએ ડિપોઝિટ પણ ભરી દીધી છે. હજુ ઘણા વધુ લોકો આ ઘરો માટે અરજી કરવા માગે છે. આને ધ્યાનમાં રાખીને, મ્હાડાએ સમયમર્યાદા લંબાવવાનો નિર્ણય લીધો છે.

મ્હાડા બોર્ડ હવે ૧૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ બપોરે ૧૨ વાગ્યે ફ્લેટના વેચાણ માટે ઓનલાઈન કોમ્પ્યુટર લોટરી યોજશે. તેથી, હવે ૩૦ નવેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે. ડિપોઝિટની રકમ ૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ સંબંધિત બેંકના કાર્યાલય સમય સુધીમાં આરટીજીએસ અથવા એનઇએફટી દ્વારા ચૂકવવાની રહેશે.

# વળતર મેળવવા માટે શોકગ્રસ્ત માતા-પિતા રેલવે અકસ્માતનો ખોટો દાવો ન કરેઃ હાઇ કોર્ટ

મુંબઈઃ મુંબઈ હાઈ કોર્ટે શુક્રવારે એક શોકગ્રસ્ત દંપતીને રાહત આપતા જણાવ્યું હતું કે, જે માતા-પિતાએ રેલવે અકસ્માતમાં પોતાના નાના પુત્રને ગુમાવ્યો હોય તેઓ આવી દુઃખદ ઘટનાનો ઉપયોગ વળતરનો ખોટો દાવો કરવા માટે ન કરે.

જસ્ટિસ જિતેન્દ્ર જૈને ૨૦૦૮માં શહેરમાં થયેલા રેલવે અકસ્માતમાં મૃત્યુ પામેલા ૧૭ વર્ષીય જયદીપ તાંબેના માતા-પિતાને વળતર અપાવ્યું હતું.

હાઈ કોર્ટે જાન્યુઆરી ૨૦૧૬માં રેલવે ક્લેમ્સ ટ્રિબ્યૂનલના આદેશને રદ કર્યો હતો, જેમાં વળતરનો દાવો એ આધાર પર નકારી કાઢવામાં આવ્યો હતો કે પીડિત અધિકૃત મુસાફર હતો અને તેનું પાટા પર અકસ્માતમાં મૃત્યુ થયું હોવાનો કોઈ રેકોર્ડ નથી.

તેના માતાપિતા દ્વારા દાખલ કરાયેલી અપીલ મુજબ, તાંબે પશ્ચિમ રેલવેની ઉપનગરીય લાઇન પર તેના મિત્રો સાથે જોગેશ્વરીથી લોઅર પરેલ જઈ રહ્યો હતો, ત્યારે ભીડને કારણે તે એલ્ફિન્સ્ટન અને લોઅર પરેલ સ્ટેશનો વચ્ચે પડી ગયો. તેના મિત્રો લોઅર પરેલમાં ઊતર્યા, અને ઘટના વિશે સ્ટેશન અધિકારીઓને જાણ કરવાને બદલે, અકસ્માત સ્થળે દોડી ગયા અને તેને સારવાર માટે પરેલની કેઈએમ હૉસ્પિટલમાં લઈ ગયા. કમનસીબે, પહોંચતા જ તેને મૃત જાહેર કરવામાં આવ્યો. ત્યારબાદ તેના મિત્રોએ હૉસ્પિટલમાં હાજર પોલીસ અધિકારીને અકસ્માત વિશે જાણ કરી.

રેલવે સત્તાવાળાઓએ માતાપિતાના વળતરના દાવાનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે અકસ્માતનો કોઈ સત્તાવાર રેકોર્ડ નથી.

પરંતુ હાઈ કોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે શંકા કરવાનું કોઈ કારણ નથી. વધુમાં, રેલવે કાયદો એક લાભદાયી કાયદો છે અને તેથી પાટા પર ''અપ્રિય ઘટના'' બની કે નહીં તે નક્કી કરતી વખતે સંજોગોવશાત પુરાવાઓ ધ્યાનમાં લઈ શકાય છે, એમ હાઈ કોર્ટે જણાવ્યું હતું.

કોર્ટે ચુકાદો આપ્યો હતો કે માતા-પિતા અકસ્માતની તારીખથી ૬% વ્યાજ સાથે ૪ લાખ રૂપિયાનું વળતર મેળવવાના હકદાર છે. ''જોકે, જો કુલ રકમ આઠ લાખ રૂપિયાથી વધુ હોય, તો અપીલકર્તાઓ/અરજદારો આઠ લાખ રૂપિયાના જ હકદાર રહેશે,'' કોર્ટે જણાવ્યું હતું. (પીટીઆઈ)

# મશીનોથી યુદ્ધ નથી જીતી શકાતા, વિમાનચાલકનું કૌશલ્ય અને સંકલ્પ મહત્ત્વપૂર્ણ છેઃ લેફ્ટનન્ટ જનરલ સેઠ

નાશિક (મહારાષ્ટ્ર) : સધર્ન કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠે શુક્રવારે અહીં જણાવ્યું હતું કે યુદ્ધમાં જીત મશીનો નહીં પરંતુ તેમને ચલાવતા વિમાનચાલકોની કુશળતા, નિર્ણય અને સંકલ્પથી થાય છે.

ચોકસાઇપૂર્ણ સંઘર્ષ, આકાશીય ક્ષેત્રમાં સ્પર્ધા, મલ્ટિ-ડોમેન એકીકરણ અને ઝડપી કાર્યક્ષમતા દ્વારા યુદ્ધની પદ્ધતિ ''દશકોમાં ન જોઈ હોય'' એ ગતિએ બદલાઈ રહી છે, એમ તેમણે અહીં કોમ્બેટ આર્મી એવિએશન ટ્રેનિંગ સ્કૂલ ખાતે પાસિંગ-આઉટ પરેડની સલામી પછી બોલતા કહ્યું. આ વિકસતા ઓપરેશનલ વાતાવરણમાં, આર્મી એવિએશન સેનાને એક લવચીક, પ્રતિભાવશીલ અને અનિવાર્ય ત્રીજું પરિમાણ પૂરું પાડે છે, લેફ્ટનન્ટ જનરલ સેઠે ઉમેર્યું. પાસિંગ આઉટ કરતા કેડેટ્સને મહત્વપૂર્ણ સલાહ આપતા, લેફ્ટનન્ટ જનરલ સેઠે કહ્યું કે તેઓએ યાદ રાખવું જોઈએ કે દરેક સોર્ટી સંપૂર્ણ પરિસ્થિતિગત જાગૃતિ, પ્રક્રિયાઓનું પાલન, મશીન માટે આદર અને મિશન સલામતી પ્રત્યે અટલ પ્રતિબદ્ધતાની માગ કરે છે. યુદ્ધ સમયની ઉડાનમાં, સમય ઓછો અને જોખમ ઊંચું હોય છે. ક્યારેય હદ પાર ન કરો અને સલામતી સાથે સમાધાન ન કરો અથવા મિશનને જોખમમાં ન નાખો, તેમણે ઉમેર્યું. (પીટીઆઈ)

# મુંબઈમાં બે મહિનામાં માત્ર ૧૦૦ ઇલેક્ટ્રિક બાઇક ટેક્સીઓ નોંધાઈ

મુંબઈ : સત્તાવાર માહિતી મુજબ સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરિટી દ્વારા ત્રણ મુખ્ય એગ્રીગેટર્સને કામચલાઉ લાઇસન્સ આપ્યા પછી, છેલ્લા બે મહિનામાં મુંબઈમાં ફક્ત ૧૦૦ ઇલેક્ટ્રિક બાઇક ટેક્સીઓ નોંધાઈ છે.

એક વરિષ્ઠ આરટીઓ અધિકારીએ જણાવ્યું હતું કે સપ્ટેમ્બરમાં વડાલા આરટીઓ ખાતે રેપિડો અને ઉબેરની ૫૦ ઇલેક્ટ્રિક બાઇક ટેક્સીઓ નોંધાઈ હતી. આ બધાં વાહનો બી ગૌસ ઇલેક્ટ્રિક સ્કૂટર છે, જે શહેરમાં અત્યાર સુધી ઔપચારિક રીતે બાઇક ટેક્સી તરીકે નોંધાયેલા એકમાત્ર ટૂ-વ્હિલર છે.

નિયમ મુજબ, આ બાઇક ટેક્સીઓ પીળા રંગની હોય છે, અને સવાર અને પાછળ બેઠેલા વ્યક્તિ વચ્ચે લગભગ એક ફૂટ ઊંચાઈનું ગાદીનું પાર્ટિશન સ્થાપિત કરવામાં આવ્યું છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આ ટેક્સીઓ 'ટ્રાન્સપોર્ટ' શ્રેણીમાં નોંધાયેલી છે, જેમાં કાળા અક્ષરોવાળી પીળી નંબર પ્લેટો છે.

નોંધપાત્ર રીતે, ભલે મોટી સંખ્યામાં ટૂ-વ્હિલરનો ઉપયોગ ડિલિવરી માટે થઈ રહ્યો હોય,આ ૧૦૦ ઇલેક્ટ્રિક બાઇક ટેક્સીઓ એકમાત્ર એવી ટૂ-વ્હિલર છે જે આ વર્ષે ટ્રાન્સપોર્ટ કેટેગરીમાં નોંધાયેલી છે, અધિકારીઓએ નોંધ્યું.

આ વર્ષની શરૂઆતમાં, સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરિટીએ મુંબઈ બાઇક ટેક્સી નિયમો ૨૦૨૫ હેઠળ ઓલા, ઉબેર અને રેપિડોની પેરેન્ટ કંપનીઓ માટે કામચલાઉ લાઇસન્સ મંજૂર કર્યા હતા, જેનાથી તેઓ મુંબઈ મેટ્રોપોલિટન પ્રદેશમાં બાઇક ટેક્સી ચલાવી શકે. એએનઆઈ ટેક્નોલોજીસ પ્રાઇવેટ લિમિટેડ (ઓલા), ઉબેર ઇન્ડિયા સિસ્ટમ્સ પ્રાઇવેટ લિમિટેડ (ઉબેર) અને રોપેન ટ્રાન્સપોર્ટેશન સર્વિસિસ પ્રાઇવેટ લિમિટેડ (રેપિડો) ને લાઇસન્સ આપવામાં આવ્યાં હતા.

સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરિટીએ કંપનીઓને એક મહિનાની અંદર કાયમી લાઇસન્સ માટે અરજી કરવા અને મહારાષ્ટ્ર બાઇક ટેક્સી નિયમો ૨૦૨૫નું સંપૂર્ણ પાલન કરવા પણ કહ્યું હતું.

ઓથોરિટીએ એ પ્રથમ ૧.૫ કિમી માટે લઘુતમ ભાડું રૂ. ૧૫ અને ત્યારબાદ રૂ. ૧૦.૨૭ પ્રતિ કિમી નક્કી કર્યું છે. ટેક્સીઓ અને ઓટોરિક્ષા માટે ઉપયોગમાં લેવાતા ખટુઆ સમિતિના ફોર્મ્યુલા પર આધારિત ભાડા માળખાની સમીક્ષા એક વર્ષ પછી કરવામાં આવશે. (પીટીઆઈ)

# અંબરનાથમાં ફ્લાયઓવર પર ભીષણ અકસ્માતઃ કારે ટુ વ્હિલરને કચડયા, ચારનાં મોત

થાણેઃ મુંબઈ નજીક થાણેમાં એક ફલાયઓવરબ્રિજ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. પોલીસના જણાવ્યા અનુસાર એક કાર સાથે બે ટુ વ્હીલરનો અકસ્માત થતા ચાર લોકોના મોત થયા છે અને ત્રણ લોકો ઘાયલ થયા છે. આ દુર્ઘટના થાણેના અંબરનાથ શહેરમાં સર્જાઈ હતી. આ અકસ્માત સાંજે ૭.૧૫ વાગ્યે સર્જાયો હતો. ડ્રાયવરે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો આ અકસ્માત અંગે પોલીસે જણાવ્યું હતુ કે અકસ્માત એટલો ગંભીર હતો કે ટુ-વ્હીલરમાંથી એક પર સવાર એક વ્યક્તિ હવામાં ઉછળીને ફ્લાયઓવરની નીચે રસ્તા પર પડી ગયો હતો. તેમજ કારના ડ્રાયવરે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા ચારથી પાંચ ટુ-વ્હીલર સાથે અથડાઈ હતી અને બાદમાં તે પલટી ગઈ હતી. ટુ-વ્હીલર સંપૂર્ણપણે કચડાઈ ગયાજયારે અંબરનાથના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર શૈલેષ કાલેએ જણાવ્યું હતુ કે, આ અકસ્માતમાં કારના ડ્રાઇવર સહિત ચાર લોકોના મોત થયા છે.તેમણે જણાવ્યું હતુ કે અકસ્માતને કારણે બંને ટુ-વ્હીલર સંપૂર્ણપણે કચડાઈ ગયા હતા અને મૃતકોની ઓળખ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ અકસ્માતમાં અન્ય ત્રણ વ્યક્તિઓને ઇજાઓ પહોંચી છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.પોલીસે જણાવ્યું હતુ કે મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.

છેલ્લા પાનાનું ચાલુ

## ઘાટકોપરમાં સિનિયર સિટિઝનની હત્યા

વિક્રોલી વિસ્તારમાં રહેતો હતો. સુરેન્દ્ર પાચડકરને રાત્રિભોજન બાદ ઘાટકોપર સ્ટેશને ચાલવા જવાની આદત હતી.

પાચડકર ગુરુવારે રાતે પણ ઘાટકોપર સ્ટેશન સુધી ચાલવા ગયો હતો. તે સ્ટેશન નજીક સીએનજી લેન પર પહોંચ્યો ત્યારે એક વ્યક્તિ સાથે તેનો ઝઘડો થયો હતો અને બંનેએ એકબીજાને મારવાનું શરૂ કર્યું હતું, એવું પ્રાથમિક તપાસમાં પોલીસને જણાયું હતું.

દરમિયાન એ વ્યક્તિની નજર લોખંડના સળિયા પર પડતાં તેણે સળિયો ઊંચકીને પાચડકરના માથામાં ફટકાર્યો હતો, જેમાં તે જમીન પર ફસડાઇ પડ્યો હતો. હુમલો કર્યા બાદ આરોપી ત્યાંથી ફરાર થયો હતો. લોહીલુહાણ હાલતમાં પાચડકરને હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો. બાદમાં બનાવની જાણ ઘાટકોપર પોલીસને કરવામાં આવી હતી. પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો અને શકમંદને તાબામાં લીધો હતો, જેની ઓળખ અમન તરીકે થઇ હતી.

## શ્રદ્ધા કપૂરના

(એએનસી)ના ઘાટકોપર યુનિટે તેમને સમન્સ પાઠવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. મોહંમદ સલીમ શેખે દાવો કર્યો હતો કે અમુક ફિલ્મ, ફેશન સેલિબ્રિટીસ અને રાજકારણીઓ તથા ભાગેડુ ગેન્ગસ્ટર દાઉદ ઇબ્રાહિમનો ભાણેજ ભારત તથા વિદેશોમાં યોજાયેલી રેવ પાર્ટીમાં હાજર રહ્યાં હતાં.

એએનસીના અધિકારીઓએ ઇન્ફ્લ્યુએન્સર ઓરીને ગુરુવારે હાજર રહેવા માટે કહ્યું હતું, પણ તે હાજર રહી શક્યો નહોતો અને તેણે વધુ સમય માગ્યો હતો. ઉલ્લેખનીય છે કે ૨૦૨૨માં ડ્રગ્સનું સેવન કરવાના આરોપસર સિદ્ધાર્થ કપૂરને બેંગલુરુથી ઝડપી પાડવામાં આવ્યો હતો. સાંગલીમાં ડ્રગ્સની ફેક્ટરીનો પર્દાફાશ કરીને ત્યાંથી જપ્ત કરાયેલા ૨૫૨ કરોડ રૂપિયાના મેફેડ્રોનની જપ્તીના કેસના મુખ્ય આરોપી મોહંમદ સલીમ શેખને ગયા મહિને દુબઇથી ડિપોર્ટ કરીને મુંબઈ લાવવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

## પુણેથી ચાર

હતા. પ્રાથમિક તપાસ અનુસાર સુભાષ મોહિતેએ રિયલ એસ્ટેટ એજન્ટ ફ્રેડી ડિલિમા પર ફાયરિંગ કર્યું હતું. તેમની પૂછપરછમાં ગુના પાછળનો ચોક્કસ હેતુ સામે આવશે, એમ તેમણે કહ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ફ્રેડી ડિલિમા અને એક આરોપી વચ્ચે આર્થિક વિવાદ ચાલતો હતો અને તેને કારણે ફ્રેડીની હત્યાની યોજના બનાવવામાં આવી હતી. કાંદિવલીના ચારકોપમાં ઇંગ્લિશ સ્કૂલ નજીક બુધવારે બપોરે ફાયરિંગની ઘટના બની હતી. ફ્રેડી ડિલિમા બપોરે ચારકોપના ગણેશનગરમાં મીટિંગ માટે આવ્યો હતો. મીટિંગ પત્યા બાદ તે બહાર નીકળ્યો ત્યારે બાઇક પર આવેલા ત્રણ જણમાંથી એક જણે ફ્રેડી પર ફાયરિંગ કર્યું હતું, જેમાં ફ્રેડીની છાતી અને પેટમાં ગોળી વાગી હતી. ઘાયલ અવસ્થામાં ફ્રેડી જાતે કાર હંકારીને હોસ્પિટલમાં પહોંચ્યો હતો, જ્યાં ડોક્ટરોએ ઓપરેશન કરીને ગોળી બહાર કાઢી હતી.

## મહારાષ્ટ્રમાં કર્મચારીઓ

કાર્યવાહી કરવામાં આવશે તે વિગતવાર જાણીએ.

સરકારે વિભાગોને સાંસદો અને ધારાસભ્યો દ્વારા મોકલવામાં આવેલા પત્રોનું ડિજિટલ અથવા ફિઝિકલ એક અલગ રજિસ્ટર રાખવાનો નિર્દેશ આપ્યો છે. આ પત્રોનો જવાબ બે મહિનાની અંદર આપવો ફરજિયાત છે. જો નિર્ધારિત સમયમાં જવાબ આપવો શક્ય ન હોય તો, વિભાગના વડા વિલંબનું કારણ લેખિતમાં જનપ્રતિનિધિને જણાવશે.

માર્ગદર્શિકામાં અધિકારીઓને દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરુવારે બે કલાક ફક્ત સાંસદો અને ધારાસભ્યો સાથે મુલાકાત માટે ફાળવવાનું કહેવામાં આવ્યું છે. જનપ્રતિનિધિઓ તાત્કાલિક મુદ્દાઓ પર ઓફિસ સમય દરમિયાન ગમે ત્યારે અધિકારીઓ સાથે મુલાકાત કરી શકે છે.

સરકારી દરખાસ્ત મુજબ, ઉદ્ઘાટન અથવા શિલાન્યાસ સમારોહ જેવા સરકારી અને અર્ધ-સરકારી કાર્યક્રમોમાં સંબંધિત વિસ્તારના સાંસદો અને ધારાસભ્યોને આમંત્રિત કરવા ફરજિયાત છે. તેમને તેમના નામ, પદ અને પ્રોટોકોલ અનુસાર યોગ્ય સ્થાનો પર તેમની બેઠક વ્યવસ્થા હોવી જોઈએ.

માર્ગદર્શિકામાં જણાવાયું છે કે જાહેર હિત સંબંધિત માહિતી, જ્યાં આરટીઆઈ લાગુ પડે છે, તે જનપ્રતિનિધિઓને મફતમાં ઉપલબ્ધ કરાવવી જોઈએ. વિભાગોને તેમની સત્તાવાર વેબસાઇટ પર સમયાંતરે જાહેર માહિતી અપડેટ કરવાની પણ સૂચના આપવામાં આવી છે.

રાજ્ય સરકારે એ પણ નિર્દેશ આપ્યો છે કે બધી તાલીમ સંસ્થાઓ, પછી ભલે તે નવા અધિકારી હોય કે પહેલેથી સેવામાં, અધિકારીઓને જનપ્રતિનિધિઓ સાથે વાતચીત, શિષ્ટાચાર અને પ્રોટોકોલ સંબંધિત મોડ્યુલો પર તાલીમ આપે.

સરકારે સ્પષ્ટતા કરી છે કે જો કોઈ અધિકારી આ સૂચનાઓનું પાલન નહીં કરે તો તેની સામે મહારાષ્ટ્ર સિવિલ સર્વિસ રૂલ્સ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં, બેદરકારી અથવા વિલંબને સેવામાં બેદરકારી ગણવામાં આવશે અને શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

તાજેતરના વર્ષોમાં, સાંસદો અને ધારાસભ્યોએ વારંવાર ફરિયાદ કરી છે કે અધિકારીઓ તેમને મળવામાં વિલંબ કરે છે અથવા તેમની સાથે અપમાનજનક વર્તન કરે છે. સરકારનું કહેવું છે કે જાહેર સેવામાં વધુ સારા સંકલન, વહીવટી કાર્યક્ષમતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે આ માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે.

# હિન્દુ મરણ

ગામ મનફરાના સ્વ. ભચીબેન, સ્વ. રાજીબેન પોપટ દેવરાજ બુરીયાના સુપુત્ર અરજણ (ઉં. વ. ૭૩) તા. ૧૯-૧૧-૨૫ના થાણે મધ્યે અવસાન પામેલ છે. સ્વ. રાજીબેન, ગં. સ્વ. વિજયાબેનના પતિ. સ્વ. વિનોદ, કલ્પેશ, જીતેન્દ્ર, સ્વ.જસ્મીના, અલ્પાના પિતાશ્રી. મુકેશ સત્રા, કવિતા, રજનીના સસરા. સિદ્ધિ, હીર, મિસ્ટીના દાદા. કકરવાના સ્વ. કામલબેન ભુરા વેરશી નંદુ, રવના સ્વ. બુદ્ધિબેન ગોપાર વિશા ગાલાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૨-૧૧-૨૫ શનિવારના સવારે ૧૦.૩૦થી ૧૨. ઠે. કાંતિ વિસરીયા હોલ, ગાવદેવી મેદાનની બાજુમાં, બેડેકર હોસ્પિટલ સામે, થાણા (વેસ્ટ).

જાફરાબાદવાળા હાલ કાંદિવલી સ્વ. તારાબેન લક્ષ્મીદાસ સંઘવીના સુપુત્ર કિરણ (ઉં. વ. ૬૬) તા. ૨૦-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્મીતાના પતિ. રાજુના ભાઇ. પ્રિતિના જેઠ. જતિન જીનલના પિતા. અ. સૌ. તૃપ્તી હેતલ આયુષીના સસરા. ધીરજલાલ પ્રભુદાસ પારેખના જમાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

શિહોરવાળા હાલ નવી મુંબઇ ગં. સ્વ. હીરાબેન મોરલીધર દોશીના સુપુત્ર દિપકભાઇના ધર્મપત્ની કિશોરીબેન (ઉં. વ. ૬૮) ગુરુવાર તા. ૨૦-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. અ. સૌ. દર્શના ભરત થડેશ્વર તથા અ. સૌ. તુલસી હર્ષિત ગોરડિયાના માતુશ્રી. સુરેશ-કિરણ, ધર્મેન્દ્ર-નીલાના ભાભી. માધવી દેવેશ પારેખ, મુકુંદ-દિવ્યા, દર્શનના કાકી. પિયર પક્ષે ભાવનગરવાળા હરકીશનદાસ રતીલાલ મોદીના પુત્રી. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**પરજીયા સોની**

મુળગામ રાજુલાવાળા હાલ વિરાર સ્વ. મનસુખલાલ મોહનલાલ જગડાના પુત્ર સ્વ. નીતિનભાઇ મનસુખલાલ (ઉં. વ. ૬૦) તા. ૨૦-૧૧-૨૫ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. સ્વ. પ્રતાપરાય કાનજીભાઇ પટ્ટના જમાઇ. સ્વ. જાગૃતિબેન પ્રદીપકુમાર ધાણક, વિપુલ અને સ્વ. હિતેશના મોટાભાઇ. તે સિદ્ધિ કાર્તિકકુમાર સાગર, હર્ષ, રાજના પિતા. તે મનીષાબેનના સસરા. લૌકિક પ્રથા બંધ રાખેલ છે. તેમનું ટેલિફોનિક બેસણું શનિવારે તા. ૨૨-૧૧-૨૫ના બપોરે ૪થી ૬.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

અ. સૌ. ડિમ્પલ રાજેશ ચટ્ટ મંદરા કચ્છ ગામ મંગવાણા હાલે મુલુંડ (ઉં. વ. ૫૨) તે ગં. સ્વ. જશોદાબેન રમેશચંદ્ર જોશીના પુત્રવધૂ. તે સ્વ. સરલાબેન મહેન્દ્રભાઇ કપાસીની મોટી દીકરી. તે રાજેશ જોષીના ધર્મપત્ની. તે અક્ષય ભવ્યાના માતુશ્રી. અ સૌ. તૃપ્તિ કેતન જોષીના જેઠાણી. તે અ. સૌ. દક્ષા મનોજ જોષીના ભાભી. તા. ૨૦-૧૧-૨૫ના ગુરુવારે અવસાન પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૨-૧૧-૨૫ શનિવારના ૫થી ૭. ઠે. ગ્રાઉન્ડ ફ્લોર, સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

લોટપુરવાળા હાલ મુંબઈ, સ્વ. પ્રતાપભાઈ પુરુષોત્તમદાસ વોરાના ધર્મપત્ની જ્યોત્સનાબેન (ઉં.વ. ૮૭) ગુરુવાર, તા. ૨૦-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. બાબુભાઇ, દિલીપભાઈ, ચન્દ્રકાંતભાઈ, પદમાબેન, નલિનીબેન, દેવયાનીબેન તથા કોકિલાબેન, વીણાબેન, રેખાબેનના ભાભી. પિયરપક્ષે શિહોરવાળા સ્વ. સંતોકબેન અને ભક્તિદાસ ભગવાનદાસ દોશીના દીકરી. સ્વ. રમણભાઈ, પુષ્પાબેન તથા ચન્દ્રકાંતભાઈના બેન. સર્વ લૌકીક પ્રથા બંધ છે.

**બાલાસિનોર દશાનિમા વણિક**

કેતન મોદી (ઉં. વ. ૬૯) સ્વ. કલાવતી અને સ્વ. કાંતિલાલ (બંગડી)ના પુત્ર. સ્વ. ગીતાબેનના પતિ. માનસી મૌલિક શાહ અને ચેરી આદિત્ય શાહના પિતા. રેયાર્થ, અવ્યાન, સ્મયા અને આર્યવના નાના. સ્વ. કિરીટભાઇ અને સ્વ. કુમુદબેનના નાના ભાઇ. ચી. સૌરભ, મિહિર અને રોનકના કાકા. મંગળવાર, તા. ૧૮ નવેમ્બરના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૨ નવેમ્બર ૨૦૨૫ના માતૃમંદિર સોસાયટી હોલ, જાવજી જાદવજી માર્ગ, ભાટિયા હોસ્પિટલ સામે, ગ્રાન્ટ રોડ,સાંજે ૫થી ૭, લૌકિક અને અન્ય પ્રથા બંધ છે.

**મચ્છુકઠીયા સઇ સુથાર જ્ઞાતિ**

મૂળગામ મોરબી હાલ મીરા રોડ હર્ષદકુમાર જમનાદાસ સોલંકીના પત્ની કૈલાસવાસી ચંદ્રિકાબેન હર્ષદકુમાર સોલંકી (ઉં. વ. ૬૫) તા. ૧૮-૧૧-૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. છગનભાઇ રણછોડ ચાવડા તથા દમયંતીબેનના દીકરી. તથા ગીતાબેન અનિલકુમાર પટેલ, ભાવેશભાઇ અને કેતનભાઇના માતા. મોનાલીબેન અને પૂર્ણિમાબેનના સાસુ. વેદિકાના દાદી. તથા પૂજા અને આદિત્યના નાની. પ્રાર્થનાસભા તા. ૨૨-૧૧-૨૫ શનિવારના ૪થી ૫. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. સી-૧૦૪, ન્યુ સાઇ આંગણ સોસાયટી, રામદેવ પાર્ક, આકાશ નિધિ બિલ્ડિંગની સામે, મીરા રોડ (ઇસ્ટ).

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ રાજકોટ હાલ દહિસર, અ. સૌ. હસુમતી રાજેન્દ્ર બોરિયા (ઉં.વ.૭૨) તા. ૨૦/૧૧/૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે રાજેન્દ્રભાઇ જયંતીલાલ બોરિયાના ધર્મપત્ની. અમિત, અ. સૌ. સંધ્યા તથા પારૂલ મનીષ સાતાના માતુશ્રી. ગં. સ્વ. જયાબેન જગજીવનદાસ ગણાત્રાના સુપુત્રી. દિનેશભાઇ, સ્વ. ઉપેન્દ્રભાઈ, અ. સૌ. પ્રફુલ્લાબેન કિશોર, અ. સૌ. કુમુદબેન કમલેશરાય, ગં. સ્વ. બીનાબેન અરવિંદના મોટાબેન, રશ્મિકાંત, અ. સૌ. પ્રીતિબેન, નયનાબેન નીતીનકુમાર તથા પદમીનીના ભાભી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૨/૧૧/૨૫ શનિવારના ૪ થી ૬. સ્થળઃ એસ.વી.પી. હાઈસ્કૂલ, એસ.એન. દુબે રોડ, દહિસર ઈસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય સહસ્ર બ્રહ્મસમાજ**

દુધાળા નં.૨ વાળા હાલ બોરીવલી, સ્વ. પ્રતાપરાય રણછોડલાલ (જાનીબાપુ) તથા કાંતાબેનના પુત્ર અરૂણભાઈ પ્રતાપરાય જાની (ઉં.વ.૬૧) તા. ૧૮/૧૧/૨૫ના કૈલાશવાસી પામ્યા છે. તે ભાવનાબેનના પતિ. હાર્દિક તથા હાર્દિકા કૃતિક શુક્લના પિતા. રાજેશ્વરીબેન, રમાબેન, નીતાબેન, હીનાબેન, પિયુષભાઇ, સંજીવભાઈના ભાઈ. પ્રાપ્તિ કરણ, અર્જુન, હિરના બાપુ. તેમની પ્રાર્થનાસભા તા. ૨૨/૧૧/૨૫ના ૪ થી ૬. સ્થળઃ ઉત્સવ હોલ રિસેપ્શન ગ્રાઉન્ડ, સુસ્વાગત હોટેલની બાજુમાં, દત્તપાડા રોડ, બોરીવલી ઈસ્ટ.

**હાલાઇ લોહાણા**

જામ ખીરસરા નિવાસી હાલ કાંદિવલી, કિશોરચંદ્ર નટવરલાલ સવજાણીના ધર્મપત્ની અ. સૌ. કુસુમબેન સવજાણી (ઉં.વ. ૭૫) ૨૧/૧૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે નયન, વિપુલ તથા દર્શનાના માતુશ્રી. દીપા, વિશાખા તથા યોગેશકુમાર દક્ષિણીના સાસુ. ભાવનાબેન વિજયકુમાર મોદીના ભાભી. સ્વ. છગનલાલ વશનજી સામાણી કાંદિવલીના દીકરી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૨/૧૧/૨૫ના ૧૦ થી ૧૨, લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકર મંદિર પાસે, એસ. વી. રોડ કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાઘેર મોઢ વણિક**

સુધીરભાઈ પારેખ (ઉં.વ.૭૦) ૨૦/૧૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે આશાબેનના પતિ. સ્વ. ભીખાલાલ અને હીરાલક્ષ્મીબેનના પુત્ર. જીતુભાઈ, ધીરેન્દ્રભાઈ અને નયનાબેન સુભાષ પારેખના ભાઈ. મિત્તલ હોમેષ શ્રોફ, પરાગના પિતા, સ્વ.બચુભાઇ મણિલાલ શાહના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૨/૧૧/૨૫ શનિવારના ૫ થી ૭. સ્થળઃ લોહાણા મહાજનવાડી, બીજે માળે, શંકરમંદિર પાસે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**વૈષ્ણવ વાણીયા**

ગામ ખંભાત હાલ મીરારોડ, સ્વ. બ્રિજ રતનલાલ સુખડિયા અને સ્વ. પદ્માબેન સુખડિયાના સુપુત્ર બીનાબેન સુખડિયાના પતિ. જગદીશભાઈ સુખડિયા (ઉં.વ.૭૪) તા. ૧૯-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે અમીષ સુખડિયાના પિતા. સ્વ. વાડીલાલ મજમુદાર અને સ્વ.વિજયાબેન વાડીલાલ મજમુદારના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૨-૧૧-૨૫ શનિવાર ૪ થી ૬. એડ્રેસ: પહેલા માળે, સ્વામી નારાયણ મંદિર, સેક્ટર ૧૦, મીરા રોડ, ઇસ્ટ.

**લુહાર સુથાર**

સ્વ. શાંતાબેન બાલકૃષ્ણ સોલંકી હળિયાદવાળા હાલ બોરીવલીના પુત્ર દિલીપભાઈના ધર્મપત્ની અ. સૌ. શોભનાબેન (ઉં.વ.૬૬) તે તા.૨૦-૧૧-૨૫ના રામશરણ થયેલ છે. તે દિનેશભાઈ, જીતેન્દ્રભાઈ, મીનાબેન, રેખાબેન હસમુખભાઈ રાઠોડના ભાભી. પ્રભાબેન, હીનાબેનના જેઠાણી. હિરલ, દીપિકા, જલ્પાના સાસુ. દેવેન્દ્ર, ચેતન, હીના, સુનૈના કેતન કુમારના માતૃશ્રી. પોપટભાઈ થોભણદાસ સિદ્ધપુરા વડોદરાવાળાના દીકરી. પ્રાર્થનાસભા ૫ થી ૭. તા. ૨૨-૧૧-૨૫ શનિવારે રાખેલ છે. સ્થળઃ લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નંબર ૩, અંબાજી મંદિરની બાજુમાં બોરીવલી ઇસ્ટ.

**કચ્છી ભાટિયા**

શૈલેષ (ઉં.મ. ૬૯) તે સૌ. હિમાના પતિ. રોહનના પપ્પા. સ્વ.ભાનુબેન તથા નલિનકાંત હંસરાજ લીલાણીના પુત્ર. સ્વ.જમનાદાસ હીરજી તથા ગ. સ્વ. કુસુમબેન કાપડિયાના જમાઈ. અ.સૌ કલ્પના હરીશ તથા સ્વ. જયશ્રી અજીત તથા સ્વ. નીલા વિજય કાપડિયાના ભાઈ. તા. ૨૦/૧૧/૨૫ના દિવસે શ્રીજીચરણ પામ્યા છે. ઉઠમણાંની પ્રથા નથી રાખી. ઠે. હર્મસ હેરિટેજ, પૂના.

**વિશા વાયડા વણિક**

કિરણભાઈ નવીનચંદ્ર જવેરી (ઉં.વ.૮૧) તે રેખા જવેરીના પતિ. ધવલ તથા પ્રિયાના પિતાજી. ભૈરવી તથા સુજયના સસરા. માહિના દાદા અને કેયાના નાના ૧૯/૧૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ૨૩/૧૧/૨૫ના સાંજે ૪ થી ૬.૩૦. બે લીફ વેજ હોલ, ઠાકુર કોમ્પ્લેક્સ, કાંદિવલી ઈસ્ટ.

**મેઘવાળ**

ગામ ગઢુલા, હાલ મુંબઈ, ગં. સ્વ. ટીડીબેન માલજી કોળી સ્વ. ખીમીબેન તથા સ્વ. નાઝાલાલ લાલજી સોલંકીના દીકરી તા. ૧૩-૧૧-૨૦૨૫ને ગુરુવારના રામચરણ પામેલ છે. તે મનીષભાઈ, અંજુબેનના માતોશ્રી. જયેશના સાસુશ્રી. ભૂમિના નાનીશ્રી. ડાયાભાઇ, ગિરધરભાઈ, લક્ષ્મીબેન, મંજુબેન, હીરાબેનના બેનશ્રી. બારમાં કારજની વિધિ રવિવાર તા. ૨૩-૧૧-૨૫ના ૫ વાગે. ઠેઃ ૪૦૧, ૪થો માળો, જગ્ગનાથ ધામ, વામનદેવ મંદિર, ડોમ્બિવલી ઇસ્ટ.

**કચ્છી અંજારીયા ભાટીયા**

સ્વ. મહેન્દ્ર (ઉં. વ.૮૪) તે સ્વ. ગુણવંતી ગોકલદાસ દામોદર વેદ કોલ્હાપુરવાલાનાં પુત્ર. સ્વ. અરુણાબેનના પતિ. કેયુર તથા રિતેશનાં પિતા. સૌ.દિવ્યા તથા સૌ. બીજલના સસરા. સૌ. હેલી તથા ચિ. માધવાના દાદા. સ્વ. દેવકાબાઈ કલ્યાણજી દુતીયા (ભાટીયા)ના જમાઈ ગુરુવાર તા. ૨૦/૧૧/૨૫ના શ્રીજીચરણ થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**લુહાર**

ગામ પાલીતાણા, હાલ વસઈ, સ્વ. નિર્મળાબેન હસમુખભાઈ રાઠોડ (ઉં. વ. ૭૬) તા. ૨૧/૧૧/૨૫ના શ્રીરામશરણ પામ્યા છે. તે હસમુખભાઈ ગોપાલભાઈ રાઠોડની પત્ની. દીપ્તિબેન, રવિન્દ્રભાઈ અને ગૌરવભાઈની મમ્મી. અતુલકુમાર, રીમાબેન અને હર્ણિશાબેનના સાસુ. ધાની, હૈયાન અને હર્ષિવના દાદી. દિવ્યા અને પાર્થની નાની. સરનામું ૭૦૧/ઈ, રિગલ હાઈટ્સ, વસંતનગરી, વસઈ ઈસ્ટ.

# પારસી મરણ

શેહરૂ ફિરોઝ ભનસાલી તે મરહુમ ફિરોઝ સાવકશા ભનસાલીના વિધવા. તે મરહુમો નાજામાય તથા ફિરોઝશાહ ભાઠેનાના દીકરી. તે ખુશરૂ, નીલુફર, વાબીશ, શાવક તથા મરહુમ યાસ્મીનના મમ્મી. તે અરનાવાઝ, શેહરૂ, અરજાસ્પ, બેહરામના સાસુ. તે મરહુમો બાનુ, માકા, નરગેશ, ટેમી, આલુ, વિલુ, ફલી ને લીમના બહેન. તે નાઝનીન, જેરાસ્પ, ફ્રુશાદ, કૈયવાન ને ઝીન્યાના બપયજી. (ઉં. વ. ૯૬) રે. ઠે. ૮૦૪, લાઇફ સ્કેપ અંબર, એસ. જે. માર્ગ, લોઅર પરેલ, મુંબઇ-૪૦૦૦૧૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૨-૧૧-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની બેનેટ બંગલી નં.૬માં.

બોમી ધનજીશા દરોગા (ઉં. વ. ૮૬) તે ૨૧-૧૧-૨૫ના ગુજરી ગયા છે. તે મરહુમ નરગીસના પતિ. તે મરહુમ ધનજીશા અને મરહુમ આઇમાઇ દરોગાના દીકરા. તે દરિયસ, ફરાહ, કાશ્મીરાના પિતા. તે ફિરોઝા, રમ્યાર, અસ્પીના સસરા. તે વિસ્પી, તરોનીશ, દરિયમ, અર્શિસ, સાયરસના ગ્રાન્ડ ફાધર. ઉઠમણું તા. ૨૩-૧૧-૨૫ના. ઠે. દરોગા હાઉસ નં.૮. ગનપાવડર રોડ, જરીનારી મંદિર માર્ગ, મઝગાંવ, મું-૧૦.

# જૈન મરણ

**કચ્છી ગુર્જર જૈન**

ગામ કચ્છ માંડવીના હાલે કાંદિવલી, પ્રવીણભાઈ માણેકલાલ રતનસી શાહ (ભારછા) (ઉં.વ. ૮૦) શુક્રવાર, તા. ૨૧-૧૧-૨૫ના અરીહંતશરણ પામેલ છે. કંચનબેન માણેકલાલ શાહના સુપુત્ર. શરદબેનના પતિ. મૌલિક તથા રાખીના પિતાશ્રી. દીક્ષિત તથા અલ્પાના સસરાજી. સ્વ. પુષ્પાબેન સુબોધચંદ્ર શાહ, સ્વ. જયંતીભાઈ, વીરસેનભાઇ, રાજુભાઈ, રશ્મિબેન ગિરીશભાઈ શાહ, રંજનબેન કિરણભાઈ સંઘવીના ભાઈ. ગામ કચ્છ ભુજના સ્વ. કચરાલાલ શંભુલાલ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૨-૧૧-૨૫ના ૩.૦૦ થી ૪.૩૦. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**માંગરોળ જૈન**

સ્વ. હિરાકુંવર જગમોહનદાસ શાહના પુત્ર સુરેશભાઇ (ઉં. વ. ૮૩) હાલ વિલેપાર્લે ફાલ્ગુનીબેન તથા જીજ્ઞેશભાઇના પિતા. નીશાબેન તથા જૈનેશભાઇના સસરા. સ્વ. નરેન્દ્રભાઇ, બિપીનભાઇ, શૈલેશભાઇ, સ્વ. ઇલાબેન તથા હંસાબેનના ભાઇ તા. ૨૧-૧૧-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયધણજરના ધનવંતીબેન વિશનજી ગડા (ઉં. વ. ૮૮) તા. ૨૦-૧૧-૨૫ના અવસાન પામેલ છે. નાનબાઈ જીવરાજના પુત્રવધૂ. સ્વ. વિશનજીના પત્ની. મહેન્દ્ર, કાંતિલાલ, ડૉ. મંજુલા, સ્વ. ચંદનના માતુશ્રી. વાલબાઈ નાનજીના પુત્રી. વસનજી, મેઘજી, જીવરાજ, લખમશી, તલકશી, ખેતબાઈ, હેમલતાના બેન. પ્રા. : તા. ૨૨-૧૧-૨૫, બપોરે ૩ થી ૪.૩૦ સ્થળ : કાંતિ વિસરીયા હોલ, ગાંવદેવી મેદાન પાસે, બેડેકર હૉસ્પિટલની સામે, થાણા (વે).

નવાવાસના હાલે અમદાવાદના મનહર વિશનજી દેઢિયા (ઉં.વ.૭૮) તા. ૨૦-૧૧-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબાઇ વિશનજીના પુત્ર. રેખાબેનના પતિ. વૈશાલી, કેતન, દીપેશના પિતા. કિશોર, મેરાવાના પુષ્પા ગિરીશના ભાઇ. વડાલાના હેમકુંવર મોરારજી કાનજી ના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ.: મનહર દેઢિયા, શ્લોક ઇલશીયમ, એસ.જી. હાઇવે રોડ, સોલા, અમદાવાદ - ૩૮૦૦૬૧.

ગેલડાના મંજુલા નાનજી પ્રેમજી ગાલાની સુપુત્રી ઉનાના જીજ્ઞા ત્રિવેદી (ઉં.વ. ૫૦) તા. ૨૦-૧૧-૨૫ના અવસાન પામેલ છે. જયેશ લાભશંકર ત્રિવેદીના પત્ની. પ્રાચીના મમ્મી. નેહલ, મનીષના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ.: પ્રાચી ત્રિવેદી, એ/૧૦૩, સાઈ રાજ ગાર્ડન, ઇરાની વાડી રોડ નં. ૩, કાંદિવલી (વે), મું. ૬૭.

રામાણીયાના કંચન નવીન સાવલા (ઉં. વ. ૬૬) ૨૦-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. મોંઘીબેન સોજપાર સાવલાના પુત્રવધૂ. નવીનના ધર્મપત્ની. અંકીત, નેહાના માતુશ્રી. કુંવરબેન રવજીના સુપુત્રી. નેમજી, અરવિંદ, ભરત, કિર્તીના બહેન. ત્વચા તથા નેત્ર દાન કરેલ છે. પ્રા. શ્રી.વ.સ્થા.જૈન શ્રા. સંઘ કરશન લધુ નિસર હોલ, દાદર (વે), ટા. ૨થી૩.૩૦.

નવિનાળના મંજુલા વોરા (ઉં. વ. ૮૨) તા.૨૦/૧૧/૨૫ના અવસાન પામ્યા છે. નેણબાઈ પ્રેમજી ચાંપશીના પુત્રવધૂ. ટોકરશીના પત્ની. કિરણ, હિતેશ, નીતા,વર્ષા, નીપાના માતા. મણીબેન હીરજીના પુત્રી. જયંતી, મનોજ, ભુજપુર ચંચલ મનસુખ, ચુનડી લીલાવંતી ખીમજી, ભાડિયા અમૃત લક્ષ્મીચંદ, તુંબડી સરોજ રાઘવજી, ડોણ હેમલતા જયંતી, ત્રગડી નલિની ખુશાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હિતેશ વોરા, ૫૦૬, સાઈ દ્વારકા, કાજુપાડા, બોરીવલી (પૂર્વ), મુંબઈ - ૬૬.

નાની ખાખરના રંજન નવીનચંદ્ર દેઢિયા (ઉં.વ.૭૨) તા.૧૯-૧૧-૨૫ના અવસાન પામેલ છે. દેવકાબેન શામજી નાંગશીના પુત્રવધૂ. નવીનચંદ્રના ધર્મપત્ની. સોનલના માતાજી. પત્રી લક્ષ્મીબેન ધનજી દેવજી ધરોડ, નાગલપુર લક્ષ્મીબેન મગનલાલ હંસરાજ ગંગરના પુત્રી. પત્રી હિંમત, વસંત, કપાયા ચેતના નિતીન, નાગલપુર નવીન, અરવિંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. બી-૮૦૩, પ્રેમનગર લેગસી, નેહરૂ રોડ, મુલુંડ (વે), મું - ૮૦.

ભુજપુરના વીણા સુનિલ દેઢિયા (ઉં.વ. ૭૨) ૧૮/૧૧/૨૫ ના અવસાન પામેલ છે. સ્વ. સુનિલના પત્ની. લક્ષ્મીબેન નગીનદાસ પુંજા સરવણના પુત્રવધૂ. અમી, રોનક, ધ્વનીના માતા. બાડાના વેલબાઈ દામજીના પુત્રી. વર્ષા, ભૂપેન, લાયજા હંસા દેવચંદ, સુરત હીરા શશીકાંત, નવિનાર ઉષા પિયુષ, દેવપર શિલ્પા કેતનના બહેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. વીણા દેઢિયા, ૨૦૧,ઓમ ગાયત્રિ ધામ, ઇન્દ્રપ્રસ્થ પાર્ક,૯૦ ફૂટ ક્રોસ રોડ, મુલુન્ડ-પૂ, ૮૧.

બીદડા ચાપાણી ફળીયાના સાકરબેન મગનલાલ મારૂ (ઉં. વ. ૮૩) તા. ૨૦/૧૧/૨૫ના અવસાન પામ્યા છે. ભાગબાઇ ખીમજી વેરશી મારૂના પુત્રવધૂ. મગનલાલના પત્ની. ભૂપેશ, યોગેશ, પ્રિતીના માતુશ્રી. નિર્મળા નાનજીના પુત્રી. હસમુખ, પ્રફુલ, શાંતા, વાસંતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રિતી શાહ, રૂ.નં. ૭, રાણે નિવાસ, બીપીઈએસ સ્કૂલની બાજુમાં, ભાંડુપ (વે.), મું. ૭૮.

બિદડા (ચાંપાણી ફરીયો)ના હંસરાજ નરશી વેલજી મારૂ (ઉં.વ. ૮૫) ૧૮/૧૧/૨૫ના કચ્છમાં અવસાન પામેલ છે. તેજબાઇ નરશી વેલજીના પુત્ર. સ્વ. મણીબેન (મુલબાઇ)ના પતિ. રીટા, પ્રિતીના પિતા. કેશવજીભાઇ, જયંતીભાઇ, કોડાયના દેવકાબેન, વેલબાઇ (પ્રેમીલા)ના ભાઇ. મેરાઉ દેવકાબેન દેવજી માલશી વીરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ગિરીશ ગાલા, શ્રી ભવાની ધામ, ઘાટલા વિલેજ, ચેમ્બુર, મું. ૭૧.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બોટાદ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. બાબુલાલ સુખલાલ ગોસલીયાના સુપુત્ર મહેન્દ્ર (ઉં.વ.૮૦) તે રસીલાબેનના પતિ. હેતલ, દિપાલી અને કમલેશના પિતા. દિપક, સેતુ અને વીરલના સસરા. સ્વ. ઉદયભાઈ ગોસલીયાના ભાઈ. દેવાંશ અને નિર્વાણના દાદા. વિછિંયા નિવાસી સ્વ. ભોગીલાલ પ્રેમચંદના જમાઈ રવિવાર તા. ૧૬/૧૧/૨૫ના અમેરિકામાં અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધોરાજી નિવાસી હાલ કાંદિવલી, સ્વ. સરયુબેન નવીનચંદ્ર મહેતાના સુપુત્ર વિપુલભાઈ (ઉં.વ.૫૬) તે શિલ્પાબેનના પતિ. ઋતુ તથા નિમિત્તના પિતાશ્રી. અમિતભાઇ તથા અમિષાબેન દેવેશભાઈ લાઠીયાના ભાઈ. સ્વ. ફાલ્ગુનીબેનના દિયર. સ્વસુર પક્ષે સરોજબેન હસમુખભાઈ શાહના જમાઈ તા. ૨૦/૧૧/૨૫ના ગુરુવારે અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર કે પ્રાર્થનાસભા રાખેલ નથી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# તે સ્ટેન્ટ નથી – તે અનુભવી હાથ છે જે તેને મૂકે છે

## શા માટે કાર્ડિયોલોજિસ્ટ કૌશલ્ય હજુ પણ ટેકનોલોજી કરતાં વધુ મહત્ત્વનું છે

એવા યુગમાં જ્યાં દવા વધુને વધુ ઉચ્ચ કક્ષાનાં ઉપકરણો, અલ્ગોરિધમ્સ અને ચોક્સાઇ-એન્જિનિયર્ડ ઇમ્પ્લાન્ટ્સ દ્વારા ચલાવવામાં આવે છે, ત્યાં સરેરાશ દર્દી માટે એવું માનવું સરળ છે કે એન્જિયોપ્લાસ્ટીમાં પરિણામો મોટાભાગે ઉપકરણો પર આધાર રાખે છે, પરંતુ અગ્રણી ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ્સ ચેતવણી આપે છે કે આ માન્યતા ખતરનાક રીતે ગેરમાર્ગે દોરનારી હોઈ શકે છે.

''લોકો ઘણીવાર પૂછે છે કે કયો સ્ટેન્ટ શ્રેષ્ઠ છે, જ્યારે ખરેખર પ્રશ્ન એ હોવો જોઈએ કે તેને કોણ મૂકી રહ્યું છે?''

ડૉ. તનય પાડગાંવકર, એક ખૂબ જ આદરણીય ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ જણાવે છે. તેઓ દક્ષિણ મુંબઈમાં બ્રીચ કેન્ડી હૉસ્પિટલ, સૈફી હૉસ્પિટલ અને ભાટિયા હૉસ્પિટલ સાથે જોડાયેલા છે અને શહેરના કેટલાક સૌથી મુશ્કેલ અને જટિલ કેસોનું સંચાલન કરવા માટે જાણીતા છે.

એક સાધન ભલે તે સારું જ હોય, પણ તેના સંચાલક પણ સારા જ હોવા જોઈએ.

આજે સ્ટેન્ટ બાયોમેડિકલ એન્જિનિયરિંગની અજાયબીઓ છે - અતિ-પાતળા, ડ્રગ-એલ્યુટિંગ, લવચીક અને ટકાઉ, પરંતુ કાર્ડિયોલોજિસ્ટ્સ ભાર મૂકે છે કે સ્ટેન્ટ પ્લેક મોર્ફોલોજી, ધમની વર્તન અથવા બ્રાન્ચ શરીરરચના સમજી શકતો નથી. તે સંપૂર્ણપણે ડૉક્ટરના મૂલ્યાંકન, અર્થઘટન અને તક્નીક પર આધાર રાખે છે.

ડૉ. પાડગાંવકર એક સરળ સર્જિકલ એનલોજી સાથે સમજાવે છે: ''સ્કેલ્પેલ એક જીવન બચાવનાર સાધન છે, પરંતુ કોઈ પણ જટિલ સર્જરીની સફળતા માટે સ્કેલ્પેલને શ્રેય આપશે નહીં. સર્જનના હાથ ફરક પાડે છે.''

આ જ સિદ્ધાંત એન્જિયોપ્લાસ્ટીને લાગુ પડે છે.

અનુભવી ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ્સને જે અલગ પાડે છે તે ફક્ત સ્ટેન્ટ કેવી રીતે ગોઠવે છે તે જ નથી, પરંતુ તેઓ કેવી રીતે નક્કી કરે છે કે તેને ક્યાં અને કેવી રીતે મૂકવું - અથવા વધુ અદ્યતન વ્યૂહરચના જરૂરી છે કે નહીં.



### ચાર પગલાં જ્યાં કૌશલ્ય ટેકનોલોજીને ઓવરરાઇડ કરે છે

નિષ્ણાતો એન્જિયોપ્લાસ્ટીના ચાર સંચાલક-આધારિત તબક્કાઓની રૂપરેખા આપે છે, જ્યાં માનવ નિર્ણય સ્ટેન્ટ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે.

**૧ જખમનું મૂલ્યાંકન**

પ્રથમ નજરમાં અવરોધો સમાન દેખાઈ શકે છે, પરંતુ તેમની બલ્ક, કઠિનતા અને સ્થાન નાટકીય રીતે બદલાઈ શકે છે. છુપાયેલા કેલ્શિયમ નોડ્યુલ્સ સ્ટેન્ટના વિસ્તરણને અસર કરી શકે છે. આ બ્લોકેજીસના સાચા અર્થઘટન માટે ડૉ. પાડગાંવકર ઘણીવાર IVUS અથવા OCT ઇમેજિંગનો ઉપયોગ કરે છે જે સમગ્ર વ્યૂહરચના નક્કી કરવામાં મદદ કરે છે.

**૨ વેસલ સાઈઝિંગ**

નાના કદના સ્ટેન્ટ અથવા ઓછા વિસ્તૃત સ્ટેન્ટ લાંબા ગાળાની નિષ્ફળતાના બે સૌથી સામાન્ય કારણો છે. યોગ્ય સાઈઝ માટે ફક્ત માપન જ નહીં, પરંતુ અનુભવ, શરીરરચનાત્મક પરિચિતતા અને ચોક્સાઈની જરૂર પડે છે. સ્ટેન્ટ ક્યારેય બધાને બંધબેસતું નથી. હકીકતમાં દરેક સ્ટેન્ટને કસ્ટમાઇઝ કરવું પડે છે.

**૩ ડિપ્લોયમેન્ટ ટેક્નિક**

બે કાર્ડિયોલોજિસ્ટ એક જ સ્ટેન્ટનો ઉપયોગ કરી શકે છે અને ખૂબ જ અલગ પરિણામો ઉત્પન્ન કરી શકે છે. સ્ટેન્ટ ડિપ્લોયમેન્ટ માટે તકતી તૈયાર કરવાથી લઈને ગુંચવણભરી વાહિનીઓ નેવિગેટ કરવા, બાજુની શાખાઓનું રક્ષણ કરવા અને શ્રેષ્ઠ વિસ્તરણ સુનિશ્ચિત કરવા સુધીની તક્નીકી કુશળતાની જરૂરત પડે છે. ડૉ. પાડગાંવકર શ્રેષ્ઠ છે, કારણ કે તેમને કોરોનરી એન્જિયોપ્લાસ્ટીમાં ખૂબ જ બહોળો અનુભવ છે, તેમણે ૫૦૦૦થી વધુ પૂર્ણ કરી છે.

**૪ ગૂંચવણોનું સંચાલન**


સંપૂર્ણ આયોજન કરવા છતાં પણ, વાસ્તવિક સમયે પડકારો ઊભા થઈ શકે છે. કાર્ડિયોલોજિસ્ટની શાંત રહેવાની, આગળ વિચારવાની અને સેકન્ડોમાં પ્રતિક્રિયા આપવાની ક્ષમતા કટોકટીને વિનાશક બનતા અટકાવે છે.

સાથીદારોના મતે આ ક્ષમતા - સ્થિર હાથ, વ્યૂહાત્મક વિચારસરણી અને આગોતરા નિર્ણય લેવાની ક્ષમતાના મિશ્રણને જ ડૉ. પાડગાંવકરને મુંબઈના કેટલાક સૌથી પ્રખ્યાત કાર્ડિયાક સેન્ટરોમાં પ્રતિષ્ઠા અપાવી છે.

### ચોકસાઇ અને સંયમ પર બનેલી પ્રતિષ્ઠા

બ્રીચ કેન્ડી અને સૈફી હૉસ્પિટલ્સમાં, ડૉ. પાડગાંવકર વારંવાર જટિલ જખમ - કેલ્સિફાઇડ ધમનીઓ, વિભાજન, યુવાન દર્દીઓમાં ઉચ્ચ-જોખમવાળા બ્લોકેજિસ અને અગાઉ નિષ્ફળ સ્ટેન્ટ ધરાવતા કેસોમાં સામેલ થાય છે. દક્ષિણ કોરિયા અને યુરોપમાંથી ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીમાં તેમની ફેલોશિપ સાથે, તેમને IVUS, OCT અને જટિલ એન્જિયોપ્લાસ્ટી કેસોની સારવારમાં બહોળો અનુભવ છે.

સાથીદારો તેમને ''લેબમાં અવિચલિત '' તરીકે વર્ણવે છે અને ઇન્ટ્રાવાસ્ક્યુલર ઇમેજિંગ, ઝીણવટભરી તૈયારી અને રૂઢિચુસ્ત નિર્ણય પરના તેમના આગ્રહની પ્રશંસા કરે છે. ગિરગાંવના ઓપેરા હાઉસ ખાતેના તેમના ક્લિનિકમાં, તેઓ સરળ, સુલભ ભાષામાં પ્રક્રિયાઓ સમજાવવામાં સમય પસાર કરવા માટે જાણીતા છે, જેનો અભિગમ દર્દીઓ ઊંડાણપૂર્વક મૂલ્યવાન માને છે.




### આ ગુણો કદાચ નીચેના કિસ્સામાં સૌથી વધુ સ્પષ્ટ છે.

**સ્ટેન્ટ હંમેશાં સમસ્યાનો ઉકેલ નથી હોતો.**

૩૪ વર્ષીય કોર્પોરેટ એક્ઝિક્યુટિવ છાતીમાં હળવો દુખાવો લઈને આવ્યા હતા, તેમની પાસે ECG હતો જેમાં હૃદયરોગનો તીવ્ર હુમલો જોવા મળ્યો હતો.

ડૉ. પાડગાંવકર તેમને સૈફી હૉસ્પિટલમાં ઇમરજન્સી એન્જિયોગ્રાફી માટે લઈ ગયા હતા અને એન્જિયોગ્રાફીમાં ખૂબ મોટા થ્રોમ્બસ (લોહીની ગાંઠો) સાથે પ્રોક્સિમલ જખમ જોવા મળ્યો જે ધમનીને સંપૂર્ણપણે અવરોધિત કરી રહ્યો હતો.

તેમણે એક વિશિષ્ટ ઉપકરણ દ્વારા થ્રોમ્બો-સક્શન સાથે ક્લોટ દૂર કર્યું જેનાથી આગળ ધમની સંપૂર્ણપણે ખુલી ગઈ હોય તેવું લાગતું હતું.

ત્યારબાદ તેમણે OCT નામની ઇન્ટ્રાવાસ્ક્યુલર ઇમેજિંગ તકનીકની મદદથી ધમનીની બે વાર તપાસ કરી જે રક્ત વાહિનીની અંદરના ભાગને ઓળખવામાં મદદ કરે છે. OCT એ બતાવ્યું કે લોહીની ગાંઠો સંપૂર્ણપણે ગાયબ થઈ ગઈ હતી અને ઓછામાં ઓછી ચરબી અવરોધ હતી.

તેથી સ્ટેન્ટ ન મૂકવાનો અને દર્દીને દવા પર છોડી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

અઠવાડિયામાં દર્દી સંપૂર્ણ રીતે સાજો થઈ ગયો. બચાવેલ જીવ સ્ટેન્ટને કારણે નહીં પરંતુ ડૉ. પાડગાંવકરની યોગ્ય નિદાન, ઝીણવટભરી તૈયારી અને નિષ્ણાત તકનીકને કારણે બચ્યો હતો.

### દર્દીઓએ જુદા જુદા પ્રશ્નો કેમ પૂછવા જોઈએ**

આજે મોટાભાગના દર્દીઓ પૂછે છે: ''કયો સ્ટેન્ટ શ્રેષ્ઠ છે?''

પરંતુ એનાથી વધુ મહત્ત્વપૂર્ણ પ્રશ્નો કયા છે:

- એન્જિયોપ્લાસ્ટી કોણ કરી રહ્યું છે?
- જટિલ જખમ ધરાવતા કેસોમાં તેઓ કેટલા અનુભવી છે?
- શું તેઓ નિયમિતપણે IVUS અથવા OCT જેવી ઇન્ટ્રાવાસ્ક્યુલર ઇમેજિંગનો ઉપયોગ કરે છે?
- શું તેઓ ઉચ્ચ-ગુણવત્તાવાળી હૉસ્પિટલો સાથે જોડાયેલા છે?
- શું તેમનો યુવાન દર્દીઓ અને ઉચ્ચ જોખમ ધરાવતા કેસોમાં મજબૂત ટ્રેક રેકોર્ડ છે?

સ્ટેન્ટ કંપનીઓ નોંધપાત્ર ઉપકરણો ડિઝાઇન કરી શકે છે, પરંતુ તેઓ જટિલ જખમનું અર્થઘટન કેવી રીતે કરવું, મુશ્કેલ શરીરરચના કેવી રીતે શોધવી, અથવા અચાનક આવતી ગૂંચવણનો હલ કેમ કાઢવો તે નક્કી નથી કરી શકતા. તે ફક્ત ડૉ. પાડગાંવકર જેવા અનુભવી ડૉક્ટર જ કરી શકે છે.

### એન્જીયોપ્લાસ્ટીની દુનિયામાં, એક સત્ય યથાવત છે:

શ્રેષ્ઠ સ્ટેન્ટ અગત્યનો છે- પરંતુ તેનાથી પણ વધુ અગત્યનું છે કે તે કોણ મૂકી રહ્યું છે.

અને જ્યારે કુશળતા, અનુભવ અને સ્થિર નિર્ણય તે હાથોને માર્ગદર્શન આપે છે, ત્યારે પરિણામો જીવન બદલી શકે છે.

Know yr Dr.

નામઃ ડૉ. તનય પાડગાંવકર

માનદ્ પદવીઃ ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ M.D., D.M., FSCAI (USA), FESC (EUROPE)

એડ્રેસઃ ૧૨૦૭/૧૨૦૭એ, પંચરત્ન, ઓપેરા હાઉસની સામે, ગિરગાંવ, મુંબઈ ૪૦૦ ૦૦૪.

કોન્ટેક્ટ નંબરઃ 98208 22666

વેબસાઈટઃ www.drtanayp.com

# મતદારયાદીમાં સુધારણાને પડકારઃ સુપ્રીમ કોર્ટની ચૂંટણી પંચને નોટિસ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલત કેરળ, ઉત્તર પ્રદેશ સહિતના કેટલાક રાજ્યમાંની મતદારયાદી સુધારણા (સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન) પ્રક્રિયાને પડકારતી અનેક અરજીની સુનાવણી કરવા શુક્રવારે સહમત થઇ હતી.

ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ એસ. વી. એન. ભટ્ટી અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બનેલી બૅન્ચે મતદારયાદી સુધારણા પ્રક્રિયાને અલગ-અલગ મુદ્દે પડકારતી વિવિધ રાજકીય પક્ષો દ્વારા કરાયેલી અરજીના સંબંધમાં ચૂંટણી પંચને નોટિસ પાઠવી હતી. કેરળમાંની મતદારયાદી સુધારણાની પ્રક્રિયાની અરજી કરનારના વકીલ કપિલ સિબલે દલીલ કરી હતી કે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી પણ યોજાવાની હોવાથી હાલમાં આવી પ્રક્રિયા હાથ ધરવાની ઉતાવળ કરવી ન જોઇએ.

બૅન્ચે કેરળની સંબંધિત અરજીની સુનાવણી ૨૬ નવેમ્બરે રાખી હતી, જ્યારે અન્ય રાજ્યોની આવી અરજીઓની સુનાવણી ડિસેમ્બરના પ્રથમ કે બીજા અઠવાડિયે રાખવાનો નિર્ણય લીધો હતો.

સર્વોચ્ચ અદાલત દેશભરમાં મતદારયાદી સુધારણાની પ્રક્રિયા હાથ ધરવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી અનેક અરજીની સુનાવણી હાલમાં કરી રહી છે, તેમાં આ નવી અરજીઓનો ઉમેરો થયો છે.

દ્રમુક અને માર્ક્સવાદી પક્ષે તમિળનાડુ તેમ જ પશ્ચિમ બંગાળમાંની કૉંગ્રેસ પાર્ટી અને તૃણમૂલ કૉંગ્રેસે પશ્ચિમ બંગાળ માટે કરેલી સંબંધિત અરજીઓ અંગે સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચ પાસે ૧૧ નવેમ્બરે પણ અલગ-અલગ જવાબ માગ્યા હતા. (એજન્સી)■

# ઝારખંડ, પશ્ચિમ બંગાળમાં કોલસા માફિયાઓ પર ઈડીના દરોડામાં ₹૧૦ કરોડની રોકડ મળી

રાંચીઃ બે પડોશ રાજ્યસ્થિત કોલસા માફિયાઓ વિરુદ્ધના મનીલૉન્ડરિંગ કેસને મામલે ચાલી રહેલી તપાસના ભાગરૂપ ઍન્ફૉર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ શુક્રવારે દરોડા પાડી ૧૦ કરોડ રૂપિયા કરતાં પણ વધુની રોકડ રકમ અને સોનું જપ્ત કર્યું હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

જુદા જુદા ૪૦ કરતાં પણ વધુ સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા. ઈડીના ૧૦૦ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓની મદદથી શુક્રવારે વહેલી સવારે છ વાગ્યાથી દરોડા પાડવાનો આરંભ કરવામાં આવ્યો હતો. પશ્ચિમ બંગાળમાંથી આઠ કરોડ રૂપિયાની રોકડ રકમ અને સોનું જપ્ત કરવામાં આવ્યાં હતાં તો ઝારખંડમાં દરોડા દરમિયાન ૨.૨ કરોડ રૂપિયાની રોકડરકમ જપ્ત કરવામાં આવી હતી.

ઝારખંડમાં પાડવામાં આવેલા દરોડા દરમિયાન જમીન સોદા સંબંધિત ૧૨૦ કરાર પણ જપ્ત કરવામાં આવ્યા હતા. (એજન્સી) ■

# સીએએ-વિરોધી આંદોલનનો આશય બાંગ્લાદેશ, નેપાળ જેવા સત્તા પરિવર્તનનોઃ કોર્ટને જણાવ્યું

નવી દિલ્હીઃ સિટિઝનશિપ અમેન્ડમેન્ટ ઍક્ટ (સીએએ) વિરુદ્ધ પ્રદર્શનનો આશય બાંગ્લાદેશ, નેપાળના ધોરણે ભારતમાં પણ સત્તા પરિવર્તન કરવાનો હોવાનું દિલ્હી પોલીસે શુક્રવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું.

ફેબ્રુઆરી ૨૦૨૦ના રમખાણ કેસને મામલે એક્ટિવિસ્ટ ઉમર ખાલિદ, શાર્જિલ ઈમામ અને અન્યોની જામીનની અરજીનો વિરોધ કરતા દિલ્હી પોલીસે ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

દિલ્હી પોલીસ વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ. વી. રાજુએ ન્યાયાધીશ અરવિંદકુમાર અને એન. વી. અંજારિયાની ખંડપીઠને કહ્યું હતું કે હિંસા માટે દિલ્હી રમખાણ માટે કથિત આર્થિક ભંડોળ પૂરું પાડનાર તાહિર હુસૈન, શિફા-ઉર-રહેમાન, મેરાન હૈદર, ઈશરતજહાં અને ખાલિદ સૈફી સહિત અનેક આરોપીઓને સંડોવતા કાવતરાંનું પરિણામ હતું.

સાક્ષીઓનાં નિવેદનને ટાંકતાં તેમણે કહ્યું હતું કે કાવતરાંખોરોએ હિંસા, ચક્કાજામ અને આસામને ભારતથી અલગ કરી દેવાની યોજના બનાવી હતી. કાવતરાંખોરોએ શસ્ત્રો, એસિડની બાટલીઓ અને લાકડીઓ સાથે મોટા પ્રમાણમાં પથ્થરમારો કરવામાં સંડોવાયેલા રમખાણકર્તાઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ અનલૉફૂલ ઍક્ટિવિટિઝ પ્રિવેન્શન ઍક્ટ (યુએપીએ)નો સ્પષ્ટ કેસ હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આ સીએએના વિરોધમાં માત્ર સાદા ધરણા નહોતા. આનો મુખ્ય આશય સત્તા પરિવર્તનનો હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# ધર્મેન્દ્ર પ્રધાન ભાજપ-પ્રમુખ?

નવી દિલ્હીઃ ભાજપ છેલ્લા કેટલાય મહિનાથી તેના રાષ્ટ્રીય પ્રમુખના નામને લઈને અંતિમ નિર્ણય નથી લઈ શકી, પરંતુ બિહાર વિધાનસભાની ચૂંટણીમાં મળેલી સફળતાના સ્વાદ બાદ કેન્દ્રીય પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનની દાવેદારી રાષ્ટ્રીય પ્રમુખ માટે મજબૂત હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. બિહાર ચૂંટણીમાં ભાજપના પ્રભારી તરીકે તેમણે ફરજ નિભાવી હતી. ■
































# ઢાકામાં ૫.૭નો ભૂકંપ: છનાં મોત

નવી દિલ્હી: બાંગ્લાદેશના ઢાકા સહિત અન્ય વિસ્તારમાં શુક્રવારે સવારે ૧૦:૩૮ વાગે આવેલા ૫.૭ની તીવ્રતાના ભૂકંપમાં નવજાત શીશુ સહિત છ જણનાં મોત થયાં હોવા ઉપરાંત પચાસથી પણ વધુ લોકો ઘાયલ થયા હતા.

ભૂકંપની કારણે અનેક ઈમારતોને નુકસાન થયું હતું તેમ જ અનેક જગ્યાએ આગ ફાટી નીકળી હતી જેને કારણે લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. ભૂકંપને કારણે ઢાકામાં ત્રણ તો નારાયણગંજ પરાં વિસ્તારમાં એક જણનું મોત થયું હતું.

હવામાન ખાતાના જણાવ્યાનુસાર ભૂકંપનું કેન્દ્રબિન્દુ ઢાકાના ઈશાન વિસ્તારમાં નારસિંગડીમાં જમીનથી ૧૦ કિ.મી.ની ઊંડાઈએ હતું. ઢાકાના નાયબ પોલીસ કમિસનર મલિક અહેસાન ઉદ્દીન સામીએ અગ્નિશમન દળને ટાંકતા કહ્યું હતું કે જૂના ઢાકાના અર્માનીતોલા વિસ્તારમાં રેઈલિંગ, બામ્બુ અને પાંચ માળની ઈમારતનો કાટમાળ પડવાને કારણે ત્રણ જણનું મોત નીપજ્યું હતું. મૃતકોમાંનો એક તબીબી વિદ્યાર્થી હતો. મૃતકોમાંનો એક આઠ વર્ષનો હતો.

ભૂકંપને કારણે જે દિવાલની નજીક તેઓ ચાલી રહ્યા હતા તે તૂટી પડતાં એક દીવાલ તૂટી પડતાં એક નવજાત શશીનું મોત નીપજ્યું હતું. (એજન્સી)

# દિલ્હી ગૅસ ચૅમ્બર બની ગયું: હેલ્થ ઈમર્જન્સીના સ્તરે પ્રદૂષણ

નવી દિલ્હી : દિલ્હીની હવાની ગુણવત્તા શુક્રવારે વધુ ખરાબ થઈ ગઈ હતી. ઘણા વિસ્તારોમાં એર ક્વોલિટી ‘ગંભીર’ લેવલથી નીચે જતી રહી હતી. મેડિકલ અલર્ટ અને સર્વે પરથી જાણવા મળે છે કે છેલ્લા મહિનામાં દિલ્હી-એનસીઆરના લગભગ ૮૦ ટકા ઘરોમાં ઓછામાં ઓછો એક સભ્ય ઝેરી હવાને કારણે બીમાર પડ્યો છે. તેને ‘પબ્લિક હેલ્થ ઈમજરન્સી’ ગણાવતા નિષ્ણાતોએ કહ્યું હતું કે એ વાતના પુરાવા છે કે પ્રદૂષણની ઉંમર પર અસર થાય છે. ડોક્ટરોએ એમ પણ કહ્યું હતું કે જ્યારે માસ્ક અને એર પ્યુરિફાયર ચોક્કસ રક્ષણ આપે છે પરંતુ આ સમસ્યાનો સામનો કરવા માટે વર્ષભર નીતિમાં ફેરફારની જરૂર છે.

સરકારની સમીર એપ અનુસાર, દિલ્હીમાં શુક્રવારે સવારે ૯ વાગ્યે ૨૪ કલાકનો સરેરાશ એક્યૂઆઈ ૩૭૦ નોંધાયો હતો.આ સતત આઠમો દિવસ છે જ્યારે દિલ્હીનો એક્યૂઆઈ ‘ખૂબ જ ખરાબ’ કેટેગરી રહ્યો છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડે નોંધ્યુ હતું કે બુધવારે એક્યૂઆઈ સ્તર ૩૯૨, મંગળવારે ૩૭૪ અને સોમવારે ૩૫૧ હતું, જે સાપ્તાહિક રીતે તીવ્ર વધારો દર્શાવે છે.૧૮ થી વધુ મોનિટરિંગ સ્ટેશનોએ એક્યૂઆઈ ૪૦૦ થી ઉપર નોંધાવ્યો છે.આમાં ચાંદની ચોક, આનંદ વિહાર, મુંડકા, બવાના, નરેલા, ડીટીયુ અને વઝીરપુરનો સામેલ છે જેમાંથી ઘણા સતત ૪૦૦-૪૫૦ની રેન્જને પાર કરે છે.

પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની એર ક્વોલિટી અર્લી વોર્નિંગ સિસ્ટમે જણાવ્યું હતું કે દિલ્હીની હવા ગુણવત્તા ‘ગંભીર’ માં જવા અને આગામી છ દિવસ સુધી ‘ખૂબ જ ખરાબ’ થી ‘ગંભીર’ ક્ષેત્રમાં રહેવાની ધારણા છે જે સ્થિર પવન અને શિયાળાના કારણે છે. એઈમ્સના નિષ્ણાતોએ ચેતવણી આપી હતી કે વાયુ પ્રદૂષણ ‘‘મેડિકલ ઈમર્જન્સી’’ ક્ષેત્રમાં પ્રવેશી ગયું છે, હોસ્પિટલોમાં શ્વસન અને પ્રદૂષણ સંબંધિત કેસોમાં ૧૦-૧૫ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. અહીંનું પ્રદૂષણ એકદમ ગંભીર અને જીવલેણ છે. ■

# કર્ણાટક કૉંગ્રેસની કટોકટીનો અંત?: સિદ્ધરામૈયા જ મુખ્ય પ્રધાન રહેશે?

બેંગ્લુરુ : કર્ણાટક સરકારના નેતૃત્વમાં સંભવિત પરિવર્તન અંગે અટકળો વચ્ચે, નાયબ મુખ્ય પ્રધાન ડીકે શિવકુમારના વફાદાર ધારાસભ્યો કોંગ્રેસના ટોચના નેતાઓને મળવા માટે નવી દિલ્હી ગયા હતા, ત્યારે મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાએ બધી અફવાઓને ફગાવી દીધી હતી અને તેને ‘‘બિનજરૂરી ચર્ચા’’ ગણાવી હતી.

સિદ્ધારમૈયાની આગેવાની હેઠળની સરકારે રાજ્યમાં અઢી વર્ષ પૂર્ણ કર્યા પછી, અને તાજેતરમાં સિદ્ધારમૈયા અને શિવકુમાર વચ્ચે રોટેશનલ મુખ્ય પ્રધાન ફોર્મ્યુલા પર આધારિત કથિત સોદામાંથી ઉભરી આવેલી અટકળો પછી આ વાત સામે આવી છે. અહેવાલોમાં કરારનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જેમાં સિદ્ધારમૈયા અને શિવકુમાર બંને અઢી વર્ષ માટે ટોચના પદ પર રહેશે, પરંતુ પક્ષ દ્વારા હજુ સુધી તેની પુષ્ટિ કરવામાં આવી નથી.

ગુરુવારે પત્રકારો સાથે વાત કરતા, સિદ્ધારમૈયાએ કહ્યું કે તે બિનજરૂરી ચર્ચા છે.

તેમણે ઉમેર્યું હતું કે, અઢી વર્ષ પછી પ્રધાનમંડળમાં ફેરબદલ થઈ શકે છે તેવું કહેવા પછી જ મુખ્ય પ્રધાન બદલવાનો મુદ્દો સામે આવ્યો. પક્ષના નેતાઓએ પ્રધાનમંડળમાં ફેરબદલ અંગે નિર્ણય લેવાની જરૂર છે.

રાજ્યના ચામરાજનગરની મુલાકાત દરમિયાન, સિદ્ધારમૈયાએ કહ્યું કે તેમની સત્તા સુરક્ષિત છે અને ઉમેર્યું હતું કે લોકોને આપેલા વચનો પૂરા કરવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.■

# વસુધૈવ કુટુમ્બકમનો દૃષ્ટિકોણ જી-૨૦માં રજૂ કરશે પીએમ મોદી

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે જોહાનિસબર્ગમાં જી૨૦ સમિટમાં ભાગ લેવા માટે દક્ષિણ આફ્રિકાના ત્રણ દિવસના પ્રવાસે ગયા છે, અને કહ્યું હતું કે તેઓ ‘વસુધૈવ કુટુંબકમ’ અને ‘એક પૃથ્વી, એક પરિવાર અને એક ભવિષ્ય’ના દ્રષ્ટિકોણ અનુસાર ફોરમમાં ભારતનો દ્રષ્ટિકોણ રજૂ કરશે.

આફ્રિકા ખંડમાં આ પહેલી વાર જી-૨૦ સમિટ યોજાઈ રહી છે.

‘‘દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં જી-૨૦ સમિટમાં હાજરી આપીશ. આ ખાસ કરીને ખાસ સમિટ છે કારણ કે તે આફ્રિકામાં યોજાઈ રહી છે. ત્યાં વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. સમિટ દરમિયાન વિવિધ વિશ્વ નેતાઓને મળીશ,’’ તેવું મોદીએ એક્સ પર પોસ્ટ કર્યું હતું.

સમિટના અંતે, વડા પ્રધાન જોહાનિસબર્ગમાં હાજર કેટલાક નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરે તેવી અપેક્ષા છે. તેઓ ત્યાં છઠ્ઠી આઈબીએસએ સમિટમાં પણ હાજરી આપશે.

વડા પ્રધાને તેમના પ્રસ્થાન નિવેદનમાં કહ્યું કે, હું ‘વસુધૈવ કુટુમ્બકમ’ અને ‘એક પૃથ્વી, એક પરિવાર અને એક ભવિષ્ય’ ના અમારા વિઝનને અનુરૂપ સમિટમાં ભારતનો દ્રષ્ટિકોણ રજૂ કરીશ.’’ ■

# ફરીદાબાદમાં આતંકવાદી ડૉ. મુઝમ્મિલ ઘરમાં ગ્રાઈન્ડરની મદદથી બૉમ્બ બનાવતો હતો

ફરીદાબાદ : દિલ્હીમાં લાલ કિલ્લા પાસે કાર બોમ્બ વિસ્ફોટ સાથે જોડાયેલા આતંકવાદી હુમલા પહેલા જમ્મુ અને કાશ્મીર પોલીસે અલ-ફલાહ યુનિવર્સિટીમાં ભણાવનારા પ્રોફેસર ડો. મુઝમ્મિલ શકીલની ધરપકડ કરી હતી.ત્યારબાદ એક આત્મઘાતી બોમ્બર ડો. ઉમરની દિલ્હીમાં આતંકવાદી હુમલો કર્યો હતો, જેમાં ૧૩ લોકો માર્યા ગયા હતા. તપાસ એજન્સીઓએ હવે ડો. મુઝમ્મિલ શકીલ સંબંધિત એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. અલ-ફલાહ યુનિવર્સિટી સાથે સંકળાયેલા આ ડોક્ટરે બોમ્બ બનાવવા માટે ઘરમાંની અનાજ દળવાની ઘંટીને કે ગ્રાઇન્ડરને બોમ્બ બનાવવાના મશીનમાં રૂપાંતરિત કરી હતી. આ સામગ્રી ફરીદાબાદના એક ઘરમાંથી મળી આવી હતી. નોંધનીય છે કે મુઝમ્મિલ શકીલના સહયોગી ડો. ઉમરે દિલ્હીમાં કાર બોમ્બ વિસ્ફોટ કર્યો હતો જેની તપાસ એનઆઈએ કરી રહી છે

ફરીદાબાદના ધૌજ ગામમાં એક ઘરમાં આતંક ફેલાવવા માટે પાઉડર બનાવવામાં આવી રહ્યો હતો. દિલ્હી કાર વિસ્ફોટના સહ-આરોપી ડો. મુઝમ્મિલે અનાજ દળવાની ઘંટીને કેમિકલ વર્કશોપમાં ફેરવી દીધી હતી. હરિયાણાના ફરીદાબાદમાં એક ટેક્સી ડ્રાઇવરના ઘરમાંથી મળેલી મિલ અને ઇલેક્ટ્રિકલ મશીનરીની તસવીરો તેની તૈયારીઓ દર્શાવે છે.

અનાજ દળવાની ઘંટી મૂળ એક ગ્રાઇન્ડર છે તેમાં ઘન પદાર્થોને કચડીને પાવડર બનાવવામા આવે છે.૧૦ નવેમ્બરના રોજ થયેલા વિસ્ફોટના એક દિવસ પહેલા એક વીડિયો સામે આવ્યો હતો જેમાં મૌલવીના ઘરમાં સંગ્રહિત ૨૬૦૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ જોવા મળી રહ્યું છે જ્યાંથી મુઝમ્મિલે માત્ર ૧૫૦૦ રૂપિયા પ્રતિ મહિનાના ભાવે એક રૂમ ભાડે લીધો હતો. આ જથ્થો આતંકવાદી મોડ્યુલનો એક મહત્ત્વપૂર્ણ ભાગ હતો. ■

# કાઠમંડુમાં ફરી ટેન્શન: બંને જૂથના ટેકેદારો આમનેસામને

કાઠમંડુ: બંને જૂથના ટેકેદારો વચ્ચે થયેલી અથડામણ બાદ બારા જિલ્લામાં કરફ્યૂ લાદવામાં આવ્યાના ગણતરીના દિવસો બાદ નેપાળના પદભ્રષ્ટ વડા પ્રધાન કેપી શર્મા ઓલીના વડપણ હેઠળના સીપીએન-યુએમએલના ટેકેદારો અને જેન ઝી ગ્રૂપના યુવાનો શુક્રવારે કાઠમંડુમાં ફરી આમનેસામને આવી ગયા હતા. ઓલીનો વિરોધ કરવા જેન ઝી ગ્રૂપના ડઝનબંધ ઘાયલ યુવાનોએ કાઠમંડુના મૈતીઘર મંડલામાં શુક્રવારે ધરણા કર્યા હતા.

આઠ સપ્ટેમ્બરે વિદ્યાર્થીઓના વિરોધપ્રદર્શન દરમિયાન કરવામાં આવેલી કાર્યવાહીમાં ૭૬ જણનાં મોત માટે જેન ઝીના યુવાનો ઓલીને જવાબદાર માને છે.

નજીકના બાનેશ્વર-બાબરમહલ વિસ્તારમાં સીપીએન-યુએમએલની રેલીના વિરોધમાં શુક્રવારે ધરણા કરવામાં આવ્યા હતા જ્યાં પક્ષના વડા ઓલીએ નેશનલ વૉલન્ટિયર્સ ફોર્સને યુએમએલના નેતાઓ અને કાર્યકર્તાઓને સંરક્ષણ પૂરું પાડવાની જાહેરાત કરી હતી.

યુએમએલ અને જેન ઝી એમ બંનેના કાર્યકર્તાઓ દ્વારા એક સ્થળે અને એક જ સમયે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. (એજન્સી)■

# ટ્રમ્પના શાંતિ પ્રસ્તાવથી યુક્રેન ધૂંઆપૂંઆ: રશિયાને કેટલોક વિસ્તાર સોંપવાની છે વાત

વોશિંગ્ટન : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે યુક્રેન અને રશિયા યુદ્ધ સમાપ્ત કરવાની યોજના રજૂ કરી હતી. આ યોજના હેઠળ યુક્રેનનો કેટલોક હિસ્સો રશિયાને સોંપવા અને તેમના લશ્કરનું કદ પણ ઘટાડવાનો પ્રસ્તાવ સામેલ છે. આ જાણકારી શાંતિ માટે તૈયાર કરાયેલા મુસદ્દામાં આપવામાં આવી છે. અમેરિકા અને રશિયા વચ્ચે થયેલી વાતચીતના આધાર પર આ મુસદ્દો તૈયાર કરાયો છે. યુક્રેન આ પ્રસ્તાવથી લાલઘૂમ છે અને આનો સ્વીકાર કરે એવી શક્યતા નહીંવત છે. જોકે વિરોધના વંટોળ વચ્ચે યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે આ પ્રસ્તાવ સંબંધે ચર્ચા કરવાની ઘરપત આપી હતી. રશિયાએ લગભગ ચાર વર્ષ પહેલાં તેના પાડોશી પર આક્રમણ કરીને યુદ્ધ શરૂ કર્યું હતું.જોકે યુક્રેનના પ્રમુખ પોતાના દેશના હિસ્સા રશિયાને આપવાનો ઈનકાર કરતા આવ્યા છે. યુરોપિયન નેતાઓ તરફથી પણ વિરોધ કરવામાં આવ્યો છે, જેઓ અમેરિકાના શાંતિ પ્રયાસોને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને તેમના આક્રમણ માટે પુરસ્કાર આપનાર તરીકે નિંદા કરે તેવી શક્યતા છે. ■

# રાજયપાલ માટે ખરડાની મંજૂરીની સમયમર્યાદા નક્કી ન થાય ત્યાં સુધી લડાઇ ચાલુ જ રહેશે: સ્ટાલિન

ચેન્નઈ : તમિળનાડુના મુખ્ય પ્રધાન અને ડી. એમ. કે પ્રમુખ એમ કે સ્ટાલિને શુક્રવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યાં સુધી રાજ્યપાલ માટે ખરડો પાસ કરવા માટેની સમયમર્યાદા નક્કી કરવા માટે બંધારણમાં સુધારો ન થાય ત્યાં સુધી પોતે જંપીને બેસશે નહીં, ‘‘કોઈ આરામ નહીં’’. રાષ્ટ્રપતિ સંદર્ભ પર સુપ્રીમ કોર્ટના એડવાઈઝરી ઓપિનિયન પર તેમની પ્રથમ પ્રતિક્રિયામાં સ્ટાલિને કહ્યું હતું કે, ‘‘રાજ્યના અધિકારો અને સાચા સંઘવાદ માટે અમારી લડાઈ ચાલુ રહેશે.’’ એક નિવેદનમાં સ્ટાલિને કહ્યું હતું કે રાષ્ટ્રપતિ સંદર્ભના જવાબમાં સુપ્રીમ કોર્ટના અભિપ્રાયનો તમિળનાડુ રાજ્ય વિરુદ્ધ તમિળનાડુના રાજ્યપાલના કેસમાં આઠ એપ્રિલ, ૨૦૨૫ના ચુકાદા પર કોઈ પ્રભાવ પડશે નહીં.

વાસ્તવમાં મુખ્યપ્રધાને કહ્યું હતું કે સલાહકાર અભિપ્રાય આપતી બેન્ચે ઘણા મુખ્ય સિદ્ધાંતોને ફરીથી સમર્થન આપ્યું છે. તેમાં એક એવો દાવો સામેલ છે કે ચૂંટાયેલી સરકાર ડ્રાઇવરની સીટ પર હોવી જોઈએ અને રાજ્યમાં કારોબારીના સત્તાનાં કેન્દ્રો હોઈ શકે. તેમણે કહ્યું હતું કે બંધારણીય પદાધિકારીઓએ બંધારણીય માળખામાં રહીને કાર્ય કરવું જોઈએ, તેનાથી ઉપર ક્યારેય નહીં. રાજ્યપાલ પાસે ખરડાને નષ્ટ કરવાનો અથવા ’પોકેટ વીટો’નો ઉપયોગ કરવાનો કોઈ ચોથો વિકલ્પ નથી અને તેમની પાસે ખરડાને રોકવાનો કોઈ વિકલ્પ નથી. ■

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| નિકટ | તંત્ર |
| નિખર્વ | પાસે |
| નિખાર | સો અબજ |
| નિગમ | સાર |
| નિચોડ | ઉઘાડ |

## ઓળખાણ પડી?



તાજેતરમાં આ મહિલાએ દેશના સર્વપ્રથમ મહિલા વડાંપ્રધાન તરીકે હોદ્દો સંભાળ્યો હતો. તેઓ કયા દેશનું પ્રતિનિધિત્વ કરે છે એ જણાવો.

અ) મ્યાનમાર બ) ઈન્ડોનેશિયા ક) જાપાન ડ) દક્ષિણ કોરિયા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ મ | ૩ તો | ૪ લ | ન | ■ | ૫ પા | ૬ વ | ભા | ૭ જી |
| ૮ મા | ર | ફા | ડ | ■ | ૯ હ | વ | ન | ■ | ગ |
| શો | ■ | ૧૦ ન | ત | ૧૧ મ | સ્ત | ક | ■ | ૧૨ રી | રી |
| ૧૩ ધ | ૧૪ ડો | ■ | ■ | ૧૫ ના | ક | ■ | ૧૬ ગુ | ■ | ■ |
| ૧૭ ન | બ | ળા | ૧૮ ઈ | ■ | ૧૯ લા | ૨૦ ગ | લા | ૨૧ ગ | ટ |
| ■ | ર | ■ | ૨૨ સ | ૨૩ ઈ | ■ | ૨૪ મ | લ | મ | ■ |
| ૨૫ ના | મે | ૨૬ રી | ■ | ૨૭ ત | ડ | ■ | ■ | ૨૮ ખ્વા | ૨૯ બ |
| ૩૦ જ | ન | સા | ગ | ર | ■ | ૩૧ અ | ૩૨ કા | ર | ણ |
| ની | ■ | ળ | ■ | ૩૩ જ | ૩૪ વા | હ | ર | ■ | બ |
| ૩૫ ન | ત | ■ | ૩૬ જ | ન | ક | લ્યા | ણ | ■ | ણ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | | ■ | ૫ |
| | ■ | | ■ | ૬ | | | ■ | ૭ | |
| ૮ | | ■ | ૯ | | | ■ | ૧૦ | | |
| | ■ | ૧૧ | | | ■ | ૧૨ | | | ■ |
| ૧૩ | | | ■ | ૧૪ | | | ■ | ■ | ૧૫ |
| ■ | ■ | ૧૬ | | | ■ | ■ | ૧૭ | | |
| ૧૮ | | | ■ | ૧૯ | ૨૦ | | | ■ | |
| | ■ | ■ | ૨૧ | ■ | | ■ | | ■ | |
| ૨૨ | ૨૩ | ■ | ૨૪ | ૨૫ | | ૨૬ | ■ | ૨૭ | |
| ૨૮ | | | | | ■ | ૨૯ | | | |

### આડી ચાવી

૧. નાટકશાળા (૪)
૩. ગુજરાતનું લોકનાટય (૩)
૬. અફીણ કેફી વસ્તુ (૩)
૭. કવિતા લખે તે (૨)
૮. ‘રોકવું’નું આજ્ઞાર્થ (૨)
૯. કૂચ, હુમલો, ચડાઇ (૩)
૧૦. સજાગ (૩)
૧૧. મોટા સમૂહનો વસવાટ (૩)
૧૨. તહેવારોનો મહિનો (૩)
૧૩. ના પાડવી તે (૩)
૧૪. સત્કાર કરું (૩)
૧૬. મધ્ય પ્રદેશનો એક ભાગ (૩)
૧૭. કમી કરવું તે (૩)
૧૮. અડગ (૩)
૧૯. રત, લીન (૪)
૨૨. લાવ, નદીના ... પર તારું નામ લખી દઉં (૨)
૨૪. નાતનું જમણ (૪)
૨૭. આકાશ (૨)
૨૮. નિષેધક મનોવૃત્તિ (૫)
૨૯. પગનો અવાજ (૪)

### ઊભી ચાવી

૧. રંગ કરી સુશોભિત કરવું તે (૫)
૨. જમીન (૨)
૩. વમળ, ઘૂમરી, ચકરી (૩)
૪. એક કઠોળ (૨)
૫. ભિન્ન ભિન્ન (૩)
૬. છાશવારે, ઘણીવાર (૬)
૭. કવિતા કરવી તે (૩)
૯. સહન કરે (૨)
૧૦. નર્યું, તદ્દન, બિલકુલ (૨)
૧૧. સંકોચશીલ સ્વભાવવાળું (૪)
૧૨. નરવું (૨)
૧૫. પોતાનો અનુભવ (૬)
૧૭. રોટલી માટે બાંધેલો લોટ (૩)
૧૮. શીખવવું (૪)
૨૦. ‘મનાવવું’નું આજ્ઞાર્થ (૩)
૨૧. જડ, નાશવંત દેહ (૩)
૨૩. --- ઉઘરાવવા એટલે ભીખી ખાવું (૨)
૨૫. મોકો, લાગ (૨)
૨૬. છોડ (નાનો) (૨)
૨૭. અણી, ધાર (૨)

## ગુજરાત મોરી મોરી રે

આ વર્ષે નાટ્ય પ્રેમી દર્શકોમાં સારો આવકાર મેળવનારા દિલધડક સસ્પેન્સ નાટકના નામમાં ‘દિવ્યા ---- છે?’ ખૂટતો શબ્દ ઉમેરી નામ પૂર્ણ કરો.

અ) દમદાર બ) ડોશી ક) ચાલાક ડ) દોષી

## જાણવા જેવું

સંખ્યા એટલે રકમ, આંકડો કે આંકડા ગણવાની પદ્ધતિ, સંખ્યા લખવાનો અને ગણવાનો અનુક્રમ આ પ્રમાણે છે. એકમ બાદ એકડાની પાછળ શૂન્યના ઉમેરા સાથે એ દશક, સો, હજાર, દસ હજાર, લાખ, દસ લાખ, કરોડ, દસ કરોડ, અબજ, ખર્વ, નિખર્વ, મહાપદ્મ, શંકુ, જલધિ, અંત્ય, મધ્ય અને પરાર્ધ તરીકે ઓળખાય છે.

## સુડોકુ-૯૧૪૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | | ૨ | | ૯ | | ૩ | ૬ |
| ૧ | | | ૩ | | ૬ | | | ૮ |
| ૩ | | | | | | | | ૪ |
| | ૩ | | ૯ | | ૧ | | ૫ | |
| | | | | | | | | |
| | ૧ | | ૪ | | ૭ | | ૬ | |
| ૨ | | | | | | | | ૫ |
| ૭ | | | ૫ | | ૨ | | | ૩ |
| ૬ | ૮ | | ૧ | | ૩ | | ૯ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૧૪૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૩ | ૬ | ૧ | ૯ | ૫ | ૮ | ૭ |
| ૫ | ૮ | ૧ | ૨ | ૪ | ૭ | ૩ | ૬ | ૯ |
| ૭ | ૯ | ૬ | ૮ | ૩ | ૫ | ૧ | ૨ | ૪ |
| ૮ | ૨ | ૭ | ૧ | ૫ | ૩ | ૭ | ૪ | ૬ |
| ૧ | ૫ | ૭ | ૪ | ૮ | ૬ | ૨ | ૯ | ૩ |
| ૩ | ૬ | ૪ | ૯ | ૭ | ૨ | ૮ | ૫ | ૧ |
| ૬ | ૭ | ૫ | ૩ | ૨ | ૪ | ૯ | ૧ | ૮ |
| ૯ | ૧ | ૨ | ૭ | ૬ | ૮ | ૪ | ૩ | ૫ |
| ૪ | ૩ | ૮ | ૫ | ૯ | ૧ | ૬ | ૭ | ૨ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

ગળપણમાં સાકરની હાજરી હોય છે. વિશ્વનો કયો દેશ સાકર ઉત્પાદનમાં નંબર વન છે એ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) પોર્ટુગલ
બ) બ્રાઝિલ
ક) ઈટલી
ડ) નોર્વે

## નોંધી રાખો

પગમાં વાગેલી ઠોકર આપણને સાચવીને ચાલવાનું શીખવે છે જ્યારે મનમાં વાગેલી ઠોકર સમજદારીથી રહેવાનું શીખવી જાય છે.

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૧૮, ૪૦, ૬૨, ૮૪, ૧૦૬ .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૦૬ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૧૪ બ) ૧૨૮
ક) ૧૩૪ ડ) ૧૪૯

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| નોંક | અણી |
| નોંધારું | એકલવાયું |
| નોકઝોક | ખેંચાખેંચી |
| નોખું | જુદું |
| નોછાવર | ઓવારવું |

ઓળખાણ પડી
શેફાલી વર્મા

માઈન્ડ ગેમ
૨૯૮

ગુજરાત મોરી મોરી રે
ચકડોળ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
ભારત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભારતી બુત (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) કિશોરકુમાર જીવણદાસ વેદ (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) નીતા દેસાઈ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મહેશ દોશી (૧૩) લજિતા ખોના (૧૪) હર્ષા મહેતા (૧૫) કિરીટ છેડા (૧૬) જયવંત પદમશી ચિખલ (૧૭) મહેશ સંઘવી (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) ભાવના કર્વે (૨૨) નિતીન જયંતિલાલ બજરિયા (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) પ્રવીણ વોરા (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અલકા વાણી (૩૦) ડાયના સંતોકે (૩૧) વિપીન શાહ (૩૨) નૂતન વિપીન શાહ (૩૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) ડો. પ્રકાસ કટકિયા (૩૮) ધીરેન્દ્ર મુલરાજ (૩૯) ગીતા ઉદેશી (૪૦) પ્રતિમા પમાણી (૪૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૨) વિજય આસર (૪૩) કમલ માતલિયા (૪૪) હિનાબેન દલાલ

# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ગૌતમ માટે સ્થિતિ ગંભીર, હેડ-કોચ માટે ટેસ્ટના પરાજય બન્યા હેડેક

**ટીમ ઈન્ડિયા વાઇટ-બૉલ ક્રિકેટમાં સારું પર્ફોર્મ કરી રહી છે, પણ રેડ-બૉલ ક્રિકેટ ઘરઆંગણે લાલબત્તી બતાવે છે**

વન-ડેમાં અને ટી-૨૦માં ભારત આઇસીસી રૅન્કિંગમાં પહેલા નંબરે છે, પરંતુ ટેસ્ટમાં છેક ચોથા સ્થાને છે. આ સ્થિતિ બતાવે છે કે વાઇટ-બૉલ ક્રિકેટમાં ભારતીય ખેલાડીઓ સારું પર્ફોર્મ કરી રહ્યા છે, જ્યારે રેડ-બૉલ ક્રિકેટમાં ટીમ વધુને વધુ નીચા લેવલ પર જઈ રહી છે. સ્થિતિ ગંભીર છે અને આ નાજુક સમયમાં દોષનો ટોપલો ખાસ કરીને હેડ-કોચ ગૌતમ ગંભીર પર ઢોળવામાં આવી રહ્યો છે.

ભારત ગયા વર્ષે રાહુલ દ્રવિડના કોચિંગમાં ટી-૨૦નો વર્લ્ડ કપ જીત્યું હતું. ત્યાર બાદ ટીમ ઇન્ડિયાના કોચિંગની કમાન ગૌતમ ગંભીરને સોંપવામાં આવી હતી. તેના શાસનમાં વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં અને પછી ટી-૨૦ના એશિયા કપમાં ભારતે ચૅમ્પિયનપદ જીતી લીધું અને એકંદરે ટી-૨૦ તથા વન-ડેમાં ભારતીય ટીમે સારું પર્ફોર્મ કર્યું છે, પરંતુ ટેસ્ટ-ક્રિકેટમાં ટીમના વળતા પાણી જોવા મળ્યા છે. ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે ૦-૩ની હાર પછી ઑસ્ટ્રેલિયામાં ભારતે ૧-૩થી હાર જોઈ અને ત્યાર બાદ વેસ્ટ ઇન્ડિઝ સામે ઘરઆંગણે ૨-૦થી જીત્યા, પણ ઇંગ્લૅન્ડ સામે મહા મહેનતે ટેસ્ટ શ્રેણી ૨-૨થી ડ્રૉ કરાવી શક્યા હતા. ત્યાર પછી હવે સાઉથ આફ્રિકા સામે ૦-૧થી પાછળ રહ્યા બાદ વાઇટવૉશથી સિરીઝ ગુમાવવાનો સમય આવી ગયો હોય એવો ભય છે.

આ ચિંતાજનક સ્થિતિ માટે ચીફ સિલેક્ટર અજિત આગરકરના અધ્યક્ષસ્થાન હેઠળની પસંદગીકાર સમિતિ કરતાં હેડ-કોચ ગૌતમ ગંભીરને વધુ જવાબદાર ગણાવવામાં આવી રહ્યો છે. ઘરઆંગણે છેલ્લી છમાંથી ચાર ટેસ્ટમાં ભારત હાર્યું એને પગલે બૅટ્સમેનો અને બોલર્સ કરતાં ગંભીર પર ટીકાનો વધુ વરસાદ થયો છે. બૅટ્સમૅન ટી-૨૦ના જોશમાં (આઇપીએલની સ્ટાઇલમાં) ઊંચા શૉટ મારવામાં કે ધૈર્ય ગુમાવીને શૉટ મારવા જતાં વિકેટ ગુમાવી બેસે એમાં ગંભીર શું કરે? સારા ટર્ન અપાવતી ઘરઆંગણાની પિચ પર આપણા સ્પિનર્સ બહુ જ સારું પર્ફોર્મ કરે, પણ આપણા બૅટ્સમેનો હરીફ ટીમના (ન્યૂ ઝીલૅન્ડ અને સાઉથ આફ્રિકાના) સ્પિનર્સ સામે પાણીમાં બેસી જાય એમાં ગંભીર શું કરે?



વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં ભારત ઉપલા ક્રમે આવશે કે કેમ એ વિશે ગૌતમ ગંભીર પર બહુ મોટી જવાબદારી છે.



કાર્યવાહક કૅપ્ટન રિષભ પંતના સુકાનમાં સાઉથ આફ્રિકા સામે ભારત ગુવાહાટીની બીજી ટેસ્ટ જીતીને શ્રેણી ૧-૧થી બરાબરીમાં લાવશે તો પછીથી વન-ડે અને ટી-૨૦ શ્રેણી જીતવી આસાન થઈ શકશે.

રાહુલ દ્રવિડના અનુગામી તરીકે ગૌતમ ગંભીરે જે સમયકાળમાં કોચિંગની જવાબદારી માથે લીધી એ દરમ્યાન ધરખમ ફેરફારો પણ જોવા મળ્યા છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીએ પાંચ દિવસના અંતરે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. એ પહેલાં, રવિચન્દ્રન અશ્વિને તો આંતરરાષ્ટ્રીય ક્રિકેટને જ ગુડબાય કરી દીધી હતી. ગંભીરની નજર સામે આ ત્રણેય દિગ્ગજોએ ટીમ ઇન્ડિયાને ગુડબાય કરી એટલે ખાસ કરીને ટેસ્ટ સિરીઝોમાં જીતવાનું ભારત માટે મુશ્કેલ થઈ ગયું. યુવાનિયાઓથી ભરેલી ટેસ્ટ ટીમ જેમાં ઓપનિંગમાં યશસ્વી જયસ્વાલનો એકધારો સારો પર્ફોર્મન્સ ન હોય, કે. એલ. રાહુલ ક્રીઝમાં અડીખમ રહી શકતો હોય અને સામા છેડે તેને લાંબો સમય સાથ આપવાવાળું કોઈ ન હોય, ઑલરાઉન્ડર્સને ટીમમાં ભરવાની લાલચમાં સ્પેશ્યાલિસ્ટ બૅટ્સમેનને ટીમમાં સમાવવાનું ટાળવામાં આવતું હોય, મોહમ્મદ શમી જેવા પીઢ પેસ બોલરની મહિનાઓની ગેરહાજરી વિશે રહસ્ય અકબંધ જ રહેતું હોય, કૅપ્ટન શુભમન ગિલ ગરદનની જૂની ઈજાને લીધે મૅચની બહાર થઈ જતો હોય, કાર્યવાહક સુકાની રિષભ પંતની કૅપ્ટન્સી બહુ ભરોસાપાત્ર ન હોય એવા બધા સંજોગોમાં ટીમ ઇન્ડિયા મૅચ હારી બેસે તો એમાં ગંભીર શું કરે?

બૅટિંગ-કોચ અને સૌરાષ્ટ્ર વતી ૧૯૯૨થી ૨૦૧૩ દરમ્યાન સૌરાષ્ટ્ર વતી ૧૫ સેન્ચુરી તથા પંચાવન હાફ સેન્ચુરીની મદદથી કુલ ૮,૦૬૧ રન કરનાર સિતાંશુ કોટકે ગુરુવારે જ કહ્યું હતું કે ‘અમુક સ્થાપિત હિતોને દોષનો ટોપલો એકલા ગૌતમ ગંભીર પર ઢોળવાનું જાણે ફાવી ગયું હોય એવું લાગે છે. મૅચ પહેલાં હેડ-કોચે ઘણી મહેનત કરી હોય, પરંતુ કોઈ બૅટ્સમૅન કે કોઈ બોલરની નિષ્ફળતાથી પણ હારી શકાય છે એ કેમ કોઈને યાદ નથી આવતું?’

ભૂતપૂર્વ કૅપ્ટન, એક સમયના વિશ્વના અવ્વલ દરજ્જાના લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટ્સમૅન, બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ અને બંગાળ ક્રિકેટ ઍસોસિયેશનના વર્તમાન પ્રેસિડન્ટ સૌરવ ગાંગુલીએ પણ બે દિવસ પહેલાં એક પત્રકાર સાથેની વાતચીતમાં ગંભીરની તરફેણમાં નિવેદનો આપ્યા હતા. ગાંગુલીએ કહ્યું, ‘ગૌતમ ગંભીરને હાલના તબક્કે હેડ-કોચના હોદ્દેથી હટાવવો જોઈએ કે નહીં એ સવાલ જ મને અસ્થાને લાગે છે. એવું કરવાની કોઈ જરૂર નથી. કોચ તરીકે ગૌતમે અને કૅપ્ટન તરીકે શુભમન ગિલે ખૂબ સારું પર્ફોર્મ કર્યું છે. જોકે ગૌતમે ટીમના કૉમ્બિનેશનની બાબતમાં થોડું ધ્યાન રાખવું જોઈએ. વૉશિંગ્ટન સુંદર ખૂબ જ સારો ખેલાડી છે, પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં વનડાઉનમાં તેને લાંબા સમય સુધી રાખવાનો પ્લાન હોય તો એ મને ઠીક નથી લાગતું.’

ઘરઆંગણે ગંભીર સામે જ આપણે ટેસ્ટ હારી રહ્યા છીએ એવું નથી. અનિલ કુંબલે અને રવિ શાસ્ત્રીના શાસનકાળમાં પણ આવી નામોશી જોઈ હતી. અત્યારે સોશ્યલ મીડિયા અગાઉ કરતાં વધુ સક્રિય છે એટલે કોઈને આસાનીથી નિશાન બનાવી શકાય છે, એની વ્યાપક અસર પણ થાય છે અને ગંભીર એમાં સહેલાઈથી શિકાર થઈ રહ્યો છે.

શનિવાર, ૨૩મી નવેમ્બરે ગુવાહાટીમાં વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકા સામે શરૂ થનારી સિરીઝની બીજી અને અંતિમ ટેસ્ટ જીતીને ભારતીય ટીમે ૧-૧ની સરસાઈ સાથે ઘરઆંગણે થોડી આબરૂ સાચવી લેવી પડશે. જો એવું નહીં થાય અને ટેમ્બા બવુમાની ટીમ આ મૅચ ડ્રૉ કરાવવામાં કે જીતવામાં સફળ થશે તો ભારતીયો પચીસ વર્ષમાં પહેલી વાર ઘરઆંગણે સાઉથ આફ્રિકા સામે ટેસ્ટ-શ્રેણી હાર્યા કહેવાશે અને એ પરાજય હેડ-કોચ ગંભીર માટે મોટું હેડેક બની શકે. આશા રાખીએ એવું ન થાય અને ઇંગ્લૅન્ડની માફક સાઉથ આફ્રિકા સામે પણ આપણે શ્રેણી બરાબરીમાં લાવવામાં સફળ થઈએ. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# ટોકોનામે - માટીના ચાકડે ઘડાયેલી બિલાડીઓનું ગામ...



કોઈ પણ શોખને ગંભીરતાથી સર કરીને તેમાં ડૂબી જવાનું તો કોઈ જાપાનીઓ પાસેથી શીખે. એક તો ત્યાં ખાસ વિષયો પર આધારિત મ્યુઝિયમો અને અનુભવો સંઘરી શકાય તેવા એક્સપિરિયન્સથી ભરેલા ક્લાસીસમાં અમે કિન્ત્સુગી ટેક્નિકથી માંડીને માચા બનાવવા સુધીનું બધું શીખી ચૂક્યાં હતાં. તેમાં ક્યારે અમારો પ્લાન પોટ્ટરી ટાઉન તરફ જવાનો થઈ ગયો એ ખબર જ ન પડી. આમ પણ ઓસાકા જતા પહેલાં ક્યોટો આસપાસની એક-બે ટ્રિપ કરવાની પણ ઇચ્છા હતી જ, અને તેમાં પહેલું નામ તો ટોકોનામેનું આવ્યું. આમ તો પોતાની ખાસિયતોથી જાણીતાં ગામોની ન ભારતમાં કમી છે, ન જર્મનીમાં. દુનિયાના કોઈ પણ દેશમાં ત્યાંનાં થોડાં ગામ તો એવાં હોવાંનાં જ, કયાંકની ક્રોકરી જાણીતી હોય, ક્યાંકના ફટાકડા અને ક્યાંકની ખાસ મીઠાઈ. એવામાં ટોકોનામે સિરામિક આર્ટ અને પોટ્ટરી માટે ખાસ જાણીતું છે, અને એ એટલું જાણીતું છે કે આખા ગામના દરેક સ્ટેચ્યૂને સિરામિકથી જ બનાવવામાં આવ્યાં છે એવું અમને જાણવા મળ્યું.






આજકાલ પોટ્ટરી પણ હોબી તરીકે ઘણી લોકપ્રિય થઈ ગઈ છે. ઘણાં મિત્રો જાતે બનાવેલા કપ અને બૉલ બનાવવામાં પડી ગયાં છે. ખાસ તો આવી હોબી આજકાલ સ્ક્રીન ટાઇમ ઓછો કરવા માટે વધુ લોકપ્રિય બની રહી છે. ફોન એક તરફ મૂકીને હાથેથી કંઈ કામ કરવાનું બહાનું તો મળી જ જાય છે. ફોન અને સોશ્યલ મીડિયાએ આપણો ઘણો સમય ટેક-ઓવર કરી લીધો તે પહેલાં પણ આવી હોબીઝ મનને શાંતિ આપવા અને ધીરજ વધારવા, ક્રિયેટિવિટીને પ્રોત્સાહન આપવા કે પછી બસ એમ જ કરવામાં પણ લોકો કંઈ બાકી નહોતા રાખતા. જોકે ટોકોનામે ગામનાં લોકોએ આ ખાસિયતને પણ જરા વધુપડતી ખાસ બનાવી દીધી છે. ખાસ તો એટલા માટે કે અહીંની પોટ્ટરી લોકપ્રિય તો છે, પણ ગામ આખામાં ફેલાયેલાં મોટાભાગનાં સિરામિકનાં સ્ટેચ્યૂ, પોટ્ટરીની મોટાભાગે એક જ થીમ છે, બિલાડીઓ. અહીંનો દરેક ખૂણો બિલાડીઓથી ભરેલો છે, એવું જાણ્યા પછી આ ગામમાં જવાનું આકર્ષણ ઓર વધી ગયું હતું.

જાપાનને બિલાડીઓનું કેવું ઘેલું લાગ્યું છે તે તો ટોક્યોની થ્રી-ડી બિલાડી જોઈને જ ખબર પડી ગઈ હતી, પણ આ તો ગામ આખું ચીનાઈ માટીની હાથે ઘડાયેલી બિલાડીઓથી લદાયેલું હતું. મોટાભાગની બિલાડીઓ લકી-કેટના સ્વરૂપમાં હતી. એક વિચાર તો એ પણ આવ્યો કે ખ્યાતનામ જાપાની લેખક મુરાકામી આમ પણ અહીં નજીકમાં જ રહ્યા છે, અને નક્કી જિંદગીમાં ક્યારેક તો અહીં આવ્યા હોવા જોઈએ. તેમની વાર્તાઓ આમ પણ સાચી, ખોટી અને કાલ્પનિક બિલાડીઓથી ભરપૂર રહી છે. બિલાડીઓ ખરેખર જાપાનનું અનઓફિશિયલ મેસ્કોટ જ કહી શકાય, છતાંય અહીં રસ્તે આંટા મારતી બિલાડીઓ પ્રમાણમાં ઘણી ઓછી નજરે પડતી હતી. ખાસ તો ક્રોએશિયા અને સ્પેનમાં જે સંખ્યામાં બિલાડીઓ દેખાતી હતી, તે જોવા જાઓ તો અહીંની મોટાભાગની બિલાડીઓ કાં તો એનિમેટેડ હતી અથવા પથ્થરમાં કંડારાયેલી. એ જે હોય તે, જાપાનીઝ ઇમેજિનેશન પર બિલાડી જરૂર હાવી છે.

ટોકોનામેના ટ્રેન સ્ટેશન પર ઊતરીને પહેલાં તો ટૂરિસ્ટ ઇન્ફોથી પોટ્ટરી પાથ-વેનો નકશો સાથે લઈ લીધો. અહીં ઘણી બિલાડીઓ હતી, પણ બધાં સ્ટેચ્યૂ અને સિરામિક ઇન્સ્ટોલેશન માત્ર બિલાડીનાં હતાં તે વાત તો માત્ર અફવા જ નીકળી. ખબર નહીં ઇન્ટરનેટને આવી અતિશયોક્તિમાં શું મજા આવે છે. એટલે જ ક્યાંક જવું કે નહીં તેનો અંદાજ જરૂર ઇન્ટરનેટ પરથી મળી શકે છે, પણ કોઈ સ્થળ પરની તમારી ખરી ઇમ્પ્રેશન તો ત્યાં જઈને તમારે જાતે જ બનાવવી પડે. અને અહીંથી ચાકડા પર અલગ અલગ પ્રકારની માટીમાંથી આખી ભૂલભૂલૈયા જેવો રસ્તો બનાવવામાં આવ્યો હતો. ધારી હતી એટલી નહોતી, પણ બિલાડીઓ અહીં હતી તો ખરી જ.



જાપાનનાં લોકોને મ્યુઝિયમ એટલાં ગમે છે કે પોટ્ટરી, ટેરાકોટાનો ઇતિહાસ, રિજનની ખાસિયતો ક્યારે શરૂ થઈ તે વાત કહેતું મ્યુઝિયમ અહીં ન હોય તેવું કઈ રીતે બની શકે. અમે ત્યાં પહોંચીને જાણી લીધું કે અહીં તો છેક સાતમી સદીથી આ પોટ્ટરીની પ્રવૃત્તિ ચાલુ છે અને માટી સાથે ચાકડો માંડીને અહીં સદીઓથી લોકો એ કામમાં વ્યસ્ત રહ્યાં છે. થોડું કલાની રૂચિ સંતોષવા માટે તો ક્યારેક જરૂરિયાતનાં વાસણો બનાવવા માટે અહીં ચાકડો તો ચાલતો જ રહ્યો છે. આખાય જાપાનમાં કુલ છ ગામ પૌરાણિક રીતે પોટ્ટરીની કલા માટે ખ્યાતનામ છે. તેમાંનું એક ટોકોનામે પણ છે જ. આ છ ગામનું ઝુંડ ‘કિલન્સ’ તરીકે ઓળખાય છે. અમે બાકીની કોઈ જગ્યાએ જઈ શકવાનાં નહોતાં, પણ કોઈ સમયે ઘરમાં આ છ ગામની કલાનો એક નમૂનો કોઈ બૉલ કે કપ સ્વરૂપે રાખવામાં આવે તો મજા તો જરૂર પડે. જ્યારે આવી રીતે વાસણો ભેગાં કરવાની ઇચ્છા થઈ આવે ત્યારે હવે ઉંમર ખરેખર વધી રહી હોય તેવું લાગે. ટોકોનામેની ઘડાઈનું નામ છે આઇચી.

અહીં મ્યુઝિયમ ઉપરાંત એક કુંભારની વર્કશોપ તો જોવી જ રહી. પારંપરિક વર્કશોપ જોઈને પણ અચાનક પોટ્ટરી શરૂ કરવાની ઇચ્છા થઈ આવે. જોકે આ બધું જોવામાં જેટલું સરળ લાગતું હોય છે એટલું સરળ હોતું નથી. તેના માટે પણ ખાસ ધીરજ, સૂઝ અને ટેલેન્ટ, બધું જોઈએ. ત્યાં એક કાફેમાં ગયાં ત્યાં પણ બેઠકથી માંડીને ટેબલ, અને ઓફકોર્સ વાસણો પણ ટેરાકોટાનાં, ગામમાં જાતે જ બનાવેલાં હતાં. પોટ્ટરી વર્કશોપ અને કાફે જ જાણે શહેરનું મેઇન એટ્રેક્શન હતું. હવે આવ્યાં જ હતાં તો એક કલાકનો પોટ્ટરી ક્લાસ પણ લઈ જ લીધો. પછી અહીંનો ઇન્સ્ટાગ્રામ ફેમસ સ્વીટ પોટેટો આઇસક્રીમ ખાવાનું કામ પણ અમે પાર પાડી જ દીધું. સ્વાભાવિક છે આઇસક્રીમ પણ અહીં માટીની સીટ પર બેસીને જ ખાવાનો હતો. ટોકોનામેમાં એક ડે ટ્રિપમાં યાદો ઘડવાનું પણ ઘણું સરળ હતું. ■

## એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# નેધરલેન્ડ્સઃ તુ 'ચીઝ' બડી હૈ મસ્ત મસ્ત...

### ડેરી પ્રોડક્ટ દેશના સાંસ્કૃતિક અને આર્થિક વિકાસમાં માન મરતબો ધરાવે છે

યુરોપના પ્રવાસે જવાનું હોય ત્યારે શેંગેન વિઝા (Schengen Visa) મેળવવા જરૂરી છે. ૯૦ દિવસ માટે મળતા આ વિઝાનો એક ફાયદો એ છે કે એની મુદત દરમિયાન શેંગેન વિસ્તારમાં સમાવેશ ધરાવતા ૨૯ યુરોપિયન દેશોમાં મુક્તપણે હરીફરી શકાય છે. એક દેશમાંથી બીજામાં જતી વખતે કોઈ ચેકપોસ્ટ કે કાગળિયા બતાવવા જેવી કડાકૂટ વિના 'મૈં તો ચલા જીધર ચલે રસ્તા'ની ભાવનાથી હરફર કરી શકવાની સ્વતંત્રતા.

નેધરલેન્ડ્સના ત્રણ મહિનાના રોકાણ દરમિયાન સહેલ કરવા મળી એમાં ડેરી પ્રોડક્ટ ચીઝ નેધરલેન્ડના સાંસ્કૃતિક અને આર્થિક વિકાસમાં કેવો માન મરતબો ધરાવે છે એ જોવા- જાણવા મળ્યું. વાંચીને હેરત તો થશો જ, પણ સાથે સાથે સામાન્ય લાગતી વસ્તુ કેવા વિશાળ પરિમાણ ધારણ કરી શકે છે એનો પણ ખ્યાલ આવશે.

**તુ 'ચીઝ' બડી હૈ મસ્ત મસ્તઃ**

ભાષામાં Say cheese - As different as chalk and cheese સહિત અનેક પ્રયોગ જાણીતા છે. જોકે, ખાવાની વાત આવે ત્યારે ચીઝ એટલે દૂધમાંથી બનતો પ્રોટીન યુક્ત ખાદ્ય પદાર્થ. પિઝા, નાચોઝ, પાસ્તા, સેન્ડવીચ સહિત અનેક આઈટમમાં ચીઝ એ ખાદ્ય પદાર્થને અનોખો સ્વાદ આપી એની શાન વધારે છે.

નેધરલેન્ડ્સની ચીઝ ઈન્ડસ્ટ્રી ચીઝના ઉત્પાદન માટે વિશ્વ વિખ્યાત છે અને ઘણી વરાયટી તૈયાર કરવામાં આવે છે. ગાયના દૂધમાંથી તૈયાર થતી ગાવડા (Gouda) ચીઝ મોટા પાયે નિકાસ (એક બિલિયન યુરો) કરવામાં આવે છે. આ સિવાય ગાયના જ દૂધમાંથી બનાવવામાં આવતી Edam - Maasdam ચીઝ પણ ખાસ્સી લોકપ્રિયતા ધરાવે છે. નેધરલેન્ડ્સમાં ડચ ચીઝનું ઉત્પાદન કરતા ઘણા ફાર્મ્સ જોવા મળે છે અને તેનું વેચાણ કરતા અનેક ચીઝ માર્કેટ સુધ્ધાં છે. આ માર્કેટની મુલાકાત લીધા પછી અચંબો થાય છે.

**અર્થતંત્રમાં યોગદાનઃ**

ચીઝ ડચ લોકોની સંસ્કૃતિમાં અને એના અર્થતંત્રમાં કેવું અને કેટલું મહત્ત્વ ધરાવે છે એ ખરેખર હેરત પમાડે છે. આવી વાત જાણવાથી નવી દ્રષ્ટિ વિકસે છે. કેટલાક આંકડા પરથી આ વિશે વધુ સ્પષ્ટતા મળે છે. ૬.૫ લાખ ટન ડચ ચીઝનું ઉત્પાદન થાય છે અને ચીઝ દેશની કુલ નિકાસમાં આઠ ટકા હિસ્સો ધરાવે છે. ડચ લોકોમાં ચીઝનો વપરાશ ખાસ્સો છે અને વ્યક્તિદીઠ ૨૫ કિલો ચીઝ ખવાતી હોવાનો અંદાજ છે. એને કારણે નિકાસ ઉપરાંત સ્થાનિક વેપારને પણ બળ મળે છે. એટલું જ નહીં, ચીઝ ઈન્ડસ્ટ્રીને કારણે ૧૮ હજાર ડેરી ફાર્મ્સમાં લોકોને રોજગારી મળે છે. ડચ ચીઝને પ્રાપ્ત આંતરરાષ્ટ્રીય ખ્યાતિને કારણે ટૂરિઝમને ઉત્તેજન મળે છે જે અર્થતંત્ર વધુ મજબૂત બનાવે છે. એક ખાવાનો પદાર્થ લાખો લોકોના પેટ ભરે છે. વાંચીને ઓડકાર આવી ગયો ને...!

**દહેજમાં ચીઝ પ્રેસઃ**

ચીઝ પ્રેસનું કામ ચીઝ કર્ડમાં રહેલું વધારાનું પ્રવાહી દૂર કરી તેને યોગ્ય આકાર આપી વધુ સઘન બનાવવાનું છે. ૧૮૮૮ની સાલનું પ્રેસ બતાવી ૧૭૨૩ની સાલના ચીઝ પ્રેસની પ્રિન્ટ આપનારા શખ્સે



ચીઝ ઈન્ડસ્ટ્રી નેધરલેન્ડ્સના અર્થતંત્રમાં મહત્ત્વ ધરાવે છે



દહેજમાં ચીઝ પ્રેસ આપવામાં આવતું હતું



ચીઝ કેરિયરો માટે ખાસ નીતિ નિયમો

આપેલી જાણકારી અનુસાર 'નેધરલેન્ડ્સની જનતા માટે ચીઝ સદીઓથી આકર્ષણ ધરાવે છે. લગ્નમાં ગિફ્ટ તરીકે ચીઝ આપવું - મેળવવું એ શાન કહેવાતી હતી. એવી પણ માન્યતા છે કે ૧૯મી સદીમાં આનાથી મોટા કદનું ચીઝ પ્રેસ દહેજ તરીકે પણ આપવામાં આવતું હતું. મતલબ કે વરપક્ષ તરફથી એનો આગ્રહ રાખવામાં આવતો હતો. એ સમયે દહેજ પેટે નવું ઘર માંડતા યુગલને વપરાશમાં ઉપયોગી તેમ જ કિંમતી ચીજવસ્તુ આપવામાં આવતી હતી. ચીઝ પ્રેસ વિશાળ માત્રામાં ચીઝ તૈયાર થઈ શકતી હોવાથી આ ભેટ અલાયદી માનવામાં આવતી હતી.

દહેજની વાત તુક્કો ન લાગે એ માટે ૧૮૪૦માં ક્વીન વિક્ટોરિયાને લગ્ન વખતે આપવામાં આવેલા ચેડર ચીઝ પ્રેસનું ઉદાહરણ પણ જાણકારે આપ્યું.

**'ટેસ્ટી' મ્યુઝિયમઃ**

૧૯૮૩માં સ્થાપવામાં આવેલા 'ડચ ચીઝ મ્યુઝિયમ'નો ઉલ્લેખ સ્થાનિક લોકો સાથેની વાતચીતમાં 'નેધરલેન્ડ્સના સૌથી સ્વાદિષ્ટ મ્યુઝિયમ' તરીકે થયો ત્યારે પહેલા તો અચરજ થયું પણ એનો ભાવાર્થ સમજાતા ગમ્મત થઈ અને અનેક વિદેશી સહેલાણીઓ હસી પડ્યા. અલ્કમારના 'વાહ' બિલ્ડિંગમાં ચીઝ મ્યુઝિયમ છે. મૂળે આ જગ્યા ધર્મધ્યાન માટે હતી, પણ ૧૪મી સદીમાં એનું રૂપાંતર 'વે હાઉસ' (મસમોટી ચીજવસ્તુનું વજન કરી આપતું સ્થળ) તરીકે થયું હતું. આજની તારીખમાં અહીં ચીઝ મ્યુઝિયમ જોવા મળે છે. તમે ચીઝના શોખીન હો કે ન હો, આ મ્યુઝિયમની સફર એક લહાવો છે. અહીં ચીઝ નિર્મિતીનો ડચ ઈતિહાસ વિગતે જાણવા મળે છે. સાથે સાથે એ તૈયાર કરવા માટે વપરાયેલા પરંપરાગત સાધનો પણ જોવા મળે છે.


**ચીઝ કેરિયર - ચીઝ ફાધરઃ**

મધ્ય યુગ (ઈ. સ. ૬૦૦થી ઈ. સ. ૧૫૦૦ દરમિયાનનો સમયગાળો)માં દરેક વ્યવસાય માટે સહકારી સમિતિ (ગીલ્ડ) સ્થાપવાની પ્રથા હતી. ૧૫૯૩માં શરૂ થયેલી અલ્કમાર ચીઝ કેરિયર્સ ગીલ્ડમાં ૨૮ પુરુષ અને એક ચીઝ ફાધરનો સમાવેશ હતો. આ ગીલ્ડમાં ચાર ગ્રુપ હોય અને દરેક ગ્રુપમાં છ ચીઝ કેરિયર્સ અને એક બેગમેન હોય છે. દરેક ગ્રૂપનો અલાયદો રંગ હોય - લાલ, લીલો, ભૂરો અને પીળો. આ રંગ ચીઝ કેરિયરની હેટ, બો ટાઈ તેમજ ચીઝ લઈ જવાના લાકડાના સ્ટ્રેચરમાં નજરે પડે. ચાર ગ્રૂપના લીડર ચીઝ ફાધર કહેવાય જેની હેટ ઓરેન્જ કલરની હોય અને એના હાથમાં એક લાકડી હોય. આ ચીઝ કેરિયર્સ માટે કેટલાક નીતિ નિયમો ઘડવામાં આવ્યા હોય છે અને એ અનુસાર તેમણે વર્તવાનું હોય છે. ચીઝ કેરિયર સવારે સાત વાગ્યે 'ચીઝ કેરિયર્સ રૂમ'માં પહોંચી જવાનું. મોડા પડનારનું નામ બ્લેકબોર્ડ પર લખવામાં આવે અને તેણે દંડ ભરવો પડે છે. દંડ પેટે વસૂલ કરવામાં આવેલા પૈસાનો ઉપયોગ શૈક્ષણિક પ્રવૃત્તિ માટે કરવામાં આવે છે. ચીઝ માર્કેટ ચાલુ હોય ત્યારે ઝઘડો કરવા પર તેમ જ સ્મોકિંગ અને શરાબના સેવન પર પ્રતિબંધ હોય છે. કોઈ ભૂલ થાય કે કશું ખોટું થાય તો ગાળાગાળી નથી કરી શકાતી. સવારે પોણા દસે ચીઝ ફાધર ચીઝ કેરિયર્સને સંબોધન કરે અને માર્કેટમાં કેટલા ટન ચીઝ વેચાણ માટે આવ્યું છે એની જાણકારી આપે. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# મારે જો નેતા બનવું હોય તો...




ગઈકાલે એક સ્કીલ બેઝ ઇન્સ્ટિટ્યૂશનમાં જવાનું થયું. 'બિલ્ડ યોર કેરિયર ઈન પોલિટીક્સ' આવું સૂત્ર તેના એડમિશનના સાહિત્યમાં છપાયેલું હતું. મને વધુ જાણવામાં રસ જાગ્યો એટલે હું તેના પ્રિન્સિપાલ ને મળવા ગયો.

દરવાજા પર નેમ પ્લેટ લગાડેલી 'ઢ' કુમાર મિજાજી. મજાની વાત એ છે કે નીચે ડિગ્રી પણ લખેલી એમ.એમ. ડી.પી.

'મેં આઈ કમ ઇન, સર?' આવી શિસ્ત સાથે પરમિશન માંગી.

'પધારો પધારો, સ્વાગત છે' આવો મીઠો આવકાર મળ્યો. દરવાજો ખોલી અને અંદર ગયો.

ભેટમાં મળેલા, કડક કરેલા, ઈસ્ત્રી ટાઈટ સફેદ કુર્તા પાયજામામાં સજ્જ લગભગ ૧૦૦ એક કિલોના મહાશય રિવોલ્વિંગ ચેરમાં ફરતા ફરતા ઝુલતા હતા.

મારી આંખોમાંથી નીકળતા અસંખ્ય પ્રશ્નાર્થ જોઈ તેણે મને શાંતિથી બેસાડ્યો અને પૂછ્યું,'કેટલા વર્ષનો કોર્સ કરવો છે? એક વર્ષથી લઈ અને ૧૦ વર્ષ સુધીના કોર્સ અહીં થાય છે.'

મેં કહ્યું : 'એટલો બધો સમય તો છે નહીં.'

'તો છ મહિનાનો સર્ટિફિકેટ કોર્સ કરી લ્યો. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં કામ આવશે.'

'કોઈ એકાદ મહિનાનો કોર્સ હોય તો...'

'કાર્યકર થવાનો છે. નેતા બનવા માટે ભોગ દેવો પડે. અને અહીં એડમિશન લેશો એટલે તમારી આખી છટા બદલાઈ જશે. અંદર આવતી વખતે તમે બારણે ટકોરા માર્યા અને 'મેં આઈ કમ ઇન સર?' આવું પૂછ્યું તે અમારા ઇન્સ્ટિટયૂટ ના નિયમની વિરુદ્ધ છે. તમને ખ્યાલ હોવો જોઈએ કે તમે નેતા બનવા જઈ રહ્યા છો. પ્રજા નહીં. જે ઇન્સ્ટિટ્યૂટમાં એડમિશન લેવા જાઓ છો ત્યાં પહેલું પગથિયું, પ્રાથમિક લાયકાત શું છે?'

'હું સમજ્યો નહીં'

'બસ, પહેલા તો મનમાંથી એ કાઢી નાખો કે' મને સમજાતું નથી'. મનને તૈયાર કરો અને સજ્જ કરો. સો વાર રોજ મનમાં બોલો મને બધું જ સમજાય છે. મને બધું જ આવડે છે.'

'સાહેબ, તમે કંઈક કહેતા હતા કે, પહેલું પગથિયું...?'

'હા તો ' મે આઈ કમિંગ સર' એવું સામેવાળા બોલે તે માટે તમે જ્યારે કોઈને મળવા જાઓ ત્યારે તમારે પૂછવાનું નહીં. સીધો દરવાજો ખોલવાનો. અને હાથેથી નહીં. પગનો પ્રયોગ કરવાનો. જોરથી દરવાજા પર પગથી પ્રહાર કરી દરવાજો ખોલવાનો. યુ નો, ફર્સ્ટ ઇમ્પ્રેશન ઇસ ધ લાસ્ટ ઇમ્પ્રેશન. એડમિશન માટેની આ પહેલી લાયકાત છે.'

'મારી પાસે ડિગ્રી...'

'ભૂંગળું વાળી ને .... મૂકી દો કબાટમાં. મારી ડિગ્રી બહાર વાંચી? એમ.એમ.ડી.પી. એટલે કે માંડ માંડ ૧૦ પાસ. ડિગ્રી નહીં તમારું પ્રેઝન્ટેશન અગત્યનું છે.'

સહેજ થોભીને પ્રિન્સિપાલ 'ઢ' કુમારજીએ વાત આગળ વધારેઃ

'અહીંની તમે ફી ભરશો એટલે તમને અમુક સગવડો આપવામાં આવશે, જેમકે સફેદ કલરના ચાર ઝભ્ભા- લેંઘા અને બે કોટી એ ઇન્સ્ટિટયૂટનો ડ્રેસ છે, જે ફરજીયાત તમારે અહીંથી જ ખરીદવાનો રહેશે. ફર્સ્ટ યરમાં હથિયાર તરીકે રામપુરી ચાકુ જે તમારે અહીંથી જ ખરીદવાનું રહેશે... કોર્સ પૂરો કરી અને બહાર નીકળશો ત્યારે બ્રાન્ડેડ પિસ્તોલ લાઈસન્સ સાથે આપવામાં આવશે. ત્યાં સુધી ઉત્તરોત્તરોતર પ્રગતિ થશે, જેમાં આસામથી લઈને બિહાર સુધીના ગૃહ ઉદ્યોગમાં બનતા દેશી કટ્ટાઓ મળશે. હા, અહીં ડિક્શનરી બહારના શબ્દોની ડિક્શનરી' તમારે ખરીદવાની રહેશે. આપણા ઇન્સ્ટિટયૂટની તે મોનોપોલી આઈટમ છે....કાનમાં ભરાવવા માટે બે વેક્યુમ બટન તમારે અહીંથી ખરીદવાના રહેશે. તેનો ફાયદો એ છે કે આજુબાજુનો અવાજ તમારા કાન સુધી ના પહોંચે....ચામડી જાડી કરવાનું લોશન તમારે અહીંથી ખરીદવાનું રહેશે. એ જ રીતે, ગળું અને અવાજ મજબૂત કરવા માટેના સીરપ તમારે અહીંથી જ ખરીદવાના રહેશે અને છેલ્લે સાંભળો, કોર્સ પૂરો કર્યા બાદ ડિગ્રી લેતા પહેલાં મોટા કદની તિજોરી તમારે અહીંથી લેવાની રહેશે , જે આવનારા સમયમાં તમે ભરી શકો એની ગેરેન્ટી!'

મને પણ થોડીક વાર તો એવું થઈ ગયું કે હાસ્ય કલાકાર કે હાસ્ય લેખક ન થવાય. જિંદગીનો ઘણો સમય બગાડ્યો. આ ઇન્સ્ટિટયૂટ અને આ મહાશય મને પહેલા કેમ ન મળ્યા?

મેં કહ્યું કે 'કાંઈ વાંધો નહીં વિચારી અને કહીશ.'

'નહીં થઈ શકો... નેતા નહીં થઈ શકાય, વગર વિચાર્યું કરી શકો તો જ આ ક્ષેત્રમાં ચાલો.'

હું નીકળતો હતો ત્યાં ઢ કુમારે જતા મને કહ્યું કે 'તમારા ધ્યાનમાં કોઈ બેકાર, અભણ, આવારા, તડીપાર લોકો હોય તો મને જણાવજો.'

'ભણેલા ન ચાલે?'

હસતા હસતા મને કહ્યું કે 'કાર્યકરો તો મળી રહે છે. સારા નેતાઓ બનાવતી અમારી ઇન્સ્ટિટ્યૂટ છે.'

વાત હસવાની છે, પરંતુ ગંભીરતાથી વિચારવાનો સમય પણ આવી ગયો છે તેવું નથી લાગતું? ■

**વિચારવાયુઃ**

*જેમ ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં મોટા અભિનેતાઓના દીકરા - દીકરીઓ ટેક્નિશિયન નથી હોતા. હીરો, હીરોઈન હોય છે. તે રીતે રાજકારણમાં મોટા નેતાઓના દીકરા -દીકરી કાર્યકર નથી હોતા. મંત્રી કે બોર્ડના ચેરમેન હોય છે.*

## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# સેલિબ્રિટી હોમ ટુર તમને દર્શાવે છે વિભિન્ન પરિવારનો ઇતિહાસ

### મુંબઈના અબજોપતિ હીરાનંદાણીથી માંડીને ફિલ્મકાર અનુરાગ કશ્યપ સુધીના સેલિબ્રિટીઝ પોતાના જ ઘરમાં દિલ ખોલીને વાત કરતા હોય ત્યારે...

ઈન્ટરનેટ દ્વારા આપણને અનેક સગવડો મળી છે. એટલું જ નહિ, બીજાની જિંદગીમાં ઘડીક ડોકિયું કરી લેવા માટેની બારી પણ ઈન્ટરનેટે ઉઘાડી આપી છે. છેલ્લાં થોડાં વર્ષોથી અમુક મીડિયા કંપનીઝ-બ્લોગર્સ કોઈક જાણીતી વ્યક્તિના ઘરની ટુર કરાવતા હોય એવા વીડિયોઝ બહુ જોવાય છે. આવા વીડિયોને નેટીઝન્સની ભાષામાં 'હાઉસ ટુર' તરીકે ઓળખાય છે.

અહીં કોઈકના અંગત જીવનમાં પીપિંગ ટોમ બનીને માનવમનના ભળતાસળતા રસને પોષવાની વાત નથી, પણ જેમના સર્જનથી કે આર્થિક તાકાતથી હજારો લોકો અંજાયા હોય એવા અપ-લેવલ લોકોના ઘરમાં ડોકિયું કરીને એ ખરેખર કેવા છે, એમના સંજોગો કેવા છે અને એમના પોતાના ઘર પર આ સેલિબ્રિટીના વ્યક્તિત્વનો કેટલો પ્રભાવ છે - એ બધું જોવાજાણવાની નોખી જ મજા હોય છે.

મુંબઈના માલેતુજાર રિયલ એસ્ટેટ કિંગ નિરંજન હીરાનંદાણીના ઘરમાં કોનું રાજ ચાલે છે? ક્રિએટીવ ફિલ્મમેકર અનુરાગ કશ્યપ ક્યાં બેસીને પોતાની ફિલ્મો લખે છે? નવાઝુદ્દીન સિદ્દીકીએ પોતાના ઘરમાં એક ચોક્કસ કોરિડોર શા માટે રાખ્યો છે? આ બધા પ્રશ્નોના જવાબમાંથી તમને આ સેલિબ્રિટીઝના અંગત જીવન, એમના સુખ-દુઃખ અંગે એમના જ મોઢે સાંભળવા મળે તો મોજ પડી જાય.

ભારતના મોટા ગજાના રિયલ એસ્ટેટ ડેવલપર્સ ગણાતા નિરંજન હીરાનંદાણીનું પોતાનું ઘર કેવું છે? જવાબ છે 'આલીશાન ', પણ એ શબ્દ નાનો પડે એવું... હાઉસ ટુર માટે આવેલા બ્લોગર્સને નિરંજનજી પવઈમાં આવેલું પોતાનું પચ્ચીસ હજાર સ્ક્વેર ફીટનું પેન્ટ હાઉસ હોંશે હોંશે દેખાડે છે. આ મુંબઈની એકમાત્ર એવી જગ્યા છે જ્યાંથી પવઈ લેક અને વિહાર લેક બંને જોઈ શકાય. મસ્ત મજાના કાઉચ પર બેસીને ઇન્ટરવ્યૂ આપતી વખતે નિરંજન હીરાનંદાણી બંને હાથના અંકોડા ભીડીને બેસે છે. બંને અંગૂઠા એકબીજાને પસવાર્યા કરે છે. કદાચ એમને આવું કરતા રહેવાનું ઓબ્સેસીવ કમ્પ્લઝન (ઓસીડી) છે. જીવનનું પ્રથમ ઘર ખરીદવાનો વિષય. બ્લોગર છેડે છે ત્યારે પંચોતેર વર્ષના આ સફળ રિયલ એસ્ટેટ ડેવલપર પોતાની હોશિયારી બતાવવાને બદલે એચડીએફસીના દીપક પારેખને ટાંકીને સોનેરી સલાહ આપે છે કે ઘર માત્ર ઇન્વેસ્ટમેન્ટ નહિ પણ ભવિષ્ય માટેની આર્થિક સુરક્ષા પણ છે.



નિરંજન હીરાનંદાણી



અનુરાગ કશ્યપ



નવાઝુદ્દીન સિદ્દીકી

પત્ની કમલ સાથે ડાઈનિંગ ચેર પર બેઠેલા નિરંજન કહે છે કે ઘરમાં મારી પત્નીનું જ રાજ ચાલે છે. કમલ આ સાંભળીને હસી પડે છે, પણ એ પછી કમલ જે કહે છે એ દરેક બિઝનેસમેનની પત્ની માટે મહત્ત્વની સલાહ હોઈ શકે. 'હું એમની આગળ ક્યારેય કોઈ બાબત માટે કે અંગત સમય ફાળવવા બાબતે જીદ નથી કરતી.' આ એક જ વાક્ય પર આખું પુસ્તક લખાઈ શકે.

ઘર વિશે શરૂ થયેલી વાતમાં ભારતના ભાગલા અને હીરાનંદાણી પરિવારે પહેરેલે કપડે મુંબઈ આવી જવું પડ્યું એની વાત તો આવવાની જ. વાતોના વડા સાથે રેગ્સ ટુ રિચીસની કહાણી ધીમે ધીમે ખુલતી જાય છે. અમીરોની દુનિયામાં બધું સ્વર્ગ સરીખું નથી હોતું. બાવન વર્ષની ઉંમરે નિરંજને બધું આટોપીને માત્ર ચેરિટીના કામો કરતા રહેવાનું નક્કી કર્યું, પણ પરિવારમાં વિખવાદ થયો અને બીજી કેટલીક સમસ્યાઓ પણ આવી. સંજોગો અનુસાર ફરી લડવાનું નક્કી કર્યું અને બિઝનેસમાં એ ફરી એક્ટિવ થઇ ગયા. પારિવારિક વિખવાદ શું હતો એ વિષે નિરંજન ફોડ નથી પાડતા, પણ સમાચારો ખંખોળતા ખ્યાલ આવે છે કે એમની ખુદની પુત્રીએ મિલકતના વિવાદમાં એમની ઉપર કેસ કરેલો, જેમાં એ હારી ગયેલા. અમીરોને ય ઓછા દુઃખ છે?

*** *** ***

ફ્લેટ પર ટકોરા પડે છે અને દાઢી-મૂછ-ચશ્માંધારી વ્યક્તિ દરવાજો ખોલે છે.

'પૈસે લાયે હો? રેટ માલૂમ હૈ મેરા? પંદ્રહ મિનીટ કા, આધે ઘંટે કા... પેમેન્ટ કેશમેં કરોગે યા આરટીજીએસ?' બ્લોગરને આવો આવકાર આપનાર વ્યક્તિ છે જાણીતા ફિલ્મસર્જક અનુરાગ કશ્યપ. થોડા સમય પહેલા 'ટોક્સિક વાતાવરણ'નું બહાનું કાઢીને એ બેંગલોર શિફ્ટ થઇ ગયેલા, પણ મુંબઈનું ઘર હજી સાચવી રાખ્યું છે. ઘણા માને છે કે એ પોતે જ વિચિત્ર માણસ છે જે વિવાદો સર્જતો રહે છે. પોતાના વિવાદાસ્પદ વલણોને કારણે એ લોકોની ચાહત જેટલો જ ધિક્કાર પામ્યો છે. પહેલા ફિલ્મ એડિટર આરતી બજાજ સાથે અને પછી એક્ટ્રેસ કલ્કી કોચલીન સાથેનું લગ્નજીવન ભાંગી પડ્યું છે. પહેલા લગ્નથી એક દીકરી છે.

ગ્લેમરસ ફિલ્મી દુનિયાથી વિરુદ્ધ અનુરાગનું મુંબઈનું ઘર સાવ સીધું-સાદું છે. એની હાઉસ ટુર જુઓ તો તમારી જ સોસાયટીના કોઈ અન-ઓર્ગેનાઈઝ્ડ બંગલામાં શૂટિંગ થતું હોય એવું લાગે. આખું ઘર કોઈક એકલા રહેતા મિડલ એજ બેચલરને છાજે એવું છે. સોફો છે, જે ખાસ વપરાતો નથી. કિચન છે, પણ એમાં ખોરાક માત્ર ગરમ થાય છે બનતો નથી. એક ડાઈનિંગ ટેબલની આસપાસ કેટલીક ચેર્સ પડી છે. આ એ ટેબલ એટલે અનુરાગની ફેવરિટ રાઈટિંગ સ્પેસ. અનુરાગ કહે છે, 'અહીં પહેલા એક બેડરૂમ હતો. દુનિયા આખીના ફિલ્મકારો અહીં રહી ગયા છે, પણ મારે એ ધર્મશાળા વધુ નભાવવી નહોતી એટલે રીનોવેશન વખતે એ રૂમ કાઢી નાખ્યો.' ઘરે મટન ખાવા આવતા લોકોની વાતો, ઘરમાં થયેલા ફિલ્મોના શોઝ, અગાસીમાં ઉજવાયેલી હોળી અને મિત્રો સાથેના હેંગઆઉટ્સની વાતોમાં વચ્ચે વચ્ચે ક્યાંક એકલતા અને ભાંગેલા લગ્નજીવનનો પસ્તાવો ડોકાઈ જાય છે.

'હું મારા નજીકના સંબંધીઓ-દોસ્તોને હંમેશાં કહેતો રહું છું, પ્રોફેશનલ લાઈફમાંથી વધુમાં વધુ સમય કાઢીને અંગત જીવનને આપો. નહિતર પસ્તાશો.'


બીજી તરફ, નવાઝુદ્દીન સિદ્દીકીનો બંગલો વળી અનુરાગની સરખામણીએ ખાસ્સો ગ્લેમરસ છે. દીવાલો પર મોલિએર, ઓથેલો અને હેમ્લેટના પોસ્ટર્સ જોવા મળશે. એક કોલમ પર શેક્સપિઅરના વિખ્યાત નાટક 'મર્ચન્ટ ઓફ વેનિસ'માં આવતા શાયલોક નામક પાત્રનું મોટું પોસ્ટર ટીંગાડ્યું છે. 'હું નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં ભણતો, ત્યાં એક કોરિડોર હતો. ત્યાં પણ આમ જ હોર્ડિંગ્સ અને પોસ્ટર્સ લાગેલા હતા. મારા ઘરમાં પણ મેં એવો જ કોરિડોર બનાવ્યો છે. એનાથી મને એક સાંત્વના મળે છે કે હું આજે પણ (એનએસડીના વિદ્યાર્થીની જેમ) કશુંક શીખી રહ્યો છું.'

જ્યાં ભણ્યા હોઈએ એ શાળા કે કોલેજનો ગમતો કોરિડોર ઘરમાં જ ઊભો કરવાનો વિચાર જ કેટલો મસ્ત છે ને! નવાઝને કદાચ ઘરમાં ફોટોઝ અને પોસ્ટર્સ રાખવાનું ઓબ્સેશન છે. 'આ છે મહાન શેક્સપિયર... અને સામી દીવાલે જેનો ફોટો છે એ સ્ટેનિસ્લેવ્સકી-જેણે મેથડ એક્ટિંગને નામે બધાનું મગજ ખરાબ કરી નાખેલું.' નવાઝ બે મહાન વ્યક્તિત્વોના ભીંતે ટીંગાડેલા પોસ્ટર્સ દેખાડતા હળવા મૂડમાં કહે છે. ફિલ્મ જોવા માટે સરસ મજાની સોફાચેર્સ સાથેનો રૂમ હોય કે પર્સનલ મેક-અપ રૂમ, દરેક જગ્યાને રિચ લુક આપવાની સાથે જ સોબર રાખવાનો સફળ પ્રયાસ અહીં થયો છે.

અનુરાગ અને નવાઝના ઘરમાં જે એકમાત્ર સામ્યતા દેખાઈ, એ છે એમની અગાસી પર આવેલી હેંગ આઉટ સ્પેસ એક એવી જગ્યા જ્યાં બેસીને સાથી કલાકારો, દિગ્દર્શકો સાથે ફિલ્મોને લગતી કલાકો લાંબી ગોષ્ઠી માંડી શકાય. એણે પોતાના પિતા નવાબના નામની તકતી એક થાંભલા પર કોતરાવી છે.

એ બંને કલાકારોના ઘરમાં એમના વ્યક્તિત્વોની અમીટ છાપ દેખાય છે. હીરાનંદાણીનું ઘર પણ તમને એક રિયલ એસ્ટેટ કિંગને છાજે એવી ફીલ આપે છે. જ્યાં કોઈક રહેતું હોય એવાં મકાનો પણ રહેનારની જીવનકથાના દસ્તાવેજ સમાન નથી હોતા શું? ■

# કોયડો



## ઇન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

કંદરા એટલે કંદરા. કન્યા નહીં, કન્યારત્ન. હસતીરમતી, નાચતી કૂદતી, નટખટ, મનમોજી. જડને પણ ચેતનવંતું બનાવે એવી. મોર જેવી થનગનતી હરણી જેવી ચંચળ, ચુલબુલી, ઘૂઘરીના રણકાર જેવું મીઠું ગુંજન. ગોરા ગાલમાં ખંજન. પરાણે વ્હાલી લાગે એવી. જગમાં એનો જોટો ન જડે. એના વિનાનું ઘર મકાન બની જાય અને એની હાજરીથી મકાન ઘર બને. ઘરની દીવાલોમાં પણ પ્રાણ ફૂંકાય. બગીચામાં રંગબેરંગી ફૂલ જોવા મળે, પણ ગુલાબની વાત જ ન્યારી. કંદરાનું પણ એવું જ. ફૂલમાં ગુલાબ અને કન્યાઓમાં કંદરા. ખીલતા ગુલાબની કળી જેવી. ગુલાબી ગુલાબ જેવી જ ગુલાબી. ગુસ્સામાં લાલ ગુલાબ. મિત્ર માટે પીળું ગુલાબ. દરેક રૂપરંગનાં ગુલાબનો ગુણધર્મ મહેકવાનો હોય છે, એમ દરેક મિજાજમાં કંદરા ખૂશ્બુ ફેલાવતી. પારેવા જેવી ભોળી નહીં, બગલા જેવી કપટી નહીં અને શિયાળ જેવી લુચ્ચી નહીં, પક્ષીરાજ બાજ જેવી ચતુર અને ચબરાક. કાગરાણા જેવી ચાલાક અને ચપળ. કંદરા એટલે કંદરા!

મા દેવકી અને પિતા વાસુદેવ. બેયની આંખનો તારો હતી કંદરા. દેવની દીધેલ અને દેવનેય દુર્લભ એવી એકની એક લાડકવાયી દીકરી. ઈશ્વરે આપેલો શ્રેષ્ઠ ઉપહાર હતી કંદરા. અણમોલ અલંકાર હતી કંદરા. નયનરમ્ય નજરાણું હતી કંદરા. દીકરી હતી દુઃખભંજણી ને સુખની સર્જનહાર! વાંચવામાં કદાચ અતિશયોક્તિ જણાશે, પણ દેવકી અને વાસુદેવની નજરે જોશો તો જેટલું કહેશો એટલું ઓછું લાગશે. રંગોળીમાં એક રંગ ઓછો જ દેખાશે. જીવનમાં બધા જ રંગ પૂરેલા કંદરાએ. મેઘધનુષમાં તો સાત રંગ જ હોય, કંદરાએ સ્નેહની સરવાણીનો આઠમો રંગ પણ પૂરેલો.

હજુ હમણાં જ પંદર વર્ષ પૂરાં કરેલાં કંદરાએ. પરીક્ષાઓ પૂરી થયેલી રજાની મજા માણતી હતી એ. ખાણીપીણી ને જલસા. ઘરમાં માબાપનાં લાડકોડ અને બહાર સહેલીઓની સંગત. સૂરજ ક્યારે ઊગતો ને આથમતો એની ખબર જ ન રહેતી. સમય સરતો રહ્યો, સરકતો રહ્યો. મુઠ્ઠીમાંની રેતની જેમ. દરમિયાન પરીક્ષાનું પરિણામ આવી ગયું. કંદરા અવ્વલ ક્રમાંકે પાસ થયેલી. શાળાજીવન પૂરૂ કરીને કોલેજમાં પ્રવેશ કરવાની હતી કંદરા. અઠવાડિયા પછી કોલેજ ખૂલવાની હતી. અવનવા ઉમળકા, અનેરા ઉમંગ અને અનોખા ઉત્સાહથી ઊછળતી હતી કંદરા.

પણ એ પહેલાં એક ઘટના...ના, દુર્ઘટના બની ગઈ!

કંદરા નજીકના ગ્રંથાલયમાં ગયેલી. એક પુસ્તક પરત કરવા અને બીજું પુસ્તક લેવા. થોડી જ વારમાં આવી જઈશ એમ કહીને. પણ કલાક થયા છતાં એ આવી નહીં એટલે દેવકીને ચિંતા થઇ. પુસ્તક લેવામાં આટલી વાર ઓછી થાય! કદાચ વાંચવા બેસી ગઈ હશે. વાંચનની જબરી રસિયણ છે. અથવા તો કદાચ કોઈ સહેલી મળી ગઈ હશે. વાતે વળગી હશે. આમેય વાતોડિયણ છે મારી કંદરા. સંતોષનો મીઠો ઓડકાર આવ્યો કંદરાનો વિચાર કરતાં. પણ...પણ... એ હજુ આવી કેમ નહીં? ક્યાંક કંઈક... ના, ના... અમંગળ વિચાર કરવા નથી. તોય...સવારે અગિયાર વાગ્યાની ગઈ છે ને હવે સાંજ પડી ગઈ. ચાર થવામાં જ છે. આવી બેદરકારી તે હોય! મા ચિંતા કરતી હશે એવો ખયાલ નહીં આવતો હોય! મોડું થાય તો એક ફોન તો કરવો જોઈએને? સેલફોન શું કામ લઇ દીધો છે? આજે આવવા દે એને. ખબર લઇ નાખીશ. પણ કશુંક અજુગતું... ના, ના... દેવકી દેવીમાને પગે લાગી આવીઃ હે માતાજી, મારી કંદરાની રક્ષા કરજો. હું ચોખ્ખા ઘીનો દીવો કરીશ!

પણ માતાજી સુધી પ્રાર્થના પહોંચે ત્યાં તો ટેલિફોન ટહુક્યો. દેવકીની નજર અનાયાસ જ ઘડિયાળ પર પડી. સાંજના પાંચ વાગ્યા હતા. દેવકીને સ્મરણ થયું કે, આજે તો કંદરાના બાપુ પણ વહેલા આવી જવાના હતા, પણ હજુ સુધી એ પણ કેમ નહીં આવ્યા હોય! વિચારમાં ને વિચારમાં જ એમણે ફોન ઉપાડ્યો. કંઇ બોલે એ પહેલાં સામે છેડેથી પીગળેલું સીસું રેડાયુંઃ 'કોણ વાસુદેવ. દીકરીની રાહ જુએ છે ને! એ નહીં આવે. તારી મીઠડી મારી પાસે છે!

'કોણ..કોણ બોલે છે? કંદરા..મારી કંદરા...' દેવકીને ગળે ડૂમો બાઝ્યો. કશું બોલી શકે એ પહેલાં તો સામે છેડેથી ફોન કપાઈ ગયો. દેવકી ફોન સામું જોઈ રહી. સ્તબ્ધ બનીને. પૂતળું બનીને ખોડાઈ ગઈ. પોતે જે સાંભળ્યું હતું એ સાચું જ હતું ને? કોઈ મશ્કરી તો નહીં કરતું હોય ને! ના, ના. આવી તે મશ્કરી હોય? તો શું ખરેખર કંદરાનું...હા, કંદરાનું અપહરણ થઇ ગયું હતું!

દેવકી સોફા પર ફસડાઈ પડી. આંખમાંથી વહેતી અશ્રુધારા. મૂઢ માર વાગ્યો હોય ત્યારે દેહ પર ઘા ન થાય પણ મન પર પડેલા ઉઝરડાનું જે ઝીણું ઝીણું દર્દ થયા કરે એવું કળતર થવા લાગ્યું. એવામાં વાસુદેવ આવી પહોંચ્યા. આવતાંવેંત કંદરાનું ચાંદ જેવું મુખડું જોવા જોઈએ એમને. કંદરા પણ પાણીનો પ્યાલો લઈને હાજર જ હોય. પણ આજે કંદરા ન દેખાઈ. દેવકી સામું જોયું. આ શું? રડીરડીને આંખો સૂઝી ગયેલી. આવું દ્રશ્ય તો પહેલી વાર જ જોયું! એમણે ચિંતિત થઈને પૂછ્યુંઃ 'શું થયું દેવકી. રડે છે કેમ! અને મારી કંદરા...કંદરા ક્યાં ગઈ? એ કેમ દેખાતી નથી.. ક્યાંક માદીકરીને કંઇ બોલવાનું તો નથી થયુંને?'

'મારી કંદરા. મારી કંદરાને બચાવી લ્યો.' કહેતાં દેવકી ડૂસકાં ભરવા લાગી. અને હમણાં આવેલા ફોન અંગે વાત કરતી ગઈ.

દેવકીની વાત હજુ તો પૂરી જ થયેલી કે ફોન ફરી રણક્યો. વાસુદેવે ફોન નજીકમાં જ હોવા છતાં રીતસર દોટ મૂકી. અને બીજી ઘંટીએ તો ઝપટ મારીને ફોન ઉપાડી લીધો. સામેથી કર્કશ અવાજ સંભળાયોઃ 'વાસુદેવ...તારી કંદરા મારી પાસે છે. જો પાછી જોઈતી હોય તો...'

'હા, હા.. મારી કંદરાને કાંઈ ન કરતા,પ્લીઝ...' વાસુદેવ ગળગળો થઈને બોલ્યોઃ 'તમારે જે જોઈએ એ હું આપવા તૈયાર છું.'

એ તો આપવું જ પડશેને.. સામા છેડાના સ્વરમાં ઠાંસોઠાંસ ક્રૂરતા ભરેલી હતીઃ 'પૂરા પચ્ચીસ લાખ રૂપિયા જોઈએ છે મને. એના માટે ચોવીસ કલાકની મુદત આપું છું. કાલે સાંજે આ સમયે હું કહું ત્યાં રૂપિયા લઈને ચાલ્યો આવજે. અને હા, પોલીસને જાણ કરવાની બેવકૂફી નહીં કરતો. નહીંતર કંદરાની...'

'ના, ના..મહેરબાની કરીને કંદરાને કાંઈ ન કરશો.' વાસુદેવથી રિસીવર કાન પર ટેકવીને બે હાથ જોડાઈ ગયાઃ 'હું પોલીસને કાંઈ નહીં કહું. કોઈને કંઇ નહીં કહું. તમને રૂપિયા પણ કાલે મળી જશે. પણ એક વાર કંદરા સાથે વાત કરાવો તો...મને કેવી રીતે ખબર પડે કે કંદરા તમારી પાસે જ છે!'

'કંદરા સાથે વાત તો નહીં કરાવું. મને ખબર છે એ બહુ ચાલાક છે. પણ તમારા ઘરની બહાર જોજો. કંદરાએ લખેલો પત્ર તમને મળશે. તમને ખાતરી થઇ જશે કે તમારી ઢીંગલી મારી પાસે જ છે!' સામો છેડો બોલતો બંધ થઇ ગયો.

વાસુદેવ દોડ્યા. દરવાજો ખોલ્યો તો ગડી વાળેલો એક પત્ર પડેલો. ઝટ પત્ર ઉપાડ્યો ને ખોલ્યો. પત્ર ખરેખર કંદરાના અક્ષરમાં લખાયેલો. એ ઝટ ઝટ વાંચવા લાગ્યા. કંદરાએ લખેલું કે,

'પ્રિય પપ્પાજી અને મમ્મીજી,

હું તમારી મીઠડી. મને મીઠડી કહીને બીજું કોણ બોલાવે?

અત્યાર સુધીમાં તમને ખબર પડી જ ગઈ હશે કે મારું અપહરણ થઇ ગયું છે. અપહરણ કરનારના કહેવાથી જ હું પત્ર લખી રહી છું. મને છોડવાના પૂરા પચીસ લાખ માંગ્યા છે એમણે. હું પુસ્તક પરત કરીને આવતી હતી ત્યારે એક મોટી ગાડી મારી બાજુમાં આવીને ઊભી રહી અને મને પરાણે બેસાડીને લઈ ગઈ. હું ચીસો ન પાડી શકું એટલે મારું મોં બંધ કરી દીધેલું. આંખે પાટા બાંધી દીધા. મને એવી તો બીક લાગેલી.

હું મનમાં ને મનમાં પ્રભુ પ્રાર્થના કરવા લાગી. મને મહાદેવ શિવજી અને કૃષ્ણ યાદ આવ્યા. હું મનોમન જાપ જપવા લાગી. રટણ કરવા લાગી. હર હર મહાદેવ...ભજ ગોવિંદમ... શિવ અને કૃષ્ણનું મિલન થતું જોયું છે? મેં જોયું. તમે આંખ બંધ કરીને જોજો. તમને પણ દેખાશે. શિવ અને કૃષ્ણના મેળાપમાં ક્યારેક ત્રણ અવરોધ નડે છે. તમે એ નડતર દૂર કરી દેજો. મને આવું લખતાં જોઇને અપહરણ કરનાર હસે છે. એ સમજે છે કે હું કાલુંઘેલું લખું છું. ભલે સમજે!

હું નાની હતી ત્યારે તમે મારી સાથે કેવા કોયડાની ભાષામાં વાત કરતા હતા! એ મને બહુ જ યાદ આવે છે. હું ભેજું કસીને તમારા કોયડા ઉકેલતી. હવે મારો કોયડો તમે ઉકેલજો. પણ અત્યારે મને ભગવાન બહુ યાદ આવે છે. આંખ બંધ કરું એટલે ઘડીકમાં શિવજી તાંડવ કરતા દેખાય છે અને ઘડીકમાં રાસલીલા કરતા ગિરધારી કૃષ્ણ દેખાય છે. જોકે ઈશ્વર તો એક જ છે ને! શિવ હોય કે કૃષ્ણ... શિવ પણ એ જ અને કૃષ્ણ પણ એ જ! હરિ તારા નામ હજાર, કયા નામે લખવી કંકોતરી!

હું પ્રભુનું સ્મરણ કરું છું. તમે પણ હર હર મહાદેવ અને ભજ ગોવિંદમ કરજો. કોયડો પણ ઉકેલજો. જોજો ભૂલશો નહીં. અને મને જીવતી જોવી હોય તો પચીસ લાખ તૈયાર રાખજો. હું તમને બહુ યાદ કરું છું.

આપની વ્હાલી કંદરાનાં વંદન.'

વાસુદેવે ફરી ફરીને પત્ર વાંચ્યો અને વિચારોમાં ખોવાઈ ગયા. દેવકીબહેન તો વાંચીને ફરી રડવા લાગ્યાં. આંખમાંથી ડબક ડબક આંસુ પડવા લાગ્યાં. વાસુદેવે એમને શાંત કર્યાં. પછી કહ્યુંઃ 'આપણી દીકરી બહુ ચાલાક છે. એ એમનેમ કંઇ લખે નહીં. પણ અત્યારે મારું મગજ ચાલતું નથી. વિચારું છું કે કરણને વાત કરું.'

'ઇન્સ્પેક્ટર કરણ બક્ષીને?' દેવકી ફફડી ઊઠીઃ 'પણ પોલીસને જાણ કરવાથી તો...'

'ના, પોલીસને નહીં...'વાસુદેવ બોલ્યાઃ કરણ મારા એક મિત્રનો પાડોશી છે. મને જાણે છે. આપણે એને આ પત્ર વંચાવીએ. શક્ય છે કે આજે જ આપણને દીકરીની ભાળ મળી જાય. કહીને વાસુદેવે કરણને ફોન કર્યો. ટૂંકમાં વિગત સમજાવી.પરિસ્થિતિની ગંભીરતા સમજીને કરણ સિવિલ ડ્રેસમાં એમના ઘેર ગયો. વાસુદેવે કુશાગ્ર બુદ્ધિ ધરાવતા કરણને કંદરાનો પત્ર આપ્યો. કરણ પત્ર વાંચી ગયો. એક વાર. બે વાર. ત્રણ વાર. પત્રની ભાષા, પત્રનો અર્થ સમજવાનો પ્રયત્ન કરી રહ્યો. લખાયેલા શબ્દમાં છુપાયેલા સંદેશને વાંચવાનો પ્રયાસ કરી રહ્યો. કોયડો ઉકેલવા મથી રહ્યો. દસ મિનિટ વીતી ગઈ. વાસુદેવ અને દેવકી આશાભરી આંખે જોઈ રહ્યા. પંદર મિનિટ. સોળમી મિનિટે કરણે પૂછ્યુંઃ 'તમે કોઈ હરગોવિંદને ઓળખો છો?'

'હા, હા..ઓળખું જ ને?' વાસુદેવે કહ્યુંઃ 'એ તો મારો ભાગીદાર છે...!'

ઓહ.. કરણ કંઈક વિચારવા લાગ્યો. પછી કહેઃ 'એને તમારી સાથે કેવા સંબંધો છે?'

'સંબંધો તો સારા જ છે...'વાસુદેવ કહેવા લાગ્યાઃ 'પણ ધંધાનું એવું છે ને કે ક્યારેક મતભેદ થઇ જાય. દસેક દિવસ પહેલાં અમારી બોલાચાલી થઇ ગયેલી. એ નફામાં વધુ ટકાની માંગણી કરતો હતો. મેં એને સમજાવ્યો. એટલે પાછો માની ગયો. પણ એના વિશે કેમ પૂછવું પડ્યું?'

એ હું પછી કહીશ. કરણે કહ્યુંઃ 'તમે એને ફોન કરીને અહીં બોલાવો. પણ એને મારા કે કંદરા વિશે કાંઈ ન કહેતા.' કહીને કરણે વાસુદેવને કંઈક સમજાવ્યું. વાસુદેવે હરગોવિંદને ફોન કરીને બોલાવ્યો. થોડીવારમાં એ આવી પહોંચ્યો. આવતાંની સાથે સોફા પર જમાવ્યું. દેવકીને કહેઃ 'ભાભી, આજે તો તમારા હાથની ફક્કડ ચા પીવી છે. પછી આજુબાજુ જોઇને કહેવા લાગ્યોઃ અરે, મારી મીઠડી ક્યાં ગઈ? મારી ઢીંગલી, જો તો ખરી, હું તારા માટે કેડબરી લાવ્યો છું!'

હરગોવિંદનું વાક્ય પૂરું થતાંની સાથે કરણ અંદરના ઓરડામાંથી બહાર આવ્યો અને બોલ્યોઃ 'મીઠડી તો તમારી પાસે છે. એ અહીંયાં ક્યાંથી હોય?'

'આ શું મજાક છે?' હરગોવિંદ ઊભો થઇ ગયો. વાસુદેવ સામું જોઇને કહેવા લાગ્યોઃ 'આ માણસ કોણ છે? મીઠડી મારી પાસે છે, એવું કેમ કહે છે?'

'હું ઇન્સ્પેક્ટર કરણ બક્ષી...' કરણ કરવતની ધારથી વહેરતો હોય એમ બોલ્યોઃ 'કંદરા એટલે કે મીઠડી તમારી પાસે છે એવું હું એટલા માટે કહું છું કે મીઠડી તમારી પાસે જ છે!'

'આ શું માંડ્યું છે...' હરગોવિંદ ઉગ્ર થઈને બોલ્યો. પણ એનો આત્મવિશ્વાસ ડામાડોળ હતોઃ 'તમારી પાસે શું પુરાવો છે કે મીઠડી મારી પાસે છે?'

'એનો પુરાવો છે કંદરાનો આ પત્ર...' કરણ બોલ્યોઃ 'કંદરાએ પત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે એનું અપહરણ તમે જ કર્યું છે!'

'બતાડો મને. ક્યાં લખ્યું છે? બતાડો તો ખરા.' હરગોવિંદે પત્ર વાંચીને સવાલ કર્યો.

'તમારી હાજરીમાં, તમે વાંચી શકો એ રીતે જ એણે પત્ર લખ્યો. તમે પત્ર વાંચ્યો પણ ખરો અને છતાં તમે એનો અર્થ સમજી ન શક્યા એનાથી જ ખ્યાલ આવે છે કે કંદરા કેટલી ચાલાક અને ચબરાક છે...' કરણે કંદરાની પ્રશંસા કરી. પછી પત્રનો અર્થ સમજાવવાનું શરૂ કર્યુંઃ 'કંદરાએ 'મને મીઠડી કહીને કોણ બોલાવે' એમ લખીને પહેલી પંક્તિમાં જ પોતાના અપહરણકર્તાનો સંકેત આપી દીધો છે. હરગોવિંદ, તમે આવતાંની સાથે પૂછ્યું કે મારી મીઠડી ક્યાં છે? વાસુદેવભાઈ અને દેવકીબહેન કંદરાને મીઠડી કે ઢીંગલી નથી કહેતા. એટલે તમારો સવાલ એ મારા માટે જવાબ હતો!'

'લાડથી કંદરાને મીઠડી કહીને બોલાવું એનો અર્થ એવો કેવી રીતે થાય કે મેં એનું અપહરણ કર્યું છે?' કહેતાં હરગોવિંદને પરસેવો વળી ગયોઃ 'એણે એવું ક્યાં લખ્યું છે કે હું અપહરણકાર છું?'

કંદરાએ એવું જ લખ્યું છે.. કરણે તર્કબદ્ધ અને મુદ્દાસર કહેવાનું શરૂ કર્યુંઃ એણે પત્રમાં કોયડાની ભાષા ઉકેલવાની વાત લખી છે. શિવ અને કૃષ્ણને વારંવાર યાદ કર્યાં છે. એ જ તો કોયડો છે. શિવ એટલે હર અને કૃષ્ણ એટલે ગોવિંદ. હરગોવિંદ! પછી હર હર મહાદેવ અને ભજ ગોવિંદમ લખ્યું છે. હર હર મહાદેવનો હર અને ભજ ગોવિંદમનો ગોવિંદ લઈએ એટલે હરગોવિંદ થાય! વળી લખ્યું છે કે શિવ અને કૃષ્ણના મિલનમાં ત્રણ અવરોધ છે. એનો અર્થ એમ થાય કે હર અને ગોવિંદમ વચ્ચેના ત્રણ શબ્દનો અવરોધ દૂર કરી દેવો. હર, મહાદેવ, અને ભજ આ ત્રણ શબ્દ દૂર કરીએ એટલે કયો શબ્દ બને? હરગોવિંદ! શિવ અને કૃષ્ણના અનેક નામ છે. એટલે એણે લખ્યું કે, હરિ તારા નામ હજાર, કયા નામે લખવી કંકોતરી! કંદરાનું અપહરણ તમે જ કર્યું છે, હરગોવિંદ! બોલો, ખરું કે ખોટું?'

'હા, હું મારો ગુનો કબૂલ કરું છું...' હરગોવિંદે મસ્તક ઝુકાવી દીધુંઃ 'વાસુદેવ ભાગીદારીમાં મને નફો વધુ નહોતા આપતા. થોડા દિવસ પહેલાં અમારો ઝઘડો પણ થયેલો. મેં ત્યારે જ નક્કી કરેલું કે હું એમની પાસેથી પચ્ચીસ લાખ વસૂલ કરીશ. એટલે જ મેં કંદરાનું અપહરણ કર્યું. મને એમ કે રૂપિયા લઈને હું નગર છોડીને ક્યાંક ચાલ્યો જઈશ, પણ મીઠડી તો જબરી નીકળી...'

હરગોવિંદ જેલમાં ગયો. કંદરા હેમખેમ ઘેર આવી. દેવકીએ વ્હાલથી એનાં ઓવારણાં લીધાં અને વાસુદેવે વાત્સલ્ય વરસાવતાં શું કહ્યું એ જાણો છો? 'કંદરા એટલે કંદરા! કન્યા નહીં, કન્યારત્ન!' ■

**આવતા અઠવાડિયે નવી કથા**


---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com


# સ્થાપત્ય ને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ





**આર્ટિફિશિયલ** ઇન્ટેલિજન્સ અર્થાત્ કૃત્રિમ બુદ્ધિ એ ભવિષ્યનું નિર્ધારણ કરી શકવા સમર્થ વિજ્ઞાનની એક મહત્ત્વની શોધ છે. વિજ્ઞાનના દરેક ક્ષેત્રમાં, કળાની દરેક સંભાવનામાં, માનવીય સગવડતા સાચવવામાં તથા અપેક્ષા સંતોષવામાં, સુખાકારી અને સલામતીના સંદર્ભમાં, સમાજની માનસિકતામાં - લગભગ પ્રવર્તિત અને સંભવિત દરેક બાબતમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હાવી થઈ જશે. સ્થાપત્ય આમાંથી બાકાત ન રહી શકે. અત્યારથી જ એ વિચારવું પડે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સ્થાપત્યનાં ક્ષેત્રને વધુ સમૃદ્ધ, વધુ ઉત્પાદન લક્ષી, વધુ કાર્યક્ષમ, વધુ યથાર્થ કેવી રીતે બનાવી શકે. દરેક ક્ષેત્રની જેમ અહીં પણ સ્થાપત્ય અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એકબીજાના પૂરક બને તે ઇચ્છનીય છે.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વિશ્લેષણ કરવામાં અને ચોક્કસ ધારાધોરણ અનુસાર નિર્ણય આપવામાં વધુ સક્ષમ છે. જુદી જુદી માહિતીનું જો વિશ્લેષણ કરી માહિતી અનુસાર રચનાકીય નિર્ણય લેવાના હોય તો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ચોક્કસ મદદરૂપ થઈ શકે. મકાનની સંભવિત કિંમત કેટલી હશે, સ્થાનિક કાયદા અનુસાર કેટલી અને કેવા પ્રકારની સંભાવનાઓ છે, કેવા પ્રકારની માળખાગત રચના મકાનને વધુ મજબૂતાઈ આપી શકે, મકાન ઉપર તડકા-છાંયડાની અસર કેવી રહેશે, માનવીય વ્યવહારની પેટર્ન પ્રમાણે કેવા પ્રકારનું આંતરિક આવનજાવન તથા વિવિધ સ્થાનો વચ્ચેનો પરસ્પરનો સંબંધ વધુ અસરકારક રહેશે, જુદી જુદી સામગ્રીની આવરદા તથા ક્ષમતાના સંદર્ભમાં મકાનમાં કેવા પ્રકારનાં રખરખાવની આવશ્યકતા રહેશે, વિશેષ પ્રકારની ઉપયોગિતાવાળા મકાનોમાં કેવા પ્રકારની વિશેષ વ્યવસ્થા જરૂરી રહેશે અને તેનું અસરકારક આયોજન કેવી રીતે શક્ય બને, વિશેષ પરિસ્થિતિમાં મકાનને વિશેષ મજબૂતાઈ આપવા માટે કેવા પ્રકારનું પ્રયોજન યોગ્ય રહેશે, સમગ્ર મકાનમાં ઊર્જાનું નિયંત્રણ કેવી રીતે સફળ રહી શકે, કોઈપણ તકનીકી બાબતની કાર્યક્ષમતા મકાનની રચનામાં ઓપ્ટિમાઇઝ કેવી રીતે કરી શકાય - આ અને આવી બાબતો સકારાત્મકતાથી સ્થાપત્યમાં ફાળો આપી શકે.



મકાનના બાંધકામમાં તેમ જ વપરાશમાં ઊર્જાની ખપત કેવી રીતે ઓછી કરી શકાય, ઇલેક્ટ્રોનિક ઉપકરણો દ્વારા મકાનની સલામતી નિર્ધારિત કરવામાં કેવી મદદ કરી શકે, મકાનના ઉપયોગ વખતે સગવડતાની માત્રા કેવી રીતે વધારી શકાય, મકાનનું જે તે અંગ ઉપયોગકર્તાની અપેક્ષા મુજબ કેવી રીતે હંગામી આંતરિક બદલાવ લાવી શકે, કેવા પ્રકારના માપદંડ કેવું પરિણામ આપી શકે, સૂચિત રંગ વ્યવસ્થાથી સમગ્ર દ્રશ્ય કેવું ઊભરશે અને તેની મનોવૈજ્ઞાનિક અસર કેવી રહેશે, અને આ બધી બાબતોને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી વધુ અસરકારક રીતે નિર્ધારિત કરી શકાય. પરિણામે મકાન વધુ સ્વીકૃત, વધુ ઉપયોગી તેમ જ વધુ રસપ્રદ બની શકે.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના સહયોગથી તાત્કાલિક થોડા ફેરફાર કરી રચનાના વિકલ્પો વિશે વિચારી શકાશે, પર્યાવરણ પર થનારી અસરને સચોટ રીતે સમજી શકાશે, મકાનના વિવિધ અંગોની સ્થિતિનું ઝીણવટ ભર્યું મોનિટરિંગ શક્ય બનશે, કટોકટી કે અકસ્માત સમયે રક્ષણની સંભાવના વધુ સ્પષ્ટ બનશે, તકનીકી વ્યવસ્થા દ્વારા જે તે પરિસ્થિતિનું ભાવનાત્મક સમીકરણ સમજી શકાશે, સ્થપતિના વિચારોને તાત્કાલિક ધોરણે વર્ચ્યુઅલ રિયાલિટીમાં કન્વર્ટ કરી મકાન અસ્તિત્વમાં આવે તે પહેલાં જ કેટલીક બાબતોની ચકાસણી શક્ય બનશે, વધુ યથાર્થ માહિતીનો વધુ યથાર્થ ઉપયોગ શક્ય બનશે, પ્લાનિંગની કેટલીક બાબતોમાં સ્થપતિએ સંમિલિત થવાની જરૂરિયાત નહીં રહે, સમગ્ર સંરચનાનું નિયમન સરળ બનશે, બાંધકામની પ્રક્રિયામાં સમયને ઓપ્ટિમાઇઝ કરી શકવાની સંભાવના વધશે, પ્રોજેક્ટ મેનેજમેન્ટ વધુ સરળ બની શકશે, રચના-નિર્ધારણ તેમ જ બાંધકામની વિવિધ પ્રક્રિયા વચ્ચેનું સંકલન પરિણામ લક્ષી બની શકશે, અને આ બધાને કારણે સમગ્રતામાં સમય, શક્તિ તથા સંસાધનોમાં બચત શક્ય બનશે.

આ બધી સકારાત્મક બાબતો સાથે સ્થપતિએ પોતાના અભિગમમાં પણ કંઈક ફેરબદલ કરવો પડશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને કઈ માહિતી પૂરી પાડવી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જ્યારે કોઈ પરિણામ દર્શાવે ત્યારે તેનું મૂલ્યાંકન શેના આધારે કરવું, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા જે કંઈ દર્શાવવામાં આવે તેમાં માનવીય ભાવનાઓનો ઉમેરો કઈ રીતે કરી શકાય, માનવીય સંવેદનાઓ કે તકનીકી પરિણામ વચ્ચેની નિર્ણાયક સ્થિતિમાં માનવીય મૂલ્યોને કેવી રીતે જાળવી શકાય, સ્થાપત્યની તકનીકી બાબતો માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનું મહત્ત્વ સ્વીકારી શકાય પરંતુ સ્થાપત્યની કળાત્મક બાબતોને કેવી રીતે અસરકારક બનાવી શકાય, ભવિષ્યની અનિર્ધારિત બાબતોને કેવી રીતે નિર્ધારિત કરી ડિઝાઇનમાં તેનો સમાવેશ કરી શકાય, શેના માટે ટેકનોલોજી પણ નિર્ધારિત રહેવું અને શું પોતાને હસ્તક રાખવું - આ અને આવી બાબતો માનવીના હસ્તક જ રહેશે.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને માનવીય ભાવનાઓ વચ્ચે સંતુલન જળવાવવું જોઈએ. બંનેનું મહત્ત્વ છે અને બંનેને મહત્ત્વ મળવું જોઈએ. બંનેને પોતાની ક્ષમતા અને સંદર્ભ અનુસાર સ્થાન મળવું જોઈએ. સ્થાપત્ય એક જટિલ રચના છે જેમાં સમાજ, વિજ્ઞાન, વ્યક્તિગતતા, સંસ્કૃતિ, પરંપરા, કળા તેમ જ રાજકીય અને આર્થિક બાબતો સંકળાયેલી હોય છે. આમાંની કેટલીક બાબતોમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ખરેખર મદદરૂપ થઈ શકે, પરંતુ બધી બાબતમાં નહીં. જ્યાં જેની જરૂરિયાત હોય અને જ્યાં જેનું સ્થાન ઇચ્છનીય હોય તે અનુસાર નિર્ણયો લેવાવાં જોઈએ. બધી જ બાબતો કોઈ એક પરિબળને - એક પરિમાણને - આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને સોંપી ન દેવાય.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એ સાધન છે. સાધનનો ઉપયોગ સાધન તરીકે જ થવો જોઈએ. સાધન જ્યારે માલિક બનવાનો પ્રયત્ન કરે ત્યારે પ્રશ્ન થાય. માલિક માનવી છે અને પોતાની અનુકૂળતા માટે માનવીએ સર્જેલું માળખું એટલે ટેકનોલોજી, પરંતુ જો માનવી ટેકનોલોજી દ્વારા મળતી અનુકૂળતાને અનિચ્છનીય માત્રા સુધી વધારવાની ઇચ્છા રાખશે અને ટેકનોલોજીને વધારે મહત્ત્વ આપવા માંડશે તો ટેકનોલોજી માલિકના સ્થાને ક્યારેક પહોંચી પણ જશે. માનવી દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની સીમા નિર્ધારિત થવી જોઈએ, નહીં કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા માનવીનું ક્ષેત્ર નિર્ધારિત થાય. ■

## ૯. લગ્ન સંબંધી

**જૈન યુવક**
૧૯૭૫ બોર્ન ૫-૬" બીકોમ, ધંધો કરતાં, યુવતી આવકાર્ય - ૯૩૨૨૯૨૧૪૨૫. (દહેજ નહીં). (બી-૧૬૭૩૮)

■ **26 B. TECH IT 5'.8" બેંગલુરુમાં સોફ્ટવેર એન્જીનીયર 55,00,000/+ મુંબઈ પરીવાર માટે શિક્ષિત કાર્યરત ગુજરાતી છોકરી જોઈએ છે - 9224449011. (દહેજ નહીં). (બી-૧૬૬૬૭)**

■ મુલુન્ડની દુબઈ સ્થિત 1989 CA કન્યાને દુબઈનાં ડિવોર્સી/ કુંવારા યુવક આવકાર્ય. રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૪૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૭૬૭)

■ મુંબઈની જૈન ડોક્ટર કન્યા 1991, ડોક્ટર યુવક 1988 ૦૯૪૨૮૨૪૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૭૬૮)

■ દુબઈથીઅન્યદેશમાંસ્થળાંતર કરનારાયુવક 1997 લંડનથી ભણેલા ઘનાઢ્ય બીઝનેસમેનને લંડનની/ કેનેડાની/ અમેરીકાની કન્યા જોઈએ. રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૪૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૭૬૯)

**વૈષ્ણવ યુવક**
**1984, 5' 7", પ્રોપર મુંબઈમાં રહેતા, BCom, સારી જોબ તેમજ ફેમિલીનો જોઈન્ટ બીઝનેસ ધરાવતા સુખી માટે વૈષ્ણવ/ જૈન/ બ્રાહ્મણ ઉચ્ચ જ્ઞાતિની કન્યા આવકાર્ય. 9820395668. (દહેજ નહીં). (૪૭૯-એ)**

■ અમેરિકા 1991 માસ્ટર બ્યૂટીફૂલને અમેરિકા સ્થિત યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

■ અમેરિકન સીટીઝન 1995 MBA બ્યૂટીફૂલ ભાટિયાને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

■ અમેરિકામાં 1994 MS હેન્ડસમ ડાયાબિટેકને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

■ પાર્લામાં 1992 CA, MBA બ્યૂટીફૂલ એક્ટિવને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

■ અમેરિકામાં 1989 5'5" MBA સ્માર્ટને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

■ ચેન્નાઈ 1993 ગ્રેજ્યુએટ મેનેજરની પોસ્ટ હેન્ડસમને વૈષ્ણવ દેખાવડી કન્યા. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

■ અમેરિકામાં 1994, BTECH, MS હેન્ડસમને ક્વોલિફાઈડ વૈષ્ણવ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

■ લંડન સ્થિત 1983 ઓડિયોલોજીસ્ટ હેન્ડસમને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

■ ઘાટકોપરમાં 1978 BE COMPUTER હેન્ડસમ વેલસેટને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

■ જુહુસ્કીમ 1984 MBA હેન્ડસમ કપોળને દેખાવડી એજ્યુકેટેડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૪૮૦-સી)

**"DESI JODI"**
**"Matrimony Services (New Jersey, America) Roshni Joshi". Whatsapp - 0017187556940. (No Dowry) (462-A)**

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (460-A)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નહ કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૬૭૩૭)

**મહેમાનોનો ઉતારો**
લગ્નપ્રસંગના બોરીવલી / કાંદિવલીમાં AC ફૂલ્લી ફર્નિશ - બાપલી બંગલો. 9821112796. (૪૬૮-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**તુષારભાઈ**
અયોધ્યા વારાણસી પ્રયાગરાજ, ગંગાસાગર જગન્નાથપુરી, કેરેલા રામેશ્વરમ, નેપાળ મુક્તિનાથ યુપી પુલ્હાશ્રમ. દેવીબેન પ્રવાસ ૯૮૩૩૭૩૦૬૩૯. (૪૬૮-સી)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૨. યાત્રા સહેલગાહ

**મહાબળેશ્વર બંગલો**
ડેલી ભાડેથી, ફક્ત 12 વ્યક્તિ, સ્વિમિંગ પૂલ. Cham House: 9820065681. (૫૦૧-સી)

■ ચિરાગ - તિરુપતિ, કન્યાકુમારી, ત્રિવેન્દ્રમ, શ્રીરંગમ, વેલ્લુર, રામેશ્વરમ, કાંચીપુરમ, મદુરાઈ. 9833009445. (૫૦૧-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**"તક"**
"નિવૃત્ત ગૃહિણી અને વરિષ્ઠ નાગરિકો માટે પાર્ટ / ફુલટાઈમ કામ". "તાલીમ ઉપલબ્ધ". "ઓફિસ સપોર્ટ મળશે." "કોઈ રોકાણ નહીં." સંપર્ક:- 9930796685. (૪૫૨-સી)

**પેશંટની દેખરેખ**
રાખવા 8, 12, 24 કલાક માટે અનુભવી વોર્ડબોય, આયાબાઈ, નર્સ (મેલ/ફીમેલ) મળશે. (મુંબઈ- ગુજરાતમાં) સંપર્ક: 8655191176. (૪૮૦-એ)

**ઓપોરચ્યુનિટી**
**સરકારમાન્ય કંપનીમાં નિવૃત્તો/ અધિકારીઓ/શિક્ષકો/ગૃહિણીઓ તાત્કાલિક જોઈએ. 75068 01607. (એસડીબી-૨૯૩૮)**

**"તક"**
"નિવૃત્ત, ગૃહિણી અને વરિષ્ઠ નાગરિકો માટે પાર્ટ/ફુલટાઈમ કામ. તાલીમ ઉપલબ્ધ. ઓફિસ સપોર્ટ મળશે. કોઈ રોકાણ નહીં":- 8879985966/ 9320132162. (૪૩૫-એ)

■ **લેડીઝ પાર્લર માટે મહિલા બ્યુટિશિયનની જરૂરિયાત છે. સંપર્ક: 9821313102/ 7021840445. (૪૮૧-બી)**

**હાજીઅલી**
પાસે જૈન નાના ફેમિલી માટે રસોઈ બનાવનાર બહેન/ મહારાજ જોઈએ છે. નજીક રહેનારની પ્રથમ પસંદગી ટાઈમ 6 થી 8 સાંજના: 9819037883. (૪૮૧-ડી)

■ વર્લી તેમજ ઝવેરી બજારમાં પર્સનલ ફિમેલ ઓફિસ આસિસ્ટન્ટ જોઈએ છે, સ્કિલ, ગુડ પર્સનાલિટી, ફેશન ચાલશે. કોમ્પ્યુટર નોલેજ જરૂરી. સારો પગાર, ટાઈમ 10 થી 6. સંપર્ક રાજુભાઈ શાહ: 9819037883. (૪૮૧-ડી)

REQUIRE OPP. CST - 1) Accountant, 2) Assistant Accounts - knowledge of Tally Prime / ERP 9, GST, TDS, TCS, No Age Bar. Dhansukh - 9653332155, Email: oml@orbitgroup.in (B-16751)

**"VARDHMAN SEVA CHARITABLE FOUNDATION"**
**Require Dentist from 6 pm to 9 pm, Lab Technician, Dental Assistant, Office Staff, Marketing Executives. : 9773999855 / 9867995060. (465-A)**

**WANTED**
B.Sc Chemistry and 12th Pass Candidates and Peon for Lab in Borivali Contact 9821322833 / 9870550891. (474-D)

## ૧૭. જગ્યા આપવી છે

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK, 720 sq. ft. 3 BHK, 891 Sq. ft. ડો. આમ્બેડકર રોડ, પાર્કિંગ સાથે, ટૂંક સમયમાં કબજો. સંપર્ક: 9930333456. (૪૧૩-એ)

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૭૧૦)

**ઘાટકોપર (ઈસ્ટમાં)**
**વેચાણથી - રોહાઉસ બંગલો, નો-ટ્રાફિક, નો-પોલ્યુશન. સંપર્ક: 9323650893. (૪૬૦-બી)**

**ઘાટકોપર (ઈસ્ટમાં)**
**વેચાણથી - રોહાઉસ બંગલો, નો-ટ્રાફિક, નો-પોલ્યુશન. સંપર્ક: 9323650893/ 9222710284. (૪૬૦-સી)**

**પાર્લા વેસ્ટ**
અર્જન્ટ 1150 કાર્પેટ 3 બેડ વેચાણથી ગાર્ડન ફેસિંગ સ્ટેશન નજીક દેરાસર નવી બિલ્ડિંગ 2 બેડ ભાડેથી અમિત - 7045622403. (બી-૧૬૭૫૮)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપરમાં ગેરંટી**
**1% દલાલીમાં 100% શાંતિ, ફ્લેટ ઘણા મળશે, ફસાયા વગર ગોઠવાઈ જાવ. ફ્લેટ, ઓફિસ ભાડેથી/ લે-વેચ બજાર ભાવે ૩૦ દિવસમાં સોદાની ગેરંટી. BHIMANI - 9820814333, CHABHADIA - 9820204041. (૪૪૩-એફ)**

**ઘાટકોપર (વેસ્ટ)**
કામાલેન - ૧ બેડરૂમ - 510' કાર્પેટ, ૧લે માળે, વેલમેઈન્ટેન બિલ્ડિંગ, વેલ ફર્નિશ્ડ, (1.15 CR) નેગોશીએબલ. 9619400752. (૪૪૩-બી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**તિલક રોડ, પ્રાઈમ લોકેશન, 2.5 બેડરૂમ, હોલ, કિચન - 810' કાર્પેટ, સેમીફર્નિશ્ડ, 2.35 CR, ૧ ઓપન કાર પાર્કિંગ. HOMEALONE PROPERTY - જુગ્નું શાહ - 9833352224. (૪૧૨-એ)**

**ચેંબુર તિલકનગર**
**૩ બેડરૂમ હોલ કિચન, ભાડેથી / વેચાણથી, આપવું છે, ઓનર:- 9821045046. (૪૪૮-એ)**

**કાંદિવલી (વેસ્ટ)**
**માતુ આશિષ**
બાલભારતી સ્કુલની બાજુમાં, એસ.વી. રોડ
★ 22 માળના નવા ટાવરમાં

| | |
|---|---|
| ૨ બેડરૂમ એરિયા ૫૦૯' કાર્પેટ ૧.૪૫ કરોડ + | ૨ બેડરૂમ એરિયા ૬૫૩' કાર્પેટ ૧.૮૩ કરોડ + |

૩ બેડરૂમ એરિયા ૯૫૪' કાર્પેટ, ૨.૭૮ કરોડ +
★ ૨૦ + એમીનીટીઝ, પોડીયમ, Rooftop Garden
MARKETED BY: M.G. REALTORS - 9820964062
RADHA ESTATE AGENCY-9821034272
(બી-૧૬૭૫૪)

**DEOLALI**
નાકા-૬, ૧ બેડરૂમ, હોલ, કિચન, ૨ બાલ્કની, ૨ ટોયલેટ, ૧લે માળે, ફુલ હવા ઉજાસ, ૨૪ કલાક પાણી, જૈન દેરાસર નજીક, વેચાણથી. 9820254900. (૪૭૨-એ)

**ખાર (વેસ્ટ)**
મધુપાર્ક પાસે- ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમનો ફ્લેટ- જીમ, સર્વન્ટ ટોઈલેટ, એરકન્ડીશન્ડ લોબી, ૨ પાર્કિંગ સાથે ભાડેથી આપવાનો છે. ડીપોઝીટ- ૫,૦૦,૦૦૦/ -, ભાડુ ૨,૦૦,૦૦૦/- ફક્ત જેન્યુન પાર્ટી સંપર્ક: 9820156133. (બી-૧૬૭૩૧)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૩૬૨-એ)

**ઘાટકોપર (વેસ્ટ)**
**જીવદયા લેન, જુનું માણેકલાલ એસ્ટેટ- ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનના ફ્લેટો બુકીંગમાં લેવા મનીષ વોરા. 9324339343. (૪૫૭-બી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
ભાડેથી ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનના ફ્લેટો, લીફ્ટ, પાર્કિંગ. બ્રોકર - 8169819857, 9323030141. (૪૫૭-સી)

**દહીંસર (ઈસ્ટ)**
D - 68, રેડી ફોર FIT આઉટ, 13 માળનું નવું ટાવર, ૧ બેડરૂમ 94 લાખ +, 2 બેડરૂમ 1.27 કરોડ +, (1 BHK + 1BHK jodi available) 20 + Rooftop amenities site NEXOME - 9702021033 / 9167577112. (જેપી/૪૫૨૯-સી)

**બોરીવલી (વેસ્ટ)**
**2 બેડરૂમ, બંધાતામાં, SVP રોડ, ભગવતી હોસ્પિટલ સામે, દિગંબર જૈન મંદિર લાગીને, 10 માળનું ટાવર, 2 લીફ્ટ, 594' @1.76 CR, તથા જોડી શક્ય, પઝેશન નવેમ્બર 2026. બિલ્ડર ઓફિસ 9820041400. (૪૫૨-એ)**

**અંધેરી (વેસ્ટ)**
2 BHK "યશોધન" (4.25 કરોડ), 2 BHK "ગ્રીનકોર્ડ" (2.50 કરોડ), 3 BHK (4.25 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ-જુહુ સ્કીમ લીવલાયસન્સથી "ગૌતમ જોષી" 9322236433 / 9821069632. (૪૪૯-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (ઈસ્ટ)**
વેચાણથી ફૂલ્લી ફર્નિશ 2 બેડરૂમ 700' પારસી પંચાયત રોડ- પાર્કિંગ- OC 96196 74640. (જેપી/૪૫૨૯-ડી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી 1 રૂમ કિચન - 250' (SRA) કોલડુંગરી 65 લાખ - 96196 74640. (જેપી/૪૫૨૯-ઈ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી આઝાદ રોડ 3 બેડરૂમ - 1025' 2nd ફ્લોર લીફ્ટ પાર્કિંગ રીઝનેબલ રેટ. - 96196 74640. (જેપી/૪૫૨૯-એફ)

**"ચોપાટી, બાબુલનાથ (દેરાસર) ભાડેથી"**
**2 બેડ ફર્નિશ્ડ, 3 બેડ ફર્નિશ્ડ, 4 બેડ ફર્નિશ્ડ, "નિમેષ સોની": 9619927603. (૪૩૩-એ)**

**ઘાટકોપર**
**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડરકન્સ્ટ્રક્શન, લેવા-વેચવા-ભાડેથી.૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુગ્નું શાહ - 9833352224. (૪૩૧/એ)**

**" ગામદેવી ભાડેથી"**
**2 BHK પાર્કિંગ, 3 BHK પાર્કિંગ -"નિમેષ સોની ": 9619927603. (૪૩૩-સી)**

**બોરીવલી (વેસ્ટ)**
**હરીદાસનગર, દેરાસર બાજુમાં જીમ, રૂફ ટોપ ટેરેસ ગાર્ડન, O.C પાર્કીંગ સાથે એમીનીટીસવાળા ટાવરમાં, 3 બેડરૂમ (1283' કારપેટના) બધા માસ્ટર બેડરૂમના જુજ ફ્લેટો, સીંગલ તથા જોડીમાં, હાયર ફ્લોર, લેવા મળો. (11 થી 6). 9819810215/ 9769622033/ 022-28334910. (૪૭૯-સી)**

**કોલ બોનસ**
**ઘાટકોપર (ઈસ્ટ)**
**૬૦' રોડ, પ્રીમીયમ લોકેશન, ન્યુ આયકોનીક ટાવર, એકમાત્ર ૨ બેડરૂમ રીસેલ ફ્લેટ લેવા. 7208215105. (૪૭૬-એ)**

MahaRERA Registration No. P51800047071 available on https://maharera.mahaonline.gov.in
**GHATKOPAR EAST**
**NEELSIDHI BRINDAVAN**
ON VALLABH BAUG LANE
3 BHK LUXURY FLATS
₹ 3.51 CR*. ONWARDS
*T & C Apply
READY POSSESSION
OC RECEIVED
98334 69305
(B-6741)

**ઈર્લા**
KLS હોસ્પિટલ સામે અને ઈર્લા દેરાસર નજીક એમિનિટીઝવાળા ટાવરમાં 3- બેડરૂમ 890' હાયર ફ્લોર, વેસ્ટ ઓપન, હવા ઉજાસવાળા ફ્લેટો, 10' ઈન્ટરનલ હાઈટ સાથે રિઝનેબલ ભાવમાં લેવા સંપર્ક નક્કાર રીયલ એસ્ટેટ- 9819117722/ 9082631731. (જેપી/૪૫૩૨-એ)

**ચેમ્બુર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી- વેચાણથી લેવા- આપવા, વર્ધમાન પ્રોપર્ટીઝ- ૯૯૮૨૮ ૩૩૯૩૯. (બી-૧૬૭૬૧)

**પાર્લા (વેસ્ટ)**
એક બેડરૂમ હોલ કિચન ૫૬૦ કારપેટ બીજે માળે હવા ઉજાસવાળો જૂના ભાડાનો ફ્લેટ ટ્રાન્સફર સાથે એન્જિનિયરિંગ સાયંસ આર્ટસ અને કોમર્સ કોલેજ મેટ્રો તથા કૂપર હોસ્પિટલની નજીકમાં ઈરલા સોસાયટી રોડ બાલડ સ્ટોર્સની બાજુમાં ૧.૩૦માં આપવાનો છે. સંપર્ક: ૯૮૨૦૦૨૮૩૪૭. (૩૨૦)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
પ્રાઈમ લોકેશનમાં સ્ટેશનથી પાંચ મિનીટનાં અંતરે ફૂલ્લી ફર્નીશ 2 BHK Hall Kitchan, પાર્કિંગ સાથે રજીસ્ટર સોસાયટી, 800' Carpet area- 2.60 Cr. સંપર્ક: ભરત શાહ 9820280034. (૩૨૧)

**દાદર (વેસ્ટ)**
અગરબજાર, 3 બેડરૂમ, 800', 2 ટોયલેટ સાથે વેચાણથી. 3.75 CR. (બ્રોકર્સ આવકાર્ય). Call- 8655811111. (૪૭૪-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**ગામદેવી**
2 બેડરૂમ - 660' કાર્પેટ 2,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-એ)

**ગ્રાન્ટરોડ**
1 બેડરૂમ - 600' કાર્પેટ 2,51,00000/- શાહ - 9820068382. (૫૦૩-એ)

**તારદેવ**
2 બેડરૂમ - 752' કાર્પેટ - પાર્કિંગ - 4,0000000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-એ)

**નાનાચોક**
2 બેડરૂમ - 1100' જુંનુભાડુ 2,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-બી)

**ગ્રાન્ટરોડ**
3 બેડરૂમ - 1350' જુંનુંભાડુ 3,25,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-બી)

**પ્રાર્થનાસમાજ**
1 બેડરૂમ - 500' જુંનુભાડુ 1,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-બી)

**તારદેવ**
3 બેડરૂમ - 1600' કાર્પેટ - પાર્કિંગ - 7,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-સી)

**નાનાચોક**
3 બેડરૂમ - 1500' કાર્પેટ - પાર્કિંગ - 10,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-સી)

**કારમાઈકલ રોડ**
4 બેડરૂમ - 1450' કાર્પેટ - ગેરેજ - 10,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-સી)

**તારદેવ**
2 બેડરૂમ - 800' કાર્પેટ - પાર્કિંગ - 3,60,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-ડી)

**ગામદેવી**
2 બેડરૂમ - 789' કાર્પેટ - પાર્કિંગ - 4,0000000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-ડી)

**બ્રીચકેન્ડી**
2 બેડરૂમ - 730' કાર્પેટ - ગેરેજ - 4,40,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૩-ડી)

■ MALAD OUTRIGHT FLATS RENTAL 300' મોદાણી વરિયા દુકાન (MATERIAL - GOOD WILL) 1955 વરિયા - 9819208224. (બી-૧૬૭૭૦)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**ભાડેથી સુધાપાર્ક, 2 બેડરૂમ - 950' કાર્પેટ, ફૂલ્લી ફર્નિશ્ડ હાયર ફ્લોર, 1 સરફેસ કાર પાર્કિંગ સાથે. 9619345999. (૪૮૬-એ)**

**આકર્ષક ભાવ / SOUTH MUMBAI**
1/2/3/4 BHK - Purchase / Sale / Rent - Attractive Deals Under Construction & Ready Possession ના આકર્ષક ભાવમાં, રેન્યુટેડ અને ન્યુ ટાવરમાં બિલ્ડર્સ, બ્રોકરો અને ગ્રાહકો માટે ...

**ON RENT**

| | |
|---|---|
| 4 BHK - Prabha Devi | 5 Lakh. |
| 4 BHK - Peddar Road | 2.20 Lakh. |
| 3 BHK - Kemps Corner | 1.75 Lakh. |
| 3.5 BHK - Worli | 2.50 Lakh. |
| 3 BHK - Lower Parel | 3.50 Lakh. |
| 1.5 BHK - Kemps Corner | 1.10 Lakh. |

અન્ય 1 BHK & 1.5 BHK આકર્ષક, પ્રખ્યાત, સેલ/વેચાણથી/ ATTRACTIVE DEALS.

**FOR SALE**

| | |
|---|---|
| 5 BHK - Parel | 21 Cr. |
| 5 BHK - Walkeshwar | 13 Cr. |
| 3 BHK - Breach Candy | 8.50 Cr. |
| Cuffe Parade | 6.50 Cr. |
| Gamdevi | 6.50 & 6 Cr. |
| 2 BHK - Gamdevi | 4 Cr. |
| Gowalia Tank | 3 Cr. |
| 1 BHK - Forjett Street | 1.80 Cr. |

Many Attractive deals તેમજ shop/office/showroom ભાડેથી/વેચાણથી, આપવા/લેવા
WHITE HOUSING REALTORS: 34, Panchratna, Mumbai-400 004
**ASHOK TURAKHIA**
**9820777676**
(B-16753)

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી-ભાડેથી. 2, 3, 4 બેડરૂમ, હોલ, કિચનના ફ્લેટો, રેડી પઝેશન. કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૪૮૭-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**4 બેડરૂમ, હોલ, કિચન - 1250' કારપેટ, સ્પેશ્યલ રૂમ સાઈઝ, સુંદર વ્યું, એમેનીટીઝ સાથે, 3.65 CR, ૧ કાર પાર્કિંગ. HOMEALONE PROPERTY - જુગ્નું શાહ - 9833352224. (૪૮૭-સી)**

**અંધેરી/પાર્લા**
1 બી એચ કે 45થી 60 હજાર, 2 બી એચ કે 75 હજારથી 1 લાખ, 3 બી એચ કે 1 લાખથી 1.50 લાખ ભાડે થી લેવા. 8356857995/7506776398. (એસડીબીજી-૨૯૫૯)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**હમણાં નહીં તો ક્યારે નહીં 3 બેડરૂમ, હોલ, કિચન-1010' કારપેટ, 2.11 CR, 3 બેડરૂમ, હોલ, કિચન, 1050' યુઝેબલ- 3.15 CR, 3 બેડરૂમ, હોલ, કિચન-860' કારપેટ, 2.50 CR, 3 બેડરૂમ, હોલ, કિચન- 930' કારપેટ-2.99 CR, 2.5 બેડરૂમ, હોલ, કિચન- 810' કારપેટ - 2.45 CR, 2 બેડરૂમ, હોલ, કિચન-900' યુઝેબલ- 1.70 CR, 1 બેડરૂમ, હોલ, કિચન-470' કારપેટ- 1.40 CR, જુગ્નું શાહ- HOMEALONE PROPERTY. - 9833352224. (૪૮૭-બી)**

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી (વેસ્ટ)**
2 બેડરૂમ 48000/- મથુરાદાસ રોડ, ભાડેથી આપવાનો છે, 9821925693. (જેપી/ ૪૫૩૧-જી)

**વાલ્કેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આલ્પર્ક ફ્લેટો/કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૯૫૪)

**વાલ્કેશ્વર ભાડેથી**
ત્રણ બેડરૂમ (કન્વર્ટેડ બે બેડરૂમ) (૧૩૦૦ કાર્પેટ) (ફર્નીશ) (ત્રણ પાર્કિંગ) ૨૭૫૦૦૦ ભાડુ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૯૫૫)

**વી.પી. રોડ**
ટાવરમાં ૩ બેડરૂમ ૧૨૦૦ + પાર્કિંગ લીવલાયસન્સથી/સિક્કાનગર, ૧ બેડરૂમ ૫૪૦' + પાર્કિંગ/ફર્નીશ ૩ બેડરૂમ + પાર્કિંગ, ઓનરશીપથી, રેડી કબજો 9820034317. (બી-૧૬૭૭૫)

**કાંદિવલી (વેસ્ટ)**
1 બેડરૂમ નવા ટાવરમાં ફૂલી ફર્નીશ, એમજી રોડ, અચીજા હોટલ પાસે, 1.09 કરોડમાં મળશે સંજય 9821925693. (જેપી/૪૫૩૧/ આઈ)

**તારદેવ**
૧ બીએચકે, એરિયા ૭૦૦ સ્કેફીટ, દરેક રૂમમાં ક્રોસ વેન્ટિલેશન, ૨ બીએચકેમાં કન્વર્ટ સહેલાઈથી કરી શકાય, મોટી એંટેન્ડ ટેરેસ, ઓનરશીપ, જૈન દેરાસર પાસે, મુખ્યત્વે હિંદુ સોસાયટી, તુરંત વેચવાનો છે. સંપર્ક ફક્ત વોટ્સએપ મેસેજીસ: ૯૯૩૦૪૮૫૯૯૧. (બી-૧૬૭૭૬)

**વિલેપાર્લામાં-સાંતાક્રુઝમાં**
તૈયાર/બંધાતામાં ફ્લેટો-દુકાનો-ઓફિસો લેવાં/ વેચવા/ ભાડે થી - 9869463304, 7738151065. (બી-૧૬૭૭૪)

**ઘાટકોપર વેસ્ટ**
વેચાણથી 1 બેડરૂમ હોલ કિચન, 560', વેલ મેન્ટેન્ડ સોસાયટી/ફ્લેટ, લિફ્ટ પાર્કિંગ, પાઈપ ગેસ, 24 કલાક પાણી. મેટ્રો, રેલવે, દેરાસર, ઉપાશ્રય, નામાંકીત બેન્કોથી 2-3 મિનિટના અંતરે, સંપર્ક :- 9322354176. (૪૮૪-એ)

**મલાડ (વેસ્ટ)**
2 બેડરૂમ 556', લીબર્ટી ગાર્ડનમાં નવા ટાવરમાં OC - પાર્કિંગ સાથે દેરાસર પાસે 1,50,00,000/- ફાઈનલમાં વેચવાનો છે. 9324352434. (એસડીબી-૨૯૫૬)

**બોરીવલી (વેસ્ટમાં) ભાડેથી**
**સ્ટેશન / દેરાસર નજીક 3 બેડરૂમ - 1200' કાર્પેટ + પાર્કિંગ, હાયર ફ્લોર (ભાડું: 88,000, ડિપોઝિટ: 3,00,000) લેવા સંપર્ક : AK REALTTY - અશોકભાઈ- 9821362244. (૪૭૭-બી)**

**DADAR - MATUNGA WEST**
**Mega Launches Luxury High Rises 2 Bed 2.9 to 3.9 Cr. 3 Bed 4.9 to 5.9 Cr. Pool, Gym, Play Area Get Lowest Group Booking Price - 9819016316. (B-16732)**

**ZERO MAINTENANCE SOCIETY**
1 BHK Flat for Sale + Parking, at Tardeo. Atul, 9820070445, 9920070445. (B-16724)

AHMEDABAD BUNGALOW for sale, Maninagar, Bhairavnath road 4000 ft 7 bedrooms hall, 3 kitchens, Parking, Main road, 3 crores. Ashok : 9426330098. (B-16753)

**PAREL SEWRI BIGGEST**
**New Launches Builder from Bangalore and Dubai now in Mumbai 2, 3 Bed 3.75 and 5.75 cr++ Atal Setu views Plethora of Amenities Pre Register for Group Bookings and Bulk Discount + 91 9819082468. (B-16742)**

**GHATKOPAR (EAST)**
**Neelkanth Valley - 2 BHK, 866 Sq. Ft. Open Parking, Higher Floor Facing Swimming Pool and Jogging Track. (Vastu Compliant). 9820501290. (SDB-2952)**

## ૧૭. જગ્યા આપવી છે

**FOR RENT**
Borivali West Untouched New Building 3 B H K 1100 - Carpet - 3 AC Modular Kitchen Higher Floors, 2 BHK 600 Carpet, (2) Mahavir Nagar & Kandivali West 690, 600, 650 Carpet Available on Rent Ready Possession Jigna Properties 9819226771 Dhimant Shah. (481-A)

**AT CHEMBUR (EAST)**
**Prime Location, Spacious 3 BHK + 3 Bathrooms with Large Balcony, Pocket Terrace, Total Usable Area Approximate 1700' Sq. Ft. (Carpet), 1 Car Parking for Sale. Immediate Possession and Pet Friendly Apartment. Call 8369852734. (483-A)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**મરીનડ્રાઈવ**
3 બેડ સીવ્યુ/ બેકસાઈડ, અર્જન્ટ ક્લાઈન્ટ માટે જોઈએ. અશોક શાહ- 9821036552. (૪૫૬-એ)

**કાંદિવલી (વેસ્ટ)**
1 બેડરૂમ 35000/- ભાડેથી જોઈએ છે 9821925693. (જેપી/૪૫૩૧-એચ)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**બોરીવલી/દહિસરમાં**
**જોઈએ છે: 500' ઈન્ડસ્ટ્રીયલ ગાળો, ફ્રી ફેસ પાવરવાળો, ગ્રાઉન્ડ ફ્લોરમાં. (1 કરોડ સુધી). ઓનર: 9820466542. (૪૫૪-એ)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- ચુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વાસનીય નામ રાજેશ દરિયા 9326495003. (એસડીબી-૨૭૭૨)**

**INDUSTRIAL PREMISES**
**For Sale at GIDC Vapi, Gujarat. East facing and main Road Access. Plot Size 1244 Sq. M. Built up 45000 Sq. Feet. Contact 7045178999. (JP/4531-F)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**VILEPARLE (WEST)**
ભાડેથી રિટેલ શોપ 650' કાર્પેટ ઝવેરી બિલ્ડિંગમાં આપવાની છે. યશ મહેતા - 9833766747/ 9821059304. (૫૦૨/સી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોર્પોરેટ સેન્ટર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી, મથુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી/ ભાડેથી. કોમર્શીયલ ઓફિસો 202', 225', OC સાથે, રેડી પઝેશન. કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૪૭૨-સી)

**મંગલદાસ માર્કેટની**
**મેઈન ગલ્લીમાં 150' દુકાન + 150' લોફ્ટ સાથે વેચાણથી આપવાનું. ઓનર :- 9321149595/9427473004. (૪૭૭-ડી)**

**JUHU SCHEME**
ભાડેથી રિટેલ શોપ 240' કાર્પેટ વૈશાલી શોપિંગ સેન્ટરમાં આપવાની છે. યશ મહેતા - 9833766747/ 9821059304. (૫૦૨/એ)

**READY POSSESSION 5400 SQ. FT.**
**PRE LEASE COMMERCIAL PREMISES ON 1st Floor**
**FOR SALE**
**YASHWANT HEIGHTS**
**DAHISAR (WEST)**
SHOPS SHOWROOM OFFICES
Opp Railway Station Ticket Window
Suitable For : Bank, Medical Center, Offices, Showroom, Mnc's, Financial Institution, Corporate House Etc
Project is Financed by: SWAMIH INVESTMENT FUND I
Site: 99305 73939 / 99306 69211
5400 sq. ft. Nursing Home Plan Pass With Separate Entrance & Stretcher lift
(B-16771)

**"ગુલાલવાડી ઓફિસ વેચાણમાં"**
**મેટલ, પ્લાસ્ટિક, ઈમિટેશન જવેલરી માટે શ્રેષ્ઠ જગ્યા. લગભગ 25' x 8.75', પહેલે માળે. "મેહતા" - 9969136640. (૪૮૨-એ)**

**બોરીવલી (વેસ્ટ)**
**પેન્ટાલુન્સ પાસે મોકાની દુકાન (ભાડું 31000/-) સંદીપ જાની : 9869485733. (૪૭૯-ડી)**

**SALE - RENT**
Office Tendice - 69 Andheri East 689' Off W.E. Highway Off Suren Road, Ready Possession, 022-6631 8562 - 66311728 - 9930 647 494 - 9821 936 787. (JP/4529-C)

(જુઓ પાનું ૧૨)



(બી-૧૬૭૭૨)

# મહારાષ્ટ્ર જિલ્લા પરિષદની ચૂંટણીમાં કોણ મિત્ર અને કોણ શત્રુ?

## શું આ મિલીભગતનો ખેલ બીએમસી ચૂંટણીનું ટ્રેલર છે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* રાજ્યમાં ચૂંટણીના પડઘમ વાગ્યા પછી જિલ્લાઓમાં જે રીતે અજબગજબ ગઠબંધન થઈ રહ્યા છે તેને કારણે મહારાષ્ટ્રમાં જિલ્લા પરિષદની ચૂંટણીઓ વધુને વધુ રસપ્રદ બની છે. એમવીએ અને મહાયુતિ ગઠબંધનના ઘટક પક્ષોના અલગ અલગ સ્થળે વિરોધીઓ સાથેના જોડાણે મિત્રતા અને દુશ્મનાવટની રેખાઓને ઝાંખી કરી દીધી છે. અજિત પવાર અને શરદ પવાર ચાંદગઢમાં ભેગા થયા છે. પુણેના ચાકણમાં, ઉદ્ધવ સેના અને શિંદે સેનાએ ગઠબંધન બનાવ્યું છે. પાલઘરમાં એનસીપીના બંને જૂથો શિંદે સેના સાથે મળીને ભાજપ સામે લડી રહ્યા છે. ગામડા અને જિલ્લાના રાજકારણમાં બનતા સ્થાનિક ગઠબંધનો પર તમામ પક્ષોના વરિષ્ઠ નેતાઓ મૌન છે. આ ચૂંટણી ગઠબંધનને કારણે બંને ગઠબંધનોમાં સ્પષ્ટ તિરાડો પડી છે. આ પરિસ્થિતિ ભાજપ અને શિવસેના (યુબીટી) માટે મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. ચૂંટણીના માહોલમાં, કોંગ્રેસ એકમાત્ર એવો પક્ષ છે જેણે ખુલ્લેઆમ એકલા ચૂંટણી લડવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો છે. ■

### પંચાયત ચૂંટણીમાં કોણ કોનો મિત્ર છે?

ભાજપ, અજિત પવારની એનસીપી અને શરદ પવારની પાર્ટીએ તેમના જિલ્લા નેતાઓને સ્થાનિક સ્તરે ગઠબંધન કરવાની સ્વતંત્રતા આપી છે. શિવસેનાએ ખુલ્લેઆમ આવી જાહેરાત કરી નથી, પરંતુ તેમને છૂટ પણ આપી છે. પરિણામે, ઘણી જગ્યાએ, ફક્ત એનસીપી અને શિંદે સેના જ ભાજપ સામે ચૂંટણી લડી રહ્યા છે. ચાંદગઢ મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણી માટે, શરદ પવારની એનસીપી અને અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીએ ગઠબંધન બનાવ્યું છે. પુણેમાં ચાકણ મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણી માટે, શિવસેનાના બંને જૂથોએ સાથે આવવાનો નિર્ણય લીધો છે. પાલઘર જિલ્લાના દહાણુમાં, શરદ પવાર, અજિત પવાર અને શિંદે જૂથે ભાજપના ભરત રાજપૂત સામે ગઠબંધન બનાવ્યું છે. રાયગઢમાં, અજિત પવાર જૂથ અને શિવસેના યુબીટી વચ્ચે ગઠબંધન થયું છે.

### ભાજપનો ખેલઃ બધા એકલા લડશે

ભાજપે બીએમસી ચૂંટણી માટે તેના કાર્ડ જાહેર કર્યા નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, તે મુંબઈમાં એકલા ચૂંટણી લડવા માંગે છે અને અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં શિંદે સેના સાથે ગઠબંધનની તરફેણમાં છે. એકનાથ શિંદે બીએમસી સહિત તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં સીટ શેરિંગ ઇચ્છે છે. પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે ભાજપે અજિત પવારની એનસીપીને ૪૦ બેઠકો આપવાનો પણ ઇનકાર કર્યો છે. ત્યાં પણ મૈત્રીપૂર્ણ લડાઈ થઈ રહી છે. તાજેતરમાં, શિવસેનાના કાઉન્સિલરોને ભાજપમાં સામેલ કરવાના વિરોધમાં એકનાથ શિંદેના મંત્રીઓએ કેબિનેટ બેઠકનો બહિષ્કાર કર્યો હતો. રાજકીય વિશ્લેષકો માને છે કે શાસક ગઠબંધનમાં બધુ સમૂસુતરું નથી. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી દરમિયાન ઉદ્ભવેલા વિવાદની બીએમસીની ચૂંટણીઓ પર પણ અસર પડી શકે છે.

### એમવીએમાં કટોકટી ગંભીર

મહા વિકાસ આઘાડીમાં તો કટોકટી વધુ ઊંડી છે. શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે, તેમના ભાઈ રાજ ઠાકરે સાથે, 'મરાઠી માણુસ'નો નારો લગાવી રહ્યા છે. મનસે સાથેની નિકટતાને કારણે કોંગ્રેસ પહેલેથી જ ગઠબંધનથી અલગ થઈ ગઈ છે. કોંગ્રેસનો આ નિર્ણય મહત્વપૂર્ણ છે કારણ કે મનસે હિન્દી અને ઉત્તર ભારતીયોનો વિરોધ કરવા માટે જાણીતી છે. શરદ પવારની આગેવાની હેઠળના એનસીપી દ્વારા એકલા ચૂંટણી લડવાના સંકેતથી પણ ગઠબંધનને મોટો ફટકો પડ્યો છે. જો પરિસ્થિતિ આવી જ રહેશે, તો પાલિકા ચૂંટણીઓ ભાજપ વિરુદ્ધ અન્ય તમામ પક્ષો બનશે, જેમાં દરેક પક્ષ અલગથી સ્પર્ધા કરશે. નિષ્ણાતો માને છે કે ભાજપ એક સંગઠન તરીકે, અન્ય તમામ પક્ષો કરતાં ઘણો મોટો છે. વિધાનસભા ચૂંટણીઓમાં, ભાજપે સૌથી વધુ ૨૬.૭૭ ટકા મતનો હિસ્સો મેળવ્યો હતો.

### બીએમસી ચૂંટણીમાં ગઠબંધનના સમીકરણો બદલાશે

મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે મતદાન બીજી ડિસેમ્બરે થશે. ત્યારબાદ મ્યુનિસિપલ બોડીની ચૂંટણીઓ થશે, જ્યાં ભાજપ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) પર નજર રાખી રહી છે. બીએમસીની ચૂંટણીઓ શિવસેનાના વારસા માટેનું યુદ્ધ છે. જો બીએમસીમાં હારી જાય છે, તો તે ઉદ્ધવ સેના માટે અસ્તિત્વનું સંકટ ઊભું કરી શકે છે. બાળ ઠાકરેએ બીએમસીમાં પોતાની જીત સાથે મહારાષ્ટ્રમાં પોતાનો પગપેસારો કર્યો હતો. બીએમસી ચૂંટણીના પોતાના અલગ સમીકરણો છે, પરંતુ પંચાયત ચૂંટણીઓમાં સ્ક્રિપ્ટ લખાઈ રહી છે. જિલ્લાઓ અને નગરોમાં બની રહેલા ગઠબંધનો સ્પષ્ટપણે દર્શાવે છે કે ભાજપ પણ બીએમસી ચૂંટણીઓમાં એકલા લડવાનો ઇરાદો ધરાવે છે. ■

# મહારાષ્ટ્ર નાણાં પંચે નાગરિક સંસ્થાઓની આવક વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

*થાણેઃ* છઠ્ઠા મહારાષ્ટ્ર રાજ્ય નાણાં પંચે રાજ્યની નગરપાલિકાઓને આવશ્યક નાગરિક સેવાઓ વધુ અસરકારક રીતે પૂરી પાડવા માટે તેમના આવકના સ્ત્રોતોને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આયોગે ગુરુવારે આખા મહારાષ્ટ્રની નગરપાલિકાઓની નાણાકીય સ્થિતિની સમીક્ષા કરી હતી.

શુક્રવારે થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જારી કરાયેલા એક પ્રકાશન મુજબ, કમિશનના અધ્યક્ષ નીતિન કરીરે જણાવ્યું હતું કે નગરપાલિકાઓએ તેમની આવક વધારવી જોઈએ અને ''તેમની વર્તમાન નાણાકીય પરિસ્થિતિની સમીક્ષા કર્યા પછી સરકાર દ્વારા ભલામણ કરાયેલ માર્ગદર્શિકા અપનાવવી જોઈએ.''

કર માળખામાં સુધારો કરવા, વહીવટી શિસ્તને મજબૂત બનાવવા અને રાજ્ય દ્વારા એકત્રિત કરવામાં આવતી સ્ટેમ્પ ડ્યુટી નિશ્ચિત ટકાવારી મુજબ નગરપાલિકાઓને વહેંચવામાં આવે તે સુનિશ્ચિત કરવા સૂચનો આપવામાં આવ્યાં હતા, એમ પ્રકાશનમાં ઉમેરવામાં આવ્યું છે.

કરીરે મ્યુનિસિપલ સંસ્થાઓને વધારાના નાણાકીય બોજને રોકવા અને મજબૂત નાગરિક વહીવટ સુનિશ્ચિત કરવા માટે આગામી નાણાકીય વર્ષ માટે વાસ્તવિક અને નાણાકીય રીતે શિસ્તબદ્ધ બજેટ તૈયાર કરવાની સલાહ આપી હતી. (એજન્સી) ■

# સર્વેક્ષણમાં ઝડપઃ ડીઆરપી દસ્તાવેજીકરણ ૧૮,000થી વધુ ઝૂંપડાઓ સુધી પહોંચ્યું



મુંબઈઃ ડીઆરપી અને એનએમડીપીએલ દ્વારા સંયુક્ત રીતે આયોજિત ધારાવી દસ્તાવેજીકરણ શિબિર, તાજેતરના મહિનાઓમાં સૌથી મોટા અને સૌથી વધુ સુમેળભર્યા આઉટરીચ ડ્રાઇવ્સમાંનું એક બની ગયું છે. ૧-૧૫ નવેમ્બર, ૨૦૨૫ સુધી, ટીમો માળખાગત માહિતી, શિક્ષણ અને સંદેશાવ્યવહાર પુશ દ્વારા ૧૮,૦૦૦ થી વધુ ઝૂંપડાઓ સુધી પહોંચી. સેક્ટર ૧ થી ૬ માં કર્મચારીઓની દૈનિક તૈનાતીએ જમીન પર સ્થિર હાજરી સુનિશ્ચિત કરી, જે આ તબક્કાને અત્યાર સુધી હાથ ધરવામાં આવેલ સૌથી સંપૂર્ણ ગતિશીલતા પ્રયાસ બનાવે છે.

''ક્ષેત્ર ચકાસણી ઝડપથી આગળ વધી, નાના મુદ્દાઓનું સ્થળ પર જ નિરાકરણ આવ્યું, અને બાકી રહેલા સર્વેક્ષણ કેસ ઝડપી ગતિએ બંધ થવા લાગ્યા. ચઈ-અસ્વીકારાયેલા ફોર્મ, લોક થયેલા યુનિટ, આંશિક સબમિશન, અથવા ઘરના વડા ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સાઓ જેવી નાની વિસંગતતાઓ ધરાવતા ૪,૫૦૦ થી વધુ પરિવારોને લક્ષ્યાંકિત ફોલો-અપ્સ દ્વારા મેપ કરવામાં આવ્યા અને ટેકો આપવામાં આવ્યો, જેનાથી રહેવાસીઓ પરનો બોજ ઓછો થયો છે,'' તેમ ડીઆરપી/એસઆરએના સીઈઓ ડૉ. મહેન્દ્ર કલ્યાણકરે જણાવ્યું હતું.

ડૉ. કલ્યાણકરે જણાવ્યું હતું કે, ''શિસ્તબદ્ધ અમલીકરણ, ડેટા-આધારિત આયોજન અને મજબૂત ક્ષેત્રીય પગલાથી રહેવાસીઓને દસ્તાવેજીકરણ વગેરે સંબંધિત તેમની પેન્ડિંગ સમસ્યાઓના ઉકેલમાં મદદ મળી છે. કેમ્પે આગામી દિવસોમાં સરળ, વધુ અસરકારક અને નાગરિક-કેન્દ્રિત પરિવર્તન માટે પાયો નાખ્યો છે.'' ■

# મહારાષ્ટ્ર સરકારે વર્ષના અંતમાં તહેવારોની મોસમ પહેલા સ્વચ્છ ખોરાક અભિયાન શરૂ કર્યું છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* તહેવારોની મોસમ નજીક આવી રહી છે, મહારાષ્ટ્ર સરકારે હોટલ અને રેસ્ટોરન્ટમાં સ્વચ્છતાના ધોરણોને કડક બનાવવા માટે 'સ્વચ્છ ખોરાક અભિયાન' શરૂ કર્યું છે, જેમાં મોટી સંખ્યામાં ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી કરનારાઓને આવરી લેવાની અપેક્ષા છે.

ડિસેમ્બરના અંત સુધી ચાલનારા આ અભિયાનનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે વ્યસ્ત તહેવારોના સમયગાળા દરમિયાન પીરસવામાં આવતો ખોરાક સલામત, શુદ્ધ અને નિયમનકારી સ્થિતિમાં તૈયાર કરવામાં આવે. એક સત્તાવાર પ્રકાશન મુજબ, રેસ્ટોરન્ટ્સ અને ખાણીપીણીના સ્થળોએ ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી દરમિયાન લોકોની સંખ્યામાં વધારો થવાની અપેક્ષા હોવાથી, એફડીએ (ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન)એ શહેરો, નગરો અને ગ્રામીણ વિસ્તારોમાં નિરીક્ષણો વધુ તીવ્ર બનાવ્યા છે.

આ અભિયાનમાં ખોરાક તૈયાર કરવાની જગ્યાઓ, સંગ્રહ પ્રણાલીઓ અને કચરાના નિકાલની પદ્ધતિઓની તપાસ અને નમૂનાઓ એકત્રિત કરવાનો સમાવેશ થાય છે.

ઉલ્લંઘન કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે, જ્યારે વારંવાર ઉલ્લંઘન કરનારાઓના લાઇસન્સ સસ્પેન્ડ અથવા રદ કરવાનું પગલું લેવામાં આવશે. ■

# ફાયરબ્રિગેડના કાફલામાં ૧૦૪ મીટરથી ઊંચી સીડીનો સમાવેશ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* મુંબઈમાં હાઈરાઈઝ ઈમારતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે મુંબઈ ફાયરબ્રિગેડે પણ પોતાને વધુ સક્ષમ બનાવવા માટે લગભગ એક દાયકા બાદ પોતાના કાફલામાં અત્યાધુનિક સાધનોનો સમાવેશ કરવાની સાથે ૧૦૪ મીટર અને તેનાથી પણ વધુ ઊંચાઈના બે નવા હાઈડ્રોલિક પ્લેટફોર્મનો સમાવેશ કરવાની છે, તે માટે ટેન્ડર બહાર પાડ્યા છે.

મુંબઈ ફાયરબ્રિગેડ પાસે હાલ ૯૦ મીટર સ્નોર્કલ છે, જેની ક્ષમતા ૩૦ માળ સુધી પહોંચવાની છે, જે ટર્નટેબલ લેડર (સીડી) અને ઈલેવેટેડ વોટર પંપ સાથે સજ્જ છે. નવી સ્નોર્કલ ૩૪ માળ સુધી પહોંચવાની ક્ષમતા રાખે છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ ૩૦ મીટરથી વધુ ઊંચાઈ (નવ માળ) ધરાવતી કોઈ પણ ઈમારતને હાઈ રાઈઝ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. શહેરમાં ઘણા ટાવર હવે ૪૦ માળ સુધીના થઈ રહ્યા છે, જેને કારણે ફાયરબ્રિગેડ માટે બચાવ કામગીરી વધુને વધુ પડકારજનક બની રહી છે.

તાજેતરના વર્ષોમાં મુંબઈમાં બહુમાળીય ઈમારતના બાંધકામમાં વધારો જોવા મળ્યો છે. ફાયરબ્રિગેડને જોકે બિલ્ડિંગના ઈન્સ્પેકશન દરમ્યાન અનેક વખત જણાઈ આવ્યું છે કે આમાની ઘણી બિલ્ડિંગમાં ફાયરફાઈટિંગ સિસ્ટમ અપૂરતી હોવાની સાથે જ બિનકાર્યક્ષમ હોય છે. આવી પરિસ્થિતિમાં સ્નોર્કલ્સ મહત્ત્વની સાબિત થાય છે. આગ લાગે ત્યારે ઉપરના માળા સુધી પહોંચીને આગ બુઝાવવામાં તે મદદરૂપ થતી હોય છે.

હાલમાં મુંબઈ ફાયરબ્રિગેડ પાસે ૯૦ મીટરની સીડી છે, જેનો સમાવેશ ૨૦૧૫ની સાલમાં કરવામાં આવ્યો હતો. આ સીડી ૩૦ માળ સુધી પહોંચવા માટે સક્ષમ છે. મુંબઈ ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ નવા હાઈડ્રોલિક પ્લેટફોર્મ ૧૦૪ મીટર અને તેનાથી વધુ ઊંચાઈની હશે. હાલ ફાયરબ્રિગેડના કાફલામાં એરિયલ સીડી, ટર્નટેબલ સીડી, હાઈડ્રોલિક પ્લેટફોર્મનો સમાવેશ થાય છે, જેમાં ૨૭ મીટરથી ૯૦ મીટર સુધીના સ્નોર્કલ છે. ફાયર બ્રિગેડ વાર્ષિક આશરે ૪,૫૦૦થી ૫,૦૦૦ આગ સંબંધિત કેસનો સામનો કરે છે, જેમા મુખ્યત્વે ઈલેક્ટ્રિકલ શોર્ટ સર્કિટ અને એલપીજી સિલિન્ડર સ્ફોટનો સમાવેશ થાય છે. શહેરમાં લગબગ ૬૦ ટકા આગ ખામીયુક્ત ઈલેક્ટ્રિકલ સર્કિટ સાથે જોડાયેલી હોય છે. ■

# થાણેમાં બસના ટાયરમાંથી ધુમાડો નીકળ્યોઃ ૨૦ પ્રવાસી બચાવી લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*થાણેઃ* થાણે (પશ્ચિમ)માં સેન્ટ્રલ જેલ સામે વહેલી સવારના એક બસના ટાયરમાંથી ધુમાડો નીકળતા બસ ડ્રાઈવરે તરત બસ રોકી લીધી હતી અને બસમાં સવાર તમામ પ્રવાસીઓને બહાર કાઢ્યા હતા. સદ્નસીબે મોટી દુર્ઘટના ટળી હતી.

થાણે ફાયરબ્રિગેડ કંટ્રોલના જણાવ્યા મુજબ શુક્રવારે સવારના ૭.૧૦ વાગ્યાની આસપાસ બસ કાસારવડવલીથી થાણે (પશ્ચિમ) સ્ટેશન તરફ જઈ રહી હતી. બસ સેન્ટ્રલ જેલ સામે સેન્ટ્રલ ગ્રાઉન્ડ પાસે પહોંચી હતી ત્યારે અચાનક બસના ટાયરમાંથી ધુમાડા નીકળતા દેખાયા હતા. ડ્રાઈવરે સમયસૂચકતા વાપરીને બસને તરત એક તરફ પાર્ક કરી હતી અને બસમાં પ્રવાસ કરી રહેલા તમામ ૨૦ પ્રવાસીઓને તેમાંથી ઉતારીને બીજી બસમાં બેસાડી દીધા હતા. આ દરમ્યાન ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ધુમાડાને કારણે આગ લાગવાની શક્યતાને પગલે ટાયર પર પાણીનો છંટકાવ કરીને કુલિંગ કરવામાં આવ્યું હતું. સદ્નસીબે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. ■

# એનસીપી સાથે ગઠબંધન તોડવા ભાજપને પડકાર

*મુંબઈઃ* એનસીપી (એસપી) ના પ્રવક્તા ક્લાઈડ ક્રેસ્ટોએ શુક્રવારે ભાજપ અને મહારાષ્ટ્રના પ્રધાન આશિષ શેલાર પર નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નેતૃત્વ હેઠળના એનસીપી સાથેના ગઠબંધન પર વિરોધાભાસી વલણ અપનાવીને ''લોકોને મૂર્ખ બનાવવા''નો આરોપ લગાવ્યો હતો.

તેમણે પ્રશ્ન કર્યો હતો કે ભાજપ આગામી બીએમસી ચૂંટણી માટે એનસીપી સાથે ગઠબંધનનો વિરોધ કેવી રીતે કરી શકે છે કારણ કે તેના વરિષ્ઠ નેતા નવાબ મલિક સામે ગંભીર આરોપો હોવા છતાં રાજ્યમાં તે જ પક્ષ સાથે સત્તા સહભાગીતા ચાલુ રાખી છે.

શેલારે ગુરુવારે કહ્યું હતું કે ભાજપ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીમાં નવાબ મલિકના નેતૃત્વ હેઠળ એનસીપી સાથે કોઈ ગઠબંધન કરશે નહીં અને મની લોન્ડરિંગ કેસમાં આરોપી ભૂતપૂર્વ પ્રધાનનું સમર્થન પણ કરશે નહીં.

તેમણે વધુમાં કહ્યું કે, ''મુંબઈના લોકોને ગેરમાર્ગે દોરવા'' ને બદલે, ભાજપે રાજ્યમાં અજિત પવાર જૂથ સાથેના ગઠબંધનનો અંત લાવીને તેની પ્રામાણિકતા દર્શાવવી જોઈએ.

'તો જ મુંબઈ અને મહારાષ્ટ્ર ભાજપ અને શેલર પર વિશ્વાસ કરશે. જો તેઓ તેમ નહીં કરે, તો તેનો અર્થ એ છે કે તેઓ મલિકનું સમર્થન કરે છે, જે તેમના નિવેદનોથી વિપરીત છે,' તેમણે કહ્યું હતું. ક્રેસ્ટોએ વધુમાં આરોપ લગાવ્યો હતો કે ભાજપના ''બદલાતા વલણ'' દર્શાવે છે કે તેને હવે રાજકીય રીતે અજિત પવારની જરૂર નથી. ■

# મ્હાડા સહિત સાર્વજનિક શૌચાલયો થશે ચકાચક અને દુર્ગંધમુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* મુંબઈમાં મ્હાડા સહિત અન્ય ૪,૩૦૯ શૌચાલયોના સમારકામ તેમ જ તેમાં સુધારણ કર્યા બાદ હવે તેની દેખરેખની જવાબદારી માટે પાલિકા દ્વારા બિનસરકારી સંસ્થાની નિમણૂક કરવામાં આવવાની છે. તે માટે લગભગ ૧,૭૦૦ સંસ્થાની નિમણૂક કરવામાં આવવાની હોઈ સ્થાનિક સ્તરે મ્હાડા સહિત અન્ય સંસ્થાના તાબામાં રહેલાં શૌચાલયો પણ સ્વચ્છ અને દુર્ગંધમુક્ત થવાના છે.

મુંબઈની ઝૂંપડપટ્ટીમાં આરસીસી પદ્ધતિના સિંગલ, ગ્રાઉન્ડ પ્લસ એક માળ, ગ્રાઉન્ડ પ્લસ બે માળના એવા કમ્યુનિટી શૌચાલયો ઊભા કરવામાં આવી રહ્યા છે. જુદા જુદા કૉન્ટ્રેક્ટરો દ્વારા ફેઝ વનથી ફેઝ ૧૧માં ૧,૭૪૫ કમ્યુનિટી શૌચાલય બનાવવામાં આવી રહ્યા છે. આ શૌચાલયની દેખરેખ માટે બિનસરકારી સંસ્થાની નિમણૂક કરવામાં આવી રહી છે. સ્વચ્છ ભારત મિશનની ગાઈડલાઈન મુજબ મ્હાડા અને અન્ય કમ્યુનિટી શૌચાલય માટે વસતી સ્તરે બિનસરકારી સંસ્થાની નિમણૂક કરવાનો કરાર કરવામાં આવ્યો છે. તેમ જ મ્હાડાના તથા અન્ય શૌચાલય જે પાલિકાને હસ્તાંતર થયાં છે. મુંબઈમાં મ્હાડાના ૩,૮૦૯, ૪૭૯ અન્ય સાર્વજનિક શૌચાલયો અને કુલ ૪,૩૦૯ શૌચાલયો હોઈ તેને એકત્ર કરીને તેની દેખરેખ માટે સંસ્થાની નિમણૂક કરવામાં આવવાની છે. તે માટે પાલિકા લગભગ ૨૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની છે. ■

# પૂરને લીધે થયેલા પાકના નુકસાનને હવે પીએમ ફસલ વીમા યોજના હેઠળ આવરી લેવાશેઃ ચૌહાણ

*નાગપુરઃ* કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે શુક્રવારે જાહેરાત કરી હતી કે પાણી ભરાવા અને જંગલી પ્રાણીઓના નુકસાનને કારણે પાકના નુકસાન માટે વળતર હવે પ્રધાનમંત્રી પાક વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

નાગપુરમાં એગ્રોવિઝન કાર્યક્રમમાં એક સભાને સંબોધતા ચૌહાણે કહ્યું કે સરકારે ૨૦૨૩-૨૪ની સરખામણીમાં ૨૦૨૪-૨૫માં અનાજના ઉત્પાદનમાં સફળતાપૂર્વક ૬ ટકાનો વધારો કર્યો છે. છેલ્લા ૧૦-૧૧ વર્ષમાં કુલ ઉત્પાદનમાં ૪૪ ટકાનો વધારો થયો છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, પાકના નુકસાન માટે જોખમ કવરેજ અને વળતર પૂરું પાડતી પ્રધાનમંત્રી પાક વીમા યોજનામાં હવે પૂર અને જંગલી પ્રાણીઓ દ્વારા થતા નુકસાનનો સમાવેશ થશે. ચૌહાણે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના ખેડૂતો લાંબા સમયથી આવી જોગવાઈઓના અભાવ અંગે ફરિયાદ કરી રહ્યા હતા, અને હવે આ નુકસાનની ભરપાઈ યોજના હેઠળ કરવામાં આવશે. ચૌહાણે એવી પણ જાહેરાત કરી કે સરકારે ખેડૂતો પાસેથી વાજબી વળતર સુનિશ્ચિત કરવા માટે લઘુતમ ટેકાના ભાવ પર સમગ્ર તુવેર, મસુર, ચણા અને અડદના પાક ખરીદવાનો નિર્ણય લીધો છે. તેમણે સ્થાનિક સ્તરના પાક પ્રક્રિયા દ્વારા વૈવિધ્યકરણ અને મૂલ્યવર્ધન પર ભાર મૂક્યો હતો, જે ખેડૂતોને વધુ સારા ભાવની ખાતરી આપશે. ■

# માલેગાંવમાં બાળકીની હત્યાને મામલે ફાસ્ટ ટ્રેક ટ્રાયલની પ્રધાને ખાતરી આપી

*નાશિકઃ* માલેગાંવમાં શુક્રવારે ચાર વર્ષની બાળકી પર કથિત બળાત્કાર અને હત્યાના મામલે કોર્ટની બહાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો, જેમાં પ્રદર્શનકારીઓએ ધરપકડ કરાયેલા વ્યક્તિને ફાંસીની સજા આપવાની માગ કરી હતી. ઉપરાંત માલેગાંવમાં બંધ પાળવામાં આવ્યો હતો અને હજારો લોકોએ પગપાળા કૂચ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ દરમિયાન કેટલાક વિરોધકર્તાઓએ કોર્ટ પરિસરમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે તેમને કોર્ટ પરિસરમાં આવતા અટકાવ્યા હતા. રાજ્ય પ્રધાન નરહરિ ઝિરવલે કહ્યું હતું કે આરોપીને કઠોર સજા આપવામાં આવશે. શુક્રવારે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન પ્રધાને, મરાઠા કાર્યકર્તા મનોજ જરાંગે સાથે પીડિત બાળકીના પરિવારજનોની મુલાકાત લીધી હતી. ઝિરવાલે જણાવ્યું હતું કે, ''આ એક ભયાનક ગુનો છે. હું આ મુદ્દો કેબિનેટમાં ઉઠાવીશ. આરોપીઓ પર ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવામાં આવશે અને બે મહિનાની અંદર મૃત્યુદંડની સજા આપવાના પ્રયાસ કરાશે.''

૧૬ નવેમ્બરના રોજ ડોંગરાલે ગામમાં સગીર બાળકી પર બળાત્કાર ગુજાર્યા બાદ તેની પથ્થર મારીને હત્યા કરવામાં આવી હતી, ત્યારબાદ પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું. આરોપી ૨૭ નવેમ્બર સુધી પોલીસ કસ્ટડીમાં છે. ■

# ૧૪ રોકાણકાર સાથે ૩.૬ કરોડ રૂપિયાની છેતરપિંડીઃ પાંચ સામે ગુનો

*થાણેઃ* રોકાણ પર આકર્ષક વળતરની લાલચે ૧૪ રોકાણકારો સાથે ૩.૬ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ થાણેની પોલીસે પાંચ જણ સામે ગુનો દાખલ કર્યો હતો.

શ્રીનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે વિક્રોલીના દુકાનદારે અમારો સંપર્ક સાધ્યો હતો અને કંપનીના સ્થાપક સહિત પાંચ આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આરોપીઓએ આકર્ષક અને ખાતરીપૂર્વકના વળતરનું વચન આપ્યા બાદ ફરિયાદી તથા અન્ય ૧૩ જણે ફેબ્રુઆરી, ૨૦૨૪થી કંપનીમાં ૩.૬ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

કંપનીએ શરૂઆતમાં સમયસર વળતર ચૂકવ્યું હતું, પણ બાદમાં વળતર આપવાનું બંધ કરી દેવાયું હતું. આરોપી વળતર ઉપરાંત રોકેલાં નાણાં પણ પાછા આપી શક્યાં નહોતાં, જેને પગલે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પોલીસે આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતા તેમ જ એમપીઆઇડી (મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. આ કેસ બાદમાં આર્થિક ગુના શાખામાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. (એજન્સી) ■

# થાણેમાં ભાજપ અને શિવસેનાના કાર્યકરો વચ્ચે અથડામણ

*થાણેઃ* નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના ગૃહપ્રદેશ થાણેમાં મહાયુતિના સાથી પક્ષ ભાજપ અને શિવસેના વચ્ચે અથડામણ થઇ હતી.

શિવસેનાના કેટલાક કાર્યકરોએ બે પદાધિકારીઓ પર હુમલો કર્યાનો આરોપ લગાવ્યા બાદ પોલીસે ભાજપના નેતા અને ભૂતપૂર્વ કોર્પોરેટર સામે અજામીન-પાત્ર ગુનો નોંધ્યો હતો.

સૂત્રોએ જણાવ્યું હતું કે શહેરમાં ગુરુવારે રાતે પાંચપાખડી વિસ્તારમાં આ ઘટના બની હતી જ્યારે શિવસેનાના કેટલાક કાર્યકરો 'બેઝિક સર્વિસિસ ટુ ધ અર્બન પુઅર' યોજના હેઠળ ઘરોની નોંધણી કરવાની સરકારી નિર્ણયનો શ્રેય લેતા ઉજવણી કરી રહ્યા હતા. ■

# નાંદેડમાં ચાર વર્ષની બાળકી પર બળાત્કારઃ આરોપીને આજીવન કારાવાસ

*નાંદેડઃ* ચાર વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારવા તેમ જ તેને ગંભીર ઇજા પહોંચાડવાના કેસમાં નાંદેડની કોર્ટે આરોપીને આજીવન કારાવાસની સજા ફટકારી હતી.

પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટના જજ સુનીલ વેદપાઠકે ગુરુવારે આપેલા આદેશમાં માધવ રમેશ જાનોલેને સજા ઉપરાંત ૫૦,૫૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

બાળકી ઘરની બહાર રમી રહી હતી ત્યારે આરોપી તેની પાસે આવ્યો હતો અને ચોકલેટ માટે પૈસા આપવાને બહાને તેને પોતાના ઘરે લઇ ગયો હતો, જ્યાં તેણે બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતું, જેમાં તેને ગંભીર ઇજા પહોંચી હતી. એરપોર્ટ પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય દંડસંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

જજ સુનીલ વેદપાઠકે આરોપી જાનોલેને દોષી ઠેરવ્યો હતો અને જણાવ્યું હતું કે તપાસકર્તા પક્ષે આરોપી વિરુદ્ધ આરોપ પુરવાર કર્યા છે. કોર્ટે બાદમાં આરોપીને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. (એજન્સી) ■

# આજથી બીજી ટેસ્ટઃ લંચ-બ્રેકની પહેલાં ટી-બ્રેક! બૅડ-લાઇટની સમસ્યા નડી શકે

ગુવાહાટીઃ કેપ્ટન શુભમન ગિલ વિનાની ભારતીય ક્રિકેટ ટીમ આજે અહીં (સવારે ૯.૦૦ વાગ્યાથી લાઇવ) સાઉથ આફ્રિકા સામે શરૂ થનારી સિરીઝની છેલ્લી ટેસ્ટ જીતીને શ્રેણીને ૧-૧ની બરાબરીમાં લાવવાની ચિંતામાં તો છે જ, બીજી કેટલીક સમસ્યાનો પણ ટીમ ઇન્ડિયાએ સામનો કરવો પડશે. જોકે આ અન્ય સમસ્યાઓ બંને ટીમને લાગુ પડે એવી છે. ગિલ ગરદનના દુખાવાને લીધે નથી રમવાનો. રિષભ પંત સુકાન સંભાળશે.

વાત એવી છે કે ગુવાહાટીમાં સાંજે સૂર્યાસ્ત વહેલો થતો હોવાથી બૅડ-લાઇટની સમસ્યા કદાચ નડી શકે. જોકે આ મૅચ રોજ અડધી કલાક વહેલી (સવારે ૯.૦૦ વાગ્યે) શરૂ થવાની હોવાથી સૂર્યાસ્ત પહેલાં સાંજે ૪.૦૦ વાગ્યે રમત પૂરી કરી દેવામાં આવશે, પરંતુ સૌથી મહત્ત્વની વાત એ છે કે ખેલાડીઓ માટેના ટાઈમટેબલમાં પણ ધરખમ ફેરફાર કરવામાં આવ્યો છે. એક અહેવાલ મુજબ મૅચમાં ખેલાડીઓએ લંચ-બ્રેક પહેલાં ટી-બ્રેક માણવો પડશે.




ગુવાહાટીમાં ઠંડી વચ્ચે ચિંતાનું વાતાવરણઃ કાર્યવાહક રિષભ પંત અને ઓપનર યશસ્વી જયસ્વાલ. (પીટીઆઇ)

### ગુવાહાટીમાં સૂર્યાસ્ત સૌથી વહેલો

આસામ રાજ્ય દેશના સૌથી દૂર પૂર્વ ભાગમાં આવેલું હોવાથી ત્યાંના ગુવાહાટી શહેરમાં મુંબઈ અને દિલ્હી કરતાં સૂર્યાસ્ત વહેલો થતો હોય છે. એ જોતાં, રમત સવારે (૯.૩૦ને બદલે) ૯.૦૦ વાગે શરૂ કરવામાં આવશે અને સાંજે (૪.૩૦ને બદલે) ૪.૦૦ વાગ્યે પૂરી કરી નાખવામાં આવશે કે જેથી બૅડ-લાઈટની સમસ્યા નડે નહીં.

### ટાઈમટેબલમાં કયો અનોખો ફેરફાર થશે

દરેક દિવસે રમતનું પહેલું સત્ર સવારે ૯.૦૦ વાગ્યે શરૂ થશે અને ૧૧.૦૦ વાગ્યે પૂરું થશે. સામાન્ય રીતે પ્રથમ સત્ર બાદ ખેલાડીઓ લંચ માટે પાછા આવતા હોય છે, પરંતુ ગુવાહાટીના બરસાપારા સ્ટેડિયમમાં ખેલાડીઓ ૧૧.૦૦ વાગ્યે ટી-બ્રેક માટે પાછા આવશે. સવારે ૧૧.૦૦ વાગ્યે કોઈ લંચ ન લેતા હોય એટલે ગુવાહાટીમાં ૧૧.૦૦ વાગ્યે ટી-બ્રેક પાડવામાં આવશે. ૧૧.૨૦ વાગ્યે બીજા સત્રની રમત શરૂ થશે જે બપોરે ૧.૨૦ સુધી ચાલશે. ૧.૨૦ વાગ્યે લંચ-બ્રેક શરૂ થશે અને ૨.૦૦ વાગ્યે છેલ્લા સત્રની રમતનો આરંભ થશે અને ૪.૦૦ વાગ્યે રમત સમાપ્ત થશે. અગાઉ પૂર્વના એક રાજ્યમાં રમાયેલી એક રણજી મૅચમાં સમયપત્રકમાં આ રીતે ફેરફાર કરવામાં આવ્યો હતો.

### સુદર્શનને વહેલો ટ્રી-બ્રેક ગમશે

શુભમન ગિલના સ્થાને કદાચ સાઈ સુદર્શનને આ મૅચમાં રમવા મળશે. તેણે આ મૅચ માટેના અનોખા ટાઈમટેબલ વિશે પૂછવામાં આવતાં કહ્યું હતું કે 'મને તો લંચ-બ્રેકની પહેલાં ટી-બ્રેક લેવાનું ગમશે, કારણકે હું તો લંચ દરમ્યાન જ ચા પી લેતો હોઉં છું. એટલે હું તો લંચના સમયે ટી-બ્રેક એન્જૉય કરવાનો છું. હા, અનોખું ટાઈમટેબલ અમારા માટે નવું હશે, પણ અમે બધા એનાથી ટેવાઈ જઈશું.' ■

# સ્મૃતિને પલાશ મુચ્છલે ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં મેદાનની વચ્ચોવચ્ચ પ્રપોઝ કર્યું



નવી મુંબઈઃ ભારતની મહિલા ક્રિકેટ ટીમની વાઇસ-કૅપ્ટન અને ભરોસાપાત્ર ઓપનર સ્મૃતિ મંધાનાએ બીજી નવેમ્બરે નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ભારતને સૌપ્રથમ વર્લ્ડ કપ ટ્રોફી અપાવ્યા પછી સાથી ખેલાડીઓ જોડે જે યાદગાર ક્ષણો માણી હતી ત્યારે તેણે કલ્પના પણ નહીં કરી હોય કે થોડા દિવસ બાદ આ જ શુકનવંતા સ્થળે ફિયૉન્સે પલાશ મુચ્છલ તેને પ્રપોઝ કરશે. પલાશે પોસ્ટ કરેલા વીડિયો મુજબ તેણે આ મેદાનની વચ્ચે સ્મૃતિને પ્રપોઝ કર્યું હતું અને સ્મૃતિએ તરત જ તેને 'યસ' કહી દીધું હતું. રવિવાર, ૨૩મી નવેમ્બરે સાંગલીમાં બન્નેનાં લગ્ન છે એવા અહેવાલ વચ્ચે પલાશે સ્મૃતિને જે રીતે પ્રપોઝ કર્યું એ શ્રેણીબદ્ધ ઘટના સોશ્યલ મીડિયામાં વાઇરલ થઈ છે. સ્મૃતિએ શુક્રવાર પહેલાં જ મીડિયામાં પોતાની એન્ગેજમેન્ટ રિંગ બતાવીને સૌને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. પછીથી તેણે વિશ્વ વિજેતા સાથી ખેલાડીઓ જોડે બૉલીવૂડના ગીતોની ધૂન પર ડાન્સ પણ કર્યો હતો.

ખુદ પલાશ મુચ્છલે ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરેલા પ્રપોઝવાળા વીડિયોમાં જોવા મળે છે કે સ્મૃતિની આંખો પર અગાઉથી જ પટ્ટી બાંધવામાં આવી હતી અને પલાશ હાથ પકડીને તેને મેદાન પર વચ્ચે લઈ આવ્યો હતો. બન્ને જણ ખૂબ આનંદિત હતા જેમાં સ્મૃતિ આંખ પરથી પટ્ટી ખુલવાની રાહ જોઈ રહી હતી. પલાશ તેને શું સરપ્રાઇઝ આપી રહ્યો છે એ જાણવા પણ તે ખૂબ આતુર હતી. પલાશે તેની આંખો પરની પટ્ટી હટાવતાં જ સ્મૃતિના આશ્ચર્યનો પાર નહોતો. ત્યાર બાદ પલાશે ઘૂંટણિયે બેસીને તેને રિંગ સાથે પ્રપોઝ કર્યું હતું. ત્યાર બાદ બન્નેનાં મિત્રો પણ મેદાન પર દોડી આવ્યા હતા. બહુ ઓછી પ્રેમિકાઓને પ્રેમી પાસેથી મળી હશે એવી સરપ્રાઇઝ સ્મૃતિને પલાશ પાસેથી મળી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સ્મૃતિ મંધાના અને પલાશ મુચ્છલને સોશ્યલ મીડિયા મારફત શુભેચ્છાઓ પાઠવી છે. ■

## ભારત ઘરઆંગણે પચીસ વર્ષે સાઉથ આફ્રિકા સામે સિરીઝ હારશે?

ગુવાહાટીઃ ભારત આજે શરૂ થતી ટેસ્ટ જીતશે તો વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકા સામેની સિરીઝ ૧-૧થી બરાબરીમાં થઈ જશે, પરંતુ જો આ મૅચ ડ્રૉમાં જશે અથવા સાઉથ આફ્રિકા જીતી જશે તો ભારતીય ટીમ મોટી શરમજનક સ્થિતિમાં મુકાઈ જશે. કારણ એ છે કે સાઉથ આફ્રિકા છેલ્લે (હન્સી ક્રૉન્યેના સુકાનમાં) ૨૦૦૦ની સાલમાં ભારતની ધરતી પર ટેસ્ટ-શ્રેણી જીત્યું હતું. ત્યાર પછીના પચીસ વર્ષમાં ક્યારેય સાઉથ આફ્રિકનો ભારતમાં ટેસ્ટ સિરીઝ નથી જીતી શક્યા. જો ગુવાહાટીની બીજી ટેસ્ટમાં ભારતીય ટીમ હારી જશે તો ટેમ્બા બવુમાની ટીમે ભારતમાં બહુ મોટી સિદ્ધિ મેળવી કહેવાશે. એક સમય હતો જ્યારે ભારતે ૨૦૧૩થી ૨૦૨૪ સુધીમાં સતત ૧૮ ટેસ્ટ-સિરીઝ જીતી હતી જે વિક્રમ હતો.■

## બીસીસીઆઇએ દિલ્હીની મૅચો કેમ મુંબઈમાં રાખી દીધી?

નવી દિલ્હીઃ દિલ્હીમાં હવામાં પ્રદૂષણનું પ્રમાણ હદ બહાર વધી ગયું હોવાથી બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ આઠ ટીમ વચ્ચેની અન્ડર-૨૩ વન-ડે ટૂર્નામેન્ટની નૉકઆઉટ મૅચો દિલ્હીમાંથી પાછી ખેંચી લઈને મુંબઈમાં રાખી દેવી પડી છે. હવે મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ) ૨૫મી નવેમ્બરથી પહેલી ડિસેમ્બર સુધી રમાનારી આ મૅચોનું યજમાન બનશે. દિલ્હીમાં હાલમાં હવાની ગુણવત્તા 'ખૂબ ખરાબ' અને 'અત્યંત ખરાબ' કૅટેગરીની વચ્ચે રહે છે. પાટનગરમાં અમુક વિસ્તારોમાં ઍર ક્વૉલિટી ઇન્ડેક્સ (એક્યૂઆઇ) ૪૦૦ સુધી પહોંચી ગયો છે. આ ડેટા સેન્ટ્રલ પૉલ્યૂશન કન્ટ્રોલ બોર્ડ તરફથી મળ્યા છે. અર્થ સાયન્સિઝ મંત્રાલયની ઍર ક્વૉલિટી અર્લી વૉર્નિંગ સિસ્ટમની આગાહી મુજબ રાજધાનીમાં હવામાં પ્રદૂષણનું પ્રમાણ વધવાની સંભાવના છે. ■

# ઍશિઝમાં પહેલો જ દિવસ રેકૉર્ડ-બ્રેકઃ ૧૯ વિકેટ પડી

### સ્ટાર્કના સાત વિકેટના સફાયા પછી સ્ટૉક્સનો પાંચ વિકેટનો તરખાટઃ ઈંગ્લૅન્ડ ૧૦/૧૭૨, ઑસ્ટ્રેલિયા ૯/૧૨૩

પર્થઃ ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચે રમાતી ઍશિઝ ટેસ્ટ સિરીઝના દાયકાઓ જૂના ઇતિહાસમાં ક્યારેય ન બન્યું હોય એવું શુક્રવારે પર્થ સ્ટેડિયમમાં બન્યું હતું જેમાં શ્રેણીના પહેલા જ દિવસે ૫૧,૫૩૧ પ્રેક્ષકોની હાજરીમાં અને કરોડો ટીવી-દર્શકોની નજર સામે વિક્રમજનક કુલ ૧૯ વિકેટ પડી હતી. પહેલી ટેસ્ટ (સવારે ૭.૫૦ વાગ્યાથી)માં ઇંગ્લૅન્ડની ટીમ ૧૭૨ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ ત્યાર બાદ ઑસ્ટ્રેલિયાએ ૧૨૩ રનમાં નવ વિકેટ ગુમાવી દીધી હતી અને બેન સ્ટૉક્સની બ્રિટિશ ટીમ હજી ૪૯ રનથી આગળ હતી.

### તમામ ૧૯ વિકેટ પેસ બોલર્સને, સ્ટાર્કની ૧૦૦ વિકેટ

ઍશિઝ ટેસ્ટ સિરીઝમાં પહેલા દિવસે ૧૯ વિકેટ પડી હોવાનો આ પહેલો જ કિસ્સો છે. અગાઉનો વિક્રમ ૧૮ વિકેટનો હતો. શ્રેણીના પહેલા દિવસની એ ૧૮ વિકેટનો બનાવ ૧૮૮૮માં સિડનીમાં ઑસ્ટ્રેલિયા-ઇંગ્લૅન્ડ વચ્ચેની એકમાત્ર ટેસ્ટમાં બન્યો હતો. ત્યાર બાદ ૧૮૯૬માં લૉર્ડ્સમાં ત્રણ મૅચવાળી શ્રેણીના પ્રારંભિક દિવસે પણ કુલ ૧૮ વિકેટ પડી હતી. શુક્રવારે શ્રેણીના પ્રથમ દિવસની તમામ ૧૯ વિકેટ પેસ બોલર્સે લીધી હતી. ઑસ્ટ્રેલિયાના પેસ બોલર મિચલ સ્ટાર્કે ઍશિઝમાં ૧૦૦ વિકેટની સિદ્ધિ પૂરી કરી હતી.

### સ્ટાર્કની કરીઅર-બેસ્ટ સાત વિકેટ

શુક્રવારે પાંચ મૅચની સિરીઝની પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે ઇંગ્લૅન્ડના કૅપ્ટન બેન સ્ટૉક્સે ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી, પરંતુ તેનો એ નિર્ણય પહેલી જ ઓવરથી ખોટો સાબિત થવા લાગ્યો હતો. ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્ક પહેલી ઓવરથી જ ત્રાટક્યો હતો. તેણે છઠ્ઠા બૉલ પર ઝૅક ક્રૉવ્લી (૦)ની વિકેટ લીધી હતી. ત્યાર બાદ ઇનિંગ્સ દરમ્યાન એકંદરે ઑલી પૉપ (૪૬ રન), હૅરી બ્રૂક (બાવન રન) અને વિકેટકીપર જૅમી સ્મિથ (૩૩ રન) કાંગારું બોલર્સનો થોડી સમજદારીથી સામનો કર્યો હતો, પરંતુ સ્ટાર્કનું વર્ચસ્વ નહોતા તોડી શક્યા. સ્ટાર્કે ૫૮ રનમાં સાત વિકેટ લીધી હતી. ટેસ્ટ ક્રિકેટમાં એક દાવમાં મેળવેલી વિકેટની રેકૉર્ડ-બુકમાં તેનો આ બેસ્ટ પર્ફોર્મન્સ હતો. આ અગાઉ, નવ રનમાં છ વિકેટ (જુલાઈ, ૨૦૨૫માં વેસ્ટ ઇન્ડિઝ સામે) તેનો સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ હતો. બ્રિટિશરોની બે વિકેટ ૩૧ વર્ષના નવા પેસ બોલર બ્રેન્ડન ડૉગિટે અને એક વિકેટ પેસ બોલિંગ-ઑલરાઉન્ડર કૅમેરન ગ્રીને લીધી હતી. સ્કૉટ બૉલેન્ડ અને નૅથન લાયનને વિકેટ નહોતી મળી. ઇંગ્લૅન્ડની ટીમનો દાવ ૩૨.૫ ઓવરમાં ૧૭૨ રનના સ્કોર પર સમેટાઈ ગયો હતો.

### સ્ટૉક્સની ૨૩ રનમાં પાંચ વિકેટ



પર્થ સ્ટેડિયમમાં શુક્રવારે ફાસ્ટ બોલર્સ સામે રમવાનું દરેક બૅટ્સમૅનને ભારે પડ્યું હતું.

ઇંગ્લૅન્ડની ટીમ ૨૦૦ રન પણ ન કરી શકી એટલે ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓએ વિચાર્યું હશે કે તેઓ પ્રથમ દાવમાં મોટા સ્કોર સાથે જંગી સરસાઈ મેળવી શકશે. જોકે તેમની હાલત બ્રિટિશરોથી પણ ખરાબ થઈ. તેમણે ૧૨૩ રનમાં નવ વિકેટ ગુમાવી દીધી હતી. યજમાન ઑસ્ટ્રેલિયાએ ઇનિંગ્સના બીજા બૉલ પર જ વિકેટ ગુમાવી દીધી હતી. રમતના અંત સુધીમાં ૩૯ ઓવરમાં ૧૨૩ રનમાં નવ વિકેટ ગુમાવી દેતાં તેઓ પોતે જ મુશ્કેલીમાં આવી ગયા હતા. નવમાંથી પાંચ વિકેટ કૅપ્ટન-પેસ બોલર બેન સ્ટૉક્સે લીધી હતી. પેસ બોલર જોફ્રા આર્ચરે પ્રારંભિક ઓવરના બીજા જ બૉલ પર ૩૧ વર્ષના નવા ઓપનર જેક વેધરાલ્ડ (૦)ને એલબીડબ્લ્યૂ કર્યો હતો. ત્યાર બાદ ૧૪ ઓવર દરમ્યાન કાર્યવાહક કૅપ્ટન સ્ટીવ સ્મિથ અને માર્નસ લાબુશેને બાજી સંભાળી હતી, પણ લાબુશેન (નવ રન) ૧૫મી ઓવરમાં આર્ચરનો જ શિકાર થયો હતો જેમાં આર્ચરે તેને ક્લીન બોલ્ડ કર્યો હતો. ત્યાર પછી સ્ટીવ સ્મિથ (૧૭ રન) અને ઉસમાન ખ્વાજા (બે રન)ની વિકેટ પેસ બોલર બ્રાયડન કાર્સે મેળવી હતી, પણ પછીની પાંચેય વિકેટ બેન સ્ટૉક્સે લેતાં ઑસ્ટ્રેલિયાની છાવણીમાં સન્નાટો છવાઈ ગયો હતો. સ્ટૉક્સે ટ્રેવિસ હેડ (૨૧ રન), કૅમેરન ગ્રીન (૨૪ રન), મિચલ સ્ટાર્ક (૧૨ રન), ઍલેક્સ કૅરી (૨૬ રન) અને સ્કૉટ બૉલેન્ડ (૦)ને પૅવિલિયન ભેગા કરી દીધા હતા. ઑસ્ટ્રેલિયાનો એકેય બૅટ્સમૅન ૩૦ રન સુધી પણ પહોંચી શક્યો નહોતો. ઍલેક્સ કૅરીના ૨૬ રન ટીમમાં હાઇએસ્ટ હતા. ■

## ભારત-પાક ક્રિકેટ-જંગ

દુબઈઃ અન્ડર-૧૯ ક્રિકેટરો વચ્ચેના એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કર થશે ૧૪મી ડિસેમ્બરનો આ જંગ હશે.એશિયા કપનું આયોજન કરતી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)એ બહાર પાડેલા શેડ્યૂલ મુજબ યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ)માં આગામી ૧૨મી ડિસેમ્બરે ૧૯ વર્ષથી ઓછી ઉંમરના પુરુષ ક્રિકેટરો માટેનો વન-ડે એશિયા કપ શરૂ થશે જેમાં કુલ આઠ દેશની ટીમ ભાગ લેશે. ફાઇનલ સહિત તમામ ૧૫ મૅચ દુબઈમાં રમાશે.

## ઇન્ડિયા-એ સેમિમાં ટાઇ પછીની સુપર ઓવરમાં વાઇડને કારણે હાર્યું

દોહાઃ કતારની એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ નામની ટી-૨૦ ટૂર્નામેન્ટમાં બાંગ્લાદેશ-એ સામેની સેમિ ફાઇનલ ટાઇ થયા બાદ સુપર ઓવરમાં ઇન્ડિયા-એનો પરાજય થયો હતો. પરિણામે, ભારતીય ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ છે અને બાંગ્લાદેશની ટીમે ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. મુખ્ય મૅચમાં બાંગ્લાદેશ-એ ટીમે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૯૪ રન કર્યા હતા. ગુર્જપનીત સિંહે સૌથી વધુ બે વિકેટ લીધી હતી. ઇન્ડિયા-એ ટીમે પણ ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૯૪ રન કર્યા હતા જેમાં પ્રિયાંશ આર્યના ૪૪ રન, વૈભવ સૂર્યવંશીએ ચાર સિક્સર અને બે ફોરની મદદથી ૧૫ બૉલમાં બનાવેલા ૩૮ રન, કૅપ્ટન જિતેશ શર્માના ૩૩ રન અને નેહલ વઢેરાના અણનમ ૩૨ રન સામેલ હતા.

નેહલ સાથે હર્ષ દુબે ત્રણ રને અણનમ રહ્યો હતો. દુબે મુખ્ય મૅચમાં અંતિમ બૉલ પર જીતવા જરૂરી ચારને બદલે ત્રણ રન કરી શકતા મૅચ ટાઇ થઈ હતી. સુપર ઓવરમાં ભારતીય ટીમે બાંગ્લાદેશના બોલર રિપૉન મૉન્ડલના પહેલા બે બૉલમાં અનુક્રમે જિતેશ શર્મા અને આશુતોષ શર્માની વિકેટ ગુમાવતાં શૂન્ય પર જ ભારતનો દાવ પૂરો થઈ ગયો હતો અને બાંગ્લાદેશને એક રનનો લક્ષ્યાંક મળ્યો હતો. બાંગ્લાદેશે સુયશ શર્માના પ્રથમ બૉલ પર વિકેટ ગુમાવી હતી, પણ પછીનો વાઇડ બૉલ પડતાં બાંગ્લાદેશે એક રનનો ટાર્ગેટ મેળવીને ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો. ■


## ક્લાસિફાઈડ

### ૨૦. ધંધાદારી જગ્યા

**GOREGAON (WEST)**
Ready Possession Office, Goregaon West 1250, 3300, 4700 sq.ft. Furnished, 5-Car park, Glass Elevator; 6 Lifts, Sale@35000/sq.ft, L&L@225/sq.ft. Milan Kamdar 9820017603. (KP-2531-A)

**INDRAPRASTHA COMMERCIAL**
LBS Marg, Vikhroli (West)- Prime Office Space for Sale. 1175 sqft (Carpet), Second Floor, 12 feet height, Next to big IT Park and Metro Station, Railway Station 7 minutes walk. Rs. 3.30 Cr. (Negotiable) Contact- "Vijaybhai 9892045478 (Brokers Welcome). (B-16762)

**NARIMAN POINT,**
**Kala Ghoda, Fort Require office for Rent and Outright 200 to 2000 sq. ft. Call Megh Prakash Shah 9870032042. (B-16760)**

**BORIVALI (EAST)**
Western Edge Furnished Office 1160' Available on Rent. - Dinesh - 9324402779. (SDB-2957)

### ૨૩. મનોરંજન

**બજેટ મુજબ**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી, પ્રાર્થના. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૪૭૪-એ)

**પ્રાર્થનાસભા 3500/-માં**
પ્રીરેકૉર્ડેડ સ્પીચ સાથે, લાઈવ 7000/-માં કાંદિવલીમાં, બીજે ટ્રાન્સપોર્ટેશનના અલગ, લગ્નગીત, ભજન- સંગીત સંધ્યા, ANNIVERSARY બજેટથી. મનસુખભાઈ: 9326801860. (૪૫૪-સી)

**SHREENATH બજેટથી**
પ્રાર્થના + લગ્નગીત + મહેંદી + ANNIVERSARY + ડાયરો + GAME કિરણભાઈ - 9821795355. (બી-૧૬૭૦૬)

**સંગીતસંધ્યા**
**ઓરકેસ્ટ્રા + લગ્નગીત + એન્કરીંગ + કોરિયોગ્રાફી + મિમિક્રી + ગેમ્સ. 9820464530. (૪૭૭-એ)**

**વિનોદ શાહ**
ભક્તિસભર ગીતોથી દિવંગત સ્વજનને શાંતિ પહોંચાડો માતૃપિતૃ વંદના- પ્રાર્થનાસભા, દરેક ભાવયાત્રા (પ્રોજેક્ટ સ્ક્રીન સાથે) કરાવવાં 9821540500. (બી-૧૬૭૭૩)

**NATAK-MUSICAL-**
Picture-Social 16 Groups : Sunday Mumbai-Parla-Malad-Borivali. 9324213190. (485-A)

### ૩૧. નાણાંકીય

**FUNDING**
For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (365-E)

**LOAN**
No Service Charges from our side for Loan Against Property (Residential / Commercial) or Unsecured Business Loans. Compare Loan Eligibility, ROI & Tenure across 19+ Banks. With 28+ Years of Experience and partnership with a Corporate DSA having PAN India Services available in Mumbai & Pune. Contact: Harish Shah - 9226511191 (T & C apply). (478-C)

### ૩૨. જમીન-મિલકત

**ટિંટવાલા (ઈસ્ટ)**
**વેચાણથી, 400 - 800 સ્કવેર યાર્ડ પ્લોટ સંપર્કઃ- 9323650893/9222710284. (૪૬૦-ઈ)**

### ૩૩. ધંધાદારી

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કૂવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ'' - 9820776583/ 9892298963. (૪૬૨-સી)

■ સોનેરી તક, અલ્ટ્રામોર્ડન બ્યુટીશીયન, મોડલીંગ, ક્લાસીસનું સ્વતંત્ર સંચાલન કરી શકે તેવા, વડીલો/ પેન્શનરને આવકની તક TCA - 9377992110, 9867510027. (બી-૧૬૭૫૫)

**પ્રોજેક્ટ મેનેજમેન્ટ(PMC)**
**ફિઝીબીલીટી રીપોર્ટ**
**રીડેવલપમેન્ટ એગ્રીમેન્ટસ**
**રેરા**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૬૭૫૧)

**ઈન્વેસ્ટર્સ જોઈએ**
**અમે WHATSAPP, INSTAGRAM જેવું એક સોશ્યલ મીડિયા બનાવ્યું છે. સંપર્ક :- 9820090209. (૪૭૯-બી)**

**ગાદીવાળા ચપ્પલ**
પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટસ, લેડીસો માટે બોરીવલી વેસ્ટ- 9619833392. (એસડીબી-૨૯૫૮)

### ૩૯. જેમ એન્ડ જ્વેલરી

**LOOKING FOR DIAMOND Jewellery Salesman for USA (Only Male) Speak perfect English have USA visa be able to drive Car. Must be connected with the Diamond Market. Position is to work 6-8 months per year in USA selling Diamond Jewellery. (2-3 trips of 2-3 months each). Contact Premal: +91 79774 27785. Reg No. 0642/MUM/COM/1000+/5/5966/2015. (B-16763)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675 / 9326448699. (કાંદિવલી). (૪૨૮/બી)

### ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપોર. - 9769691025 / 26822572. (બી-૧૬૭૦૭)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)


# સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસમાં કેઆરસીના મેમ્બરો જીત્યા મેડલ




પુણેના પીવાયસી જિમખાનામાં યોજાયેલી ચોથી શ્રી પ્રમોદ મૂલે મેમોરિયલ વેટર્ન મહારાષ્ટ્ર સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટમાં કાંદિવલી રીક્રિએશન ક્લબ (કેઆરસી)ના બે સભ્યએ રજત ચંદ્રક જીત્યા હતા. ૭૦-પ્લસની કેટેગરીમાં જીતુ માવાણી અને ૫૦-પ્લસની કેટેગરીમાં તેજસ નાયકે સિલ્વર મેડલ મેળવ્યા હતા.

# ગોલ્ડન ગર્લ્સઃ ભારતની મહિલા મુક્કાબાજોની મહેફિલ




ગુરુવારે ઉત્તર પ્રદેશના નોઇડામાં વર્લ્ડ બૉક્સિંગ કપ ફાઇનલ્સ નામની ચૅમ્પિયનશિપમાં પોતપોતાની કૅટેગરીમાં ગોલ્ડ મેડલ જીતીને વર્લ્ડ ચૅમ્પિયન બનેલી ભારતની મુક્કાબાજો (ડાબેથી) જૈસમીન લૅમ્બોરિયા, પરવીન હૂડા, મીનાક્ષી હૂડા, નૂપુર શેઑરન, પ્રીતિ પવાર, અરુંધતી ચૌધરી અને નિખત ઝરીન. આમાંથી મોટા ભાગની બૉક્સરો ફાઇનલ ૫-૦થી જીતી હતી. (પીટીઆઇ)

# રેટકટની શક્યતા નબળી પડવાની સાથે વિશ્વ બજાર પાછળ સેન્સેક્સ નિફ્ટીની બે સત્રની તેજીને બ્રેકઃ સેન્સેક્સ ૪૦૦ પૉઈન્ટ અને નિફ્ટી ૧૨૪ પૉઈન્ટ તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા ધૂંધળી બની હોવાથી તેમ જ એઆઈને લગતા શૅરોમાં તેજીનો પરપોટો ફૂટે તેવી ભીતિ સપાટી પર આવતા આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં ઑલ ફૉલ ડાઉનનું વલણ જોવા મળ્યું હોવાના નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ બે સત્રની તેજીને બ્રેક લાગી હતી, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૪૦૦.૭૬ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૨૪ પૉઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો. જોકે, સાપ્તાહિક ધોરણે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૦.૭૯ ટકા અથવા તો ૬૬૯.૧૪ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૦.૬૧ ટકાનો અથવા તો ૧૫૮.૧૦ પૉઈન્ટનો સુધારો નોંધાયો છે. આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૫,૬૩૨.૬૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫,૩૪૭.૪૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૮૫,૬૦૯.૪૦ અને નીચામાં ૮૫,૧૮૭.૮૪ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૭ ટકા અથવા તો ૪૦૦.૭૬ પૉઈન્ટના ઘટાડા સાથે ૮૫,૨૩૧.૯૨ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૬,૧૯૨.૧૫ના બંધ સામે નરમાઈના વલણ સાથે ૨૬,૧૦૯.૫૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૬,૦૫૨.૨૦થી ૨૬,૧૭૯.૨૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૭ ટકા અથવા તો ૧૨૪ પૉઈન્ટ ઘટીને ૨૬,૦૬૮.૧૫ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે ગઈકાલે જાહેર થયેલા અમેરિકાના નોન ફાર્મ પૅ રોલ ડેટા બજારની અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વધુ પાતળી થઈ હતી. વધુમાં એઆઈ શૅરોમાં તેજીનો પરપોટો ફૂટે તેવી ભીતિ સપાટી પર આવતા ગઈકાલે અમેરિકામાં નાસ્દાકમાં ૨.૧૫ ટકાનો, એસ ઍન્ડ પી ૫૦૦માં ૧.૫૬ ટકાનો અને ડાઉ જોન્સ ૦.૮૪ ટકા તૂટ્યાના નિર્દેશો સાથે એશિયન બજારોમાં ગાબડાં પડ્યાં હોવાનું વિશ્લેષકોએ જણાવતા ઉમેર્યું હતું કે આજે દક્ષિણ કોરિયાના કોસ્પીમાં ૩.૭૯ ટકાનો, શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સમાં ૨.૪૫ ટકાનો, જાપાનના નિક્કી ૨૨૫માં ૨.૪૦ ટકાનો અને હૉંગકૉંગના હેંગસેંગમાં ૨.૩૮ ટકાનો કડાકો બોલાઈ ગયો હતો. તેમ જ યુરોપના બજારોમાં પણ મધ્યસત્ર દરમિયાન નરમાઈનું વલણ રહ્યું હતું.

અમેરિકાના રોજગારીના ડેટા અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી રેટકટની શક્યતા નબળી પડવાથી આજે એશિયન બજારોની નરમાઈના નિર્દેશો સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ બે સત્રની તેજી પશ્ચાત્ નફારૂપી વેચવાલીનું દબાણ વધ્યું હતું અને સ્મોલ તથા મિડકેપ સહિતનાં મુખ્ય ઈન્ડેક્સમાં પીછેહઠ જોવા મળી હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતુ.

એકંદરે આજે બીએસઈ ખાતે કુલ ૨૮૯૮ શૅરના ભાવ ઘટીને, ૧૨૭૮ શૅરના ભાવ વધીને અને ૧૬૨ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. જોકે, આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૭ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં ટાટા સ્ટીલમાં સૌથી વધુ ૨.૫૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે બજાજ ફાઈનાન્સમાં ૨.૨૯ ટકાનો, એચસીએલ ટેક્નોલૉજીસમાં ૨.૨૫ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૨.૦૧ ટકાનો અને ભારત ઈલક્ટ્રોનિક્સ લિ. તથા ઈટર્નલમાં ૧.૬૧ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ મારુતિ સુઝુકીમાં ૧.૧૪ ટકાનો સુધારો આવ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૦.૮૯ ટકાનો, ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સમાં ૦.૬૯ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૦.૬૦ ટકાનો, આઈટીસીમાં ૦.૫૭ ટકાનો અને ઈન્ફોસિસમાં ૦.૫૧ ટકાનો સુધારો આવ્યો હતો. વધુમાં આજે બીએસઈ સ્મોલકેપ અને મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૩૦ ટકાનો કડાકો બોલાયો હતો, જ્યારે સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં સૌથી વધુ ૨.૩૫ ટકાનો ઘટાડો મેટલ ઈન્ડેક્સમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૧.૮૯ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૭૯ ટકાનો, કૉમોડિટી ઈન્ડેક્સમાં ૧.૪૬ ટકાનો અને ઈન્ડસ્ટ્રીયલ ઈન્ડેક્સમાં ૧.૪૩ ટકાનો ઘટાડો આવ્યો હતો.

# મારુતિ સુઝુકીએ ટૅક સ્ટાર્ટઅપનો આઠ ટકા હિસ્સો અંકે કર્યો

નવી દિલ્હીઃ મારુતિ સુઝુકી લિ.એ કનેક્ટેડ મોબિલિટી ઈન્સાઈટ્માં વિશેષતા ધરાવતી ટેક્નોલૉજી સ્ટાર્ટઅપ રવિતી સોફ્ટવૅર સોલ્યુશનમાં અંદાજે આઠ ટકા હિસ્સો અંકે કર્યો હોવાનું કંપનીએ જણાવ્યું છે.

કંપનીએ મારુતી સુઝુકી ઈનોવેશન ફંડ મારફતે સ્ટાર્ટઅપમાં ૭.૮૪ ટકા હિસ્સો મેળવીને અંદાજે રૂ. બે કરોડનું રોકાણ કર્યું છે.

ઑટો ક્ષેત્રની આ અગ્રણી કંપની સામાન્યપણે મારુતિ સુઝુકી ઈનોવેશન ફંડ મારફતે એવા સ્ટાર્ટઅપમાં વ્યૂહાત્મક રોકાણ કરે છે જે ઉચ્ચ સ્તરની નવીનતા અને કંપનીનાં સંચાલનોને લગતાં ઉકેલોની ક્ષમતા ધરાવતા હોય.

આ ફંડ હેઠળનું આ ત્રીજું રોકાણ છે. અગાઉ માર્ચ, ૨૦૨૪માં એમ્લગો લેબ્સમાં અને જૂન, ૨૦૨૨માં સોશિયોગ્રાફ સોલ્યુશન્સમાં અંદાજે રૂ. બે કરોડનું રોકાણ કર્યું હતું. સ્ટાર્ટઅપ તાજી અને અદ્યતન વિચારસરણી થકી ઉકેલો લાવતા હોવાથી આદર્શ ભાગીદાર બને છે.

રવિતી સોફ્ટવેર સોલ્યુશન્સ પ્રા.લિ.માં અમારું રોકાણ અમને ડેટા આધારિત ગ્રાહકોના અનુભવની આકારણી સક્ષમ બનાવશે, એમ મારુતિ સુઝુકી ઈન્ડિયાનાં મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર હિસાશી તેકોઉચીએ એક યાદીમાં જણાવ્યું હતું, જ્યારે રવિતી સોફ્ટવૅર સોલ્યુશનન્સના સ્થાપક વિકાસ રૂંગટાએ જણાવ્યું હતું કે એઆઈ ઍનાલિટિક્સ અને મોબિલીટીમાં અમારી નિપુણતા છે અને અમે ઑટોમેકરે મૂકેલા વિશ્વાસને જાળવી રાખવા પ્રતિબદ્ધ છીએ.

# કેપિલરી ટૅકનાં શૅરનું ત્રણ ટકા ડિસ્કાઉન્ટમાં લિસ્ટિંગ બાદ બાઉન્સબૅક

નવી દિલ્હીઃ કેપિલરી ટેક્નોલૉજીનાં શૅરનું આજે શૅરદીઠ રૂ. ૫૭૭નાં ઈશ્યૂ ભાવ સામે અંદાજે ત્રણ ટકા જેટલા ડિસ્કાઉન્ટના ભાવથી લિસ્ટિંગ થયા બાદ બાઉન્સબૅક જોવા મળ્યું હતું. આજે બીએસઈ ખાતે શૅરનું લિસ્ટિંગ શૅરદીઠ રૂ. ૫૭૭ના ઈશ્યૂ ભાવ સામે ૨.૯૪ ટકા ડિસ્કાઉન્ટ અથવા તો રૂ. ૫૬૦ના મથાળે ખૂલ્યા બાદ ૬.૩૯ ટકા વધીને ૬૧૩.૯૦ સુધી પહોંચ્યો હતો. જોકે, સત્રના અંતે ભાવ ૫.૧૮ ટકાના વધારા સાથે રૂ. ૬૦૬.૯૦ના મથાળે બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે એનએસઈ ખાતે શૅરનું લિસ્ટિંગ ૦.૮૮ ટકાના ઘટાડા સાથે રૂ. ૫૭૧.૯૦ના મથાળે થયા બાદ ભાવ ૭.૬૨ ટકા વધીને રૂ. ૬૨૧ સુધી પહોંચ્યા હતા અને સત્રના અંતે ૫.૧૧ ટકા વધીને રૂ. ૬૦૬.૫૦ની સપાટીએ બંધ રહ્યા હતા. ગત મંગળવારે કેપિલરી ટેક્નોલૉજીસ ઈન્ડિયા લિ.નું ભરણું અંતિમ તારીખે ૫૨.૯૫ ટકા ભરાઈ ગયું હતું. રૂ. ૮૭૭.૫ કરોડનાં આ ભરણા માટેની પ્રાઈસબૅન્ડ શૅરદીઠ રૂ. ૫૪૯થી ૫૭૭ નિર્ધારિત કરવામાં આવી હતી. તેમ જ આઈપીઓમાં રૂ. ૩૪૫ કરોડનાં નવા ઈશ્યૂનો અને ૯૨,૨૮,૭૯૬ શૅર ઑફર ફોર સેલનો સમાવેશ થતો હતો.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે મથકો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૬૦થી ૩૮૦૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાનુસાર મિશ્ર વલણ રહેતા નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો સુધારો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ અને રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

### ડિસેમ્બરમાં રેટકટની શક્યતા નબળી પડતાં વૈશ્વિક સોનાચાંદીમાં કડાકા

# ડૉલર સામે રૂપિયો ખાબકતા વિશ્વ બજારથી વિપરીત સોનામાં ₹ ૫૮૫નો સુધારો, ચાંદી ₹ ૨૯૮૪ તૂટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે અમેરિકાના જાહેર થયેલા સપ્ટેમ્બર મહિનાના નોન ફાર્મ પૅ રૉલ ડેટા બજારની અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી આગામી ડિસેમ્બર મહિનાની નીતવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વધુ ધૂંધળી બનતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર સોનાના ભાવ એક ટકાના અને ચાંદીના ભાવ ૩.૩ ટકાના ગાબડા સાથે ક્વૉટ થઈ રહ્યા હતા.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં ૯૧ પૈસાનું ગાબડું પડ્યું હોવાથી ખાસ કરીને સોનાની આયાત પડતરો વધી આવતા વિશ્વ બજારથી વિપરીત સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૮૩થી ૫૮૫નો સુધારો જોવા મળ્યો હતો, જોકે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૯૮૪નો કડાકો બોલાયો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને સોનામાં ડૉલર સામે રૂપિયો ૯૮ પૈસા તૂટીને ૮૯ની સપાટી પાર કરી ગયો હોવાથી સોનાની આયાત પડતર વધવાને કારણે વિશ્વ બજારથી વિપરીત ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૮૩ વધીને રૂ. ૧,૨૨,૬૫૩ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૮૫ વધીને રૂ. ૧,૨૩,૧૪૬ના મથાળે રહ્યા હતા. જોકે, વિશ્વ બજારમાં નરમાઈ હોવાથી જ્વેલરી ઉત્પાદકો, સ્ટોકિસ્ટો અને રોકાણકારોની વધુ ભાવઘટાડાના આશાવાદે લેવાલી પાંખી રહી હતી, જ્યારે રિટેલ સ્તરની છૂટીછવાઈ લગ્નસરાની માગ રહી હતી. તેમ છતાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૯૮૪ના ઘટાડા સાથે રૂ. ૧,૫૧,૧૨૯ની સપાટીએ બંધ રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે એક ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૩૬ ડૉલર આસપાસ અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૭ ટકા ઘટીને ૪૦૩૩.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૩.૩ ટકાના ગાબડાં સાથે ઔંસદીઠ ૪૮.૯૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

ગઈકાલે અમેરિકાના સપ્ટેમ્બર મહિનાના નોન ફાર્મ પૅ રૉલ ડેટાની જાહેરાત થઈ હતી, જેમાં રોજગારોની સંખ્યામાં ૫૦,૦૦૦ના ઉમેરાની બજારની ધારણા સામે રોજગારોની સંખ્યામાં ૧.૧૯ લાખનો ઉમેરો થયો હતો, પરંતુ બેરોજગારીનો દર ચાર વર્ષની ઊંચી સપાટીએ રહ્યો હોવાના અહેવાલ હતા.

આમ એકંદરે રોજગારોની સંખ્યામાં અપેક્ષા કરતાં વધુ ઉમેરો થવાથી ફેડરલ દ્વારા રેટકટ કરવામાં આવે તેવી શક્યતા વધુ પાતળી થતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું વિસ્ડમ ટ્રીના વિશ્લેષક નિતેશ શાહે જણાવતા ઉમેર્યું હતું કે નજીકના ભવિષ્યમાં હાલ પૂરતા સોનાના ભાવ દબાણ હેઠળ રહે, પરંતુ અન્ડરટોન મજબૂતીનો જોવા મળે તેવી શક્યતા વધુ પ્રબળ છે.

વાસ્તવમાં જોઈએ તો ધીમો આર્થિક વૃદ્ધિદર, ઈક્વિટી માર્કેટના ઊંચા વૅલ્યૂએશન્સ, રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતાઓ અમેરિકી અસ્ક્યા-મતોથી દૂર થવાનું રોકાણકારોનું માનસ અને કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં જળવાઈ રહેલી લેવાલી જેવાં મૂળભૂત પરિબળોને ધ્યાનમાં લેતા એકંદરે સોનામાં અન્ડરટોન મજબૂત રહે તેવી શક્યતા એએનઝેડે એક નોટ્સમાં વ્યક્ત કરી હતી.

જોકે, હવે પછીનાં રોજગારીના ડેટા ફેડરલ રિઝર્વની આગામી ડિસેમ્બર મહિનાની બેઠક પછી આવે તેમ હોવાથી આગામી બેઠકમાં ફેડરલ રિઝર્વ છેલ્લા ડેટા ધ્યાનમાં લેશે આથી હવે બજાર વર્તુળો આગામી બેઠકમાં વ્યાજદરમાં કપાતની માત્ર ૩૩ ટકા શક્યતા જોઈ રહ્યા છે.

જોકે, ગત સપ્તાહે ૪૪ ટકા રેટકટની શક્યતા મૂકાઈ રહી હતી. વધુમાં ગઈકાલે ક્લેવલેન્ડ ફેડના પ્રમુખ બેથ હેમ્મેકે ચેતવણી ઉચ્ચારતા કહ્યું હતું કે જો વ્યાજદરમાં કાપ મૂકવામાં આવશે તો ફુગાવામાં વધારો થશે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**રિપેર વર્ક**

Sr. DME (Co.) BCT, મુંબઈ સેન્ટ્રલ, ઈ-ટેન્ડર નોટિસ નં. **M137-BL-ACWP**, તા. ૨૦.૧૧.૨૦૨૫ મંગાવે છે. કામનું નામઃ ૦૫ વર્ષ માટે ACWP વલસાડ અને વ્યાપક AMOCનો એક વખત માટે રિપેર. કામની અંદાજિત કિંમતઃ ₹ ૧,૧૪,૧૫,૪૯૭.૬૩ (તમામ સહિત). બીડ સુરક્ષાઃ ₹ ૨,૦૭,૧૦૦/-. સુપ્રતિની તારીખ & સમયઃ ૧૯.૧૨.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0826

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**જર્જરિત સરકીટ બ્રેકર્સની બદલી કરવી**

સીની. DEE / TRD / NS / BCT, મું. સેન્ટ્રલ, ઈ-ટેન્ડર નો. નં.: **EL-TRD-W-118-25-26-13**, તા. ૨૦.૧૧.૨૫ મંગાવે છે. કામનું નામઃ મુંબઈ ડીવી.ના વિરાર-જલગાંવ સેક્શનમાં ટ્રેક્શન સબ-સ્ટેશનમાં જર્જરિત સરકીટ બ્રેકર્સ, કરન્ટ ટ્રાન્સફોર્મર્સ & પોટેન્શીયલ ટ્રાન્સફોર્મર્સની બદલી કરવી. જાહેરાત વેલ્યુઃ ₹ ૩૬,૨૫,૬૯૫/-. બારડીઃ ₹ ૭૨,૫૦૦/-. સુપ્રતિની તા. & સમયઃ ૧૬.૧૨.૨૦૨૫ના ૧૫ ક. ખુલવાની તા. & સમયઃ ૧૬.૧૨.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફરની વિચારણા કરાશે નહીં. 0824

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ & ટેલિકોમ એન્જિનિયર (CO), ૨જો માળ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮, ઈ-ટેન્ડર નોટિસ નં.: **WR-MMCT-SnT-STTD-૨૭-૨૦૨૫**, તા. ૧૯.૧૧.૨૦૨૫ મંગાવે છે. કામનું નામઃ મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનઃ ૧ વર્ષની વોરંટી પછી સાત વર્ષની વ્યાપક વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ (CAMC)સાથે દાદર, બાંદ્રા ટર્મિનસ, અંધેરી, બોરીવલી, વસઈ રોડ, ભિલાડ, અમલસાડ, નવાપુર, ઉદવાડા, સિંદખેડા અને નારદાણા સ્ટેશનો ખાતે નવીનતમ RDSO સ્પષ્ટીકરણો અનુસાર IP ધોરણે કોચ ગાઈડન્સ સિસ્ટમ્સની જોગવાઈ. કામની કિંમતઃ ₹ ૧૫,૧૭,૫૨,૧૫૫.૧૧. બીડ સુરક્ષાઃ ₹ ૯,૦૮,૮૦૦/-. સુપ્રતિની તારીખ & સમયઃ ૧૮.૧૨.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમયઃ ૧૮.૧૨.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0816

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટીસ**

DRM (S&T) વર્કસ રતલામ, એક્ટિંગ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે. ટેન્ડર નં. **SnT_RTM_PSSA_૨૫_૦૧, તારીખઃ ૨૦.૧૧.૨૦૨૫. કામનું નામઃ** રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવેમાં S&T વિભાગના વિવિધ સિગ્નલિંગ પ્રોજેક્ટ્સ માટે પ્રોજેક્ટ સુપરવિઝન સર્વિસ (PSSA)ની જોગવાઈ માટે પ્રોજેક્ટ સુપરવિઝન સર્વિસેસની નિમણૂંક. **ટેન્ડર જાહેરાત મૂલ્યઃ** રૂ. ૯,૦૬,૭૫,૦૯૬/-. **બીડ સુરક્ષા/બાના રકમઃ** રૂ.૬,૦૩,૪૦૦/-. **ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ** Nil. **પ્રી-બીડ કોન્ફરન્સઃ** તારીખઃ ૨૮/૧૧/૨૦૨૫ સમયઃ ૧૨.૦૦ ક. (IST). **બીડ બંધ થવાની તારીખ & સમયઃ** ૧૯.૧૨.૨૦૨૫ના ૧૫.૦૦ ક. **ટેક્નિકલ બીડ ખોલવાની તારીખ & સમયઃ** ૧૯.૧૨.૨૦૨૫ના ૧૫.૩૦ ક. પછી. **કોમર્શિયલ બીડ ખોલવાની તારીખ & સમયઃ** ટેક્નિકલ બીડના મૂલ્યાંકન પછી તારીખ જણાવવામાં આવશે. **ઓફરની માન્યતાઃ** ટેન્ડર ખોલવાની તારીખથી ૧૨૦ દિવસ. **પૂર્ણતાનો સમયગાળોઃ** ૨૪ મહિના. **ટેન્ડરીંગ સેક્શન ઓફિસ ઈનચાર્જ & બીડ ખોલવા માટેનું સ્થળઃ** Dy CSTE વર્ક્સ રતલામ, DRM ઓફિસ રતલામ M.P. ટેન્ડર ઈ-ટેન્ડર પોર્ટલ **www.ireps.gov.in** પર ઓનલાઈન જોઈ શકાય છે અને ઓફર તેજ ઈ-ટેન્ડર પોર્ટલ પર સુપ્રત કરવાની રહેશે.

**DRM (S&T),**
**પશ્ચિમ રેલવે, રતલામ**

DE/6/1/336

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


# ઑક્ટોબરમાં ટેક્સ્ટાઈલ નિકાસમાં ૧૨.૯ ટકાનો ઘટાડોઃ રાહતલક્ષી પગલાંનો ઉદ્યોગનો અનુરોધ

નવી દિલ્હીઃ અમેરિકાએ ભારતથી થતી આયાત સામે લાદેલી ૫૦ ટકા ટૅરિફને કારણે શિપમેન્ટમાં ઘટાડો થવાથી ગત ઑક્ટોબર મહિનામાં ટેક્સ્ટાઈલ નિકાસમાં ૧૨.૯૧ ટકાનો ઘટાડો થયો છે અને આગામી દિવસોમાં પરિસ્થિતિ વધુ વણસે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ઉદ્યોગ સંગઠનોએ સરકારને રાહતલક્ષી પગલાં લેવાનો અનુરોધ કર્યો છે.

નોંધનીય બાબત એ છે કે ભારતીય ટેક્સ્ટાઈલ અને એપરલ માટે અમેરિકા બહુ મોટી બજાર છે. વર્ષ ૨૦૨૪-૨૫માં અમેરિકા ખાતે ટેક્સ્ટાઈલ અને એપરલ ક્ષેત્રનું કદ ૧૭૯ અબજ ડૉલરનું હતું જેમાં સ્થાનિક બજારનો હિસ્સો ૧૪૨ અબજ ડૉલરનો અને ૩૭ અબજ ડૉલરનો હિસ્સો નિકાસનો રહ્યો હતો. ટેક્સ્ટાઈલ અને એપરલની નિકાસ પર થયેલી માઠી અસર દૂર કરવા અથવા તો હળવી કરવા માટે ઔદ્યોગિક સંગઠનોએ સરકારને રાહતનાં વિવિધ પગલાંઓ લેવા માટે અનુરોધ કર્યો છે.

રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ગત ૧૪મી નવેમ્બરનાં રોજ જાહેર કરેલા ટ્રેડ રિલિફ પગલાં માટેના યોગ્યતપ્રાપ્ત ક્ષેત્રની યાદીમાં ટેક્સ્ટાઈલ ક્ષેત્રનો સમાવેશ કરવા કોન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રી (સીઆઈટીઆઈઈ)એ રિઝર્વ બૅન્કને અનુરોધ કર્યો છે. વધુમાં એપરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (એપેક)એ ઈન્ટરેસ્ટ ઈક્વિલાઈઝેશન સ્કીમ અને રિબેટ ઑફ સ્ટેટ ઍન્ડ સેન્ટ્રલ ટેક્સિસ ઍન્ડ લેવીઝ (આરઓએસસીટીએલ)ને ઓછામાં ઓછી પાંચ વર્ષ સુધી લંબાવવા, લાંબા સમયગાળાની નીતિ સુનિશ્ચિત કરવા અને ઊંચા ટૅરિફના દર સામે નિકાસકારોને મદદરૂપ થવા વેપાર મેળા અને બાયર્સ-સેલર્સ મીટ થકી બજાર વિકેન્દ્રિત કરવા માટે માર્કેટ ડાઈવર્સિફિકેશન ફંડ સ્થાપવાની માગણી કરી છે.

વધુમાં કાઉન્સિલે તમામ ટેક્સ્ટાઈલ અને ગાર્મેન્ટ મશીનરીની ડ્યૂટીમુક્ત આયાતની માગણી કરી છે, જેમાં ટકાઉ અને ગ્રીન મેન્યુફેક્ચરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લઈને ઝડપી ટેક્નોલૉજી અપગ્રેડેશન સહિતના અન્ય પગલાંનો પણ સમાવેશ થાય છે.

એકંદરે ગત ઑક્ટોબર મહિનાની નિકાસમાં જોવા મળેલો ઘટાડો અપેક્ષિત હતો કેમ કે ભારતની કુલ ટેક્સ્ટાઈલ અને એપરલની નિકાસમાં અમેરિકાનો હિસ્સો ૩૦ ટકા જેટલો બહોળો છે. પાઈપલાઈન હેઠળનો સ્ટોક હજુ શિપમેન્ટ થવાનો બાકી છે, પરંતુ ગત ઑગસ્ટ પછી નવા ઓર્ડરો અટકી ગયા હોવાથી અમારા મતે નિકાસમાં ઘટાડો આગળ ધપતાં નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં પણ નિકાસ ૧૫થી ૨૦ ટકા ઘટશે, એમ સીઆઈટીઆઈનાં ભૂતપૂર્વ ચેરમેન સંજય કે જૈને પીટીઆઈને જણાવ્યું હતું. જોકે, ભારત-અમેરિકા વચ્ચે દ્વીપક્ષીય કરાર થયા બાદ બેથી ત્રણ મહિના પછી જ નિકાસમાં સુધારો જોવા મળે તેવી શક્યતા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# ચીનથી આયાત થતાં પૉલિયસ્ટર યાર્નનાં ડમ્પિંગ સામે તપાસ

નવી દિલ્હીઃ ચીનની કંપનીઓ દ્વારા ભારતમાં પૉલિયસ્ટર ટેક્સ્ચ્યોર્ડ યાર્નનું દેશમાં ડમ્પિંગ થઈ રહ્યું હોવાની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સહિતની બે કંપનીઓ દ્વારા થયેલી ફરિયાદને ધ્યાનમાં લેતા ભારત સરકારે તપાસ હાથ ધરી હોવાનું એક નોટિફિકેશનમાં જણાવ્યું છે.

ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર)ના જણાવ્યાનુસાર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને વેલનોન પૉલિયસ્ટરે અરજીમાં ફરિયાદ કરી હતી કે ચીનથી આયાત થઈ રહેલા સસ્તા યાર્નને કારણે સ્થાનિક ઉદ્યોગને નોંધપાત્ર હાનિ થઈ રહી હોવાથી અમે સરકારને એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવાનો અનુરોધ કર્યો છે.

અરજદારો દ્વારા ફાઈલ કરવામાં અરજી અને દર્શાવામાં આવેલા ડમ્પિંગનાં પુરાવાઓ પ્રાથમિક દૃષ્ટિએ યોગ્ય જણાતા અમે આ ઉત્પાદનોની ડમ્પિંગ અંગેની તપાસ હથ ધરી હોવાનું ડીજીટીઆરએ નોટિફિકેશનમાં જણાવ્યું છે. જો તપાસમાં ફલિત થશે કે ડમ્પિંગને કારણે સ્થાનિક ઉદ્યોગના હિતો નોંધપાત્ર રીતે જોખમાઈ રહ્યા છે તો ડીજીટીઆર આ આયાત સામે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવાની ભલામણ કરી શકે છે. અલબત્ત ડ્યૂટી લાદવા અંગેનો અંતિમ નિર્ણય નાણાં મંત્રાલય દ્વારા લેવામાં આવતો હોય છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે સસ્તી આયાતને કારણે સ્થાનિક ઉદ્યોગને કેટલીક માત્રામાં હાનિ થઈ રહી છે તેની આકારણી કરવા માટે એન્ટિ ડમ્પિંગ તપાસ હાથ ધરવામાં આવતી હોય છે. સામાન્યપણે જીનિવા સ્થિત વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનનાં બહુપક્ષીય શાસન હેઠળ આ ડ્યૂટી લાદવામાં આવે છે. આ ડ્યૂટીનો મુખ્ય ઉદ્દેશ વાજબી વેપાર પ્રથા સુનિશ્ચિત કરવાનો અને વિદેશી ઉત્પાદકો અને નિકાસકારોની સરખામણીમાં સ્થાનિક ઉત્પાદકો માટે એક સમાન તક બનાવવાનો હોય છે. નોંધનીય બાબત એ છે કે ભારતે ચીન સહિત વિવિધ દેશોમાંથી થતી સસ્તી આયાતનો સામનો કરવા માટે ઘણાં ઉત્પાદનો પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદી છે.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ વિવિધ ધાતુમાં નરમાઈ

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ ઉપરાંત ભાવઘટાડાના માહોલમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી પણ નિરસ રહેતાં એકમાત્ર બ્રાસ શીટ કટિંગ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં ટીન અને નિકલની આગેવાની હેઠળ વિવિધ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૨૭નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલ, ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ ઉપરાંત ઘટતી બજારે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૭ ઘટીને રૂ. ૧૨૮૩, રૂ. ૧૫ ઘટીને રૂ. ૩૩૩૮ અને રૂ. છ છટીને રૂ. ૧૦૧૪ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી સામે સાર્વત્રિક સ્તરેથી માગ પાંખી રહેતાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૯૪૦, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૫૮૫, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૯૦૫, રૂ. ૮૫૭, રૂ. ૨૬૮ અને રૂ. ૩૧૨ તથા કોપર સ્ક્રેપ હેવી, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૯૨૯, રૂ. ૨૧૫ અને રૂ. ૧૮૨ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર બ્રાસ શીટ કટિંગ્સમાં વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૬૫૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# દેશી-આયાતી તેલમાં પાંખાં કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૯૧ રિંગિટનો ઘટાડો આવ્યાના અહેવાલ હતા, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે પણ સોયાતેલના વાયદામાં ૪૪ સેન્ટ ઘટી આવ્યાના ઓવરનાઈટ નિર્દેશો હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત પાંખાં રહ્યા હોવાથી હાજરમાં ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જીવનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૮ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૮, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૯૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૮, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૬૦ તેમ જ જાન્યુઆરી ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫, એવીઆઈના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫ અને ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, વેપારનો અભાવ હતો અને માત્ર રવાનગીના કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ગઈકાલની શેષ ૬૫,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૦૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૧.૧૫ લાખ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૭૦માં થયાના અહેવાલ હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૫૨૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૪૫ના મથાળે ટકેલા રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૭૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**K/પશ્ચિમ વોર્ડ**
**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ**
**હિતની અભિવ્યક્તિ**

આસીસ્ટન્ટ કમિશનર, K/W વોર્ડ સ્થાનિક રજિસ્ટર્ડ મજૂરો, સહકારી મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ, બેરોજગાર સેવા સહકારી મંડળીઓ, બિન-સરકારી સંસ્થાઓ વગેરે પાસેથી ''K/પશ્ચિમ વોર્ડમાં જુહુ બીચ સફાઈ માટે મજૂરોની સપ્લાય''ના કામ માટે અરજીઓ મંગાવી રહ્યા છે, જેઓ કે/વોર્ડના અધિકાર ક્ષેત્રમાં સંસ્થાઓ / સોસાયટીઝની પાત્રતા યાદીમાંથી લોટ્સ ડ્રોઈંગ કરીને નોંધાયેલા છે.

વધુ વિગતો, અરજી ફોર્મ અને ઈરાદા પત્ર, રસ ધરાવતી પેઢીઓએ વેબસાઈટઃ http://portal.mcgm.gov.in અથવા આસિસ્ટન્ટ એન્જિનિયર (SWM) K/પશ્ચિમ વોર્ડની ઓફિસનો સંપર્ક કરવો જોઈશે.

સંસ્થાએ ૨૭.૧૧.૨૦૨૫ના અથવા તે પહેલાં બ. ૦૧.૦૦ કલાકે વિભાગની ઓફિસમાં ટેન્ડર ફોર્મ ખરીદવું જોઈશે અને સંસ્થાએ ટેન્ડર ફોર્મ ૨૮.૧૧.૨૦૨૫ના બ. ૦૧.૦૦ કલાકે વિભાગની ઓફિસમાં સુપ્રત કરવું જોઈશે.

સહી/-
આસિસ્ટન્ટ એન્જિનિયર
(SWM)K/W i/c

PRO/2342/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# મહારાષ્ટ્રમાં કર્મચારીઓ માટે આચારસંહિતા

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે રાજ્યના તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ માટે એક નવી માર્ગદર્શિકા બહાર પાડી છે, જેમાં સાંસદો અને ધારાસભ્યો પ્રત્યેના શિષ્ટાચાર માટે વિગતવાર પ્રોટોકોલ નક્કી કરવામાં આવ્યા છે. સરકારે કહ્યું છે કે જનપ્રતિનિધિઓ સાથે વાત કરતી વખતે કે મળતી વખતે આદરપૂર્ણ વર્તન ફરજિયાત રહેશે. નવો આદેશ શું છે, પત્રવ્યવહાર પર દેખરેખ રાખવા અને જવાબ આપવા માટે સમય મર્યાદા શું છે, આ આદેશનું ઉલ્લંઘન થવા પર શું

(જુઓ પાનું ૪) ▸▸

## નવો આદેશ શું છે?

ગુરુવારે જારી કરાયેલા સરકારી ઠરાવમાં અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે કે કોઈપણ સાંસદ કે ધારાસભ્ય તેમના કાર્યાલયમાં આવે કે તેમની મુલાકાત લે ત્યારે ઉભા થઈને તેમનું સ્વાગત કરે. સરકારે આને આચાર અને શિષ્ટાચારના લઘુતમ ધોરણ તરીકે વર્ણવ્યું છે. માર્ગદર્શિકામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ફોન પર જનપ્રતિનિધિઓ સાથે વાત કરતી વખતે, નમ્ર ભાષાનો ઉપયોગ કરો અને કોઈપણ અસભ્ય કે અનાદરપૂર્ણ વર્તન ટાળો.

# શ્રદ્ધા કપૂરના ભાઈ સિદ્ધાર્થને ડ્રગ્સ કેસમાં સમન્સ

મુંબઈઃ ૨૫૨ કરોડ રૂપિયાના ડ્રગ્સની જપ્તીના કેસ સંદર્ભે મુંબઈ પોલીસે બોલીવૂડની એક્ટ્રેસ શ્રદ્ધા કપૂરના ભાઇ અને એક્ટર-ડિરેક્ટર સિદ્ધાર્થ કપૂરને સમન્સ પાઠવ્યા છે.

સિદ્ધાર્થ કપૂરને તેનું નિવેદન નોંધાવવા માટે ૨૫ નવેમ્બરે હાજર થવાનું કહેવામાં આવ્યું છે, જ્યારે ઇન્ફ્લ્યુએન્સર ઓરહમ અવતરામાણી ઉર્ફે ઓરી ગુરુવારે હાજર ન રહી શકતાં તેને ૨૬ નવેમ્બરે બોલાવવામાં આવ્યો છે.

૨૫૨ કરોડ રૂપિયાના મેફેડ્રોનની જપ્તીના કેસમાં ધરપકડ કરાયેલા મુખ્ય આરોપી મોહંમદ સલીમ મોહંમદ સુહેલ શેખની પૂછપરછમાં બોલીવૂડની બે સેલિબ્રિટીસનાં નામ સામે આવ્યા બાદ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ-નાર્કોટિક્સ સેલ

(જુઓ પાનું ૪) ▸▸

## કાંદિવલીમાં રિયલ એસ્ટેટ એજન્ટ પર ફાયરિંગ

# પુણેથી ચાર આરોપી પકડાયા

મુંબઈઃ કાંદિવલીના ચારકોપ વિસ્તારમાં ધોળેદહાડે રિયલ એસ્ટેટ એજન્ટ પર ફાયરિંગના કેસમાં મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે પુણેથી ચાર આરોપીને ઝડપી પાડ્યા હતા.

આરોપીઓની ઓળખ કાંદિવલીના રાજેશ રમેશ ચવાણ ઉર્ફે દયા (૪૨), વિરારના સુભાષ ભિકાજી મોહિતે (૪૪), પુણેના મંગેશ એકનાથ ચૌધરી (૪૦) અને થાણેના કૃષ્ણા ઉર્ફે રોશન બસંતકુમાર સિંહ (૩૫) તરીકે થઇ હતી. ક્રાઇમ બ્રાન્ચના ડેપ્યુટી પોલીસ કમિશનર વિશાલ ઠાકુરે જણાવ્યું હતું કે પુણેના ભોરના જંગલમાં અમુક કિલોમીટર સુધી પીછો કરીને આરોપીઓને પકડી પાડવામાં આવ્યા

(જુઓ પાનું ૪) ▸▸

# ઘાટકોપરમાં સિનિયર સિટિઝનની હત્યા

મુંબઈઃ ઘાટકોપરમાં ઝઘડો થયા બાદ માથામાં લોખંડનો સળિયો ફટકારીને ૬૫ વર્ષના સિનિયર સિટિઝનની હત્યા કરવામાં આવી હતી. ઘાટકોપર પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને ૧૯ વર્ષના શકમંદની અટકાયત કરી હતી.

ઘાટકોપર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે મૃતકની ઓળખ સુરેન્દ્ર પાચડકર તરીકે થઇ હતી, જે રેલવેનો નિવૃત્ત કર્મચારી હતો અને

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"










"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**